Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ગુણવૈભવ:પરમ વિભૂતિનો

ગચ્છાધિપતિ આચાર્ય વિજય રામસૂરીશ્વરજી મહારાજ
સાહેબ (ડહેલાવાળા) સૂરિપદ અર્ધશતાબ્દિ સ્મૃતિગ્રંથ



પ્રકાશક

આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા

પટણીની ખડકી, ઝવેરીવાડ, રિલીફ રોડ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ગુણવૈભવ : પરમ વિભૂતિનો

ગચ્છાધિપતિ આચાર્ય વિજય રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) સૂરિપદ અર્ધશતાબ્દિ સ્મૃતિગ્રંથ

પ્રકાશક

**આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા**

પટણીની ખડકી, ઝવેરીવાડ, રિલીફ રોડ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

: પ્રકાશક :
**આ. શ્રી સૂરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા**
પટણીની ખડકી, ઝવેરીવાડ, રિલીફ રોડ,
**અમદાવાદ - ૩૮૦ ૦૦૧**

•

પહેલી આવૃત્તિ : વીર સં. ૨૫૨૭, વિ.સં. ૨૦૫૭, ઈસવી. ૨૦૦૧
પ્રત : ૭૫૦
કિંમત : રૂ. ૧૨૫-૦૦

•

: મુદ્રણ વ્યવસ્થા :
**રાજેશ બી. વોરા**
**પાર્શ્વ પબ્લિકેશન**
નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ,
**અમદાવાદ - ૩૮૦ ૦૦૧**

•

: લેસર ટાઇપસેટિંગ :
**પ્રમા દવે**
**પ્રતિકૃતિ**
૭, શ્યામ એપાર્ટમેન્ટ્સ, વિશ્રામનગરની પાછળ,
ગુરુકુળ રોડ, મેમનગર, **અમદાવાદ - ૩૮૦ ૦૫૨**

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




www.jaintatvagyanshala.org

# પૂજ્યશ્રીની વિવિધ મુદ્રાઓ

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



પ.પૂ. આ. સુરેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

www.jaintatvagyanshala.org

# પૂજ્યશ્રીની વિવિધ મુદ્રાઓ

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala









પૂ. પં. શ્રી રવિવિજયજી મ.સા.







www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



આચાર મહોત્સવે પૂજ્યશ્રીની વચન પ્રસાદી



સૂરિપદ મહોત્સવ પ્રસંગે નવે નવ દિવસ ત્રણે ટંકના આતિથ્યનો લાભ લેનાર મહાજની પરિવારના પનોતા પુત્રને આશીર્વાદ આપી રહેલ પૂજ્યશ્રી

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




આચાર્ય પદ અર્ધશતાબ્દિ મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીને
દીક્ષાની છાબ વહોરાવતા મહાજની પરિવારના સભ્યો




www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# અનુમોદના

## શ્રુતભક્તિમાં સંપૂર્ણ સૌજન્ય-સુકૃતના સદ્‌ભાગી મહાજની પરિવાર

પરમપૂજ્ય ગચ્છાધિપતિશ્રી આચાર્ય ભગવંતશ્રી રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના અનન્ય ગુરૂભક્ત ઉદારદિલ ધાનેરાનિવાસિ **શેઠશ્રી ચીમનલાલ ચુનીલાલ મહાજની પરિવારે** આ સ્મૃતિગ્રંથ પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધેલ છે તે બદલ આ પરિવારના સુકૃતની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

આ પરિવારે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં શ્રી સિદ્ધક્ષેત્રની છત્રછાયામાં સંવત ૨૦૫૪ની સાલમાં ૫૦૦ ભાવુકોને ભવ્યાતિભવ્ય ચાતુર્માસ કરાવેલ. સં. ૨૦૫૫ની સાલમાં ઝવેરીપાર્ક મધ્યે આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાનશાળામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલ. સં. ૨૦૫૬ની સાલમાં રાજનગરમાં સૂરિપદ અર્ધશતાબ્દિ આચાર મહોત્સવ પ્રસંગે નવ-નવ દિવસ, સાધર્મિક ભક્તિનો અપૂર્વ લાભ લેવા સહિત, ઉજવણીનાં તમામ કાર્યોમાં ખૂબ અનુમોદનીય લાભ લઈને મહાન પુણ્ય ઉપાર્જન કર્યું છે.

**શ્રી ચીમનલાલ ચુનીલાલ મહાજની પરિવાર**ના અનેકવિધ શાસનપ્રભાવક, ધાર્મિક સુકૃત્યોની સૂચિ બનાવવાનું તો અશક્ય છે પરંતુ તેમના પરિવારની દેવ-ગુરૂ-અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા-લગની એટલી પ્રબળ છે કે આવા શાસનપ્રભાવનાનાં કાર્યોમાં તેઓ હંમેશાં ઉત્સાહભેર અગ્રેસર રહ્યા છે.

આ પ્રકારે જૈનશાસનની સુંદર આરાધના અને પ્રભાવના કરવાનો સંસ્કાર વારસો તેમના ચિરંજીવી સુપુત્રો સર્વશ્રી નરોત્તમભાઈ, હસમુખભાઈ, અતુલભાઈ, નયનભાઈ આદિમાં ઉતર્યો છે. ઉત્તરોત્તર આ સંસ્કાર વારસો વૃદ્ધિ પામતો રહે અને આ રીતે તેમનો પરિવાર શાસનસેવા-પ્રભાવના સદૈવ કરતો રહે એવી શાસનદેવને પ્રાર્થના સહિત તેમના આ શ્રુત ભક્તિના સૌજન્ય પ્રદાનની ફરી અનુમોદના કરીએ છીએ.

**પ્રકાશક**

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા તરફથી
# પ્રાપ્ય પ્રકાશિત ગ્રંથોની સૂચિ

| | | |
|---|---|---|
| 1. | श्री कल्पसूत्रम् बारसासूत्रम् सचित्रम् (सुवर्णाक्षरीय) | 250-00 |
| 2. | श्री उपदेशप्रासाद भा. १ से ४ | 180-00 |
| 3. | यतिश्राद्ध व्रतविधि संग्रह | 4-00 |
| 4. | क्रियारत्नसमुच्चय: । | 60-00 |
| 5. | श्री चतुर्विंशति जिनेन्द्र चरितानि | 80-00 |
| 6. | હૈમ ધાતુ કૃદન્ત રૂપાવલી | 15-00 |
| 7. | श्री श्रुतज्ञान-अमीधारा | 15-00 |
| 8. | प्रमाणनयतत्वालोकालंकार | 5-00 |
| 9. | શ્રી જૈનધર્મ પ્રકરણ રત્નાકર | 10-00 |
| 10. | अध्यात्मकल्पद्रुम: | 5-00 |
| 11. | अध्यात्मसार | |
| 12. | मैं साधु बनजाउंगा | 3-00 |
| 13. | એક રાતની ચોકી | 5-00 |
| 14. | ચમત્કારનાં ચમકારા | |
| 15. | અણગારના શણગાર | |
| 16. | નિયમની નાવ... ઉતારે ભવપાર | |

પ્રાપ્તિસ્થાન :

**આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા**

પટણીની ખડકી, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.

www.jaintatvagyanshala.org

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | પુસ્તકની પૂર્વભૂમિકા | આચાર્ય જગચ્ચંદ્રસૂરિ | ૭ |
| ૨. | આચાર્યપદના ચિરપર્યાય ધરાવનારં પુણ્ય પુરૂષોની નામાવલિ | સંશોધિત | ૧૦ |
| ૩. | સંવિગ્નમાર્ગી પૂજ્ય પં.શ્રી રૂપવિજયજી મ.ના સ્વહસ્તાક્ષરે પાલીના શ્રાવક ઉપર સમાધાન રૂપે લખાયેલ પત્રની નકલ | સંશોધક : આચાર્ય વિજય જગચ્ચન્દ્રસૂરિ | ૧૨ |
| ૪. | પરમપૂજ્ય પ્રવચન પ્રભાવક શ્રી તપાગચ્છધુરાધુરીણ ગચ્છાધિપતિ આચાર્યપ્રવર શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા.ના "આચાર્યપદારોહણ"ની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે તેમના કરકમલોમાં શ્લોકબદ્ધ સ્તુતિ સમર્પણ | આચાર્ય વિજય પ્રેમસૂરિ | ૧૬ |
| ૫. | સૂરિવર ! શાસનના શણગાર | આચાર્ય વિજય રાજેન્દ્રસૂરિ | ૧૭ |
| ૬. | શ્રેયના સાધક સૂરીશ્વરજી | રામચરણનિવાસિ આચાર્ય વિજય અભયદેવસૂરિ | ૧૯ |
| ૭. | ગુણવૈભવથી સમૃદ્ધ આચાર્ય ભગવંતોનું જિનશાસનમાં ગૌરવભર્યું સ્થાન | આચાર્ય વિજય યશોભદ્રસૂરિ | ૨૧ |
| ૮. | પરાવર્તના સ્વાધ્યાય : શ્રમણજીવનનો શ્વાસ હો | આચાર્ય વિજય પ્રદ્યુમ્નસૂરિ | ૨૩ |
| ૯. | પરા વાણીના સન્દર્ભમાં ગુરુ તત્ત્વ | આચાર્ય યશોવિજય સૂરિ | ૨૫ |
| ૧૦. | योगाधियतेः योगः | આચાર્ય વિજય રત્નચન્દ્રસૂરિ | ૩૦ |
| ૧૧. | ॥ श्री विजय रामसूरीश्वराणांगुणसूचकमष्टकम् ॥ | आचार्य विजय रत्नचन्द्रसूरि | ૩૪ |
| ૧૨. | જૈનશાસનનું ધબકતું હૃદય યાને "અહિંસા"...! | આચાર્ય વિજય જગચ્ચન્દ્રસૂરિ | ૩૫ |
| ૧૩. | આકાશ અને આચાર્યદેવ : એક સાર્થક તુલના | આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન ગણિવર્ય શ્રી રાજરત્નવિજયજી | ૩૯ |
| ૧૪. | સમતાના ધારક પૂજ્યશ્રી | મુનિ કલ્પજ્ઞવિજય | ૪૩ |
| ૧૫. | Three themes in world ! | Muni Purnachandra Vijay | ૪૫ |
| ૧૬. | ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ-૨ની ચિંતનકણિકાઓ | ડૉ. અનિલ કે. શાસ્ત્રી | ૪૭ |
| ૧૭. | સંદેશાઓ | | ૫૨ |
| ૧૮. | આચાર્યશ્રી સુરેન્દ્રસૂરી જૈન તત્વજ્ઞાનશાળા - સમ્યગ્ જ્ઞાનની પરબ | સા. ચંદ્રોદયાશ્રીજી | ૫૫ |
| ૧૯. | જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ | સા. સુવર્ણપ્રભાશ્રીજી | ૫૬ |
| ૨૦. | સ્વદોષ-દર્શન | સા. કંચનશ્રીજી | ૫૭ |
| ૨૧. | સાંપ્રતકાલીન ચતુર્વિધ જૈન સંઘના પ્રચંડ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ સુઅવસર | સા. કનકપ્રભાશ્રીજી | ૬૦ |
| ૨૨. | પરિચય-પરમ વિભૂતિનો | સા. સરસ્વતિશ્રીજી | ૬૧ |
| ૨૩. | શ્રમણ અને આચારપ્રતિબદ્ધતા | સા. પદ્મલત્તાશ્રીજી | ૬૪ |
| ૨૪. | કાન્ત સ્વરુપ બનવા માટે લહીશ મહાવ્રતમોતી... | સા. મૃગેન્દ્રશ્રીજી | ૬૯ |
| ૨૫. | આત્મધ્યાની પૂજ્યશ્રી | સા. પ્રિયદર્શનાશ્રીજી | ૭૧ |
| ૨૬. | અહિંસા પરમો ધર્મ | સા. વસંતપ્રભાશ્રીજી | ૭૩ |
| ૨૭. | તિત્થયર સમો સૂરિ..... | સા. શરદપૂર્ણાશ્રીજી | ૭૭ |
| ૨૮. | જૈન દર્શનમાં ધ્યાન | સા. માલીનીયશાશ્રીજી | ૭૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૯. | સમ્યગ્દર્શન | સા. મોક્ષરત્નાશ્રીજી | ૮૪ |
| ૩૦. | સમ્યગ્જ્ઞાન | સા. ચારુગુણાશ્રીજી | ૮૮ |
| ૩૧. | જૈન દર્શનમાં ઉપયોગની મહત્તા | સા. રાજપ્રજ્ઞાશ્રીજી | ૯૨ |
| ૩૨. | ગુરુપ્પસાયાભિમુહો રમેજ્જા | સા. ગુણદક્ષાશ્રીજી | ૯૬ |
| ૩૩. | તપ કેરા નંદનવનમાં | સા. ચન્દ્રયસાશ્રીજી | ૯૮ |
| ૩૪. | પાણી-વિજ્ઞાન | સંગ્રાહક - સા. ધર્મરક્ષાશ્રીજી | ૧૦૧ |
| ૩૫. | સમતા | સા. મુક્તિરસાશ્રીજી | ૧૦૭ |
| ૩૬. | જિનશાસનના જ્યોતિર્ધર | સા. કૈવલ્યપ્રજ્ઞાશ્રીજી | ૧૧૦ |
| ૩૭. | ભવ સ્વરૂપનું વિજ્ઞાન | સા. કાવ્યરત્નાશ્રીજી | ૧૧૨ |
| ૩૮. | સાંપ્રતકાલીન પ્રચંડ પૂણ્યની નીપજ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી રામસૂરીશ્વરજી મહારાજા | સા. અભયધર્માશ્રીજી | ૧૧૫ |
| ૩૯. | सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्ग: | સા. મોક્ષધર્માશ્રીજી | ૧૧૭ |
| ૪૦. | સ્વાધ્યાય એ જ પ્રાણ | સા. શ્રુતપ્રજ્ઞાશ્રીજી | ૧૧૯ |
| ૪૧. | Importance of Non-Violence in Jainism | Sadhvi Viratipragnasri | ૧૨૨ |
| ૪૨. | Significance of Jainee Knowledge | Sadhviji Dixit Ratnashreeji | ૧૨૬ |
| ૪૩. | જિન શાસનના શણગાર | સા. આગમરસાશ્રીજી (સિરોહી) | ૧૩૦ |
| ૪૪. | છ કર્મગ્રંથનો સંક્ષિપ્ત પરિચય | સા. કનકપ્રભાશ્રી / સા. વસંતપ્રભાશ્રીજી | ૧૩૩ |
| ૪૫. | गुरु गुण स्तुति | સા. રાજપ્રજ્ઞાશ્રીજી | ૧૪૫ |
| ૪૬. | આંખે અવલોક્યો અહેવાલ યાને સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવ સાક્ષાત્કાર | સા. રાજપ્રજ્ઞાશ્રીજી | ૧૪૬ |
| ૪૭. | સુરિરામ ગુણ છત્રીશી | સા. શાશ્વતપૂર્ણાશ્રીજી | ૧૫૪ |
| ૪૮. | શ્રી ગુરુગુણવંદના | ગજાનન દેવીદાસ ઠાકુર | ૧૫૭ |
| ૪૯. | રાજનગરમાં ઠેર ઠેર જ્ઞાનગંગોત્રીસમી તત્ત્વજ્ઞાનશાળાના પ્રણેતા પૂજ્યપાદશ્રી ! | | ૧૬૦ |
| ૫૦. | સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવ આમંત્રણપત્રિકા | | ૧૬૧ |

# પુસ્તકની પૂર્વભૂમિકા

જિનશાસનનાં શ્રમણોદ્યાનમાં અનેક સુવાસમય પુષ્પો અવિરત ખીલ્યા કરે છે. તે સુગંધી પુષ્પોના પમરાટથી જૈનશાસન અસ્ખલિત રીતે મઘમઘાયમાન બન્યું છે. આ જિનશાસનોદ્યાનમાં તે પૈકીનું એક પુષ્પ એટલે વર્તમાન શાસન શિરોમણિ, શાસનશિરતાજ, ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજા.

આ મહાનવિભૂતિની સંયમયાત્રા અને તપોયાત્રા સાત સાત દાયકા અને સૂરિપદના પાંચ દાયકાથી વિના વિરામે કે અવરોધે અનેકવિધ શાસનપ્રભાવનાપૂર્વક અદ્‌ભુત આધ્યાત્મિક ઈતિહાસને સર્જી રહી છે. એવા અગાધસાગરસમ વિરાટ વ્યક્તિત્વના સ્વામી આ યુગપુરુષના જીવનનો એક એક પ્રસંગ જ નહિ પરંતુ એક એક પળ પણ આધ્યાત્મિક પ્રેરણાઓનો મહાસ્રોત છે.

- અસહ્ય વેદનામાં પણ અનુપમ સમતા
- પ્રસંગે પ્રસંગે નીતરતી નિરીહતા-નિસ્પૃહતા
- શાસ્ત્ર સિદ્ધાંત મુજબ જ આચરણના ચૂસ્ત આગ્રહી
- સમિતિ ગુપ્તિ રૂપ અષ્ટપ્રવચનમાતાના પાલનમાં અદ્‌ભુત ઉપયોગવાળા
- અણુએ-અણુએ વહી રહેલી શાસન સમર્પિતતા
- વર્તમાનકાળે જિનશાસનમાં, શ્રમણ સંઘમાં શિરમોર છતાં આડંબર કે અભિમાનથી રહિત
- પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ આવશ્યક ક્રિયા પ્રત્યે અનન્ય એકાગ્રતા

આવા પૂજ્યપાદશ્રીના અસીમ "ગુણવૈભવની સુવાસ"ને સીમિત શબ્દગ્રંથમાં પૂર્ણ પ્રસરાવવાનું કાર્ય સરળ નથી; છતાંય

સાગરના કિનારે ઉભો રહેલો માણસ સાગરના ભૂગર્ભમાં રહેલું ઝવેરાત ન મેળવી શકે; પરંતુ જલસ્પર્શિત શીતલવાયુની મીઠી લહેરથી એક અદ્‌ભુત આહ્‌લાદકતાને અનુભવે છે. તેમ મારા જીવનની એકવીશીનાં પ્રત્યેક શ્વાસ અને પ્રાણ જે તારકની છત્રછાયામાં નિરંતર જ્ઞાન સ્પર્શિત શુદ્ધ સંયમ સુવાસમાં ચાલ્યા છે તે પરમ તારક પૂજ્યશ્રીના મારા પર થયેલ અગાધ ઉપકારનું યત્કિંચિત પણ ઋણ ચૂકવવાનો આ પ્રયત્ન છે.

અલબત્ત, પૂજ્યપાદ ગુરુદેવશ્રીનાં સંયમજીવનનાં ૭૨ વર્ષ અને સૂરિપદનાં ૫૦ વર્ષનાં વિશાળ ફલકને એક ગ્રંથમાં સમાવિષ્ટ કરવાનું સરળ નથી જ; કેમકે તેઓશ્રીનો ગુણવૈભવ અનુપમ છે, સ્વભાવની સરળતા, તલસ્પર્શી જ્ઞાન, અજોડ શ્રદ્ધા, વાત્સલ્યસભર વ્યક્તિત્વ, સાધનામાં સમર્પિતતા જેવા અમાપ ગુણવૈભવને શબ્દ દેહ આપવાનું સામર્થ્ય ક્યાંથી મેળવવું ?

### અદ્‌ભુત જ્ઞાનયોગી પૂજ્યશ્રી

શ્રદ્ધાસભર જ્ઞાન અને ક્રિયાનો સદૈવ સમન્વય જેમણે જીવનમાં સાધ્યો છે તેવા પૂજ્યપાદશ્રીનું, સૂરિપદની પ્રાપ્તિ બાદ, મુખ્ય ધ્યેય સમ્યગ્‌જ્ઞાન હતું. સમ્યગ્‌જ્ઞાનથી શ્રદ્ધા સ્થિર થાય અને ચારિત્ર શુદ્ધ થાય છે. આ દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ રત્નત્રયી સંયમી આત્માના પ્રાણ છે. એની જો માવજત ન થાય તો લીલું પણ શ્રમણોદ્યાન ધીમે ધીમે શુષ્ક-નિરસ બની જાય ! પછી ભવ્ય જીવોને આલંબન કોનું ?

પૂજ્યશ્રીએ પોતાના જીવનમાં સ્વયં આ ભાવ આત્મસાત્ કર્યો. આથી જ પૂર્વની જેમ આજે પણ, દેહની

અસ્વસ્થ સ્થિતિમાં પણ જ્યારે જુઓ ત્યારે સ્વાધ્યાય, નાના બાળકની જેમ નવી ગાથાઓ કંઠસ્થ કરે, અપ્રમત્તપણે શાસ્ત્રવાંચન, આશ્રિતોને અધ્યાપનાદિ જ્ઞાનોપાસના તો પૂજ્યશ્રીનો વણથંભ્યો નિત્યક્રમ છે.

### જ્ઞાનસ્ય ફલં વિરતિ

જૈનશાસનની અદ્‌ભુત જંગમ સંપત્તિ રૂપ સાધુ-સાધ્વીજી ભગવંતો સુંદર રીતે અધ્યયન-અધ્યાપન કરી શકે તે માટે તત્ત્વજ્ઞાન પાઠશાળાનું આયોજન કર્યું. સૌ પ્રથમ ચાણસ્માના (વિ.સં. ૨૦૦૮)ના ચાતુર્માસમાં સંઘના સહકારથી પાઠશાળા માટે બીજ વાવ્યું; તે આજે ઘટાદાર વૃક્ષ જેવું બન્યું છે. પૂજ્યપાદશ્રીની પુન્ય પ્રેરણા સાથે જોડાયેલી આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા સંસ્થા આજે સર્વત્ર અગ્રેસર, પ્રચાર વિના પણ અતિપ્રસિદ્ધ, વિશિષ્ટ સગવડો સાથેની રાજનગરના જુદા જુદા વિસ્તારોમાં ચાર-ચાર પાઠશાળાઓ ચાલી રહી છે. આ રીતે એક તરફ પૂજ્યશ્રીના પ્રેરણાસ્રોતથી સર્જાયેલા ભવ્ય તત્ત્વજ્ઞાન પ્રાસાદો, તો સાથે સાથે અઢળક આગમ ગ્રંથો, સાહિત્ય ગ્રંથો રૂપ જૈન શાસ્ત્રોનો અદ્‌ભુત જ્ઞાનભંડાર....સેંકડો સ્વ-પર દર્શનની પ્રાચીન-અર્વાચીન હસ્તપ્રતો અને તાડપત્રોનો સંગ્રહ તથા અલભ્ય-અમૂલ્ય કલાત્મક વસ્તુઓ સુરક્ષિતપણે સચવાઈ રહી છે. પૂજ્યશ્રીનું આ પ્રદાન જિનશાસનના ઈતિહાસમાં અનેક રીતે અવિસ્મરણીય બની રહેશે. અસંખ્ય પ્રલોભનો અને અગણિત દૂષણોથી વ્યાપ્ત આ ભયંકર કલિકાલમાં પણ અકિંચન અને તદ્દન નિસ્પૃહી એવા પૂજ્યપાદશ્રીના જીવનનું તન-મન અને સર્વસ્વ જ્ઞાનયજ્ઞમાં સમર્પિત છે.

### મહોત્સવનાં મંડાણ

ગત વર્ષે રાજનગરમાં હઠીભાઈની વાડીમાં (પૂજ્યશ્રીનાં સૂરિપદનાં ૫૦મા વર્ષ પ્રારંભે) શ્રી ધર્મનાથ પ્રભુના જિનાલયના પ્રાંગણમાં નવ દિવસનો એક વિશિષ્ટ મહોત્સવ ઉજવાયો; જેમાં શાસનપ્રભાવક શાસ્ત્રીય અનુષ્ઠાનોનું આયોજન થયેલ. સાથે સાથે આ સૂરિપદ અર્ધશતાબ્દિ પ્રસંગ ચિર સ્મરણીય બની અનેક ભવ્યજીવોને અહિંસા-સંયમ-તપમાં સહાયક બની રહે તે માટે એક એવો સ્મૃતિગ્રંથ (સોવેનિયર) પ્રકાશિત કરવા નિર્ણય કરેલ, જે ગ્રંથમાં સંપૂર્ણ જિનદર્શનનો સાર સમાયેલો હોય. આ નિર્ણયને સફળ બનાવવા આચાર્ય ભગવંતો આદિને પત્રો પાઠવીને સ્મૃતિગ્રંથને અનુરૂપ લેખ-સામગ્રી મંગાવી. સાથે સમુદાયનાં સાધ્વીજી ભગવંતોને પણ તેમનામાં રહેલી જ્ઞાનશક્તિને ખીલવવા સૂચન કર્યું. નિખાલસતાથી કહું તો આ સામાન્ય પ્રયાસે મને અપેક્ષાથી પણ અધિક લેખ-સામગ્રી પ્રાપ્ત થઈ તેમાં કારણભૂત પૂજ્ય ગુરુદેવશ્રી જ છે.

જો કે આ લેખો મેળવતી વખતે એક સાવધાની રાખી છે. આ પ્રસંગના કેન્દ્રમાં પૂજ્યશ્રી હોવાથી, સ્વાભાવિકપણે તેમના વિષયક લેખો આવે ! જ્યારે પૂજ્યશ્રીનો સ્વભાવ પ્રથમથી જ નિસ્પૃહી. પોતાના વિષેની વાતો હોય, પોતે જે વાતમાં કેન્દ્રસ્થાને હોય એમાં તેઓશ્રીનો સ્પષ્ટ અણગમો... આથી જેમની પાસેથી લેખો મંગાવેલા ત્યારે તેઓશ્રીને સૂચન કરેલું કે પોતાની પસંદગીના જૈનદર્શનનાં જુદા જુદા વિષયો પર લેખો મોકલે. આથી મોટાભાગના લેખો જૈનદર્શનનાં વિવિધ વિષયો પર લખાયા છે; તો કેટલાક લેખો પૂજ્યશ્રીને વિશે પણ લખાયા છે. આવા લેખોમાં પણ પૂજ્યશ્રીને નિમિત્તે જે મૌલિક ચિંતનસભર સામગ્રી પ્રાપ્ત થઈ છે તેને કારણે આ સ્મૃતિગ્રંથ ખૂબ સમૃદ્ધ બન્યો છે. આચાર્ય ભગવંતો આદિની જેમ સાધ્વીજી ભગવંતોએ પણ અતિશય ગંભીર વિષયોને સરલ ભાષામાં પ્રસ્તુત કરી કમાલ કરી છે. આ પ્રમાણે પૂજ્યશ્રીના સૂરિપદની અર્ધશતાબ્દિને નિમિત્ત બનાવી જૈન ધર્મના ગહન વિષયોને પણ લોકભોગ્ય શૈલીમાં વ્યકત કરતી લેખ-સામગ્રી એ આ સ્મૃતિગ્રંથનું અનોખું પ્રદાન બની રહેશે.



www.jaintatvagyanshala.org

**નોંધપાત્ર સંશોધન**

આ સ્મૃતિગ્રંથ નિમિત્તે એક બીજું પણ નોંધપાત્ર સંશોધન થયું. આગળ કહેવાયું તેમ સમગ્ર પ્રસંગનું આલંબન હતું પૂજયશ્રીની સૂરિપદની અર્ધશતાબ્દિની ઘટના. આ નિમિત્તે આ પ્રકારે સૂરિપદે ૫૦ વર્ષ પૂર્ણ કરનારા જિનશાસનમાં પૂજ્યો કેટલા ? તેનું સંશોધન કરવામાં આવ્યું. પૂર્વે અમારા ખ્યાલમાં ૧૦ પૂજ્યો હતા. પરંતુ જુદા જુદા ગ્રંથોનાં અવલોકનોથી બીજા પણ પૂજ્યોની નામાવલી-ઈતિહાસ પ્રાપ્ત થયેલ છે તે વિગતવાર માહિતી પણ આ ગ્રંથમાં રજુ કરવામાં આવી છે.

**ક્ષમાયાચના**

આ સ્મૃતિગ્રંથને સમયસર પ્રકાશિત ન કરી શકાયો તેમાં સહુ પ્રથમ તો મારી જ પ્રમાદ પરવશતા કારણ-ભૂત છે તો કેટલાક પૂજ્યોના લેખ પ્રાપ્ત થવામાં અતિશય વિલંબ એ બીજું કારણ માની શકાય. પરંતુ જુદા જુદા સ્થાનેથી "વધુ વિલંબ રસભંગનું કારણ બનશે" "સ્મૃતિગ્રંથ ક્યારે પ્રકાશિત થશે ?" આવી ટકોર અને પૃચ્છાએ કાર્યમાં વેગ આવ્યો.

જે લેખ સામગ્રી પ્રાપ્ત થઈ હતી તે જ્ઞાનસભર અને અર્થપૂર્ણ હોવા છતાં પ્રકાશનના હેતુ માટે તેનું પરિમાર્જન કરવું પણ આવશ્યક હતું. તે પરિશ્રમથી સાધ્ય કાર્ય માટે મને શ્રી ચંદુભાઈ શાહ (ઝવેરી પાર્ક) અને શ્રી નવિનભાઈ સોનેથા (ગાંધીનગર)નો અમૂલ્ય સહકાર મળ્યો છે. આ બન્ને મહાનુભાવોએ લેખોને બરાબર વાંચી સુધારાપૂર્વક પરિમાર્જન કર્યું. બાદમાં તે મેટરનું પ્રુફ સંશોધન-પુસ્તક સેટીંગ આદિમાં તેમના અનુભવનો સારા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. તેઓ ધન્યવાદને પાત્ર છે.

**વિરાટ વ્યક્તિત્વ**

આ સ્મૃતિગ્રંથમાં પૂજ્યશ્રીના જીવનનાં વિવિધ પાસાંઓ ઉપર યત્કિંચિત પ્રકાશ પાડવામાં આવ્યો છે. પરંતુ આ ગુણનિધિનું જીવન એટલું વૈવિધ્યસભર અને એટલું વિરલ તેમજ નિરાળું છે કે તે ગુણોના વર્ણન માટે આ એક ગ્રંથ ઓછો પડે. આપણે સહુ આપણી અલ્પમતિથી આ મહાપુરુષના જીવનવૈભવનો પરિચય કરવા-કરાવવા પ્રયાસ કરીએ છીએ; પરંતુ તે પ્રયાસમાં જ આપણી તમામ મર્યાદાઓ છતી થઈ જાય છે. આ ગ્રંથમાં પૂજ્યશ્રીનો જે પરિચય અપાયો છે તે અગાધ સાગરમાં એક બિંદુ તૂલ્ય પણ નથી. પૂજ્યશ્રીનું જીવન અને ગુણવૈભવ મહાન છે. તેને પાર પામવાનું આપણા કોઈ માટે શક્ય નથી. આપણી આ મર્યાદાનો સ્વીકાર એ જ પૂજ્યશ્રીની મહાનતાનો સ્વીકાર છે. આ આંશિક ગુણોના પણ પરિચયે આપણે તેમાંથી પ્રેરણા લઈને આપણા જીવનને ઉન્નત બનાવીશું તો તેમાં આ મારા પ્રયાસની સાર્થકતા-સફલતા હશે.

આ ગ્રંથને અર્થપૂર્ણ લોકભોગ્ય બનાવવામાં જેઓએ લેખ મોકલી મને ઉત્સાહિત કર્યો છે તે સર્વે પ્રત્યે આ તકે આભારની લાગણી વ્યક્ત કરું છું.

લિ. ગુરૂકૃપાકાંક્ષી
જગચ્ચન્દ્રસૂરિ...

ઝવેરીપાર્ક જૈન ઉપાશ્રય
આ. શ્રી સૂરેન્દ્રસૂરીશ્વરજી માર્ગ,
અમદાવાદ-૧૩.
વૈશાખ સુદ ૧૩, શનિવાર,
તા. ૫/૫/૨૦૦૧



www.jaintatvagyanshala.org

# ચરમ તીર્થપતિ દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના શાસનમાં સુધર્માસ્વામી મહારાજાની પાટ-પરંપરામાં આચાર્યપદનો ૫૦થી વધુ વર્ષનો ચિર-પર્યાય ધરાવનારા પુણ્યપુરુષોની નામાવલિ

(ભિન્ન ભિન્ન ગ્રંથોનું સંશોધન કરતાં પ્રાપ્ત થયેલ છે.)

**૧. પૂજ્યપાદ આચાર્યશ્રી યશોભદ્રસૂરિ મહારાજા**
વીર સં - ૯૮માં યુગપ્રધાનપદ, વીર સં - ૧૪૮માં સ્વર્ગવાસ
યુગપ્રધાન કાળ - ૫૦ વર્ષ

**૨. પૂજ્યપાદ આચાર્યશ્રી બલિસ્સહસૂરિ મહારાજા**
વીર સં - ૨૪૫માં આચાર્યપદ, વીર સં - ૩૨૯માં સ્વર્ગવાસ
યુગપ્રધાનકાળ - ૮૪ વર્ષ

**૩. પૂજ્યપાદ આચાર્યશ્રી નાગહસ્તિસૂરિ મહારાજા**
વીર સં - ૫૭૩માં જન્મ, વીર સં - ૫૯૨માં દીક્ષા, વીર સં - ૬૨૦માં યુગપ્રધાનપદ,
વીર સં - ૬૮૯માં સ્વર્ગવાસ.
યુગપ્રધાનકાળ - ૬૯ વર્ષ

**૪. પૂજ્યપાદ આચાર્યશ્રી નાગાર્જુનસૂરિ મહારાજા**
વીર સં - ૭૯૩માં જન્મ, વીર સં - ૮૦૭માં દીક્ષા, વીર સં - ૮૨૬માં યુગપ્રધાનપદ.
યુગપ્રધાનકાળ - ૭૮ વર્ષ.

**૫. પૂજ્યપાદ આચાર્યશ્રી હારિલ**
વીર સં - ૧૦૦૦માં યુગપ્રધાનપદ, વીર સં - ૧૦૫૫માં સ્વર્ગવાસ.
યુગપ્રધાનકાળ ૫૫ વર્ષ.

**૬. પૂજ્યપાદ આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજા**
વીર સં - ૧૦૧૧માં જન્મ, વીર સં - ૧૦૨૫માં દીક્ષા, વીર સં - ૧૦૫૫માં આચાર્યપદ,
વીર સં - ૧૧૧૫માં સ્વર્ગવાસ.
આચાર્યપદ પર્યાય ૬૦ વર્ષ.

**૭. પૂજ્યપાદ આચાર્યશ્રી બપ્પભટ્ટીસૂરિ મહારાજા**
વિ. સં. - ૮૦૦માં જન્મ, વિ.સં - ૮૦૭માં દીક્ષા, વિ.સં - ૮૧૧માં આચાર્યપદ,
વિ. સં - ૮૯૫માં સ્વર્ગવાસ.
આચાર્યપદ પર્યાય ૮૪ વર્ષ

**૮. પૂજ્યપાદ આચાર્યશ્રી કકસૂરિ મહારાજા**
વીર સં - ૧૧૫૫માં આચાર્યપદ, વિ. સં - ૧૨૧૨ સુધી હયાત હતા તેવો ઉલ્લેખ મળે છે.
આચાર્યપદ પર્યાય ૫૭ વર્ષ

**૯. પૂજ્યપાદ આચાર્યશ્રી દેવગુપ્તસૂરિ મહારાજા**
વિ. સં - ૧૧૬૫માં આચાર્યપદ, વિ. સં. ૧૨૩૨ સુધી હયાત હતા તેવો ઉલ્લેખ મળે છે.
આચાર્યપદ પર્યાય ૬૭ વર્ષ.

**૧૦. કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ મહારાજા**

વિ. સં. ૧૧૪૫માં જન્મ (કા. સુ. ૧૫) વિ.સં. ૧૧૫૦માં દીક્ષા (મ.સુ. ૧૪)
વિ. સં. ૧૧૬૬માં આચાર્યપદ (વૈ.સુ. ૧૩) વિ.સં. ૧૨૨૯માં સ્વર્ગવાસ.
આચાર્યપદ પર્યાય ૬૩ વર્ષ

**૧૧. પૂજ્યપાદ્ આચાર્યશ્રી પદ્મતિલકસૂરિ મહારાજા**

વિ.સં. ૧૩૬૮માં દીક્ષા, વિ.સં. ૧૩૭૫માં આચાર્યપદ, વિ.સં. ૧૪૨૫માં સ્વર્ગવાસ.
આચાર્યપદ પર્યાય ૫૦ વર્ષ

**૧૨. પૂજ્યપાદ્ આચાર્યશ્રી દેવસુંદરસૂરિ મહારાજા**

વિ.સં. ૧૩૯૬માં જન્મ, વિ.સં. ૧૪૦૪માં દીક્ષા, વિ.સં. ૧૪૨૦માં આચાર્યપદ (ચૈ.સુ. ૧૦ પાટણ),
વિ.સં. ૧૪૮૨/૯૨માં સ્વર્ગવાસ.
આચાર્યપદ પર્યાય ૬૨/૭૨ વર્ષ.

**૧૩. પૂજ્યપાદ્ આચાર્યશ્રી સુમતિસુંદરસૂરિ મહારાજા**

વિ.સં. ૧૪૯૪માં જન્મ, વિ.સં. ૧૫૧૧માં દીક્ષા, વિ.સં. ૧૫૧૮માં આચાર્યપદ, વિ.સં. ૧૫૬૮માં સ્વર્ગવાસ.
આચાર્યપદ પર્યાય ૫૦ વર્ષ.

**૧૪. પૂજ્યપાદ્ આચાર્યશ્રી રત્નસૂરિ મહારાજા**

વિ.સં. ૧૫૯૪માં જન્મ, ૧૬૧૩માં દીક્ષા, ૧૬૨૪ ઝીંઝુવાડામાં આચાર્યપદ તથા ગચ્છનાયક પદ,
૧૬૭૫માં ઝીંઝુવાડામાં સ્વર્ગવાસ.
આચાર્યપદ પર્યાય ૫૧ વર્ષ.

**૧૫. પૂજ્યપાદ્ આચાર્યશ્રી દેવસૂરિ મહારાજા**

વિ.સં. ૧૬૩૪ પો.સુ. ૧૩ ઈડરમાં જન્મ, વિ.સં. ૧૬૪૩ મહા.સુ. ૧૦ દીક્ષા,
૧૬૫૬માં અમદાવાદમાં પન્યાસ પદ વિ.સં. ૧૬૫૬માં લાડીમાં ઉપાધ્યાય પદ,
વિ.સં. ૧૬૫૬માં ખંભાતમાં આચાર્યપદ વૈ.સુ. ૪, ૧૭૧૩માં અષાઢ સુદ - ૧૧માં ઉનામાં સ્વર્ગવાસ.
આચાર્યપદ પર્યાય ૫૭ વર્ષ.

**૧૬. પૂજ્યપાદ્ આચાર્યશ્રી રામચંદ્રસૂરિ મહારાજા**

વિ.સં. ૧૯૫૨ ફા.વ. ૪ જન્મ, ૧૯૬૯ પો.સુ. ૧૩ દીક્ષા, વિ.સં. ૧૯૮૩ ફા.વ. ૩ પંન્યાસ,
૧૯૯૦ ચૈ.સુ. ૧૪ પાઠકપદ, વિ.સં. ૧૯૯૨, વૈ.સુ. ૬ મુંબઈમાં આચાર્યપદ, ૨૦૪૭માં સ્વર્ગવાસ.
આચાર્યપદ પર્યાય ૫૫ વર્ષ.

**૧૭. પૂજ્યપાદ્ આચાર્યશ્રી રામસૂરિ મહારાજા**

વિ.સં - ૧૯૭૩ મહાસુદ-૫ જન્મ, અમદાવાદ - (કુવાવાળી પોળ), વિ.સં - ૧૯૮૬ વૈ. વદ-૧૦ દીક્ષા,
અમદાવાદ - (હરિપુરા - અસારવા), વિ.સં - ૨૦૦૦ કા. વદ-૩ ગણિપદ જામનગર, વિ.સં - ૨૦૦૭
વૈ. સુ-૩, પંન્યાસપદ, પાટણ (ખેતરવસી), વિ. સં - ૨૦૦૭ વૈ. સુ-૫, આચાર્યપદ, પાટણ (ખેતરવસી)
આચાર્યપદ પર્યાય ૫૦ વર્ષ પૂર્ણ થયાં ૫૧મા વર્ષમાં પ્રવેશ.



www.jaintatvagyanshala.org

# સંવિજ્ઞમાર્ગી પૂજ્ય પં.શ્રી રૂપવિજયજી મ.ના સ્વહસ્તાક્ષરે પાલીના શ્રાવક ઉપર સમાધાન રૂપે લખાયેલ પત્રની નકલ

●

સંશોધક : આચાર્ય વિજયશ્રી જગચ્ચન્દ્રસૂરિ

॥ श्री ॥

॥ ई. ॥ स्वस्तिश्री पार्श्वेशं नत्वा श्रीमदहम्मदावादनगरत: संविज्ञमार्गी पं रूपविजय गणि लिखितं श्री पालिनगरे सुश्रावक पुन्यप्रभावक देवगुरूभक्तिकारक शुद्धपंचांगीश्रद्धाधारक सम्यक्त(व) शुद्धिकारक संविज्ञवंत वैराग्यवंत विवेकवंत श्रद्धालु दयालु कृपालु जिनभक्तिकारक जिनागम लब्धार्थ गृहितार्थ पृच्छितार्थ जिनवचने अस्थि मिंज प्रेमानुरागरंजितात्मा संघवी माणिकचंदजी जोग्यं धर्मलाभ जाणवो अपरं चात्र श्री देवगुरुप्रसादे सुखशाता समयामु... णी वर्ते छे तुमारी धर्मकरणी करवा पूर्वकनो पत्र आव्यो ते वांची आणंद थयो छे तुमोइं प्रश्न लख्यो जे कोइक कहे छे जे तीर्थंकर महाराज समुद्घात करीने मोक्षें जाइं तथा कोई कहे छे जे विगर समुद्घात करें तीर्थंकर मोक्षे जाइं तेहनो उत्तर श्री सिद्धांतने अनुसारे लखिइं छीइं तथाहि ''सव्वेवि णं भंते केवली समुग्घयं गच्छंति णोइणठे समठे अकित्ता णं समुग्घयमणंता केवली जिणा जाइजरामरण विप्पमुक्का सिद्धिंवरगइ गया १ इति उववाइसूत्रे ए पाठ मध्ये इम कह्युं छे जे अनंताकेवली अनंता जिन कहेतां तीर्थंकर समुद्घत कर्या विनां सिद्धीगतीने पांम्या इहां अनंत शब्द ते केवली साथे तथा जिन साथे जोडाय छे ते जांणज्यो एहज सूत्रपाठमां उपरलापाठमां लख्युं छे जे च्यार करमांश तुल्य जेंहनें होइं ते केवली तथा जिनराज समुद्घात न करें अने जेमने वेदनीयादिक त्रण्यकर्म आउखा थकी अधिक होइं ते केवली तथा जिनराजजी केवलसमुद्घात करे ज ए भावार्थ उववाईसूत्रनो छे ते जाणज्योजी १. । हवे केवली पण कोइ समुद्घात करे कोइ न करे तथा तीर्थंकर पिण कोइ समुद्घात करे कोइ न करे ते उपर श्री आवश्यक चूरणीनो पाठ लिखिइ छे तथाहि सर्वे भगवंत सिद्धयंत: केवलिनस्तीर्थकराश्चनियमाच्चवश्यककरणं कुर्वंति समुद्घातं तु केचित् कुर्वंति केचिन्नेति तत्थ आवश्यककरणेकृते ये केवलिन: समुद्घातं कुर्वंति तत् प्रक्रिया. विकरणार्थमिदं प्रक्रिया तेप्यंतमुहुर्तमादिकृत्वोत्कर्षेण आ मासेभ्य षड्भ्य आयुषोविशिष्टेभ्य: अभ्यंतर आविर्भूत केवलज्ञानपर्याया: ते नियमा समुद्घातं कुर्वंति ये तु षण्मासेभ्य: उपरिष्टादार्विभूतकेवलज्ञाना: शेषास्ते समुद्घातका बाह्या: संत: समुद्घातं न् कुर्वंतीत्यर्थ: शेषा समुद्घातं इति ... ... ... कस्मात् यस्मात् विशिष्टे आयुषि आविर्भूत केवलज्ञानपर्यायेभ्य: सकाशात् षड्भ्यो मासेभ्य: ये उपरि समयोत्तर वृद्धयाविशिष्टे आयुषि शेषे आविर्भूतज्ञाना: कैवलिनस्ते शेषा: समुद्घातं प्रतिभाज्या: केचित्समुद्घातं कुर्वंति केचिन्नेति अत: केचित् समुद्घातं कृत्वा केचिदकृत्वेव समवाप्नुवंति सिद्धिं अथवा येषां बहु संवेद्यमस्ति आयुश्चाल्पमवतिष्टते ते नियमात् समुद्घातं कुर्वंति नेतरेति इत्यावश्यकचूर्णौ ॥ व्याख्या ॥ सद्यलाइं भगवंत सिद्धि पामतां थका केवलज्ञानी मुनि तथा तीर्थंकर भगवंत निश्चय आवश्यककरणी करेंज अने केवली भगवंत समुद्घात तो कोइ करे कोइ न करे तेहज हेतुइं आवश्यककरणी करीनें जे केवली भगवंत समुद्घात करे ते रीत प्रगट करवाने अरथें चूरणीकारजी कहे छे जे केवली भगवंत अंतर्मूहुर्त थकी मांडीने उतकृष्टा छ महिनानी माहिली तरफ जेहने केवलज्ञान उपनो छे अेटले छ महिनानी माहें आउखु छे ते केवली भगवंततो निश्चय समुद्घात करे ज. अने छ मास



www.jaintatvagyanshala.org

थकी अधिक-आयुवाला छे जे केवली भगवंत तो समुद्धात थकी बाह्य रह्या छे अेटले समस्थितिवंत छे वेदनी आयु नाम गोत्र कर्म तुल्य स्थितिइं सरखा छे ते तो तीर्थंकर तथा सामान्य केवली भगवंत समुद्धात न करें ते टालिनें जेहने विषमस्थिति छे ते समुद्धात करे ज ते कारणे कह्युं छे जे कोइ समुद्धात करे कोइ न करे ते माटे भजना कही छे ते जाणवुजी एहमां तीर्थंकर कोइ समुद्धात करे कोइ न करे ए भावार्थ कह्यो ए रीते केवली बीजाइं भजनाइं कहवाजी ए रीते आवश्यक चूरणीमां कह्युं छे ते जाणज्योजी इमज श्री पन्नवणा सूत्रनो पण पाठ छे तथाहि अगंतूणं समुग्घायमणंता केवली जिणा व्याख्या केवलिनश्च जिना च केवलीजिना इति प्राचीनवृत्तौ ए पदें केवली तथा जिन कहतां तीर्थंकर पण समुद्धात कर्या विना शिव वर्या छे अने समुद्धात करीने सिद्धीवरें तेहनो पाठ तो पन्नवणा मध्ये प्रगट छे ते जांणज्योजी तथा गुणस्थानक क्रमारोह ग्रंथमां पण कह्युं छे जे छ महिनाथी अधिक आयुवाला तो निश्चय समुद्धात करे ए पाठने लेखे सर्वतीर्थंकर समुद्धात करे एक हजार वर्ष न्यूंन एक लाख पूर्वनुं केवली पर्याय छे तथा त्रीस वर्षमुं चोवीसमां तीर्थंकरनुं आउखुं छे ते लेखे सर्व तीर्थंकर समुद्धात करे ते जांणज्योजी तथा गुणस्थानकक्रमारोहनी टीका मध्ये पण कह्युं छे छम्मासाउसेसे उपन्नं जेसिं केवलं नाणं ते नियमा समुग्घायइ सेस समुग्घाय भयणिज्जो ए मध्ये इम कह्युं जे छ मास उपरांत आउखावाला ते समुद्धात करे तेहमां भजना कोइ करे कोइ न करे ए गाथा चूर्णी साथे मलती ज छे ते जाणज्यो तथा महोपाध्याय श्री विनयविजयजी कृत लोकप्रकाशमां पण कह्युं छे अकृत्वापि समुद्धात मनंता निर्वृता जिनाः । अवाप्यापि समुद्धात मनंता निर्वृता जिनाः ॥ १ व्याख्या - विगर समुद्धात कर्ये अनंता जिनराज मोक्षपद पांम्या तेमज केवल समुद्धात करीने पिण अनंता जिनराज मोक्षपदने पांम्यां छे तेमज तीर्थंकर पण समुद्धात करे भजनाइं करे तथा केवली पण समुद्धात भजनाइं करे इति तत्त्वं अपरं अत्रे श्री पन्नवणासूत्र वंचाय छे ते जांणज्यो अत्र पं. अमीविजयगणी प्रमुख १२ ठाणानो धर्मलाभ जाणवोजी धर्मकरणी करवानो उद्यम करवो मार्गनी दृढता राखवी मिति संवत १८९५नां गुजराती श्रावण वदि ६ दिने -

**આચાર્ય :**

जह दीवा दीवसय, पईप्पए सोय दीप्पए दीवो ।
दीवसमा आयरिया, अप्पं च परं च दीवंति ॥

જેવી રીતે દીપક સ્વંય પ્રકાશમાન હોતે છતે પોતાના સ્પર્શથી અન્ય સેંકડો દીપક પ્રગટાવે, તેવી જ રીતે સદ્‌ગુરૂ આચાર્ય સ્વયં જ્ઞાન જ્યોતિથી પ્રકાશિત થાય છે અને બીજાઓને પ્રકાશિત કરે છે.

આચાર્ય ભદ્રબાહુ (ઉત્તરાધ્યયન નિર્યુક્તિ)

जं देइ दिकख सिक्खा, कम्मक्खय कारणे सुध्धा ।

જે કર્મનો ક્ષય કરવાવાળી શુદ્ધ દિક્ષા અને શુદ્ધ શિક્ષા આપે છે તે આચાર્ય છે.

આચાર્ય કુંદકુંદ (બોધ પાહુડ, ૧૬)



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# पू. पं. श्री रूपविजयजी म. ना स्वहस्ताक्षरनी प्रतिकृति

॥ र्द्धं ॥

॥ दिवारवस्तिश्रीपार्श्वजिनं नत्वा श्रीमद् [illegible] नगरस्थः संविग्नमार्गी [illegible]
पविजय मुनिना लिखितं श्रीपा[illegible]नगरे सा श्रावक [illegible] वका दे
गुरु [illegible] कारका श्रद्धपंचाग [illegible] धारका सम्यक्त्व [illegible]
संविज्ञात्वं वैराग्यवंत विधिकावंत श्रद्धालु दयालु [illegible]
चारका जिनागम [illegible] र्थ [illegible] जिनवचन
[illegible] धर्मानुराग [illegible] संघवी [illegible]
[illegible] अपरंच [illegible] देवगुरु प्रसाद [illegible] समयानु
[illegible] तुमारी [illegible] करणी [illegible] पुर्वक [illegible] वांची
[illegible] कोइ [illegible] जे तीर्थंकर
[illegible] समुद्घात [illegible] कोइ नथी [illegible]
[illegible] सिद्धांत [illegible]
[illegible] नथी [illegible] केवली समुद्घात [illegible]
[illegible] केवली [illegible]
[illegible] सिद्धांत [illegible]
[illegible] केवली [illegible] जिन [illegible] तीर्थंकर समुद्घात [illegible]
[illegible] केवली [illegible]
[illegible]
[illegible] समुद्घात न करें [illegible]
[illegible]
[illegible] केवलसमुद्घात करे [illegible]
[illegible] समुद्घात करे [illegible] तीर्थंकर [illegible] समु
[illegible] आवश्यक [illegible]
[illegible] केवलिनः [illegible] आवश्यक [illegible]
[illegible] केवलिनः समुद्घात [illegible]
[illegible]
[illegible] केवलज्ञान [illegible]
[illegible] समुद्घात [illegible]
[illegible] समुद्घात [illegible]
[illegible] केवलज्ञान [illegible]
[illegible]
[illegible] समुद्घात [illegible]
[illegible] समुद्घात [illegible]
[illegible]
[illegible]

www.jaintatvagyanshala.org

र्थंकर भगवंत निश्चय आवश्यक करणी करे जे अने केवली भगवंत समुद्घात ति
कोइ करे कोइ न करे ते जे हेतु इं आवश्यक करणी करीने जे केवली भगवंत स
मुद्घात करे ते शीत श्रम टकरवाने अरथे चुरणीकार जी कहे छे जे केवली भग
वंत अंतर्मुहूर्त आयु थका मांहीने उत्कृष्टा छ मासनी मांहि जी तर फ जेहने के
वलज्ञान ऊपनो छे एटले छ मासनी मांहे आऊखुं छे ते केवली भगवंत तो नि
श्चय समुद्घात करे जे अने छ मास थकी अधिक आयु वाला छे जे केवली भग
वंत ते तो समुद्घात थकी वारे छे एटले सम स्थिति वंत छे वेदनी आयुना
मगोत्र कर्म ते सम स्थिति इं सरखा छे ते तो तीर्थंकर तथा सामान्य केवली भग
वंत समुद्घात न करे ते टालि ने जेहने विषम स्थिति छे ते समुद्घात करे ज ते का
रणे कह्युं छे जे कोइ समुद्घात करे कोइ न करे ते माटे भजना कही छे ते जांण
वुं जी एहमां तीर्थंकर कोइ समुद्घात करे कोइ न करे एहवा वार्थ कह्या एणीने के
वली बीजाइ भजनाइ कहवाजी एरीते आवश्यक चुरणी मां कह्यं छे ते जांण
व्याजी इम ज श्री पन्नवणा सूत्रनो पण पाठ छे तथाहि अगंतूणसमुग्घायम
णंता केवली जिणा जरमरणविप्पमुक्का सिद्धिं वरगइं गया इति श्राव
नस्सेन एवं केवली नथा जिनका तां तीर्थंकर पण समुद्घात करवा विना
श्रीव वस्था वि अने समुद्घात करीने सिद्धि वरे तेहनो पाव तो पन्नवणा मइं
गर छे ते जांणव्या जी तथा गुण स्थानक क्रमारोह ग्रंथमांपण कह्युं छे
मासनाथी अधिक आयु वालो निश्चय समुद्घात करे एहवा ने जे स्यस वलि.
कर समुद्घात करे एक जा सर्व नं नत कलास्य वलि केवली पर्याय छे भ
वीस वरष चोवीसमा तीर्थंकरनुं आऊखुं छे ते जे भ तीर्थंकर समुद्घात
करे ते जांणव्याजी तथा गुणस्थानक क्रमारोहनी टीकामां पण कह्युं छे
मासाऊ संसि उप्पन्नं जेसिं केवलं नाणं ते नियमा समुग्घायइ सेस समुग्घा
न यलि तो एम श्री इम कह्यं छे जे छ मास ऊपरांत आऊखावाला ने समुद्घात
रने भजना कोइ करे कोइ न करे गाथा चूर्णी साथे मलती आवे छे ते जांणवुं
तथा महोपाध्याय श्री विनयविजयजी कृत लोकप्रकाशमां पण कह्युं छे
त्वापि समुद्घातम नंता निर्वृता जना: अकृत्वापि समुद्घातमनंताजि
नाः एहवा विगर समुद्घात कर्या अनंता जिनराज मोक्ष पद पाम्या
केवल समुद्घात करीने पण अनंता जिनराज मोक्षपद ने पाम्या
तीर्थंकर पण समुद्घात भजनाइं करे तथा केवली पण समुद्घात
इं करे इति न त्वं अपरं ... वचनं अत्र वं वाच्यं छे ते जांणव्यो!
१ श्री विजयमणी ... सुखरत्न गुणनो धर्मलाभ जोजो वीवा
रवानो उद्यम करवो मार्ग मांहि ... ना रावली मिति ... ... ...
प्रायः ... दि ने

॥ श्रीः ॥

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# પરમપૂજ્ય પ્રવચન પ્રભાવક શ્રી તપાગચ્છધુરાધુરીણ ગચ્છાધિપતિ આચાર્યપ્રવર શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા.ના "આચાર્યપદારોહણ"ની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે તેમનાં કરકમલોમાં શ્લોકબદ્ધ સ્તુતિ સમર્પણ

●

આચાર્ય વિજય પ્રેમસૂરિ

रामः सूरिपदं पुराऽऽप श्रमणः, रामं सदा संस्तुवे ।
रामेणाभिहताः कषायविषया, रामाय नित्यं नमः ॥
रामात् सूरिपुरन्दरात् समुदिता, रामस्य सूक्ष्मैक्षिका ।
रामे सद्गुणगौरवान्वितमतिः, श्रीराम ! प्रेष्यावयम् ॥ १ ॥
यस्याचार्यपदे च सार्धशतकं, श्री संघ सेवामयम् ।
योगक्षेमकरं सुसंयमधरं, श्री संघ निष्ठाव्रतम् ॥
दृष्ट्वा भक्तिमहोत्सवश्च रचितो, वैविध्यपूर्णोमुदा ।
भक्तै र्भावभरैरुदारमनसा, वित्तव्ययेनाद्भुतः ॥ २ ॥
प्रभावनावीरतीर्थस्य, यादृशी रामसूरिभिः ।
विहिता न दृश्यतेऽन्यत्र, तादृशीति च सम्मतम् ॥ ३ ॥
तपागच्छ गणाधीशा, डहेलावालेतिसंज्ञया ।
विश्रुता रामसूरीशाः, वन्द्यंते परमादरात् ॥ ४ ॥
पञ्चविंशतिशतके विक्रमाब्दस्य संगते ।
उपरिसप्तपञ्चाशत्, रामः सूरिपदं ययौ ॥ ५ ॥
अवलम्ब्यामदावादे, नगरे सुमहोत्सवः ।
पञ्चाशत्तमे सूरि, पर्याय परिपूर्णताम् ॥ ६ ॥
सम्मानलोभत्यागेन, दूरदृष्ट्यावलोक्य च ।
जिनशासनस्य संघस्य, हितायैव प्रवर्तते ॥ ७ ॥
नौमि रामं जगच्चंद्र - अभयदेव सेवितम् ।
सकलसङ्घहिते दत्तं, जीवितं यत्प्रतिक्षणम् ॥ ८ ॥

इति श्री डहेलावाला सुरेन्द्रसूरिपट्टधर गच्छाधिपति तपगच्छे वरीष्ठवरीवर्ति सूरिशेखर विजय रामसूरीश्वराणां जिनशासनस्य तृतीयपदे समारूढ प्रसंगस्य पञ्चाशत्तमे वर्षतिथौ सुमहोत्सवे.....

जैनाचार्य भक्तिसूरि पट्टधर गच्छाधिपति
आचार्यप्रवर श्री विजय प्रेमसूरीश्वरैः
सेवायां प्रेषितं संस्कृत भाषागुम्फितमष्टकं समाप्तम् ॥


वि.सं. २०५६
वैशाख शुक्ला पञ्चमी

श्री शंखेश्वर महातीर्थ, श्री १०८ पार्श्वनाथ भक्तिविहार महाप्रासाद प्रांगण उपाश्रयात् ।




www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



શ્રમણ સંમેલન (સં. ૨૦૫૭ - ડહેલાનો ઉપાશ્રય) પૂજ્યશ્રીનો દરબાર



શ્રમણ સંમેલન (સં. ૨૦૫૭ - ડહેલાનો ઉપાશ્રય) શ્રાવક સંઘની વિનંતી

www.jaintatvagyanshala.org

# સૂરિવર ! શાસનના શણગાર

●

આચાર્ય વિજય રાજેન્દ્રસૂરિ

ઘણા દિવસોમાં થોડો પરિચય...

થોડા દિવસોમાં ઘણો પરિચય...

'સાગર વર ગંભીરા' વિશેષણને સાર્થક કરનારા સૂરિવર ! નિર્મલતાના નગરમાં વસી નિર્બલતાને ખંખેરનાર મહાપુરુષ...

રાજનગરમાં જન્મ પામી જૈન શાસનના પરમ પ્રભાવક પ્રતાપી પુરુષ, જેમનું નામ અને કામ જૈન શાસનમાં રાજતાં અને ગાજતાં રહ્યાં છે...

સર્વ આચાર્યોમાં શિરોમણિ પદ ધરનાર સૂરિવર રામસૂરીશ્વરજી મહારાજ... ઘણા વર્ષોથી વંદનાદિનો લાભ મળેલ પણ ગુણોનો પરિચય અલ્પ રહેલ. પાલિતાણા ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીની પુનિત નિશ્રાનો લાભ મળ્યો, ત્યારે ખબર પડી કે વિશાળ ઘૂઘવતા સાગરમાં જૈન શાસનમાં મહાન રત્નો ભરેલાં છે; જેમાંનાં થોડાક રત્નોની ભાળ મળી તે અહીં રજૂ કરવા પ્રયત્ન કરૂં છું.

**શાસન સમર્પિતતા** : જૈન શાસનની જ્યોત્સ્ના સદા ઝગમગતી રહે તેના માટે સતત જાગૃત દશા... પૂજ્યશ્રીના અંતરમાં ડોકિયું કરીશું તો દેખાશે તેઓશ્રી જૈન શાસનને સંપૂર્ણ સમર્પિત છે - જૈનશાસનની રક્ષા માટે તેઓશ્રી સતત ચિંતિત રહે છે અને તે માટે સમયે સમયે સતત પ્રયત્ન પણ કરતા રહે છે.

**સંયમરસિકતા** : સંયમ સાધનામાં પૂજ્યશ્રી એટલા બધા સાવધાન છે કે તેઓશ્રી એક ક્ષણ પણ પ્રમાદમાં વીતાવતા નથી. સ્વયં સંયમ રસિકતાથી ઓતપ્રોત છે. સાધુઓને સાવધાનીથી સંયમપાલનમાં સ્થિર બનાવવા જાગૃત પ્રયત્ન કરે છે.

**સ્વાધ્યાય પ્રિયતા** : દરરોજ હજારથી પંદરસો ગાથાનો સ્વાધ્યાય - સાથે નવા નવા ગ્રંથોનું અધ્યયન આ ઉંમરે પણ ચાલુ છે. શાસ્ત્રના પદાર્થોની જાતે નોંધ કરી તેનું સતત સ્મરણ કરતા પૂજ્યશ્રીને નજરે નિહાળવા એ પણ એક લ્હાવો છે.

**સહનશીલતા** : શરીરમાં અનેક રોગો હોવા છતાં અપૂર્વ સહનશીલતા. મુખ ઉપર સ્મિતનો ભાવ જોતાં જ એક વાત અંતરમાં ઉપસી આવે કે સાધુતાની સાધનાનાં શિખરો સર કરી સૂરિપદને શોભાવતા સૂરિવર કાયાની માયાથી સદા દૂર રહેવા પ્રયત્ન કરતા જ રહે છે...

**નિઃસ્પૃહતા** : 'અવધૂ નિરપેક્ષવિરલા કોઈ' એની તાજી યાદ ધરાવનાર પૂજ્યશ્રીમાં પ્રત્યેક વસ્તુ પ્રત્યે નિરપેક્ષતા-નિઃસ્પૃહતા રહેલી છે. વસ્તુના મમત્વના બદલે વસ્તુ પ્રત્યેની વિરાગતાનાં કાયમ દર્શન થતાં જ રહે છે.

સન્માનથી દૂર રહેવાની (અપમાનના ઘૂંટડા ગળે ઉતારવાની) આગવી કળાના પણ પૂજ્યશ્રીમાં દર્શન થયા વિના રહેતાં નથી.

જ્યારે જ્યારે પૂજ્યશ્રીના વંદન દર્શન માટે જવાનું થતું ત્યારે વહેતી જ્ઞાનગંગામાં સ્નાન કરવાનો આપોઆપ



www.jaintatvagyanshala.org

અહેસાસ અનુભવાતો. શાસનના અનેક પ્રશ્નોને સૂલઝાવવાની આગવી પ્રતિભાનાં પણ દર્શન થતાં. સહજતાથી કાર્ય કરવાની પદ્ધતિ પણ તેઓશ્રી અપનાવી શકે છે.

વર્તમાનમાં ત્યાગી વૈરાગ્યની પ્રતિમા સમા પૂજ્યશ્રી શાસનમાં આચાર્ય ભગવંતોમાં ધુરીણ સ્થાન શોભાવી રહ્યા છે.

આચાર્ય પદવીના ૫૦ વર્ષ પ્રસંગે અંતરનાં અગણિત વંદનરૂપ પુષ્પો પૂજ્યશ્રીના ચરણે ધરી હું પાવન બનું છું.

સંયમની સુવાસને ચારે બાજુ પ્રસરાવતા પૂજ્યશ્રીના દિલના ડહેલામાં વહેલા વહેલા પ્રવેશવાનું આપણને સૌભાગ્ય પ્રાપ્ત થાય તે ઈચ્છનીય છે.

વર્તમાનમાં જૈન શાસનના જટિલ પ્રશ્નો ઉકેલવાનું અઘરૂં બની રહ્યું છે. ચારેબાજુથી વિષમતાનાં વિષ વમતા વિષધરો ફુંફાડા મારી રહેલ છે. પૂજ્યશ્રીનું એક જ ધ્યેય રહેલું છે કે જૈન શાસનનો વિજયધ્વજ ચારેબાજુ ફરકતો રહે તે માટે આજીવન પ્રયત્ન કરવો.

સૂરિવરના અંતરમાં રમતી આ ભાવનાને સાર્થક કરવા આપણે પણ પૂરો પ્રયત્ન કરવો જરૂરી છે.

પૂજ્યશ્રીની કૃપાદૃષ્ટિ સદા માટે વરસતી રહો.

પૂજ્યશ્રી દીર્ઘાયુ બની સર્વ સંઘની એકતામાં સહાયક બનો એ જ શુભાશા !

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।
यस्यां जाग्रति भूतानी सा निशा पश्यतो मुनेः ॥

જ્યારે બધા પ્રાણીઓની રાત્રી હોય છે ત્યારે સંયમી મનુષ્યો જાગતા હોય છે અને જ્યારે સર્વ પ્રાણી જાગતા હોય ત્યારે તત્વજ્ઞ મુનિને રાત્રિ હોય છે.

વેદવ્યાસ (મહાભારત, ભીષ્મ પર્વ ૨૬/૬૯)

Spiritual life is complete selflessness.
આધ્યાત્મિક જીવન પૂર્ણ નિઃસ્વાર્થતા છે. - શિવાનંદ

योगोऽपि ज्ञानहीनस्तु न क्षमो मोक्षकर्मणि ।
तस्माज्ज्ञानं च योगं च मुमुक्षुर्दृढमभ्यसेत् ॥

જ્ઞાન રહિત યોગથી પણ મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી. આથી મુમુક્ષુને જ્ઞાન અને યોગ બંનેનો દ્રઢ અભ્યાસ કરવો જોઈએ.

योगतत्वोपनिषद् (શ્લોક ૧૫)



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# શ્રેયના સાધક સૂરીશ્વરજી

●

## રામચરણનિવાસિ આચાર્યશ્રી વિજયઅભયદેવસૂરિ

असारे संसारे
सकलमतसारज्ञ भगवन्
सदाचारेऽऽगारे,
परमकुशल ! श्री गुरुवरो,
अपारे कूपारे
विषय जलजाले तरणिपात्
नमो भूयो भूयो
सूरिराम ! सदा ते लसतु मे ॥

શ્રેયની સાધનાથી જેમનું જીવન સ્ફટિકસમ પારદર્શી છે.

શ્રુતધર્મના સમાચરણથી આત્મસ્વરૂપને ઉજાગર કરનાર જે મહાયોગી છે. તપથી પરિશુદ્ધ પરમાર્થના પ્રરૂપક છે.

સંયમ માર્ગના સમર્થ માર્ગદર્શક એવા... અનેક ગુણરત્નોના સાગર સમાન સૂરિરામના ચરણમાં રમણતા રાગનું વારણ કરે; વૈરાગ્યનું કારણ બને.

જિનેશ્વરના વિરહકાળમાં ભવ્યજીવોને સંસાર સાગર તરવામાં શ્રેષ્ઠ એવા બે આલંબનો છે : (૧) જિનાગમ (૨) જિનપ્રતિમા. આ બન્ને આલંબન સુધી પહોંચાડનાર જો કોઈ હોય તો તે આચાર્ય છે. ગમે તેવા કપરાકાળમાં પણ આત્મબલિદાનના ભોગે અરિહંતના શાસનના વારસાને આપણા સુધી પહોંચાડ્યો છે.

શાસનની વફાદારીને વરેલા આચાર્ય ભગવંતોના કારણે આ કાળમાં પણ પ્રભુનું શાસન સૂર્યની જેમ ઝળહળી રહ્યું છે. માટે જ કહેવાયું છે –

'अत्थमिये जिन सूरज केवळ चंदे जे जगदीवो'

દિપક સમાન આચાર્ય ભગવંતો ભાવિકોના ભાવને પ્રકાશિત કરે છે.

ભગવાન મહાવીરની પાટપરંપરામાં અગણિત આચાર્ય ભગવંતો થઈ ગયા. સમય-સંયોગ-શક્તિ અનુસાર શાસનને અબાધિત રાખવા સૌનું યોગદાન રહ્યું છે. તેમાં પણ વયથી વૃદ્ધ, દીક્ષાથી દીર્ઘ પર્યાય, આચાર્ય પદગ્રહણમાં પ્રધાનતાની ગણનામાં ૧૦મા નંબરનું સ્થાન શોભાવનારા પરમોપકારિ ગુરૂદેવ ગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજ સાહેબ વર્તમાનમાં સમગ્ર શ્રમણ-શ્રમણી વૃંદમાં વડીલના સ્થાને બિરાજી અનેક આત્માઓને દીવાદાંડી સમાન બની રહ્યા છે.

૮૪ વર્ષની જૈફવયે, ૭૨ વર્ષના પરિશુદ્ધ સંયમના સથવારે, ૧૨ વર્ષની બાલ્યાવસ્થામાં સાધુતાની સૌરભ ફેલાવતા આપશ્રીના ઉચ્ચજીવનનું શું વર્ણન કરીયે ?

ગુરૂદેવશ્રી...



www.jaintatvagyanshala.org

પ્રતિભાસંપન્ન પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના અત્યંત કૃપાપાત્ર થઈ તેઓશ્રીના સાનિધ્યનો સબળ સથવારો લઈ, આપે શ્રુતની સાધનામાં પળેપળ વીતાવી છે; જેની સિદ્ધિની સુવાસથી દશેદિશાઓ મઘમઘી રહી છે.

પ્રત્યક્ષ કે પરોક્ષ આપશ્રીનું પ્રભાવક સાનિધ્ય પામીને કેટલાય આત્માઓ સાધુ બનીને, કેટલાય આત્માઓ ભક્તશ્રાવક બનીને જીવનમાં પ્રકાશ ફેલાવી રહ્યા છે અને આપશ્રીની વાણીના શ્રવણે આત્મકલ્યાણ સાધી રહ્યા છે.

તારણહારા આપને સૂરિપદની સુવર્ણપ્રભામાં મહાલતા અર્ધશતાબ્દિની પૂર્ણતાની પૂર્વસંધ્યાએ જુગ જુગ જીવો ના અંતરનાદથી

... મારા જીવનને ઉંચે ઉઠાવ્યું છે...
જાતને જિન સાથે જોડી, કોઈ નવી ભાત પાડી છે
એવી ગુરૂમૈયાની ગોદમાં
બાળના બે બોલ
સમર્પિત
કરૂં છું......

Good to Forgive
Best, to Forget
ક્ષમા કરવી સારી છે, ભૂલી જવું સર્વોત્તમ છે.

(Robert Browning)

क्षमा खड्गं करे यस्य, दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥

જેના હાથમાં ક્ષમારૂપી તલવાર છે તેને દુર્જન શું કરશે ? ઘાસ વગરની જમીન પર પડેલો અગ્નિ પોતાની મેળે જ શાંત થઈ જાય છે.

**જ્ઞાન :**

इल्म दर सीना, न दर सफीना ।
જ્ઞાન હૃદયમાં રહે છે પુસ્તકોમાં નહિ.

ઈરાની લોકોક્તિ

# ગુણવૈભવથી સમૃદ્ધ આચાર્ય ભગવંતોનું જિનશાસનમાં ગૌરવભર્યું સ્થાન

●

આ. યશોભદ્રસૂરિ

जे निच्च मप्पमत्ता, विगह विरत्ता, कसायपरिचत्ता ।
धम्मोवएस सत्ता, ते आयरिए नमंसामि ॥

**જૈન શાસનની આરાધનામાં ત્રણ તત્ત્વોની ભૂમિકા**

જૈન શાસનમાં આરાધના કરવા યોગ્ય મુખ્ય ત્રણ તત્ત્વ બતાવ્યાં છે. દેવતત્ત્વ-ગુરુતત્ત્વ-ધર્મતત્ત્વ. આ ત્રણ તત્ત્વમાંથી એક પણ તત્ત્વને જો બાકાત કરવામાં આવે તો આરાધક આરાધક સ્વરૂપને પામી શકતો નથી. આત્માને પરમાત્મા બનાવનાર આ મહાંતારક તત્ત્વો છે.

દેવતત્ત્વમાં રહેલ અરિહંત અને સિદ્ધ પરમાત્મા મોક્ષપથદર્શક છે, ગુરુતત્ત્વમાં રહેલ આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતો મોક્ષપથચાલક છે, ધર્મતત્ત્વમાં રહેલ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ મોક્ષમાર્ગપ્રદાયક છે.

જૈનશાસનની મહિમા ને ગરિમા વધારનારું ગુરુતત્ત્વ એ વીરલ તત્ત્વ છે. આ સંસારની ધરતી ઉપર જો ગુરુની હસ્તી ન હોત તો ધરતી ઉપર વસતી કરોડોની વસ્તીની કિંમત પસ્તીના ભાવની પણ અંકાવી મુશ્કેલ હોત.

**આચાર્ય પદની વિશિષ્ટતા :**

ગુરુતત્ત્વનું જેમ અપૂર્વ ગૌરવ છે તેમ ગુરુતત્ત્વમાં રહેલ આચાર્યપદનું અનોખું ગૌરવ છે. એથી જ તો પંચ-પરમેષ્ઠિ ભગવંતોના કેન્દ્ર સ્થાનમાં આચાર્ય ભગવંતોને મૂકવામાં આવ્યા છે.

અરિહંત ભગવાન ત્રિપદી આપે છે, ગણધર ભગવાન દ્વાદશાંગી રચે છે, અને આચાર્ય ભગવંતો આગમ-ગ્રંથોને રચે છે. ગણધર ભગવંતો દ્વારા રચાયેલી દ્વાદશાંગીને આગમસૂત્રો દ્વારા અર્પનાર આચાર્ય ભગવંતો છે. જૈનશાસનની સ્થાપના ભલે અરિહંત ભગવંતો કરે છે; પરંતુ જૈન શાસનને અવિચ્છિન્નપણે ચલાવનાર તો આચાર્ય ભગવંતો છે.

પાંચમા આરાના છેડા સુધી જૈન શાસનની ધૂરા વહન કરનારા આચાર્ય ભગવંતો જ છે. અંતિમ આચાર્ય ભગવંત બનવાનું સૌભાગ્ય પૂજ્યપાદ આચાર્ય શ્રી દુપ્પસહસૂરિજીને મળ્યું છે.

"શુદ્ધ પ્રરૂપક ગુણ થકી જે જિનવર સમ ભાખ્યા રે..."

પરમાત્માએ જે તત્ત્વોની જે રીતે પ્રરૂપણા કરી હોય તે જ રીતે તે જ તત્ત્વોને પ્રરૂપતા હોવાથી આચાર્યો અરિહંત સમાન ગણાય છે.

એવા મહાન આચાર્યોના ગુણવૈભવનું દર્શન કરતાં મહત્ત્વના ગુણો તરફ આપણે ધ્યાન દોરીએ.

**આચાર્યના ૩૬ ગુણો**

આચાર્ય ભગવંતો ૩૬ ગુણોના ધારક છે, ૩૬ છત્રીસી ભેગી થાય તો પણ આચાર્ય ભગવંતોના ગુણોનું વર્ણન અશક્ય છે. તે છતાં તેઓશ્રીના લાક્ષણિક વ્યક્તિત્વ ધરાવતા જીવનઉદ્યાનમાં મહત્ત્વના ગુણવૈભવમાં સર્વપ્રથમ ગુણ કૃતજ્ઞતાનો હોય છે.

કરેલા ઉપકારને આચાર્ય હંમેશાં નજર સમક્ષ રાખનારા હોય છે, અરિહંત-સિદ્ધ અને ગુરુદેવશ્રીના ઉપકારને



www.jaintatvagyanshala.org

તેઓ વારંવાર સ્મરણમાં લેતા હોય છે. અરિહંતાદિના ઉપકારને દૃષ્ટિ સન્મુખ રાખી જગતના જીવમાત્ર ઉપર આચાર્ય સતત ઉપકાર કરતા રહે છે.

આચાર્યનો બીજો વિશિષ્ટ ગુણ અપ્રમત્તતાનો છે. તેઓ નિરંતર આગમગ્રંથોનું સંશોધન કરતા રહે છે; અલ્પનિદ્રાવાળા હોય છે; તપ-સ્વાધ્યાયમાં હંમેશાં તત્પર હોય છે, ત્રીજો ગુણ વિગઈના ત્યાગી હોય છે, રસલોલુપી ન બને, જિનાજ્ઞા-નુસાર પરિમિત આહાર લેવા વાળા હોય છે, ચોથો ગુણ કષાય ઉપર વિજય મેળવનારા હોય. ગમે તેવા પ્રસંગોમાં પણ કષાયનો ઉપશમ કરનારા હોય અને પાંચમો ગુણ હંમેશાં ધર્મોપદેશ આપવામાં તત્પર રહે. પામર જીવને પણ ઉપદેશ દ્વારા પરમ બનાવી દે.

આવા તો અનેકાનેક ગુણવૈભવથી આચાર્યનું જીવન સમૃદ્ધ હોય છે.

**વંદના :**

આવા મહાન આચાર્ય ભગવંતોમાં અપ્રતિમ પ્રતિભાશાળી પ.પૂ. શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પટ્ટ પ્રભાવક પ.પૂ. શાસન પ્રભાવક ગચ્છાધિપતિ આ. શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા.ને પણ કેમ વિસરાય ?

જેઓશ્રીનું જીવન મહાન ગુણવૈભવથી સમૃદ્ધ છે. આચાર ચુસ્તતા, અપ્રમત્તતા ને આગમજ્ઞાતા એવા પૂજ્યપાદશ્રી સંયમ જીવનનું નિરતિચારપણે પાલન કરી રહ્યા છે. તેઓશ્રી વર્તમાનમાં આચાર્યપદપર્યાયના ૫૦મા વર્ષને પૂર્ણ કરી રહ્યા છે.

પૂજ્યશ્રીના ચરણોમાં આ પ્રસંગે કોટીશ: વંદના કરી શાસનદેવ પ્રતિ પ્રાર્થના કરું છું કે પૂજ્યશ્રી દીર્ઘાયુ બની શાસનનાં મહાન કાર્યો કરી ગુરુદેવશ્રીની પટ્ટપરંપરામાં સહસ્રરશ્મિવત્ ઝળહળતા રહે, એ જ અંતરની અભ્યર્થના.

यत्र तपः, तत्र नियमात् संयमः ।
यत्र संयमः, तत्रापि नियमात् तपः ॥

जहाँ तप है वहाँ नियम से संयम है । और जहाँ संयम है वहाँ नियम से तप है ।

નિશિથચૂર્ણિભાષ્ય ગાથા ૩૩/૩૨

सत्यं तीर्थं क्षमा तीर्थं तीर्थमिन्द्रिय निग्रहः ।
सर्वभूतदया तीर्थं तीर्थं च प्रियवादिता ।
ज्ञानं तीर्थं तपस्तीर्थं कथितं तीर्थसप्तकाम् ॥

સત્ય, ક્ષમા, ઈન્દ્રીય નિગ્રહ, પ્રાણીઓ પર દયા, પ્રિય વાણી, જ્ઞાન તથા તપ - આ તીર્થસમક કહેવાય છે.

સ્કન્દ પુરાણ

# પરાવર્તના સ્વાધ્યાય : શ્રમણજીવનનો શ્વાસ હો

●

## આચાર્ય વિજય પ્રદ્યુમ્નસૂરિ

પ્રશમ ભાવ એ સાધ્ય છે એને સિદ્ધ કરવા તત્પર એવા આપણે સાધક છીએ. સાધન સ્વાધ્યાય છે. તેના પાંચ પ્રકાર છે. વાચના-પૃચ્છના-પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મ કથા.

ચાર પ્રકારના લાભ જાણીતા છે. માત્ર પરાવર્તના સ્વાધ્યાયથી શું ? માત્ર જીવવિચાર વગેરે ગ્રંથોની ગાથા બોલે જ જવાની ? ના, એવું નથી જે સૂત્ર-સૂત્ર વાચના અને અર્થવાચનાથી ગ્રહણ કર્યું : સ્થિર કર્યું : પરિચિત કર્યું તેના અર્થ સમજવામાં થતા પ્રશ્નોને પૂછીને નિ:સંશય પણ થયા તે પછી તે સૂત્રના મર્મને ઊંડે સુધી લઈ જવા, આત્મસાત્ કરવા તેને જે ઘુંટવું પડે તે માટે આ પરાવર્તના સ્વાધ્યાય ઉપયોગી થાય છે. એક એક શબ્દ ભાવપૂર્વક, અર્થ વિચારણાપૂર્વક, તેમાં કથિત ભાવો મારા ક્યારે બને તેવી અભિલાષાપૂર્વક, તેનું શબ્દ અને અર્થ બન્નેનું પરાવર્તન -'પુનરાવર્તન વારંવાર થાય તેથી ક્ષયોપશમની વૃદ્ધિ થાય છે. એક ઉદાહરણ જોઈએ.

આ સૂત્ર પરાવર્તન સ્વાધ્યાય ત્રણ પ્રકારે થાય છે. પૂર્વાનુપૂર્વી ક્રમથી, પશ્ચાનુંપૂર્વીક્રમથી અને અનાનુપૂર્વીક્રમથી.

ત્રણે રીત સૂત્રના શબ્દને આત્મસાત્ કરવામાં અને મનને શાંત-સ્થિર અને નિર્મળ કરવામાં લાભદાયી પુરવાર થાય છે.

પૂર્વાનુપૂર્વી એટલે શ્રી ભક્તામર સ્તોત્ર છે. તેની ૪૪ ગાથા છે. તે એક, બે, ત્રણ એ ક્રમથી શાંતચિત્તે તેનું પરાવર્તન કરવું તે પૂર્વાનુપૂર્વીક્રમ કહેવાય અને ૪૪મી ગાથાથી શરૂ કરીને ૪૪, ૪૩, ૪૨, ૪૧ એ ક્રમથી ગાથા બોલતાં બોલતાં પહેલી ગાથા સુધી આવવું તે પશ્ચાનુપૂર્વીક્રમથી પરાવર્તન સ્વાધ્યાય કર્યો કહેવાય, જ્યારે ૧, ૩, ૫, ૭, ૯ એમ એકી સંખ્યાનો ગાથાનો સ્વાધ્યાય કરતાં ૩૯, ૪૧, ૪૩ સુધી સ્વાધ્યાય થઈ જાય પછી ૨, ૪, ૬, ૮, ૧૦ એમ બેકી સંખ્યાની ગાથાનો સ્વાધ્યાય થાય તે અનાનુપૂર્વીક્રમથી સ્વાધ્યાય થયો. તે મુજબ ભક્તામર સ્તોત્ર અને કલ્યાણમંદિર સ્તોત્ર બન્ને સાથે પહેલી ગાથા ભક્તામરની બીજી કલ્યાણમંદિરની ત્રીજી ભક્તામરની અને ચોથી કલ્યાણ મંદિરની એમ જે સ્વાધ્યાય થાય તે અનાનુપૂર્વીક્રમનો પરાવર્તના સ્વાધ્યાય થાય. આ ત્રીજા પ્રકારમાં મન પૂર્ણરૂપે પરોવાઈ જાય તો જ થઈ શકે. પૂજ્યપાદ આચાર્યશ્રી ધર્મધુરન્ધરસૂરિ મહારાજ કેન્સર જેવી અસાધ્ય-બિમારીમાં નિદ્રાવિહીન રાતો એવા પ્રકારના સ્વાધ્યાયથી ભક્તામર સ્તોત્રની એક/એક ગાથાને આધારે એક/એક સ્તવન/ગીતની રચના કરવા દ્વારા વીતાવતા હતા. ઉજાગરાને જાગરણ બનાવતા હતા. સ્વાધ્યાયના પ્રથમ લાભ આર્ત્તધ્યાનથી મુક્તિને પામતા હતા. તેઓને કોઈપણ વેદનાની ફરિયાદ ન હતી, માગણી ન હતી. આ લાભ તેમને સ્વાધ્યાય દ્વારા થયો હતો.

પરાવર્તના સ્વાધ્યાયનો એક ઉત્કૃષ્ટ લાભ શ્રી વજ્રસ્વામી મહારાજના પૂર્વભવમાં થયો હતો. શ્રી અષ્ટાપદ પર્વત ઉપર જ્યારે શ્રી ગૌતમસ્વામીજી ભગવાન યાત્રા નિમિત્તે પધાર્યા ત્યારે ત્યાં દર્શન નિમિત્તે તિર્યગ્ જૃંભક દેવ પણ પોતાના મિત્રના કહેવાથી આવ્યા હતા. પ્રભુની ભક્તિ કરતાં ગૌતમસ્વામી ભગવાનને જોયા. તેમની હૃષ્ટપુષ્ટ કાયા જોઈને મનમાં થયું કે સાધુ તો દુબળા પાતળા હોય. "તપોધનાહિ સાધઃ" અને આ તો કેવા હૃષ્ટ પુષ્ટ છે ! દર્શન વંદન કરી ગૌતમ મહારાજા બહાર પધાર્યા ત્યારે આ બન્ને મિત્ર ત્યાં ગયા અને બિરાજમાન ગૌતમ

મહારાજાને વંદના કરીને બેઠા. સામાન્ય રીતે ગૌતમ મહારાજા મનઃ પર્યવ જ્ઞાનનો ઉપયોગ મૂકતા નહીં પણ આ જીવોની ઉત્તમ ભવિતવ્યતાના કારણે ઉપયોગ મૂક્યો ત્યાં આ તિર્યગ્જૃંભક દેવના મનમાં ચાલતો પ્રશ્ન જાણાયો. તે સંશયના નિરાકરણ અર્થે શ્રી ગૌતમ મહારાજાએ આખું પુંડરીક-કંડરીક અધ્યયન કહ્યું. આ સાંભળતાં સાંભળતાં આ દેવને ખૂબ રસ પડ્યો અને પોતાના મનનો સંશય દૂર થયો. આનંદ થયો. તિર્યગ્ જૃંભક દેવના મતિ-શ્રુતનો ક્ષયોપશમ તેજ હતો તેથી આખું અધ્યયન કંઠસ્થ થઈ ગયું. બસ પછી રોજ એ દેવ એ પુડરીક કંડરીક અધ્યયનનો પાંચસો વખત પરાવર્તના સ્વાધ્યાય કરવા લાગ્યા. શેષ જે પાંચસો વર્ષનું આયુષ્ય હતું ત્યાં સુધી એ ક્રમ બરાબર જાળવ્યો. વારંવારના પરાવર્તના સ્વાધ્યાયમાં પુંડરીક, કંડરીક - દીક્ષા - ગૌતમ સ્વામી આ બધું ચિત્તની ખરલમાં ઘૂંટાવા લાગ્યું. પરિણામ એ આવ્યું કે અહીં ધનગિરિ-સુનંદા ને ત્યાં પોતે દીકરા રૂપે જન્મ્યા ત્યાં રૂપ રૂપના અંબાર જેવા હૃષ્ટપુષ્ટ બાળકને જોઈ સુનંદાની સખીઓ બોલવા લાગી કે આના પિતાએ જો દીક્ષા ન લીધી હોત તો આનો જન્મોત્સવ કેવો ઉજવાત. બસ આ નવજાત શિશુના કર્ણ વિવરમાં દીક્ષા શબ્દ પ્રવેશતાં વેંત ગત જન્મના સ્વાધ્યાયમાં ઘૂંટેલો દીક્ષા શબ્દ યાદ આવ્યો, જાતિસ્મરણ જ્ઞાન થયું. એ અધ્યયનના પાઠ વખતે જ આવતા ભવમાં મારે દીક્ષા લેવી છે તે સંકલ્પ યાદ આવ્યો અને તે વેળાએ જ સંકલ્પ કર્યો : આજે ને આજે દીક્ષા શક્ય નથી પણ સચિત્તનો ત્યાગ શક્ય છે અને એ અમલમાં મૂકી દીધો. આવો પરમલાભ આ પરાવર્તના સ્વાધ્યાય દ્વારા મળેલ. પછી તો માતાને પોતાના પ્રત્યેનો રાગ ઘટે તે માટે તેમણે રડવાનું શરૂ કર્યું વગેરે. આ વાત તો સુપ્રસિદ્ધ છે જ. એક રીતે એમ કહી શકાય કે,

"ઉંમર બચપનકી ઔર દિમાગ પચપનકા" એવું જેમને માટે કહી શકાય તેવી વિદ્યા-લબ્ધિ-શક્તિની પ્રાપ્તિનો મૂલ સ્રોત આ પરાવર્તના સ્વાધ્યાય છે. આવો આ પરાવર્તના સ્વાધ્યાય આપણા જીવનમાં શ્વાસ-પ્રાણ બની રહો.

વિચારોમાં માધુર્ય,<br>
શબ્દોમાં સૌંદર્ય,<br>
હૃદયમાં કોમળતા,<br>
આ સૂરિ રામની<br>
પહેચાન છે.

---

સુગંધ એ ફૂલનું ચારિત્ર છે<br>
જ્યારે<br>
ચારિત્ર એ જીવનની સુગંધ છે.

# પરા વાણીના સન્દર્ભમાં ગુરુ તત્ત્વ

●

આચાર્ય યશોવિજય સૂરિ

[પૂજ્યપાદ, ગીતાર્થપ્રવર આચાર્ય ભગવંતશ્રીના આચાર્યપદ અંગીકરણના ૫૦ મા વર્ષમાં પદાર્પણને ઘણા બધા આયામોમાં જોઈ શકાય.

સૂક્ષ્મની તાકાતનો આયામ લઈએ ત્યારે દેખાય કે આવા આચાર્ય ભગવંતના શ્રીમુખેથી ઉચ્ચારાયેલ એકાદ વાકય કેવું વેધક બની જતું હોય છે. કેટલાયના જીવનમાં એ એક વાકય કેવો મધુમયતાનો/ધર્મમયતાનો ઝંકાર ખડો કરે છે.

આ તાકાત છે જિનાજ્ઞા ભાવિતતાની. આ શક્તિ છે ચારિત્ર્યપૂત જીવનધારાની.

પરા અને પશ્યન્તિની દુનિયામાં ગયેલા સાધકો કઈ રીતે આપણી દુનિયાને બદલે છે એ વિષયને કેન્દ્રમાં રાખી ભીતરની દુનિયા તરફ અંગુલિનિર્દેશ કરતો આ લેખ ઉપરોક્ત સન્દર્ભમાં પ્રસ્તુત લાગશે.]

ઋષિઓને, મહામુનિઓને આપણે મન્ત્રદ્રષ્ટા કહીએ છીએ, મન્ત્રસૃષ્ટા નહિ. મન્ત્રદર્શન પશ્યન્તી ભાષાનો વિષય છે. પૂર્વ મુનિઓએ મન્ત્ર રચેલ હોય, કો'ક કારણસર તે પરંપરામાં જીવંત રહેલ ન હોય અને વાતાવરણમાં સંગૃહિત થયેલ હોય... પશ્યન્તીવાળા ઋષિ તે મંત્રને 'વાંચે', અને ફરીથી એને પ્રવાહિત કરે. આપણા ઘણા ગ્રન્થોમાં કર્તાએ પોતાનું નામ છોડ્યું નથી હોતું. માનવાને મન થાય કે એમણે આખો ને આખો ગ્રન્થ - લુપ્ત થયેલો - જોયો હોય, વાંચ્યો હોય, કાગળ પર ઉતાર્યો હોય... પણ કૃતિકાર પોતાનું નામ ત્યાં શી રીતે મૂકે ? જ્યારે એ કૃતિકાર નહિ પણ કૃતિલેખક જ હોય.

પશ્યન્તી અને પરામાં ફરક એ પડશે કે પશ્યન્તીમાં શબ્દો મૂળ સ્વરૂપે જોવાશે, ઝીલાશે. પરામાં માત્ર ભાવ મળશે, જે પછીથી કૃતિકાર (કે કૃતિલેખક ?) ના શબ્દોમાં ઢળાયા કરશે.

### પંચસૂત્રના કૃતિકાર

પૂજ્યપાદ હરિભદ્રાચાર્યના અનન્ય ભક્તો - આ શીલચન્દ્રસૂરિજી, આ. પ્રદ્યુમ્નસૂરિજી, હું - અમે સ્પષ્ટ રીતે એવું માનીએ છીએ કે 'પંચસૂત્ર'ની શૈલી સંપૂર્ણતયા એ હારિભદ્રીય કૃતિ હોય તે રીતની જ છે. તો પછી પરંપરામાં તે ચિરન્તનાચાર્યની કૃતિ તરીકે કેમ બહાર આવી ? એમ માનવાને મન લલચાય કે પરામાં હરિભદ્રાચાર્યે પંચસૂત્રને ઝીલ્યું. અભિવ્યક્તિ આપતાં તેમનો હાથ ફર્યો... અને એટલે અભિવ્યક્તિ પર એમની અમીટ છાપ ઉપસી આવી.

પરંતુ એ મહાન યોગાચાર્ય તેને પોતાની કૃતિ તરીકે ન જ બતાવે તે બરોબર છે. જરૂર, બીજા ગ્રન્થોમાં પણ ભાવ/પદાર્થ પૂર્વ મહાપુરુષોના ગ્રન્થોમાંથી આવેલ હોય છે, છતાં કૃતિકાર એ પુરાતન ગ્રન્થનો બિલકુલ અલગ રીતે સમવતાર કરતા હોય છે. બૃહત્કાય ગ્રન્થને નાના પ્રકરણ ગ્રન્થોરૂપે ફેરવવામાં આવેલ હોય, યા ગ્રન્થના એકાદ શ્લોકને કેન્દ્રમાં રાખી વિશદ ચર્ચા રૂપે નવો ગ્રન્થ આવેલ હોય.

પંચસૂત્રની ઘટના અલગ હતી. આખો ગ્રન્થ ધ્યાનમાં ઊતરી આવ્યો ને પછી પૂજ્ય હરિભદ્રાચાર્યના હાથે તે કાગળ પર પથરાયો.

### લેખક કે લહિયા ?

સહેજ જુદા સન્દર્ભમાં આ વાત મારા સમાનધર્મા જોડે ચર્ચાયેલી. એમ વિચારેલું કે અમે લોકો લેખક કે



www.jaintatvagyanshala.org

લહિયા ? સ્પષ્ટ રીતે લાગેલું કે પરમચેતનાના મીડિયા/વાહક તરીકે કશુંક ઝીલાઈ ગયેલું, જે કાગળ પર ઉપસી આવ્યું, અહીં અમે લોકો કૃતિકાર કેમ કહેવાઈએ ? એટલે જ પુસ્તક સાથે કૃતિકાર તરીકે આવતું અમારું નામ ખૂંચે, ડંખે.

આપણા યુગના મહાન સાધનામનીષી પૂજ્ય પંન્યાસજી ભગવંત ભદ્રંકર વિજયજી મહારાજના વન્દનાર્થે પાટણ જવાનું થયેલું ત્યારે પૂજ્યપાદશ્રીજીની એ વખતની નાદુરસ્ત તબિયતને કારણે તેમના શ્રીમુખેથી હિતશિક્ષા સાંભળવાનો લોભ નહિ રાખેલો; માત્ર ઉપનિષદ્ માટે બેઠો રહેલો.

પંન્યાસજી ભગવંતે તે વખતે કહેલું : વૈખરીથી પરા સુધીનો ભાષા ક્રમ વિચાર્યો છે ? એના પર અનુપ્રેક્ષા થવી જોઈએ.

બે જ વાક્યો. પણ મને તો મસમોટો ખજાનો મળી ગયો. પરાની કક્ષાએથી નીકળેલ એ સૂત્રો. મહાન યોગાચાર્યે આપેલ એ મંત્ર દીક્ષા... ગર્ભિત રીતે વૈખરીને છોડીને આગળ જવાનું એમનું સૂચન હતું, જેને મેં ભાવથી સ્વીકાર્યું.

જ્ઞાનપંચમીના દિવસે ભણાવાતા દેવવન્દનમાં પૂજ્યપાદ આ. ભ. વિજયલક્ષ્મીસૂરિજી મહારાજે ચારે ભાષાઓને કેટલી સરસ રીતે વ્યાખ્યાવિત કરી છે :

'અનામીના નામનો રે, કિસ્યો વિશેષ કહેવાય;
એ તો મધ્યમા વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય
ધ્યાન ટાણે પ્રભુ ! તું હોવે રે, અલખ અગોચર રૂપ;
પરા પશ્યંતી પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ.'

પરમાત્મા અનામી છે. નામની પારની સંઘટના છે. નામ આ દુનિયા જોડે સંબદ્ધ ઘટના છે; જ્યાં તે તે નામ દ્વારા વ્યક્તિવિશેષનો પરિચય પામવાનો હોય છે. પરંતુ તે પારની દુનિયામાં નામનો કોઈ અર્થ નથી. ત્યાં તો છે અનંત ગુણાત્મક આત્મપિંડઃ નામની પાર, રૂપની પાર, સ્પર્શની પાર, ગન્ધની પાર, રસની પાર...

પંચવિંશતિકા યાદ આવે : 'ન સ્પર્શો યસ્ય નો વર્ણો, ન ગન્ધો ન રસઃ શ્રુતિઃ...' અને એટલે જ 'યતો વાચો નિવર્તન્તો ન યત્ર મનસો ગતિઃ...' (પરમાત્મ પંચવિંશતિકા, ૪) ન વાણી તેને વર્ણવી શકે. ન મન ત્યાં પ્રવેશી શકે.

## આ પાર, પેલે પાર

અનામી પરમાત્માનું નામ એ વૈખરી કે મધ્યમા સુધીની સંઘટના છે. પંક્તિ મઝાની છે : 'અનામીના નામનો રે, કિસ્યો વિશેષ કહેવાય ?' પેલે પારની દુનિયામાં ડૂબેલ વ્યક્તિ બીજું કહે પણ શું ?

પરંતુ, આ પાર પર જોઈએ તો પ્રભુનું નામ એક અદ્ભુત પ્રાપ્તિ છે. 'नाम ग्रह्यो' આવી મિલે, મન ભીતર ભગવાન...' પરમાત્માનું નામ લ્યો, એ નામમન્ત્રની અપ્રતીમ શક્તિનો અનુભવ તમારા અસ્તિત્વને ઝણઝણાવી નાખશે.

એટલે, વૈખરી અને મધ્યમાની દુનિયામાં, શબ્દોની દુનિયામાં રહેલ વ્યક્તિત્વો માટે પ્રભુના નામ જેવો કોઈ શબ્દ નથી... શ્રેષ્ઠતમ શબ્દ. જીવનને ધરમૂળથી બદલી નાખતો એક મન્ત્ર...

સામે છેડે, પશ્યન્તી અને પરાની બાજુ પહોંચેલા લોકો અશબ્દની, ધ્યાનની દુનિયામાં હોય છે. પ્રભુતાનાં



www.jaintatvagyanshala.org

સાક્ષાત્ દર્શન અને પ્રભુતાનો અનુભવ ત્યાં હોય છે. એ દુનિયામાં નામ મન્ત્રને બદલે અનુભૂતિ મૂલક દર્શન, સ્પર્શન હોય છે.

• દીકરો દૂર દેશાવરમાં હોય તો પિતા ટેલીફોનના ભુંગળાને પકડી દીકરા જોડે વાત કરશે. પણ દીકરો ઘરે જ બેઠો છે, એક રૂમમાં, સામેના જ સોફા પર. ટેલિફોનનો શો ઉપયોગ ?

**વૈખરી**

વૈખરી એટલે ધાણી ફૂટે તેમ ધડ, ધડ છૂટતા શબ્દો... શબ્દો જ શબ્દો... પણ એ શબ્દોનેય પ્રભુના ઐશ્વર્ય સાથે સાંકળીએ છીએ ત્યારે વૈખરીય કંઈક અર્થવતી લાગે.

પ્રભુનું નામ બોલીએ. પ્રભુની સ્તુતિઓ ઉચ્ચારીએ - અનુપ્રેક્ષા કંઈક ઘૂંટાય... સકલાર્હત્ સ્તોત્રમાં આવતી પ્રભુ મહાવીરની સ્તુતિ બોલીએ : **कृतापराधेऽपि जने, कृपामन्थरतारयोः; ईषद् बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयोः...** ને હૃદયમાં એક ઘમ્મરવલોણું ચાલે...

બંધ આંખોની સામે એક દશ્ય તરવરી ઊઠે. અબુધ જન પ્રભુના બે પવિત્ર ચરણોની વચ્ચે ચૂલો બનાવી ખીર રાંધે છે. ઓહ ! મારા નાથ ! કેવી આગની એ ગરમી... ઝુલસાવી દે તેવી આગ... પણ તમારા હૃદયમાં ઘુઘવતા સમતાના અફાટ સાગર પાસે એ આગની શું તાકાત ?

આગને તો હું જોઈ રહ્યો છું. આપના હૃદયમાં રહેલી અસીમ સમતાની જળરાશિને પણ અનુભવી રહ્યો છું હું. તે વખતે ભીંજાયેલી આપની આંખો... હું ભીંજાઉં છું એ આંસુનાં ઝળઝળિયાં વડે.

મારી આંખોમાંથી અશ્રુનું એક પૂર વહી રહે છે. મારા નાથ ! તારી ભીતર વહી રહેલ આ સમભાવના સમંદરમાંથી તું ખોબલો પાણી મને ન આપે ?

**મધ્યમા**

• શબ્દોની સાથે અર્થનું અનુસન્ધાન તે મધ્યમા. સાધકની મધ્યતામાં દુન્યવી શબ્દોનું અર્થાનુસન્ધાન હોતું નથી. મઝાનો સ્વાધ્યાય - દશવૈકાલિકસૂત્રનો કે પરમ પાવન આચારાંગ સૂત્રનો ચાલતો હોય અને એના અર્થમાં ભાવક ડૂબતો હોય.

પરમાત્માની પરમ કરુણાનો સ્પર્શ હૃદયને હલબલાવી નાખે. મધ્યમા બનાવી દે ભાવકને ભીનો - ભીનો. - **'सोही उज्जुयभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ...'** જેવી ઉત્તરાધ્યયન સૂત્રની ગાથા વાંચતા હોઈએ, શુદ્ધ, સરળ હૃદય વિના પ્રભુનો ધર્મ ભીતર રહેશે નહિ એવું સંવેદન થતાં જ હૃદય કંપી ઊઠે... અને આર્દ્ર હૈયું પુકારી ઉઠે : નાથ ! તમે ભીતર આવો તો જ મને શુદ્ધિ મળે. બાકી મારું હૃદય તો વિષય-કષાયની અશુદ્ધિથી કેવું ગંદુ-ગંદુ બની ગયું છે ! નાથ ! મને બચાવો...

**પશ્યન્તી**

પશ્યન્તી... પેલા લોકની ઘટના. ધ્યાનના જગતની ઘટના. બંધ આંખે થતું યૌગિક પ્રત્યક્ષ. ધ્યાન ટાણે પ્રભુ ! તું હોવે રે, અલખ અગોચર રૂપ.

ધ્યાનમાં બેઠેલો સાધક. પ્રભુના અલક્ષ્ય - ખુલ્લી આંખે ન દેખાતા અને અગોચર - શબ્દો આદિથી પર એવા રૂપને નીહાળી રહેલો સાધક. પ્રભુના અરૂપ રૂપમાં ડૂબવાની આ ક્ષણો...

ભાવુકની બંધ આંખોની સામે છે સમવસરણ. રૂપના છેલ્લા પડાવ જેવા પ્રભુના રૂપને જોતાં ધરવ થતો

નથી. રૂપની આ છેલ્લી સરહદમાં પ્રવેશ - ધ્યાનની ક્ષણોમાં, ને પ્રભુ-રૂપનું પ્રકટીકરણ. અલક્ષ્ય/અદશ્ય રૂપનું દશ્ય થવું. વાણીને અગોચરૂ એ રૂપનું અનુભૂતિના સ્તર પર પ્રગટવું...

પશ્યન્તી ભક્ત પાસે છે. પશ્યન્તી ઋષિવરો પાસે છે. મન્ત્રો, વિચ્છિન્ન થયેલ ગ્રન્થો ધ્યાનમાં જોયા, વાંચ્યા, પુનરવતાર થયા.

ક્યારેક સૂત્રનો અશબ્દમાં ફેલાતો અર્થ સમજવા માટે પણ 'પશ્યન્તી'નો ઉપયોગ થાય છે. સૂત્રને સાધક વાંચી રહ્યો છે. અચાનક એકાદ શબ્દ આગળ તે અટકે છે. કશુંક રહસ્યમય ધ્વનિત થતું લાગે છે. એ ધ્યાનમાં પ્રવેશે છે અને એને ખ્યાલ આવે છે કે એ શબ્દ ભીતરની દુનિયાનાં ક્યાં દ્વાર કઈ રીતે ખોલે છે.

એકાદ શબ્દ એવી રીતે મૂકાયેલ હોય છે કે આખા સૂત્રખંડ જોડે દેખીતી રીતે સુસંગત ન લાગે. આ અટકવાનો સંકેત. તમે થોભ્યા. ધ્યાનમાં ડૂબ્યા તો એ શબ્દને લઈ પેલે પાર પહોંચી શકો.

'નમુત્થુણં' સૂત્ર રટશો વિશુદ્ધ રીતે તો વૈખરી વાણી. અર્થનું ચિન્તન થયા કરશે એ સમયે તો મધ્યમા વાણીનોય સ્પર્શ... બંધ આંખોની સામે સમવસરણમાં બિરાજમાન પ્રભુજી દેખાય તો પશ્યન્તીની આછી સી ઝલક...

**પરા**

'પરા'ને વ્યાખ્યાયિત શી રીતે કરવી ?

પૂ. આનંદઘનજી મહારાજે સરસ કહ્યું છે : 'અનુભવ ગોચર વસ્તુનો રે, જાણવો એહિ ઈલાજ; કહન સુનન કછુ નહિ પ્યારે, આનંદઘન મહારાજ.'

ન તમે એને કહી શકો. ન ગુરુ એને કહી શકે. 'જિન હિ પાયા, તિન હિ છિપાયા, ન કહે કોઉ કે કાંન મેં...' ન કહો એના વિષે કંઈ. ન એના વિષે કાંઈ સાંભળો : માત્ર એને અનુભવો.

શબ્દ અહીં અવરોધ રૂપ બની શકે છે. શબ્દ એક ચોકઠામાં બોધને ફિટ કરશે... જ્યારે સાધનાને અસીમ રીતે ફેલાયેલી રાખવાની છે.

**વર્ણની પાર છે પરમ ચેતના**

જેમ કે, વીતરાગ સ્તોત્ર પરમ ચેતનાના રૂપની વાત કરતાં કહે છે : 'आदित्यवर्णं, तमसः परस्ताद्'... અંધકારની પાર. સૂર્ય જેવી તેજસ્વિની પરમ ચેતના...

લોગસ્સ સૂત્રમાં ચન્દ્ર કરતાં વધુ નિર્મળા, સૂર્ય કરતાં વધુ તેજોમયી અને સાગર કરતાં વધુ ગંભીર પરમ ચેતનાને વર્ણવી છે. 'चंदेसु निम्मलयरा...' ગાથાને ધ્યાનના પ્રારંભ સૂચક માનીએ તો અહીં શ્વેત, લાલ અને ભૂરા રંગનું ધ્યાન અભિપ્રેત છે એમ સમજાય. એટલે અહીં લાલાશ સુધી વાતને સીમિત ન રાખી, સાગરની નીલિમા - જે આકાશ સાથે મળીને અફાટ નીલિમામાં ભક્તને ઝબોળે છે - સુધી વિસ્તારી. એટલે કે અરૂપની સરહદ સુધી ચિત્તને લઈ જવામાં આવ્યું.

'પંચવિંશતિકા'માં પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ બહુ સરસ રીતે આ વાતને લઈ જાય છે : 'प्रकाशादपि यत्परम्.' પ્રકાશની પણ પારની આ ઘટના છે.

તો એમણે સરસ ઝોક આપ્યો. નહિ તો આપણે રંગોમાં જ અટવાઈ પડત. રંગોથી શરૂઆત થઈ શકે. ચિત્તને રૂપ - આકારને બદલે રંગમાં લગાવવાથી અનાકારની દિશામાં એ એક પગથિયું બની શકે. પણ પરમ-

ચેતનામાં ડૂબવા માટે અરૂપ/અનાકાર ભણી ચિત્તને લઈ જવું પડશે. માટે સૂત્ર આપ્યું : प्रकाशादपि यत्परम्...

**પરાનો સ્પર્શ**

તો આમ, પરાને વ્યાખ્યાવિત કરવી અઘરું તો બને જ. પણ છતાં આછી સી સમજ તો આપી શકાય.

'પરા' વાણી એટલે પરમ ચેતનાના માધ્યમ બનેલા મહાપુરુષોના કંઠેથી ઝરતી વાણી. પૂ. દેવચન્દ્રજીની કે પૂ. આનંદઘનજીની વાણીમાં જે અદ્દભુત મીઠાશ છે એ પ્રતીત કરે છે કે પરા વાણીનો ત્યાં સ્પર્શ છે.

એ મહાપુરુષો પોતે ગહન ચુપ્પીમાં સરી ગયા છે અને પછી એમના કંઠનો, એમના હાથનો ઉપયોગ કરવામાં આવ્યો છે... એ વીજળીક દીવાના ગોળા હતાં, જેમણે દૂર દૂરથી આવતી પરમ ચેતનાની વિદ્યુત્‌ને પ્રકટ કરી. વિદ્યુત્ વીજળી ઘરની, પ્રકટીકરણ ગોળા દ્વારા...

'પરા પશ્યન્તી પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ...' મુનિશ્રેષ્ઠો પરા અને પશ્યન્તી દ્વારા પરમાત્માના અલક્ષ્ય, અગોચર રૂપને પ્રમાણે છે, અનુભવે છે...

**ગુણ :**

सुलभा रम्यता लोके दुर्लभं हि गुणार्जनम् ।

संसार में रम्यता तो सुलभ है किन्तु गुण की प्राप्ति दुर्लभ है ।

भारवि (કિરાતાર્જુનીય ૧૧/૧૧)

दुर्लभो विषय त्यागो दुर्लभं तत्वदर्शनम् ।

दुर्लभा सहजावस्था सद्‌गुरोः करुणां विना ॥

સદ્‌ગુરુની કૃપા વિના વિષયનો ત્યાગ દુર્લભ છે, તત્ત્વદર્શન દુર્લભ છે, સહજ અવસ્થાની પ્રાપ્તિ પણ દુર્લભ છે.

મહોપનિષદ્ (૪/૭૭)

गुरुवक्त्रे स्थिता विद्या गुरुभक्त्या तु लभ्यते ।

गुरु के मुखमें स्थित विद्या गुरुकी भक्तिसे प्राप्त होती है ।

સ્કન્દ પુરાણ (ગુરૂગીતા)



www.jaintatvagyanshala.org

# योगाधियते: योग:

●

લે. આચાર્ય વિજય રત્નચન્દ્રસૂરિ

**યોગ્યતા અને સમન્વય :**

જૈન શાસનમાં યોગ્યતા અને સમન્વય ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. યોગ્યતા એટલે લાયકાત... સૂત્રના અધ્યયન માટે, વ્યાખ્યાન આપવા માટે, ગોચરી જવા માટે કે અન્ય આવી કોઈ પણ ક્રિયા માટે યોગ્યતાની ચકાસણી સૌ પ્રથમ કરવી પડે છે. યોગ્યતા કેળવાયા પછી યોગી બનાય છે.

બીજી વ્યાખ્યા એ છે "**योगः अस्ति अस्य इति योगी**" યોગ જેને હોય તે યોગી કહેવાય છે અને અનંત કરૂણાના સાગર દેવાધિદેવ તીર્થંકર પરમાત્માએ બતાવેલ મોક્ષસાધક અનુષ્ઠાનોને યોગ કહેવાય.

યોગ વિંશિકામાં કહ્યું છે પરિશુદ્ધ એવો સર્વ પણ ધર્મ વ્યાપાર મોક્ષની સાથે જોડનાર હોવાથી તેને (ધર્મ વ્યાપારને) યોગ કહેવાય છે.

સામાન્યતયા ત્રણ પ્રકારના યોગ કહ્યા છે...

ભૌતિક યોગ : પૌદ્ગલિક પદાર્થનો સંયોગ થવો. અગર કોઈ વ્યક્તિનુ મિલન તે... આ માત્ર શાબ્દિક યોગ જ છે...

કાર્મગ્રન્થિક યોગ - જેનાથી આત્મા ક્રિયામાં જોડાય તે યોગ.

એટલે મન-વચન અને કાયાયોગ. આ યોગ જ્ઞેય છે.

આધ્યાત્મિક યોગ : આ યોગ જ ખરો યોગ છે. ઉપર જણાવેલ લક્ષણવાળો મોક્ષના કારણભૂત યોગ એટલે જ આધ્યાત્મિક યોગ.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે કહ્યું છે કે સાધુની સમગ્ર ક્રિયા યોગ છે એટલે કે સાધુની દૈનિક ક્રિયા, વિહાર કરવો, વિનય સાચવવો, જ્ઞાનપ્રાપ્તિ આદિ સમસ્ત ક્રિયા મોક્ષનું કારણ હોવાથી યોગ છે.

હવે કદાચ પ્રશ્ન એ થાય કે કેવા પ્રકારની ધર્મ ક્રિયાને યોગ કહેવાય ? સમસ્ત ધર્મ પ્રવૃત્તિને યોગ કહેવાય કે કોઈ વિશિષ્ઠ ધર્મ પ્રવૃત્તિને યોગ કહેવાય ? એના જવાબમાં કહી શકાય કે... "પરિશુદ્ધ" ધર્મ વ્યાપાર હોય તેને જ યોગ કહેવાય...

જે ક્રિયા આશયથી શુદ્ધ હોય તેને પરિશુદ્ધ ક્રિયા કહેવાય છે. બાકીની ક્રિયા તો ભાવશૂન્યા હોવાથી તુચ્છ છે. એવી ભાવશૂન્યા દ્રવ્ય ક્રિયાથી પુણ્ય બંધ થાય પણ કર્મ મુક્ત તો ન જ થવાય.

આશય પાંચ પ્રકારના બતાવ્યા છે. આ પ્રણિધાનાદિ પાંચ આશય ભેદો એ જ ભાવયોગ સમજવો. પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય સિદ્ધિ અને વિનિયોગ આ પાંચ આશય ભેદો છે.

આપણે યોગની વ્યાખ્યા કરીએ છીએ. યોગ એટલે ધર્મ વ્યાપાર. આ ધર્મ વ્યાપારમાં ઉપરોકત પાંચે ભેદો ઘટાડીએ. ધર્મ ક્રિયા વખતે પ્રણિધાન હોય. પ્રણિધાન એટલે હીન ગુણવાળી વ્યક્તિઓ ઉપર દ્વેષનો અભાવ, પરોપકારની ભાવનાથી વિશિષ્ઠ અને પોતે સ્વીકારેલ અનુષ્ઠાનનો ઉપયોગ.

દા.ત. અઠ્ઠાઈ કરી તો એ વખતે તપ નહિ કરનાર ઉપર દ્વેષ ન હોવો જોઈએ. તેમજ અન્ય વ્યક્તિઓ તપમાં જોડાઈને કર્મક્ષય કરે આવી પરોપકારની ભાવના હોય તેમજ પોતે કરેલ તપમાં ઉપયોગી હોય..



www.jaintatvagyanshala.org

પ્રવૃત્તિ આશય - જે ધર્મ અનુષ્ઠાન પ્રાપ્ત થાય તેનો વધારે વિકાસ થાય તેવી પ્રવૃત્તિ. આત્મ કલ્યાણ માટે વીતરાગપ્રણીત ધર્માનુષ્ઠાન જ કર્તવ્ય છે એવા શુદ્ધ ઉપયોગવાળો પ્રયત્ન વિશેષ અને ઉત્સુકતારહિત પ્રવૃત્તિ એટલે કે ધર્મક્રિયા શીઘ્ર પૂર્ણ થાય એવો ભાવ ન રાખવો.

વિઘ્ન જય આશય - પ્રવૃત્તિ નામના બીજા આશયથી જીવ ધર્મવ્યાપારમાં પ્રવર્તે છે પણ તેમાં વિઘ્નો આવતાં પ્રવૃત્તિ મંદ પડી જાય છે માટે તેમાં વિઘ્નો આવે તો પણ તેની સામે ટક્કર ઝીલીને હતાશ ન થતાં આગળ વધવાનો આત્માનો જે સ્થિર પરિણામ તે વિઘ્ન જય.

સિદ્ધિ આશય - અધિક ગુણવાળા પ્રત્યે વિનય વૈયાવચ્ચ અને બહુમાન હોય; હીન ગુણવાળા પ્રત્યે દયા-દાન ઇત્યાદિ હોય અને મધ્યમ ગુણવાળા પ્રત્યે પરસ્પર ઉપકાર કરવાની ભાવનાને સિદ્ધિ નામનો ચોથો આશય જાણવો.

વિનિયોગ આશય - શરૂઆતના ૪ આશયો વડે:જે સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય તે સિદ્ધિ (ધર્માનુષ્ઠાનો) બીજામાં સ્થાપન કરવી. ભિન્ન ભિન્ન ઉપાયો વડે અન્યમાં ધર્મનું આરોપણ કરવું તે વિનિયોગ છે.

અહિં તાત્પર્ય એ છે કે ધર્માનુષ્ઠાનમાં આ પાંચ આશય ભળે ત્યારે એ ધર્મવ્યાપાર યોગ કહેવાય. એ યોગ આધ્યાત્મિક યોગ છે.

આધ્યાત્મિક યોગનું પહેલુ પગથિયું છે ઈચ્છા યોગ. સૂરિ પુરંદર હરિભદ્રસૂરિ મહારાજશ્રીએ લલિત વિસ્તરા ગ્રન્થમાં આધ્યાત્મિક યોગના ત્રણ પગથિયાં બતાવ્યાં છે. ઈચ્છા યોગ, શાસ્ત્ર યોગ અને સામર્થ્ય યોગ.

"ઈચ્છા યોગ એટલે ઉત્કૃષ્ટ રૂચિ" એટલે કે ક્રિયામાં ઉત્કૃષ્ટરુચિ હોય ક્રિયાના કર્તવ્યમાં પ્રયત્નશીલ હોય છતાં પણ તદનુરૂપ પ્રવૃત્તિ ન થઈ શકવાનું ભારોભાર દુ:ખ હોય છે તેમજ યોગની ઉચ્ચતર ભૂમિકા પ્રાપ્ત કરવા સદા પ્રયત્નશીલ રહે તે ઈચ્છા યોગ છે.

તેમજ સમ્યગ્જ્ઞાન પૂર્વકની ક્રિયા કરવાથી યોગની ભૂમિકાઓ પ્રાપ્ત થાય છે. તેમાં સમ્યગ્જ્ઞાન એ બોધ રૂપ છે; માટે યોગ પૂર્વે સમ્યગ્જ્ઞાન આવશ્યક છે અને સમ્યગ્જ્ઞાનપૂર્વકની ક્રિયા દ્વારા ગુણની પ્રાપ્તિ થાય છે.

અધ્યાત્મિક યોગનું બીજું પગથિયું છે "શાસ્ત્રયોગ". "શાસ્ત્ર પ્રધાન: યોગ: ઇતિ શાસ્ત્રયોગ:" શાસ્ત્ર એટલે જિનાગમ. જ્યારે શાસ્ત્રયોગ આવે એટલે સાધકની દરેક પ્રવૃત્તિ આગમ અનુસારે જ હોય. અને માટે જ તે વિચારે કે મારી મન-વચન-કાયાની પ્રવૃત્તિ શાસ્ત્રને અનુકૂળ છે કે પ્રતિકૂળ ? મારા જીવનમાં કોઈ અતિચાર તો લાગતો નથી ને ? અને શાસ્ત્ર વિરુદ્ધ કોઈપણ ક્રિયા હોય તો તરત જ ત્યાંથી પાછો ફરે. શાસ્ત્ર પરિકર્મિત બુદ્ધિવાળા જીવો જ અતિચારાદિ જાણી શકે છે. એટલે શાસ્ત્રને મુખ્ય કરીને તદ્નુસારે એની પ્રત્યેક પ્રવૃત્તિ હોય. આવા સાધકો પ્રવચનની અપૂર્વ સેવા કરે, વિધિમાર્ગ ઉપર રાગ ધરે અને અવિધિનો નિષેધ કરે.

અધ્યાત્મ સાર ગ્રન્થમાં કહ્યું છે -

**विधिकथनं विधि रागो**
**विधि मार्ग स्थापनं विधिच्छुनां ।**
**अविधि निषेधश्चेति**
**प्रवचनभक्तिः प्रसिद्धा नः ॥**

## આધ્યાત્મિક યોગનું ત્રીજું પગથિયું એટલે સામર્થ્ય યોગ :

અપ્રમત્ત અવસ્થા લાંબા સમય સુધી રહે ત્યારે સામર્થ્ય યોગ પ્રકટે છે આ યોગ ઉત્કૃષ્ટ યોગ છે એટલે કે યોગની સર્વોચ્ચ ભૂમિકા છે. આ ભૂમિકાએ પહોંચ્યા પછી આત્મા વિશિષ્ઠ સ્થિતિને પ્રાપ્ત કરે છે અહિં કોઈ આલંબન હોતું નથી. આત્માની ઉંચામાં ઉંચી ભાવના અહીં પ્રગટ થતી જણાય છે તેમજ જીવન મુક્તિ દશા પ્રગટે છે. આ સામર્થ્ય યોગથી જે ક્રિયાઓ કરવામાં આવે તેનું પરિણામ તરત જ મળી જાય છે.

સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્રમાં "ઈક્કો વિ નમુક્કારો" ગાથામાં જણાવે છે કે ભગવાન મહાવીરને કરેલ એક પણ નમસ્કાર સ્ત્રી અગર પુરુષને સંસાર સાગરથી તારનાર છે. આપણે નમસ્કાર તો ઘણા ર્ક્યા તો કેમ હજુ સુધી તર્યા નથી ? એનું કારણ એ છે કે નમસ્કાર સામર્થ્ય યોગથી થવો જોઈએ.

સામર્થ્ય યોગથી જો નમસ્કાર થાય તો અવશ્ય તદ્ભવે જ મોક્ષગામી બની શકાય.

સામર્થ્ય યોગ અવસ્થા શાસ્ત્રાતીત છે એટલે શાસ્ત્રનો આધાર તો અહીં છે જ પણ શાસ્ત્ર છૂટી જાય છે. ખરેખર તો અહીં શાસ્ત્ર યોગ નષ્ટ થતો નથી પણ શાસ્ત્રયોગનું રૂપાંતર થાય છે જેમ કે બીજ નષ્ટ થતાં વૃક્ષ બને છે. હકીકતે બીજ નષ્ટ થતું નથી પણ એમાંથી વૃક્ષ ઉત્પન્ન થાય છે એટલે બીજનું રૂપાંતર એ જ વૃક્ષ.

તે જ પ્રમાણે શાસ્ત્રયોગ સામર્થ્ય યોગમાં રૂપાંતર પામે છે. શાસ્ત્રયોગનો વિસ્તાર થાય છે. કોઈની પાસે ૧ હજાર રૂા. હોય અને એમાંથી ૧ લાખ રૂા. કમાય તો ૧ હજાર રૂા. નષ્ટ થતાં નથી પણ ૧ હજાર રૂા.નો વિસ્તાર એ જ ૧ લાખ રૂા. છે.

કદાચ એવો પ્રશ્ન પણ ઉદ્ભવે કે 'શાસ્ત્રયોગનો વિસ્તાર એટલે જ સામર્થ્ય યોગ' તો પછી બન્નેમાં ફરક શું છે ?

શાસ્ત્ર પદાર્થાદિનું પ્રતિપાદન કરે, હેય-જ્ઞેય-ઉપાદેયાદિનું માર્ગદર્શન કરાવે એટલે કે દિશા સૂચન કરે પણ તદ્ યોગ્ય પ્રવૃત્તિ તો આત્માએ જાતે જ કરવી પડે. બસ એ પ્રવૃત્તિ એ જ સામર્થ્ય યોગ.

શાસ્ત્ર માત્ર સીમાચિન્હ છે. પિંડસ્થ પદસ્થ અવસ્થા આદિનું વર્ણન શાસ્ત્ર કરે, એનું ધ્યાન આપણે જાતે કરવું પડે ને ધ્યાનથી ઉત્પન્ન થતો આનંદ એ ન આપી શકે. એ માટે જાતે અનુભવ કરવો પડે. એટલે એમ કહી શકાય કે અનુભવજન્ય આનંદ એટલે જ સામર્થ્ય યોગ.

ટૂંકમાં,

ખંડિત ધર્મ પ્રવૃત્તિ એટલે ઈચ્છાયોગ, પ્રમાદરહિત અખંડિત ધર્મ પ્રવૃત્તિ એટલે શાસ્ત્રયોગ અને અનુભવ-ગમ્ય આનંદ એટલે સામર્થ્યયોગ.

આ પ્રમાણે યોગ એ આત્મ ધર્મનું ગહન પગથિયું છે. આજના જે પ્રાણાયામાદિ યોગો છે તેનો આત્મ વિકાસમાં કંઈ જ ફાળો નથી. કેમકે એ તો બાહ્યયોગ એટલે કે શારીરિક યોગ છે.

અધ્યાત્મ યોગ એ જ ખરો યોગ છે એવા યોગની સર્વોચ્ચ કક્ષા ક્ષપક શ્રેણી દરમિયાન આવે છે. બારમા ગુણ સ્થાનને સ્પર્શ કરતા યોગી સંસાર મોક્ષ પ્રત્યે સમભાવ કેળવે છે. આવા આત્માઓને યોગીનાથ કહેવાય છે.

"અર્હતે યોગીનાથાય" વાક્યમાં અરિહંત પરમાત્માને યોગીનાથ ગણ્યા છે.

વર્તમાન સમયમાં તીર્થંકર પરમાત્માનો અભાવ છે. ત્યારે જિનશાસનની જવાબદારી સૂરિ ભગવંતો પાસે છે. પરમાત્મા શાસનની સ્થાપના કરે છે પણ શાસન ચલાવે છે આચાર્ય ભગવંતો.



www.jaintatvagyanshala.org

માટે જ કહ્યું છે... "તિત્થયર સમો સૂરિ" તીર્થંકર સમાન સૂરિ યોગ માર્ગને સદા જવલંત રાખે છે... પ્રદીપ્ત રાખે છે... અને યોગ (ધર્મ વ્યાપાર) જીવનમાં આવે એટલે સમન્વય આવે. આક્ષેપ, વિક્ષેપ કે વિરોધ જોવા મળે નહિ. દરેક જગ્યાએ સમન્વય કરીને આગળ વધવું એ યોગનું ફળ છે. એટલે જે એકાંતે ધર્મ છે તેમાં કટ્ટર હોય અને જ્યાં સ્યાદ્વાદથી સમાધાન થતું હોય ત્યાં સમાધાન કરે.

યોગ અને સમન્વય દ્વારા જીવો કલ્યાણના ભાગી બને એ જ મંગલ કામના.

વર્તમાન સમયના પ્રખર જ્ઞાની... ઉત્કૃષ્ટ ચારિત્રધર... પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા.માં જોવા મળતો સ્વાધ્યાયનો અપ્રતિમ રાગ, ક્રિયામાં સદા અપ્રમત્તતા, ચારિત્રમાં જાગૃતતા વગેરે ગુણો પણ યોગનું જ સ્વરૂપ છે.

યોગાધિપતિની પ્રત્યેક ક્રિયાઓ યોગસ્વરૂપે જ હોય છે એવા યોગીઓ અને યોગક્રિયાઓને લાખ-લાખ વંદન...

णाणं अंकुसभूदं मत्तस्स हू चित हत्थिस्स ।
મન રૂપી ઉન્મત હાથીને વશ કરવાને માટે જ્ઞાન અંકુશ સમાન છે.

ભગવતી આરાધના (૭૬૦)

Knowledge itself is power.
ज्ञान स्वयं ही शक्ति है ।

Bacon (Religious Meditation)

knowledge is the antidote to fear.
જ્ઞાન ભયની ઔષધિ છે.

Emersion

**જ્ઞાન-દાન :**

सर्वेषामेव दानानां ब्रह्मदानं विशिष्यते ।
જ્ઞાનદાન બધા જ્ઞાનોમાં વિશિષ્ટ છે.

મનુસ્મૃતિ (૪/૨૩૩)



www.jaintatvagyanshala.org

# ।। श्री विजय रामसूरीश्वराणांगुणसूचकमष्टकम् ।।

●

आ. रत्नचन्द्रसूरि

कुवासनाभञ्जकाय जितकषाय कामाय ।
वैराग्योपदेशकाय नमामि सूरीश्वराय ।। १ ।।

गुरु गौरव शालिनी परंपराऽऽगत: सूरि: ।
जिनगगने सूर्यवत् प्रकाशते रामसूरि: ।। २ ।।

यश्च ज्ञाने सदा रक्त क्रियोपयोगेऽद्वितीय: ।
सदा प्रसन्नवदन: कृपालो ! प्रसीद मयि ।। ३ ।।

सूरेन्द्रसूरि चरण-सेवा प्रभावेण खलु ।
यस्मै रविविजयेन सूरिपदमदीयत् ।। ४ ।।

शुभ निर्मलचारित्र पालक: प्राज्ञोऽयं गुरु:
चित्तसमाधिं संप्राप्य राजते प्रभु शासने ।। ५ ।।

ज्ञान-दर्शन-चारित्र-रत्नत्रयाराधका ये
चिरकालं विद्योतेरन् गुरु रामसूरीश्वरा: ।। ६ ।।

नि:स्पृहादि गुणयुतं दृढमनोबलं खलु ।
भव्य जीवोद्धारकं हि सततं स्पृहयामि तम् ।। ७ ।।

जगद्वास्तव्य जीवाना मभयदान दायकम् ।
सूरिपदार्द्धशताब्दे रत्नचन्द्राह्योऽहं वन्दे ।। ८ ।।

सुरेन्द्रसेवको राम:
जगद् रामं हि वन्दते ।।
रामेणाभिहता: कर्माणि
रामाय सदा नम: ।। १ ।।
रामान्नास्ति महाचार्य:
रामस्य वचनं महत् ।।
रामे भवतु विश्वास:
भो राम, तारय भवात् ।। २ ।।

**- नवीन दोशी - पालनपुर**

# જૈનશાસનનું ધબકતું હૃદય યાને "અહિંસા"...!

●

લે. :- આ. જગચ્ચંદ્રસૂરિ

इक्कं चिय इत्थ वयं निद्दिष्टं जिणवरेहिं सव्वेहिं ।
पाणाइवाय वेरमणं अवशेषा तस्स रक्खट्ठा ॥ અષ્ટક પ્રક. ટીકા ૧૪/૨

પ્રથમ અને અંતિમ જિનેશ્વર પ્રભુનાં શાસનમાં પાંચ મહાવ્રત કહેવામાં આવ્યાં છે; જ્યારે મધ્યમ ૨૨ જીનેશ્વર ભગવંતોના શાસનમાં ૪ વ્રત કહેવામાં આવ્યાં છે. આમાં તે તે કાળનાં જીવ વિશેષ જ કારણ ભૂત છે. પ્રશ્ન ૪ વ્રત કે પાંચ વ્રતનો નહિ પરંતુ તે વ્રતોમાં પ્રધાન વ્રત ક્યું તે છે.

જિનશાસનમાં વ્રતો, નિયમો, પચ્ચક્ખાણો વિધવિધ પ્રકારનાં બતાવવામાં આવ્યાં છે. તે આરાધવા - આચરવા પાછળનો મુખ્ય આશય શો ? અથવા તો આ ૪ વ્રતમાંથી ક્યું એક વ્રત આરાધવાથી સર્વ વ્રતની આરાધના થઈ ગણાય ?

આવા પ્રશ્નોના સમાધાનમાં અષ્ટક પ્રકરણના ટીકાકાર પૂજ્યશ્રી જણાવે છે કે જિનેશ્વરોએ આ (કાળમાં) જગતમાં માત્ર એક જ પ્રાણાતિપાત વિરમણ વ્રત કથન કરેલું છે. બાકીનાં અન્ય વ્રતો તો એક પ્રાણાતિપાત વિરમણ વ્રતની રક્ષા માટે જ છે.

ટીકાકાર ભગવંતે ખૂબ જ સૂચક વિધાન કર્યું છે. પ્રભુ શાસનની કોઈ પણ આરાધના - વ્રત - પચ્ચક્ખાણ કરીએ તે પાછળનો મુખ્ય આશય તો આત્માને અહિંસક ભાવથી પરિણત બનાવવાનો જ છે. પછી તે સામાયિક હોય કે પૂજા હોય, પૌષધ હોય કે પ્રતિક્રમણ; ઉપવાસ કે આયંબિલ; નવકારશી કે રાત્રિ ભોજન ત્યાગ; ભાવના કે પ્રભાવના આ બધા દ્વારા અંતિમ ધ્યેય અહિંસા ભાવને પુષ્ટ કરવાનો છે.

આ અવસર્પિણીનાં આદિ કાલથી અવલોકન કરી આ વ્રતની પ્રધાનતા વિચારવી પડે. સૌ પ્રથમ યુગલિયાઓ કલ્પવૃક્ષ પાસેથી પોતાની આવશ્યકતા પૂર્ણ કરતા; પરંતુ ધીમે ધીમે કાલપ્રભાવે કલ્પવૃક્ષની આપવાની શક્તિ ક્ષીણ થઈ ત્યારે તે જીવો પરસ્પર વસ્તુ પ્રાપ્ત કરવા માટે વિવાદમાં પડ્યા. મારા-તારાની ભાવના જાગી. કષાય વધ્યા, હકાર-મકાર-ધિકાર રૂપ જુદી જુદી નીતિઓ દ્વારા તેને કાબુમાં લેવા પ્રયત્નો થયા. છતાં કષાયની માત્રા વધતી ચાલી. તેમાંથી હિંસકભાવ ઉભો થયો. જરાક વાંધા-વચકા થાય અને વાતાવરણમાં સંકલેશ આવી જાય. પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ પ્રભુએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ આ હિંસા હોળીથી બચવાના ઉપાય રૂપે પંચયામરૂપ ધર્મ પ્રરૂપ્યો. જેમાં સહુ પ્રથમ અહિંસક બનવા ઉપર ભાર મુકાયો. "सव्वाओ पाणाइवायाओ वेरमणं" ત્યારપછી જે જે તીર્થંકર ભગવંતો થયા તે બધાએ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ સુખના માર્ગ તરીકે આ વ્રતોનાં આચરણને જ પોતાનાં જ્ઞાનમાં જોયાં છે.

ચરમતીર્થંપતિ પરમાત્મા મહાવીર પ્રભુના શાસનમાં આપણે બેઠા છીએ ત્યારે એમના જીવનમાં દૃષ્ટિપાત કરીએ તો તેમની પ્રવૃત્તિમાં પણ આ અહિંસક ભાવની જવલંત આરાધના દેખાશે.

પ્રભુ માતાનાં સુખને માટે ગર્ભમાં નિશ્ચલ બન્યા પરંતુ તે માતાના દુઃખનું કારણ બન્યું ત્યારે ગર્ભમાં રહેલા પ્રભુએ નિયમ સ્વીકાર્યો કે માતાપિતાની હયાતિમાં સંયમ જીવનનો સ્વીકાર નહિ કરૂં, કેમકે હજી તો હું ગર્ભમાં

છું ત્યારે પણ મારા પ્રત્યે માતાને આટલો સ્નેહ છે. જન્મ પામ્યા બાદ કેવો સ્નેહ થશે ? માતાનો માનસિક પરિતાપ પણ હિંસા છે. આથી પ્રભુના આ નિયમમાં શું અહિંસાનું દર્શન નથી થતું ?

અન્ય તીર્થંકર ભગવંતોની અપેક્ષાએ પરમાત્મા મહાવીર પ્રભુએ પોતાના જીવનમાં અહિંસાની જ્યોતિ પ્રગટાવવા પ્રબળ પુરૂષાર્થ અને પ્રચંડ સાધના કરી છે. ઘોર ઉપસર્ગ અને પરિષહ આવવા છતાં, જેમણે પોતાનું જીવન દયા અને કરૂણાસભર બનાવ્યું છે. તેમને આવા સમયે પ્રતિકાર કે સંઘર્ષ શો હોય ? આથી જ પ્રત્યેક દુ:ખને વિભુએ સમભાવે સહ્યા છે.

## પ્રભુની સાધનામાં અહિંસાનું દર્શન

જગદ્બંધ દેવાધિદેવે કારતક વદ ૧૦ના રોજ દીક્ષા ગ્રહણ કરી ત્યારથી સાડા બાર વર્ષ સુધી લાગલગાટ અસ્ખલિત રીતે ઘોર-કઠોર સાધના કરી. તે સાધનાકાળ દરમિયાન પ્રાકૃત (સામાન્ય)જનથી માંડીને તિર્યંચ - દેવ સુધીનાં જીવોએ પ્રભુને ઘણા તીવ્ર કષ્ટોમાં પાડ્યા, છતાં પ્રભુ ક્યારેય ખિન્ન થયા નથી, કંટાળો લાવ્યા નથી; સાધનામાં કદી પીછેહઠ કરી નથી. આ ચોવીશીમાં વધુમાં વધુ ઉપસર્ગ કે પરિષહ માત્ર પરમાત્મા મહાવીર પ્રભુને જ થયા છે. છતાં કેવી ઉચ્ચ કોટિની સમતા ! એ સમતામાં શું અહિંસાનું દર્શન થતું નથી ?

- પેલો ગોવાળીયો પ્રભુનાં કાનમાં તીક્ષ્ણ શૂળ નાંખે
- તો પેલા ગામડીયા લોકો પ્રભુના પગે ચૂલો સળગાવી ખીર રાંધે
- પ્રભુના શિષ્ય તરીકે રહેલો પેલો ગોશાળો પ્રભુને તેજોલેશ્યા મૂકે.
- અનાર્ય દેશમાં લોકોએ પરમાત્માને મારી નાંખવા સુધીનાં પ્રયત્નો કર્યા.
- પેલા ચંડકોશિક સર્પે પ્રભુનાં ચરણે અનેક ડંખ દીધા.
- અન્ય તિર્યંચોએ પણ પ્રભુનાં શરીરમાં ભયંકર વેદના કરી.
- સંગમ દેવે ૬-૬ મહિના સુધી પ્રભુને આહારમાં અંતરાય કરી હેરાન કર્યા.
- તો પેલા શૂલપાણિ યક્ષે માત્ર એક જ રાત્રિમાં ૧૬-૧૬ મહાઉપસર્ગ કર્યા.

આવા અનેક ઉપસર્ગો કરનારા ઉપર પણ પ્રભુએ તો માત્ર કરૂણાની જ હેલી વરસાવી, શું આવી કરૂણા અહિંસામય જીવન વિના શક્ય બને ?

આ સાધના દ્વારા પ્રભુએ જગતને એક જ સંદેશો આપ્યો કે અહિંસા કરતાં ચઢીયાતા ધર્મ કે આરાધના આ જગતમાં બીજા કોઈ નથી.

આ જગતમાં કર્મમળથી મુક્ત થવા, પરમપદને પ્રાપ્ત કરવા પ્રત્યેક આત્માએ કંઈ ને કંઈ સાધના કરવી જ પડે છે. સાધના વિના સિદ્ધિ નથી. તે સાધનાથી જ સુખની પ્રાપ્તિ અને દુ:ખનો પરિહાર થઈ શકે; પરંતુ તે ત્યારે જ શક્ય બને કે તે સાધના અહિંસાયુક્ત હોય. અહિંસા વિનાની સાધના-આરાધના કે ઉપાસના નિરર્થક પણ બની શકે છે, કહ્યું છે.

न सा दीक्षा न सा भिक्षा न तत् दानं न तत्तपः ।
न तद्ध्यानं न तन्मौनं दया यत्र न विद्यते ॥

તમે ભલે દીક્ષા લઈ લો, ૪૨ દોષથી રહિત ભિક્ષા પણ મેળવો; દાન કરો; તપ આચરો; ધ્યાન કે મૌનની ઉંચી સાધના પણ કરો; છતાં દયા-કરૂણા વિના તે બધુ જ વ્યર્થ છે.



www.jaintatvagyanshala.org

માટે જ જ્ઞાની ભગવંતોએ સર્વત્ર અહિંસાની પ્રધાનતા કથન કરી છે. જેમ બધી નદીઓ સમુદ્રને જઈને મળે છે તેમ બધા વ્રતાદિ નિયમો અંતે (પ્રાણાતિપાત વિરમણ) અહિંસાને જ જઈને મળે છે. બાકીનાં વ્રતો તો તે પ્રથમ વ્રતની રક્ષા માટે જ રહેલા છે. જેમ લાખોની સંપત્તિના રક્ષણ માટે સશસ્ત્ર સૈનિકો ચોકી કરે છે તેમ અનુપમ એવા અહિંસા વ્રતના રક્ષણ માટે બાકીનાં ૪-૪ વ્રતો બતાવવામાં આવ્યાં છે.

**અહિંસાથી જ આત્મકલ્યાણ**

અદ્ભુત છે આ અહિંસાનો પ્રભાવ, જેના યોગે અનેક આત્માઓ સંસાર સાગર પાર ઉતરી ગયા. શાશ્વત સુખને પામી ગયા.

- હરણીયાઓના ચિત્કારને સાંભળી પરમાત્મા નેમિનાથ પ્રભુએ સંસાર ત્યાગી સંયમ સ્વીકાર્યું, અંતે સિદ્ધિવધૂના ભોગી થયા.
- કલિકાળ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજાના અહિંસામય ઉપદેશથી પરમાર્હત કુમારપાળ મહારાજાએ અજોડ અને અપૂર્વ અમારી (અહિંસા)ની પ્રવર્તના કરી આત્મશ્રેય સાધ્યું.
- પોતાના અહિંસક ભાવથી આ. શ્રી હીરસૂરિ મહારાજે હિંસક રાજા અકબર બાદશાહમાં પણ અહિંસક ભાવ ઊભો કર્યો.
- કડવી તુંબડીનાં શાકને ધૂળમાં મેળવતાં જીવહિંસાનો ખ્યાલ આવ્યો અને તે પરઠવવાને બદલે ભાવદયાને વિચારી તે શાક સ્વયં જ આરોગે છે, વાપરે છે. જીવો પ્રત્યે કેવી કરૂણા !
- મહામુનિ મેતારજ, ઝાંઝરિયા, ગજસુકુમાળ, ખંધક મુનિ જેવા મહાપુરૂષોએ અહિંસાથી કેવું આત્મ-કલ્યાણ કર્યું !
- અર્ણિકાપુત્રાચાર્ય ભાલામાં વિંધાયેલા નદીનાં પાણીમાં પડતાં પોતાના લોહીથી અપકાયનાં જીવોની દયા ચિંતવતાં કૈવલ્ય પામી જિન થયા.
- પ્રભુનાં સમવસરણમાં હિંસક પશુઓ પણ અહિંસક ભાવને પામે છે. અહિંસાની કેવી ભવ્ય આરાધના !
- આવી ઉચ્ચકોટિની અહિંસાને સિદ્ધ કરવા સાધનાની પ્રત્યેક પ્રક્રિયામાં અહિંસાના અભ્યાસ માટેનાં વિધાન થયાં.
- ઉત્કૃષ્ટ ધર્મમાં પ્રથમ અહિંસાને સ્થાન મળ્યું. અહિંસા-સંયમ-તપ તે ઉત્કૃષ્ટ ધર્મ છે.
- અણુવ્રત કે મહાવ્રતમાં પણ પ્રથમ અહિંસાને સ્થાન.
- પ્રથમાંગ - આચારાંગ સૂત્ર તેનાં પ્રથમ અધ્યયનમાં પણ છકાય જીવોની રક્ષા કેવી રીતે કરવી તેનું કથન છે, તો સંપૂર્ણ આચારાંગ સૂત્રમાં અહિંસાભાવ કેળવવા માટેનું પ્રતિપાદન છે.
- આવશ્યકાદિ ક્રિયાનાં આરંભમાં કરાતાં "ઇરિયાવહિયા"માં અહિંસાની જ પ્રધાનતા.
- અષ્ટ પ્રવચન માતાની આચરણા પણ અહિંસા ભાવની દઢતા માટે જ.
- ૧૮ પાપ સ્થાનકમાં પણ પાપનાં બાપ તરીકે પ્રાણાતિપાત કહ્યો છે.
- સાધુ જીવનમાં પ્રતિલેખના - પ્રમાર્જનાદિ ક્રિયા અહિંસાનાં સૂક્ષ્મતમ પ્રતિપાલન માટે જ.
- સામાયિક એટલે સાવદ્યવ્યાપારનો ત્યાગ - અહિંસા વિના સાવદ્યવ્યાપાર છૂટે નહિ.



www.jaintatvagyanshala.org

- આ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે અષ્ટક પ્રકરણમાં પુણ્યાનુંબંધી પુણ્ય બાંધવાના કારણોમાં પ્રથમ "દયા-ભૂતેષુ" કહીને જીવો પ્રત્યે કરૂણા દયાને પુણ્યનું કારણ ગણાવ્યું.
- જીવદયા એ જિનશાસનનો સાર છે. એટલું જ નહિ પરંતુ જીવદયા એ સર્વધર્મનું સારભૂત પ્રાણભૂત તત્ત્વ છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ શી રીતે હોઈ શકે ? આથી જ સર્વ ધર્મો એ અહિંસા-દયા-કરૂણા-જયણાને મહત્વ આપે છે.

છતાં અનાદિકાળથી આ જગતમાં હિંસકભાવ અવિરત ચાલતો આવ્યો છે. પરમાત્મા મહાવીર પ્રભુનાં કાળમાં, મહારાજા શ્રેણિકનાં રાજ્યમાં પ્રતિદિન ૫૦૦-૫૦૦ પાડાને મારનાર કાલશૌરિક ચંડાલ હતો. તો વર્તમાનમાં પણ ઘોર હિંસાઓ ચાલુ છે. ઠેરઠેર કાયદેસર (?) કે બિનકાયદેસર કતલખાનાઓને આડકતરી રીતે પ્રોત્સાહન અપાઈ રહ્યાં છે. ઈંડા જેવા અભક્ષ્ય પદાર્થો ખુલ્લેઆમ વેચાય છે. શોખ, સુખ-સગવડ ખાતર બિનજરૂરી રીતે પણ પુષ્કળ હિંસકભાવના જ સંસ્કાર પોષાઈ રહ્યા છે. શા માટે ? એવું તે શું પ્રયોજન હશે કે તે હિંસા અનિવાર્ય લાગે છે ?

પ્રત્યુત્તર રૂપે આચારાંગ સૂત્રની શાખ આપી શકાય. ત્યાં આ પ્રમાણે રજુઆત કરાઈ છે.

अथ किमर्थमसौ कटुविपाकेषु कर्माश्रवहेतुभूतेषु क्रियाविशेषेषु प्रवर्तते इत्याह ।
इम्मस्स चेव जीवियस्स परिवंदणमाणणपूयणाए जाइमरणमोयणाए दुक्खपडिघायहेउं ॥

आचा अ. १, उ. १, सू. ११.

આ જીવ શા માટે કડવા ફળવાળા કર્માશ્રવના કારણભૂત (હિંસાત્મક) ક્રિયા વિશેષમાં પ્રવૃત્ત થતા હશે ? સમાધાનમાં કહે છે કે આ મનુષ્ય શરીરનાં વંદન - માન - પૂજા - સત્કાર - સન્માનને માટે, જાતિ-જન્મ, મરણથી મુક્ત થવાને માટે અને દુઃખનાં પ્રતિકારને માટે અનેક પ્રકારનાં પાપારંભો કરે છે.

આ સાક્ષીનો ફલિતાર્થ એ થયો કે શરીર પ્રત્યેની મમતા જીવને હિંસાત્મક બનાવી પાપ પ્રત્યે નિર્ઘૃણ બનાવે છે. જેટલી માત્રામાં શરીર પ્રત્યેની આસક્તિ તૂટશે તેટલા પ્રમાણમાં જીવ અહિંસક બની શકશે. અહિંસક ભાવના - પરિણામવાળા જીવનો ધર્મ જ સુખપ્રદ-મુક્તિસાધક બની શકે.

આવી ઉત્કૃષ્ટ અહિંસાની આરાધના ચારિત્ર વિના શક્ય નથી. સર્વવિરતિ ચારિત્ર એ જ એક માત્ર અહિંસક બનવાનો રાજમાર્ગ છે. આ માર્ગે આવનારા જીવોમાં અભ્યાસસાધ્ય આ અહિંસક ભાવ વૃદ્ધિ પામતો સર્વોચ્ચ શિખરને સ્પર્શે છે. દૃષ્ટાન્ત સ્વરૂપે વર્તમાનકાળે જૈન સંઘમાં સર્વોચ્ચસ્થાને બિરાજમાન મારા પરમ તારક ગુરૂદેવશ્રીને લઈએ તો તેઓશ્રીની પ્રત્યેક ક્રિયામાં જયણાનું દર્શન થશે. સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ પરમ વાત્સલ્યભાવ એ એમની આગવી પ્રતિભા છે. મુહપત્તિ - રજોહરણ આદિ ઉપકરણોનો પૂરતો ઉપયોગ તેઓશ્રીના અહિંસક ભાવને જગાડનારો તો છે જ પરંતુ જોનારા અન્ય જીવોમાં પણ આ ભાવ ઉત્પાદન કરવામાં નિમિત્ત બનનારો છે. સ્વસ્થ હોય કે અસ્વસ્થ; પોતાના નિયમમાં જરા પણ ફેરફાર નહિ કરવાના દૃઢ આગ્રહી, ચારિત્ર પર્યાયનાં ૭૨ વર્ષ પૂર્ણ કરી આચાર્યપદ પર્યાયનાં ૫૦ વર્ષ પૂર્ણ કરનારા પૂજ્યપાદશ્રી સહુ માટે આદર્શ દૃષ્ટાન્ત રૂપ છે, તે નિર્વિવાદ છે.

પૂજ્યશ્રીનાં ચરણોમાં ભાવ ભરી વંદના !



www.jaintatvagyanshala.org

# આકાશ અને આચાર્યદેવ : એક સાર્થક તુલના

●

પ. પૂ. આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રી રાજરત્નવિજયજી મ. સા.

આકાશ !! ધરતી પર રહ્યાં રહ્યાં એના તરફ દૃષ્ટિ માંડીએ તો એમ લાગે કે પોતાનું સામ્રાજ્ય એકછત્રી છે એનો નિર્દેશ કરવા કાજે એ જાણે પૃથ્વીનું છત્ર બનીને વિસ્તર્યું ન હોય !! દૃષ્ટિ ચાહે એવી દૂર-સુદૂર લંબાવો તોય આકાશનો વિસ્તાર કોઈ સીમામાં-મર્યાદામાં અંકિત થયેલો નહિ જણાય...

પંચપરમેષ્ઠીમાં જેમનું સ્થાન તૃતીયપદે છે તે આચાર્ય ભગવંતોના જીવનનો ગુણવિસ્તાર પણ આ આકાશના વિસ્તારની યાદ અપાવે તેવો છે !! તીર્થંકરભગવંતો અને કેવલજ્ઞાની ભગવંતોની અનુપસ્થિતિમાં જેઓ શ્રી જિનશાસનના રાજા લેખાય છે અને શુદ્ધપ્રરૂપક ગુણના કારણે, 'तित्थयरसमो सूरि' આ શાસ્ત્રવચન મુજબ, જેઓ તીર્થંકર સમાન ગણાય છે તે આચાર્યભગવંતો પણ નિઃસીમ ગુણગણના નિધાન હોય છે !! એમના એ ગુણોનો પરિચય શાસ્ત્રકાર ભગવંતો અલગ અલગ ઉપમાઓ દ્વારા અને તે દરેક ઉપમાઓને પણ અનેક દૃષ્ટિબિંદુથી મૂલવવા દ્વારા આપણને કરાવે છે. આવો, આપણે એ અનેક પૈકીની એક ઉપમાની, અનેક પૈકીના એક દૃષ્ટિબિંદુથી થયેલી મૂલવણીને સમજીએ અને એનો વિચાર-વિસ્તાર કરીએ :

આચાર્યભગવંતને વરેલી એક ઉપમા છે આકાશની. શાસ્ત્રકાર મહર્ષિઓએ આકાશ સાથે આચાર્ય-ભગવંતની સરખામણી આબેહૂબ કરીને એમના ગુણોનું દિગ્દર્શન કરાવવાનો જે પ્રયાસ કર્યો છે એમાં એક દૃષ્ટિબિંદુ એ દર્શાવ્યું છે કે આકાશ જેમ પાંચ દ્રવ્યોનું ભાજન-પાત્ર છે તેમ આચાર્યભગવંત પંચાચારનું ભાજન-પાત્ર હોય છે !!

આ કથન સમજવાની કોશિશ કરીએ ત્યારે આકાશ શબ્દને બરાબર સમજવો જરૂરી બને છે. આપણે ધરતી પર રહ્યા રહ્યા ઉપર - ઉંચે નજર માંડીએ અને જે વિશાળ આકાશ દેખાય છે એટલું જ આકાશ અહીં સમજવાનું નથી. આકાશ શબ્દને એથી ય વ્યાપક સંદર્ભમાં અહીં લેવાનો છે. જૈન દર્શન કહે છે કે આકાશ એક એવું તત્ત્વ છે કે જે ચૌદે ચૌદ રાજલોકને અને અનંત અલોકને પણ સર્વત્ર વ્યાપીને રહેલું છે !! આ આકાશતત્ત્વનો ઉપકાર એ છે કે એના કારણે દરેક પદાર્થને જગ્યા-સ્થાન મળી રહે છે. જો આ આકાશતત્ત્વ ન હોત તો એક પણ પદાર્થનું અવસ્થાન થઈ ન શકત. ટૂંકમાં, આકાશતત્ત્વ દરેક પદાર્થનો આધાર છે.

જૈનદર્શન આ જગતના દરેક પદાર્થોનો સમાવેશ કુલ છ દ્રવ્યમાં કરે છે. એ છ પૈકીનું એક દ્રવ્ય છે આકાશ અને બાકીના પાંચ દ્રવ્યો છે જીવાસ્તિકાય - પુદ્ગલાસ્તિકાય - ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય અને કાળ. આમાં આકાશદ્રવ્ય બાકીના પાંચેય દ્રવ્યોનો આધાર છે અને પાંચ દ્રવ્યો આધેય છે. જેમ એક પાત્રમાં શાક વગેરે રહે છે, એમ આકાશમાં જીવાદિ પાંચ દ્રવ્યો રહે છે. એટલે એમ કહેવાય છે કે આકાશ પાંચ દ્રવ્યોનું ભાજન-પાત્ર છે.

શાસ્ત્રકારો કહે છે કે જેમ આ આકાશ પાંચ દ્રવ્યોનું ભાજન-પાત્ર છે એટલે કે એમાં આ પાંચ દ્રવ્યો રહેલા છે તેમ આચાર્યભગવંત પણ પંચાચારનું ભાજન-પાત્ર છે. અર્થાત્ એમનામાં ઉત્તમ પંચાચાર રહેલા છે. એટલે જ એમના માટે આપણે 'પંચાચાર પવિત્ત' અને 'પંચવિહાયાર પાલણ સમત્થો' જેવા સાર્થક વિશેષણો પ્રયોજીએ છીએ. હજુ એક પગલું આગળ વધીએ તો તેઓ પંચાચારનું ઉત્તમ પાલન તો કરે છે જ; સાથે સાથે આશ્રિત

વર્ગને પંચાચારનું સુંદર પાલન સારણા-વારણા-ચોયણા-પડિચોયણાદિ દ્વારા કરાવે પણ છે. એટલે એમના માટે એમ કહી શકાય કે 'પાળે પળાવે પંચાચાર'...

પાંચ આચારોના નામ છે જ્ઞાનાચાર - દર્શનાચાર - ચારિત્રાચાર - તપાચાર અને વીર્યાચાર. આચાર્ય-ભગવંતમાં તો આ પાંચેય આચારો વિલસતા હોય છે. છતાં અહીં એકેક આચારના સંક્ષિપ્ત નિર્દેશપૂર્વક તે તે આચારના સંદર્ભમાં તેનું વિશિષ્ટ કોટિનું પરિપાલન કરનાર મહાન આચાર્ય ભગવંતના ઉદાહરણો પ્રસ્તુત છે :

**(૧) જ્ઞાનાચાર :-** સમ્યગ્જ્ઞાનની આરાધનાસ્વરૂપ આ જ્ઞાનાચારમાં આગમાદિ શાસ્ત્રગ્રન્થોના અધ્યયન-અધ્યાપન-સ્વાધ્યાય-ચિંતન-મનન-અનુપ્રેક્ષા આદિનો સમાવેશ થાય છે. આ શ્રુતજ્ઞાનના સંદર્ભમાં જ શ્રી આચારાંગસૂત્રમાં આચાર્યભગવંતની ચતુર્ભંગીની રજૂઆતવેળાએ આચાર્યભગવંતને પ્રથમ પ્રકારરૂપે ગંગાનદીના પ્રવાહ સમા ગણાવાયા છે. ત્યાં જણાવાયું છે કે શ્રુતની અપેક્ષાએ આચાર્યભગવંત ગંગા નદીના પ્રવાહ જેવા છે. જેમ ગંગા નદીમાં નવો પ્રવાહ આવતો રહે છે અને જૂનો પ્રવાહ જાય પણ છે, તેમ આચાર્યભગવંતમાં પણ શાસ્ત્રોમાંથી વાચન-મનનાદિ દ્વારા નવો શ્રુતપ્રવાહ આવતો રહે છે અને જૂનો શ્રુતપ્રવાહ અધ્યાપનાદિરૂપે શિષ્યાદિમાં જાય પણ છે !! ગંગા નદીની આ એક જ ઉપમા દ્વારા શાસ્ત્રસ્વાધ્યાય અને શાસ્ત્રવાચનારૂપ જ્ઞાનાચારનો સરસ નિર્દેશ આચારાંગસૂત્રમાં કરાયો છે !!

આ જ્ઞાનાચારના સંદર્ભમાં સ્મરણ થઈ આવે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યનું અને સરસ્વતીલબ્ધપ્રસાદ શ્રી બપ્પભટ્ટી સૂરીશ્વરજી મહારાજનું. સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ જેવા બબ્બે સમ્રાટોના પ્રતિબોધ દ્વારા અહિંસા પ્રવર્તનાદિ ધર્મપ્રભાવનાના મહાન કાર્યો અને જૈનેતર વિદ્વાનોના વાદ-વિવાદ સામે જૈનશાસનની જયપતાકા લહેરાવવા જેવાં કાર્યો વચ્ચે ય શ્રી. હેમચન્દ્રાચાર્યે જે વિપુલ શાસ્ત્રો રચ્યા છે એ ખરેખર અદ્ભુત-આશ્ચર્યજનક છે !! એમના માટે એવી કિંવદન્તી પ્રચલિત છે કે લીંબુ ઉછાળાય અને પુનઃ નીચે આવે એટલા અલ્પ સમયમાં સાત નવા સંસ્કૃત શ્લોકો રચી શકે એવી પ્રખર પ્રજ્ઞા એમની હતી... તો શ્રી બપ્પભટ્ટી સૂરીશ્વરજી મહારાજની શ્રુતસાધના ય ચમત્કૃત થઈ જવાય એવી હતી. અત્યલ્પ વયમાં દીક્ષા અને આચાર્યપદ પામનાર આ સૂરિપુંગવ પર સરસ્વતીકૃપા એવી હતી કે એ રોજના એક હજાર શ્લોક કંઠસ્થ કરતા હતા !! કહેવાય છે કે ઘી જેવો સ્નિગ્ધ પદાર્થ વિશેષ પ્રમાણમાં આરોગવા છતાં એનીય અસર એમના દેહ પર દેખાતી ન હતી. અધ્યયન-યજ્ઞના પ્રચંડ પુરુષાર્થની આગ એવી હતી કે એમાં આરોગેલ પદાર્થો પણ સ્વાહા થઈ જતા !! ઉત્તમ જ્ઞાનસાધનાનાં આ બે આદર્શ ઉદાહરણો છે...

**(૨) દર્શનાચાર :-** સમ્યગ્દર્શનની આરાધનાસ્વરૂપ આ દર્શનાચારમાં શ્રી જિનેશ્વર પરમાત્મા - એમનું શાસન - એમનાં વચનો પર અવિચલ શ્રદ્ધા/વિશ્વાસનો સમાવેશ થાય છે. આ ત્રણેય ઉપર પોતાની તેમજ અન્યની શ્રદ્ધા વધુ ને વધુ દઢ થાય તેવી પ્રવૃત્તિ કરવી તે છે દર્શનાચાર. આ આચારના અનુસંધાનમાં સ્મરણીય છે ખરતરગચ્છીય આચાર્યદેવ શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજ !! એમની પ્રજ્ઞાશક્તિ અને કાવ્યશક્તિ પણ બેમિસાલ હતી. એ શક્તિનો ઉપયોગ કર્યો એમણે પરમાત્મતત્ત્વ પ્રત્યે ભક્તિ શ્રદ્ધા-વિશ્વાસ વિશેષ દઢ થાય તેમાં. આ માટે તેઓ અવનવી-નિત નવી કલ્પનાઓથી સભર નવા નવા ભક્તિ સ્તોત્રોની પ્રતિદિન રચના કરતા હતા !! રોજે રોજ નવા નવા સ્તોત્રો રચીને ભક્તિ કરતાં ખરતરગચ્છીય આ. શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજના તે તે સ્તોત્રોને તેમના સમકાલીન તપાગચ્છીય આ. શ્રી સોમપ્રભસૂરીશ્વરજી મહારાજનો શિષ્યગણ અત્યંત ઉત્કંઠાપૂર્વક



www.jaintatvagyanshala.org

કંઠસ્થ કરી દેતો હતો !! આ રીતે પોતાની અને અન્ય શ્રમણગણની ભક્તિ-શ્રદ્ધા-વિશ્વાસમાં શત-પ્રતિશત વૃદ્ધિ કરતાં શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજને દર્શનાચારના પ્રશસ્ય ઉદાહરણરૂપે ગણી શકાય.

**(૩) ચારિત્રાચાર** :- સમ્યક્‌ચારિત્રની આરાધનાસ્વરૂપ આ ચારિત્રાચારમાં ઈર્યાસમિતિ-ભાષાસમિતિ-એષણાસમિતિ-આદાનનિક્ષેપણાસમિતિ-પારિષ્ઠાપનિકા સમિતિ અને મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિસ્વરૂપ અષ્ટપ્રવચનમાતાના પરિપાલનનો સમાવેશ થાય છે. દેશ-કાળને લક્ષ્યમાં રાખવાપૂર્વક તેનું વધુ ને વધુ પાલન કરવું - કરાવવું તે છે ચારિત્રાચાર. આ અંગે સ્મૃતિ કરવા જેવી છે તપાગચ્છીય આચાર્યદેવ શ્રી ધર્મઘોષ-સૂરીશ્વરજી મહારાજની. ત્રણ ભાષ્ય અને પાંચ કર્મગ્રન્થના કર્તા આ. શ્રી દેવેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય આ આચાર્યભગવંત પાપભીરુ પુણ્યાત્મા હતા. એકદા એમને સર્પ કરડી ગયો અને જોતજોતામાં એનું ઝેર દેહમાં વ્યાપ્ત થવા માંડ્યું !! કટોકટીની આ ક્ષણે ભક્ત શ્રાવકવર્ગે આચાર્યદેવ પર પ્રચંડ દબાણ કર્યું કે આપ વિષાપહાર ઔષધિનું જ્ઞાન ધરાવો છો તો એની માહિતી આપો. આચાર્યભગવંત એના જ્ઞાતા હોવા છતાં પોતાના કારણે એ વનસ્પતિની વિરાધના થવાની શક્યતાના ભયે માહિતી આપવા રાજી ન હતા. ત્યારે શ્રાવકવર્ગે એવું અતિશય દબાણ કર્યું કે નિરુપાયે આચાર્યભગવંતે ઔષધિનું નામ આપ્યું. બસ, પછી તો શ્રાવકવર્ગે ત્વરિત એ વનસ્પતિપ્રયોગ કરીને આચાર્યભગવંતને વિષમુક્ત કરી દીધા. કિંતુ આ પ્રક્રિયામાં કચવાતા મને પણ થયેલી અષ્ટ પ્રવચનમાતાની સ્ખલનાના પ્રાયશ્ચિત્તરૂપે આચાર્યભગવંતે સ્વયંમેવ યાવજ્જીવ છ યે વિગઈનો સંપૂર્ણ ત્યાગ કરી દીધો !! આ છે ચારિત્રાચારના પાલન પ્રત્યેની જાગૃતિનું નમસ્કરણીય ઉદાહરણ...

**(૪) તપાચાર** :- સમ્યક્‌ચારિત્ર પદની આરાધનાસ્વરૂપ આ તપાચારમાં છ બાહ્ય અને છ અભ્યંતર થઈને કુલ બાર પ્રકારના તપનો સમાવેશ થાય છે. અનશન ઊણોદરી-વૃત્તિસંક્ષેપ-રસત્યાગ-કાયક્લેશ-સંલીનતા : આ બાહ્યતપમાં અને પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ : આ અભ્યંતરતપમાં રમમાણ રહેવાની પ્રવૃત્તિ તે છે તપાચાર. આ આચારના અનુસંધાનમાં, લગભગ એક હજાર વર્ષ આસપાસના સમય પૂર્વે થઈ ગયેલા (અમારી જન્મભૂમિ) ડભોઈનગરના સૂરિપુંગવ દર્ભાવતીરત્ન સૌવીરપાયી આચાર્યપ્રવર શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજનું નામ સાચે જ સંસ્મરણીય છે !! ગૂર્જરેશ્વર સમ્રાટ સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં દિગમ્બરાચાર્ય કુમુદચન્દ્રને સજ્જડ પરાજય આપનાર મહાન શ્વેતામ્બરાચાર્ય શ્રી વાદિદેવ સૂરીશ્વરજી મહારાજના ગુરુદેવ આ આચાર્યમહારાજે સંયમ સ્વીકાર્યો ત્યારથી જ છ યે વિગઇના ત્યાગની અને આયંબિલતપ યાવજ્જીવ કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા સ્વીકારી હતી !! પાંચસો - પાંચસો શિષ્ય - પ્રશિષ્યોના ગુરુવર અને અનેક શાસ્ત્રગ્રન્થોના સર્જકરૂપે ભરપૂર જવાબદારી છતાં ય તેઓએ પોતાની એ ભીષ્મ પ્રતિજ્ઞા અખંડ રાખી હતી; એટલું જ નહિ બલ્કે આગળ વધતાં માત્ર સૌવીર એટલે કે ભાતના ઓસામણથી જ આયંબિલ કરવાનું ઘોર તપ એમણે યાવજ્જીવ આદર્યું. જેના કારણે તેઓ 'સૌવીરપાયી'રૂપે પ્રખ્યાત થયા !! ૮૪-૮૪ વર્ષના દીર્ઘ સંયમકાળ સુધી આવું ઘોર તપ કરનાર આ આચાર્યભગવંત અંતે અનશનતપ આદરીને કાલધર્મ પામ્યા હતા !! આ છે તપાચારનું એક ઉત્તમ-ઉત્કૃષ્ટ ઉદાહરણ...

**(૫) વીર્યાચાર** :- મન-વચન-કાયાના સામર્થ્યને ઉલ્લાસિત ભાવે કલ્યાણસાધક, ધર્મયોગોમાં જોડવાની બાબતનો સમાવેશ આ વીર્યાચારમાં થાય છે. મન-વચન-કાયાની જે પણ શક્તિ-વીર્ય હોય તેને જરાય ગોપવ્યા-છુપાવ્યા વિના, પૂરેપૂરો કસ નીકળે તે રીતે, ધર્મારાધનામાં પ્રયોજવી તે છે વીર્યાચાર. આ વીર્યાચારના સંદર્ભમાં



www.jaintatvagyanshala.org

યાદ કરવા જેવા છે અકબરપ્રતિબોધક જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ. અલબત્ત, આમ તો એ અહિંસા પ્રવર્તનના સંદર્ભમાં વિશેષ યાદ કરાય છે. છતાં ય વીર્યાચારના સંદર્ભમાં ય એ ઓછા સંસ્મરણીય નથી જ. એમણે પોતાના જીવનમાં મન-વચન-કાયાના વીર્યોલ્લાસપૂર્વક ૮૧ અટ્ઠમ-૨૨૫ છટ્ઠ - ૩૬૦૦ ઉપવાસ - ૨૦૦૦ આયંબિલ - ૨૦ વાર વીશસ્થાનકની તપશ્ચર્યા - સતત ધ્યાનસાધના અને તપસ્યાપૂર્વક સૂરિમન્ત્રની ૩ માસ સુધીની સાધના - ૨૨ માસ સુધી જ્ઞાનસાધના માટે તપ - ૧૩ માસનું ગુરુત્તમ - ૧૧ માસનું રત્નત્રયીનું તપ - ૧૨ પ્રતિમા તેમજ ધ્યાન - રેતી પર આતાપના આદિ આરાધનાઓ કરી હતી. આ રીતે શક્તિઓનો પૂરેપૂરો કસ ઉલ્લાસપૂર્વક કાઢ્યા પછી ય તેઓ નિત્ય વહેલી પ્રભાતે વિશિષ્ટ ધ્યાનસાધનાદિ જારી રાખતા હતા. એકદા શિરોહીનગરમાં આ વિશિષ્ટ ધ્યાનસાધનામાં તેઓ પ્રવૃત્ત થયા. શરીરશક્તિનો ઘણો ઘણો કસ કાઢી લેવાના કારણે તે સમયે અશક્તિવશ ચક્કર આવી ગયા અને તેઓ થોડીક ક્ષણ સુધી મૂર્ચ્છિત થઈ ગયા. શિષ્યોએ પ્રયત્નપૂર્વક શુદ્ધિમાં લાવીને જગદ્ગુરુને વિનવ્યા : 'શારીરિક અશક્તિના કારણે હવે આપે સાધનાના સ્થાને આરામ વિશેષ કરવો જોઈએ.' જગદ્ગુરુએ ત્યારે જે ઉત્તર આપ્યો તે એમનામાં ઝળહળતા વીર્યોલ્લાસનો ઘોતક છે. એમણે કહ્યું : 'ક્ષણભંગુર આ દેહ આમે ય વૃદ્ધ તો થયો જ છે. તો હવે ઝાઝી આળ-પંપાળ કરવા કરતાં એનાથી થાય તેટલી વધુ ધર્મસાધના કેમ ન કરી લેવી ??' આ સત્ત્વસભર ઉત્તર છે એમનામાંના વીર્યાચારનું ઉત્તમ ઉદાહરણ...

આકાશ જેમ પાંચ દ્રવ્યોનું ભાજન - પાત્ર છે, તેમ આચાર્યભગવંતો પાંચ આચારનું કેવું ભાજન-પાત્ર છે એ ઉપરના નિરૂપણથી સુપેરે સમજાય એમ છે. આપણે પણ પંચાચારના પાત્ર બનવાની પવિત્ર ભાવનાપૂર્વક પંચાચારના પરમધામરૂપ આચાર્યભગવંતોને 'નમો આયરિયાણં' પદ દ્વારા નમન કરીએ...

* * *

વર્તમાન જિનશાસનમાં સર્વાધિક આચાર્યપદપર્યાય ધારણ કરીને જેઓશ્રી મૂર્ધન્યસ્થાને વિરાજમાન છે તે શાસનપ્રભાવક પૂ. આ. ભ. શ્રી રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)ને સૂરિપદપર્યાય સુવર્ણમહોત્સવે વિનમ્ર વન્દન...

knowledge is love, light and vision.
જ્ઞાન, પ્રેમ પ્રકાશ અને દૃષ્ટિ છે.

Helen Keller (The sotry of my life) chapter 3

*Love, not Fear, is the main spring of all true renunciation.*
भय नहीं अपितु प्रेम ही सच्चे त्याग का स्रोत है।

(ભગવદ્ગીતા)



www.jaintatvagyanshala.org

# સમતાના ધારક પૂજ્યશ્રી

●

## મુનિ કલ્પજ્ઞવિજય

સંસાર અટવીમાં પરિભ્રમણ કરતા આત્માને સુખનો સાચો માર્ગ બતાવનાર કોઈ હોય તો સમ્યગ્દર્શનના ધારક નિસ્પૃહ એવા ગીતાર્થ ગુરુ ભગવંત જ છે. હાલ હુંડા અવસર્પિણી કાળમાં પરમકૃપાળુ દેવાધિદેવ તીર્થંકર પરમાત્માનો વિરહ વર્તાય છે. પરંતુ "તીત્થયર સમો સૂરિ" એ ઉક્તિએ ગુરુ, શિષ્યનો જીવનરાહ બદલી નાંખે છે. મારી જીવન નૌકાને યોગ્ય મોડ આપનાર આવા ઉત્તમ ગુરુ મને મળ્યા એ મારું પરમ સૌભાગ્ય છે. શરૂઆતનાં ટૂંકા પરિચયમાં જ જ્યારે મારી સંયમ સ્વીકારની ભાવના જાણી ત્યારે ભાવનાથી ચલિત ન થવાય તે માટે પૂજ્યપાદશ્રી એટલે કે મારા દાદાગુરુદેવે મને ચતુર્થવ્રતની બાધા આપી. પછી તો ટૂંક સમયમાં જ મેં સંસારનો ત્યાગ કરી પૂજ્યપાદશ્રીના ચરણોમાં જીવન સમર્પિત કર્યું. સંયમ જીવનની શરૂઆતથી જ પૂજ્યપાદશ્રીની ભક્તિ-વૈયાવચ્ચ કરવાનો લાભ મને મળતો રહ્યો છે. પૂજ્યપાદશ્રીના સાંનિધ્યમાં રહેતાં તેઓશ્રીના અનેક ગુણોનો પ્રત્યક્ષ સ્પર્શ કરવાનો મને અવસર મળ્યો છે. તે મારું સૌભાગ્ય છે.

પૂજ્યપાદશ્રી અનેક ગુણોના ભંડાર છે. સહનશીલતા, સમતા, સંયમ-ચુસ્તતા, નિસ્પૃહતા, જ્ઞાનલીનતા, સ્વાધ્યાય-રસીકતા, શાસનદાઝ, અધ્યયન-અધ્યાપન-રમણતા, ધ્યાન-મગ્નતા, સરળતા, નિખાલસતા આદિ અનેક ગુણોની સ્પર્શના પૂજ્યપાદશ્રીના સાંનિધ્યમાં રહેતાં અવારનવાર થયા કરે છે. પૂજ્યપાદશ્રીનું જીવન એક ખુલ્લી કિતાબ જેવું છે; જેનું એક એક પૃષ્ઠ વાંચતાં આપણને નવી નવી પ્રેરણાઓ મળતી જાય છે.

પૂજ્યપાદશ્રી નાની વયમાં આચાર્ય થયા; છતાં પદનો મદ ક્યારેય કર્યો નથી. આચાર્યપદની ગરિમાને જાળવી રાખી છે. આચાર્ય થયા પછી પણ જ્ઞાનસાધના અવિરત ચાલુ રાખી છે. જે હજુ પણ ચાલી રહી છે. હાલ પૂજ્યશ્રીની પાવન પ્રેરણાથી અમદાવાદમાં ચાર ચાર પાઠશાળાઓ ચાલી રહી છે, જેમાં અનેક સાધ્વીજી ભગવંતો જૈન શાસનનાં ઊંડાં રહસ્યોને પામી રહ્યાં છે. વિ.સં. ૨૦૦૯થી શરૂ થયેલી જ્ઞાનપરબ વિ.સં. ૨૦૫૯માં ૫૦ વર્ષ પૂર્ણ કરશે. જ્ઞાન પ્રાપ્ત કરવું અને પ્રાપ્ત કરેલા જ્ઞાનને પચાવવું એ બે અલગ બાબત છે. પૂજ્યશ્રીએ જ્ઞાન પચાવી જાણ્યું છે. પૂજ્યશ્રી આત્મશ્લાઘાથી હંમેશાં દૂર રહે છે. કોઈ તેઓશ્રી માટે જરા પણ પ્રશંસાના શબ્દો કહે ત્યારે તરત જ પૂજ્યશ્રી બોલી ઉઠે કે, "આપણા મહાપુરુષોની સરખામણીએ આપણે શું છીએ ?" પૂજ્યજ્ઞશ્રીની આચાર-ચુસ્તતા પણ ખૂબ કડક છે. આચાર બાબતમાં જરા પણ બાંધછોડ કરવા તૈયાર નહોય ! પૂજ્યશ્રીની દૈનિક ક્રિયા પણ અપ્રમત્ત ભાવની, ઉપયોગપૂર્વકની જોવા મળે. પૂજ્યશ્રી લોકસંજ્ઞાથી ક્યારેય રંગાયા નથી. જ્યારે પણ જુઓ, પાટ પર બેઠા હોય ત્યારે, સ્વાધ્યાયનું પુસ્તક પૂજ્યશ્રીની પાસે જ હોય. પૂજ્યશ્રી અવારનવાર અમને કહે કે "સ્વાધ્યાય તો સાધુ જીવનની ગોચરી છે." અમને નાના સાધુઓને ભેગા થઈને ગપાટા મારતા જુએ કે તરત ટકોર કરે, "તમારો અમુલ્ય સમય શા માટે બગાડો છો ? સ્વાધ્યાય કરો ! ભણો !"

પૂજ્યશ્રીના સ્વાધ્યાય ગ્રંથોમાં હાલ સૌથી પ્રિય ગ્રંથ હોય તો પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મ.સા.નો રચેલો "શ્રી શાંતસુધારસ ગ્રંથ" છે. આ ગ્રંથમાં લેખકશ્રીએ અનિત્યાદિ ૧૨ ભાવના અને મૈત્ર્યાદિ ૪ ભાવનાનું અદ્દભુત વર્ણન કર્યું છે. તેમાં રહેલા ભાવોથી પૂજ્યશ્રી જાણે શાંતરસરૂપી અમૃતનું પાન કરતા હોય તેવા

આનંદની અનુભૂતિ કરતા હોય છે. આ ઉપરાંત સહસ્રાવધાનિ શ્રી મુનિસુંદરસૂરિજીએ રચેલો ''અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રંથ'' (તેનો ૧૩મો ઉદ્દેશોયતિશિક્ષાધિકાર ખાસ), ''શ્રી પંચસૂત્ર'', પૂ. ઉપાધ્યાયજી મ.સા.નો ''અધ્યાત્મસાર ગ્રંથ'', ''અધ્યાત્મોપનિષદ્ ગ્રંથ'', જ્ઞાનસાર પ.પૂ.આ. શ્રી હરિભદ્રસૂરિજી મ.નો ''અષ્ટક પ્રકરણ'', પૂજ્ય ઉમાસ્વાતિજી મ.સા.નો ''પ્રશમરતિ ગ્રંથ'', પૂજ્ય કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીનો વિતરાગ સ્તોત્ર આદિ ગ્રંથો મુખ્ય છે.

પૂજ્યશ્રીનો સ્વાધ્યાય પણ માત્ર ગાથા ગણી જવા પૂરતો જ નહીં પરંતુ ગાથાના જે શબ્દો અને તેના જે ભાવ ઉભયની આત્મસ્પર્શનાપૂર્વકનો હોય છે. સ્વાધ્યાય કરતાં પૂજ્યશ્રી ઘણીવાર ચિંતનમાં ઊંડા ઉતરી જાય તો અમને પાસે બોલાવી મહાપુરુષોએ રચેલા શ્લોકોના ભાવોની અમને પણ સ્પર્શના કરાવે ! તેનાં ઊંડા રહસ્યને સ્પષ્ટ કરે !

૮૫ વર્ષની જૈફ વયે પણ કેવી જ્ઞાનરમણતા ! તે પ્રત્યક્ષ નિહાળતાં જ મસ્તક અહોભાવથી ઝુકી જાય છે.

પૂજ્યશ્રીના અનેક ગુણોમાં જો કોઈ વિશિષ્ટ પરાકાષ્ઠાએ પહોંચેલો ગુણ હોય તો સહનશીલતા અને સમતાનો છે, જે અનુભવતાં અમારા રોમરોમ પુલકિત થઈ જાય છે. પ્રત્યેક વિપરિત પ્રસંગોમાં એક આલંબનભૂત બને છે.

પૂજ્યશ્રીએ સંયમ સ્વીકાર્યું ત્યારથી જ શારીરિક પ્રતિકૂળતાનો સામનો કરવો પડ્યો છે. છતાં ક્યારેય તેઓશ્રી નિરાશ બન્યા નથી. સમતાને કેળવી છે. હમણાં તાજેતરમાં જ એક પ્રસંગ બની ગયો. પૂજ્યશ્રીને પેશાબની તકલીફ વર્ષોથી રહી છે. ઘણાં ઓપરેશનો થઈ ગયાં પરંતુ તકલીફ ચાલુ જ રહી છે. હમણાં જરા તકલીફ વધતાં ડૉકટરોએ ઑપરેશન કરાવવા સલાહ આપી. ઑપરેશન કરાવ્યું, પણ કાંઈ વિશેષ લાભ જેવું લાગ્યું નથી. છતાં પૂજ્યશ્રીના મુખ ઉપર જરા પણ ગ્લાનિ દેખાતી નથી. જ્યારે જુઓ ત્યારે, અત્યંત પીડાને સમયે પણ, પૂજ્યશ્રીનું મુખ પ્રસન્ન જ હોય ! પૂજ્યશ્રીની નાદુરસ્ત તબિયત જોઈ કોઈ ભક્ત ઉદાસીન દેખાય ત્યારે પૂજ્યશ્રી તરત બોલી ઉઠે, ''મને સારું છે. કાંઈ ચિંતા કરશો નહીં, ઘણું જીવ્યા.'' તરત પોતાના પૂર્વ-વડીલોને સંભારી કહે, ''કોણ જાણે મને જ આટલાં બધાં વર્ષો શાસનની સેવા કરવાનો અવસર મળ્યો એ મારો પરમ પુણ્યોદય છે. મારા બધા વડીલો તો લગભગ ૫૦-૫૫ની અંદર જ કાળ કરી ગયા છે.'' બસ ! આ જ એક આલંબનને આગળ કરી ગમે તેવી કપરી પરિસ્થિતિનો હળવાશથી સામનો કરી રહ્યા છે.

આપણો તપાગચ્છ સંઘ એક થાય તેવી ભાવના પૂજ્યશ્રીના મનમાં વર્ષોથી રહેલી છે. તે ભાવના હજુ સુધી સંપૂર્ણ સફળ થઈ નથી, તેનું પૂજ્યશ્રીને ભારે દુઃખ છે. પરંતુ એટલો સંતોષ છે કે અત્યારે આપણે સર્વ સમુદાયના મુનિ મહાત્માઓ સાથે બેસીને હળવાશથી ચર્ચા-વિચારણા કરી શકીએ છીએ.

પૂજ્યશ્રીએ પોતાના જીવનમાં અત્યંત કટોકટીના સમયે પણ સાધુ જીવનના બાધક પરિબળોનો ઉપયોગ કર્યો નથી. ''આચાર: પ્રથમો ધર્મ:''નું પોતાના જીવનમાં પાલન કરીને પોતાને પ્રાપ્ત થયેલ આચાર્યપદને શોભાવ્યું છે. વૈશાખ સુદ ૫ (વિ.સં. ૨૦૫૭)ના રોજ પૂજ્યશ્રીએ આચાર્યપદનાં ૫૦ વર્ષ પૂર્ણ કરેલ છે, ત્યારે પૂજ્યપાદશ્રીનાં ચરણોમાં અજ્ઞાની એવા સેવકનાં ૧૦૦૮ વાર વંદન.....

આપશ્રીનાં ચરણોની ઉપાસના કરતાં અમારામાં પણ એવા ગુણો પ્રગટે અને તેના દ્વારા પ્રભુશાસનની આરાધના કરતાં વહેલામાં વહેલા પરમપદને પ્રાપ્ત કરીએ એવા મંગળ આશીર્વાદની અભ્યર્થના.....



www.jaintatvagyanshala.org

# There are three elements in world : The God, The Guru and The Religion

•

**Muni Purnachandra Vijay**

There are three basic elements in this world viz. Devtatva, Gurutatva, & Dharmatatva.

Devtatatva is universal but silent. Fortunately Gurutatva is vocal. Dharmatatva remains with us in this life and also the life beyond.

What shall we expect of our Lord; which contains Devtatva !

"O My Lord ! If I ask for a pity; I will ask from you only this. Kindly see that I do not become a subject of pity for others."

A man has a limited sources; but the Grace of God is unlimited. When a man gives you something, he will be aloof even when he gives. A man will snatch away your liberty when he gives something; whereas God gives you His Grace and your liberty both together.

The life will become upward while worshipping the God with the grace of Gurutatva. Gurutatwa is double blessed and gives light from both ends.

Acharya Bhagavant "Ramsurishwarji Maharaja" is crown among character and he enlightens all moments of his great family by strict performance of "Achar Dharm" (આચાર ધર્મ) He is a person without pride and is always engaged in persuit of knowledge. His knowledge accompanied by character is like a fragnant flower ! At times he has even apologied to a small and young sadhu like me without consideration of his status & position. This his real greatness.

The ice mingles with rays of sun, sacrifices his own body but does not give up easily.

The great people could realise their own limitations and their own strengths also. Such great people can achieve self development. For such great people silence is symbol of their limitation but for us it is a cover for our ignorance.

Intelligence is burden for an ignorant person but for intelligent person it is real strength, It is a virtue, It is beacon light signling path to people in deep ocean.

"Supreme ! give your kind blessings to us.
Give us the good blessings."



www.jaintatvagyanshala.org

From today onwards we take a religious vow that for the protection of our sharan we will become restraint of the cupidity (अनुरागी) and to be raved from our sins we will become alert. After that every day we will perform the six necessary inevitables (आवश्यक).

(1) During observance of equarimity (સામાયિક) we will experience equilibrium (સમતા) and will engross in spritual knowledge and meditation (ધ્યાન).

(2) Everyday we will pray regularly the Tirthankars of past, present & future and fivefold Lords (પંચ પરમેષ્ઠિ).

(3) Everyday regularly we will bow down both the Particals (તત્વ) i.e. Lord and the preceptor.

(4) Everyday in the early morning and evening we will perform retrospection (પ્રતિક્રમણ) to be saved from the sins and to remove the attached sins (કર્મ).

(5) Regularly we will perform imbbibing ourselves (one kind of meditation) (કાયોત્સર્ગ) for the annihilation of our motivation (કર્મ) and for the annihilation (ક્ષય) of miseries.

(6) We will take repentance (આલોચના-પ્રાયશ્ચિત્ત) of smallest and little sins from our most knowledgable preceptor. (ગીતાર્થ ગુરૂ).

**સમય :**

अनावर्ती कालो व्रजति ।

कभी न लौटनेवाला समय जा रहा है ।

अज्ञात

आयुषः क्षण एकोऽपि न लभ्यः स्वर्णकोटिभिः ।

स वृथा नीयते येन तस्मै नृपशवे नमः ॥

કરોડો સુવર્ણ મુદ્રાઓ આપીને પણ આયુષ્યની એક ક્ષણ પણ પ્રાપ્ત કરી શકાતી નથી. આવી દશામાં આ બહુમૂલ્ય ક્ષણ જે વ્યર્થ વિતાડે છે તે મનુષ્ય રૂપ પશુને નમસ્કાર છે.

અજ્ઞાત

# ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ-૨ની ચિંતનકણિકાઓ

●

ડૉ. અનિલ કે. શાસ્ત્રી

હેમચંદ્રાચાર્ય રચિત ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રના આ લેખમાં પર્વ-૨ની ચિંતનકણિકાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર વિષે એમ કહી શકાય કે-

**"यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित् ।"**

અર્થાત્ "જે અહીં છે તે અન્ય સ્થળે છે, જે અહીં નથી તે ક્યાંય નથી." મારા આ વિચારને જાણે કે સમર્થન મળતું હોય તેમ 'હેમ' સમીક્ષામાં મધુસૂદન મોદી સાહેબે પણ એ જ કહ્યું કે "હેમચંદ્રાચાર્યના ત્રિષષ્ટિશલાકા-પુરુષ માટે પણ મહાભારતની જેમ કહી શકાય કે - એમ કહીને ઉપરોક્ત વિધાન ટાંકેલ છે.

પર્વ-૨ની ચિંતનકણિકાઓમાં વિષય વૈવિધ્ય દૃષ્ટિગોચર થાય છે. જેમ કે – નિપુણ લોકો, મનસ્વી પુરુષો, મહાપુરુષો, મહાત્મા, શક્તિવંત પુરુષો, જિનેશ્વર, સત્પુરુષ, પૂજ્યપુરુષો, મહત્પુરુષો, સંયત લોકો, શુભાત્મા લોકો (પુરુષો), ઈશ્વરી પુરુષો, ઋદ્ધિવાલા મહાત્માઓ, સમર્થ નાયક, ચક્રવર્તી, પરાક્રમી પુરુષો, સત્પુરુષો, ભગવાનના ચરણાનુરાગી પુરુષો, સ્વાર્થ ભ્રષ્ટ એ મૂર્ખતા, ગુરુની આજ્ઞાનું મહત્ત્વ, લક્ષ્મી વિષયક, રાજા જેમ તપસ્વીના તપનો ભાગી તેમ પાપીના પાપનો ભાગી, દેવતા વિષયક, ઔષધ વિષયક, પરમાર્થ, ભાવથી થયેલ યતિનું મહત્ત્વ, ચિંતામણિનો મહિમા, સામે જવું તે પૂજાથી પણ અધિક, અધિકારીને અધિકારનો પ્રમાદ ભયરૂપ, આભૂષણો અને ઉત્તમ સ્થાનનું સાયુજ્ય, સ્વામીનો મહિમા, ઉત્કંઠાનો મહિમા, અલ્પબુદ્ધિવાનને વિચાર હોતો નથી, સામવાણીનો મહિમા, સરલ પુરુષ અને જળનો સ્વભાવ સમાન, પુત્રવિયોગનું દુઃખ માતપિતાને સમાન, કપટી અને સરલ મનુષ્યને શાશ્વત શત્રુતા, પશુઓ પણ સ્ત્રીનો પરાભવ સહન કરી શકતા નથી ઈત્યાદિ. આમ ઉપરોક્ત ચિંતનકણિકાઓમાં પણ સમાજનાં વિભિન્ન વર્ગોને સ્પર્શીને પોતાનું ચિંતન પ્રગટ કરવામાં આવ્યું છે. ઉપરોક્ત ચિંતનકણિકાઓનાં દૃષ્ટાંતો જોઈએ.

### નિપુણ લોકો

(૧) चिकित्सते हि निपुणैरङ्गोद्भवमपि व्रणम् ॥ २-१-२७ ॥

નિપુણ લોકો પોતાના અંગમાં થયેલા વ્રણની પણ ચિકિત્સા કરે છે.

### મનસ્વી પુરુષો

(૨) उत्तस्थौ निश्चिते कार्ये नालसन्ति मनस्विनः ॥ २-१-१४३ ॥

મનસ્વી પુરુષો નિશ્ચિત કાર્યમાં આળસ કરતા નથી.

### મહાપુરુષો અને મહત્પુરુષો

(૩) महापुमांसो गर्भस्था अपि लोकोपकारिणः ॥ २-२-१०६ ॥

(અહો !) મહાપુરુષો ગર્ભાવસ્થાની સ્થિતિમાં પણ લોકોને ઉપકારી થાય છે.

(૪) महत्सु याञ्चाऽन्यस्याऽपि न मुधा किं पुनस्तुकाम् अपत्यानाम् ॥ २-५-६१ ॥

મહાન પુરુષોની પાસે બીજાની યાચના વ્યર્થ થતી નથી તો પોતાના પુત્રની યાચના કેમ વ્યર્થ થાય ?



www.jaintatvagyanshala.org

(५) आवश्यकविधिर्ह्यलङ्घ्यो महतामपि ॥ २-३-३७३ ॥
મહત્પુરુષો પણ આવશ્યક વિધિનું ઉલ્લંઘન કરતા નથી.

(६) महान्तो न व्यजन्ति हि ॥ २-४-१४६ ॥
મહાન પુરુષો પણ (કરવા યોગ્ય કાર્યને) છોડતા નથી.

(७) तादृशामभियोगे हि कम्पन्ते पर्वतो अपि ॥ २-४-१४७ ॥
તેવા (મહાન પુરુષોનો) અભિયોગ (ઉદ્યોગ) થતાં પર્વતો પણ કંપે છે.

(८) तुष्यन्ति हि महीयांसः सेवामप्या गिराऽपि हि ॥ २-४-२६५ ॥
મોટા લોકો વાણીથી જ પોતાની સેવાનો સ્વીકાર સાંભળી સંતુષ્ટ થાય છે.

**મહાત્મા**

(९) सर्वं हि शुभमेव स्याज्जन्मतोऽपि शुभात्मनाम् ॥ २-२-१३० ॥
મહાત્માના જન્મથી સર્વ સારું જ થાય છે.

(१०) वयो गौणं महात्मनाम् ॥ २-३-८ ॥
મહાત્માઓની વય ગૌણ હોય છે.

(११) प्रणिपातावसानो हि कोपाटोपो महात्मनाम् ॥ २-४-२३९ ॥
મહાત્માઓનો ક્રોધ પ્રણિપાતપર્યંત જ હોય છે.

**શક્તિવંત પુરુષો**

(१२) भङ्ग्यन्तरेण कविवच्छक्ताः स्वं ज्ञापयन्ति हि ॥ २-२-४९१
શક્તિવંત પુરુષો કવિઓની જેમ અન્ય અન્ય પ્રકારની રચનાથી પોતાના આત્માને જણાવે છે.

(१३) कृष्टाश्चेष्ट्य इवाऽऽयान्ति शक्त्या शक्तिमतां श्रियः ॥ २-४-१७५ ॥
શક્તિવંતને પોતાની શક્તિ વડે જ સર્વ પ્રકારની લક્ષ્મી દાસીની જેમ સ્વયમેવ જ પ્રાપ્ત થાય છે.

(१४) अनुत्सुकानां शक्तानां लीलापूर्वाः प्रवृत्तयः ॥ २-४-२८७ ॥
ગર્વ રહિત એવા શક્તિવંત પુરુષોની પ્રવૃત્તિ લીલાપૂર્વક જ થાય છે.

**જિનેશ્વર**

(१५) त्रिज्ञाना हि स्वतो जिनाः ॥ २-३-२२ ॥
જિનેશ્વરો જન્મથી જ ત્રણ જ્ઞાનવાળા હોય છે.

**સત્પુરુષ**

(१६) सतां ह्यलङ्घ्या गुर्वाज्ञा मर्यादादेन्वतामिव ॥ २-३-९३ ॥
સમુદ્ર મર્યાદાની જેમ સત્પુરુષોને ગુરુજનની આજ્ઞા દુર્લંઘ્ય છે.

(१७) स्वाम्यवज्ञाभयं सतां ॥ २-३-३४१ ॥
સત્પુરુષોને સ્વામીની અવજ્ઞાનો ભય બળવાન છે.

**પૂજ્યપુરુષો**

(१८) पूज्यैरभक्तोऽपि शिशुः शिष्यते न तु हीयते ॥ २-३-१४५ ॥
પૂજ્ય પુરુષો અભકત શિશુને પણ શિક્ષા આપે છે, તેને છોડી દેતા નથી.

**સંયત-પુરૂષો**

(૧૯) प्रायः प्रावृष उद्धं न, तिष्ठन्त्येकत्र संयताः ॥२-३-८८० ॥
ઘણું કરીને સાધુ પુરૂષો વર્ષાકાળ પછી એક ઠેકાણે રહેતા નથી.

**શુભાત્મા પુરુષો**

(૨૦) धर्मे धर्मोपदेष्टारः साक्षीमात्रं शुभात्मनाम् ॥ २-३-१०७ ॥
મહાપુરુષોને ધર્મોપદેશક પુરુષો ધર્મમાં સાક્ષીમાત્ર જ હોય છે.

**ઈશ્વરી પુરુષો**

(૨૧) भक्तेष्वीशा हि प्रतिपत्तिदाः ॥ २-४-१०८ ॥
ઈશ્વરી પુરુષો પોતાના ભક્તોનું માન વધારનારા હોય છે.

**ઋદ્ધિવાળા મહાત્માઓ**

(૨૨) महात्मनां महर्द्धीनामुत्सवा हि पदे पदे ॥ २-४-१३५ ॥
મોટી ઋદ્ધિવાળા મહાત્માઓને પગલે પગલે ઉત્સવ હોય છે.

**સમર્થ નાયક**

(૨૩) विश्वत्राणक्षमे नेतर्याप्ते कः प्रीयते न हि ? ॥ २-३-९५ ॥
વિશ્વને રક્ષણ કરવામાં સમર્થ એવો નાયક પ્રાપ્ત થાય તો કોણ પ્રસન્ન ન થાય ?

**ચક્રવર્તીનો મહિમા**

(૨૪) सेवनीयाश्चक्रिणो हि देवैरपिं नरैरिव ॥ २-४-१५० ॥
ચક્રવર્તીઓ મનુષ્યની જેમ દેવતાઓને પણ સેવવા યોગ્ય હોય છે.

**પરાક્રમી પુરુષો**

(૨૫) नास्ति विदेशः कोऽपि दोष्मताम् ॥ २-४-२४५ ॥
પરાક્રમી પુરુષોને કોઈ પણ વિદેશ નથી.

**ભગવાનના ચરણાનુરાગી પુરુષો**

(૨૬) स्वामिपादानुगमनव्रतानामुचितं ह्यदः ॥ २-३-२६६ ॥
ભગવાનના ચરણને અનુસરવારૂપી વ્રતવાળા પુરુષોને એ જ ઉચિત છે.

**સ્વાર્થ ભ્રષ્ટ એ મૂર્ખતા**

(૨૭) स्वार्थभ्रंशो हि मूर्खता ॥ २-१-६५ ॥
સ્વાર્થભ્રષ્ટ થવું તે જ મૂર્ખતા કહેવાય છે.

**ગુરુની આજ્ઞાનું મહત્ત્વ**

(૨૮) गुर्वाज्ञाकरणं सर्वगुणेभ्यो ह्यतिरिच्यते ॥ २-१-१९४ ॥
ગુરુની આજ્ઞા અંગીકાર કરવી તે સર્વ ગુણથી અધિક ગુણ છે.

**રાજા જેમ તપસ્વીના તપનો ભાગી તેમ પાપીના પાપનો ભાગી**

(૨૯) तत्पापानां नृपो भागी, तपस्वितपसामिव ॥ २-१-२२३ ॥

**લક્ષ્મી વિષયક**

(૩૦) अगृध्नोरनुगा लक्ष्म्यः सुभगस्येव योषितः ॥
સૌભાગી પુરુષને સ્ત્રીઓની જેમ અલુબ્ધ પુરુષને લક્ષ્મી હંમેશા અનુગત રહે છે.

**દેવતા વિષયક**

(૩૧) देवतानां जन्मसिद्धाः खलु वैक्रियलब्धयः ॥ २-२-१७२ ॥
દેવતાઓનો વૈક્રિયલબ્ધિ જન્મથી જ સિદ્ધ થાય છે.

(૩૨) अप्युद्यानान्युद्भवन्ति, देवतानां प्रभावतः ॥ २-२-२२४ ॥
દેવતાના પ્રભાવથી ઉદ્યાન પણ તત્કાળ ઉત્પન્ન થાય છે.

(૩૩) निष्पद्यन्ते सुमनसां मनसा हीष्टसिद्धयः ॥ २-२-३०७ ॥
દેવતાઓની ઈષ્ટસિદ્ધિ મન વડે જ થાય છે.

(૩૪) एकधाऽनेकधा च स्युः कामरुपा दिवौकसः ॥ २-२-३३८ ॥
કામરૂપી દેવતાઓ એક છતાં અનેક રૂપવાળા થઈ શકે છે.

(૩૫) तपोग्राह्या हि देवताः ॥ २-४-१८० ॥
દેવતાઓ તપથી ગ્રાહ્ય થાય છે.

**ઔષધ વિષયક**

(૩૬) यथा व्याधि हि भेषजम् ॥ २-३-७६ ॥
જેવો વ્યાધિ તેવું ઔષધ હોય છે.

**પરમાર્થ**

(૩૭) तदेव हि निजं कार्यं परकार्यमतः परम् ॥ २-३-८० ॥
તે (પરમાર્થ) એ જ પોતાનું કાર્ય છે, તે સિવાય બીજું સર્વ પરકાર્ય છે.

**ભાવથી થયેલ યતિનું મહત્ત્વ**

(૩૮) भावतोऽपि यतिर्यतिः ॥ २-३-९० ॥
ભાવથી યતિ પણ યતિ જ કહેવાય છે.

**ચિંતામણિનો મહિમા**

(૩૯) दासन्ति ह्यन्यमणयः सर्वे चिन्तामणेः पुरः ॥ २-३-११० ॥
બીજા મણિઓ ચિંતામણિની પાસે દાસરૂપ થઈને જ રહે છે.

**કાલ વિષયક**

(૪૦) कालो हि दुरतिक्रमः ॥ २-६-१३६ ॥
કાળ છે તે દુરતિક્રમ છે.

**સિદ્ધરસનો મહિમા**

(૪૧) स्वर्णीस्यतां सिद्धरसात् सीसक - त्रपुणी अपि ॥ २-३-९०८ ॥
સિદ્ધરસથી સીસુ અને લોખંડ બન્ને સુવર્ણ થઈ જાય છે.



www.jaintatvagyanshala.org

**સામે જવું તે પૂજાથી પણ અધિક**

(૪૨) पादचारेणोपस्थानं पूजातोऽप्यतिरिच्यते ॥ २-४-११ ॥

**અધિકારીને અધિકારનો પ્રમાદ ભયરૂપ**

(૪૩) स्वाधिकारप्रमादित्वं भीतये ह्यधिकारिणाम् ॥ २-४-१३ ॥

**આભૂષણો અને ઉત્તમ સ્થાનનું સાયુજ્ય**

(૪૪) प्रयान्ति ह्युत्तमस्थाने भूषणान्यपि भूष्यताम् ॥ २-४-३२ ॥

આભૂષણો પણ ઉત્તમસ્થાનને પામીને વધારે શોભા પામે છે.

**સ્વામીનો મહિમા**

(૪૫) स्वामीदत्तमाहात्म्याः खलु सेवकाः ॥ २-४-८२ ॥

સેવકોનું માહાત્મ્ય સ્વામી જ વધારે છે.

**ઉત્કંઠાનો મહિમા**

(૪૬) उत्कंठा (उत्कण्ठा) हि बलियसी ॥ १-५-१३ ॥

ઉત્કંઠા બળવાન છે.

**સામવાણીનો મહિમા**

(૪૮) शशाम सामवागम्भः कोपाग्नेः शमनं सताम् ॥ २-५-२५५ ॥

સત્પુરુષોના કોપાગ્નિને શાંત કરવામાં પણ સામવાણી જળરૂપ થાય છે.

**સરલ પુરુષ અને જળનો સ્વભાવ સમાન**

(૪૯) नीयते यत्र तत्राऽम्भो गच्छत्यृजुपुमानिव ॥ २-५-१६३ ॥

સરલ પુરુષની જેમ જળ જ્યાં લઈ જઈએ ત્યાં જાય છે.

**પુત્ર વિયોગનું દુઃખ માતાપિતાને સમાન**

(૫૦) पितुर्मातुश्च तुल्यं हि दुःखं सुतवियोजम् ॥ २-६-१७२ ॥

**ગુરુની વાણીનો મહિમા**

(૫૧) अस्मिन्नसारे संसारे सारं गुरुगिरः परम् ॥ २-१-१३५ ॥

આ અસાર સંસારમાં ગુરુની વાણી જ પરમ સાર છે.

આમ ઉપરોક્ત ચિંતનકણિકાઓ શાશ્વત સત્યનું વિધાન કરનારી છે.

**અનિત્ય :**

अनित्यं यौवनं रुपं जीवितं द्रव्यसंचयः ।
आरोग्यं प्रियसंवासो गृध्येत् तत्र न पण्डितः ॥

યૌવન, રૂપ, જીવન, ધન સંગ્રહ, આરોગ્ય અને પ્રિયજનોનો સમાગમ તે બધુ જ અનિત્ય છે. વિવેકશીલ પુરૂષોએ તેમાં આસક્ત રહેવું જોઈએ નહીં.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# સંદેશાઓ

આ શુભપ્રસંગે અમારી ભૂરિ ભૂરિ અનુમોદના જણાવીએ છીએ ! સ્વાસ્થ સદાય સારું રહે અને શ્રી જિનશાસનનું જે કુશળતાથી સુકાન સંભાળ્યું છે તે જ રીતે અનેકાનેક વર્ષો સુધી શાસન પ્રભાવના આપશ્રીના વરદ હસ્તે થતી રહે એ જ શ્રી જિનશાસન દેવને પ્રાર્થના.

આચાર્ય વિજય પ્રેમવિજયસૂરિ
શંખેશ્વર ચૈ. વદ-૫

"પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજયરામસુરિજી મહારાજ વયોવૃદ્ધ-જ્ઞાનવૃદ્ધ-ચારિત્રવૃદ્ધ અને ગંભીરાર્થ વિચારસરણીવાળા છે એટલું જ નહિ પરંતુ આવી રીતના સંયમ પાલન, ક્રિયારતતા અને જ્ઞાન ગંભીરતાદિગુણો આ કાળના આત્માર્થી આત્માઓ માટે આદર્શ દૃષ્ટાંતરૂપ ગણાય તેવા છે."

નરેન્દ્રસાગરસૂરિ

આપશ્રીની અધ્યક્ષતા હેઠળ સંવત ૨૦૫૪ના સંમેલનમાં શાસનની એકતા ઉન્નતિનું યશસ્વી કાર્ય થવા પામેલ જેના કારણે સંઘમાં-શાસનમાં મહદંશે શાંતિ અને એકતાનું સુંદર વાતાવરણ સર્જાયેલ છે. ૫૦માં વર્ષના મંગલ અવસરે શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે આપને નિરાબાધ દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય અને આપના હસ્તે શાસનનાં અનેક યશસ્વી કાર્ય થતાં રહે. આપશ્રીના દીર્ઘ સંયમપર્યાય તથા આચાર્યપદપર્યાયની હાર્દિક અનુમોદના..

આચાર્ય વિજય જયઘોષસૂરિ
વૈ.સુ.૨ ગોરેગાંવ જવાહરનગર, મુંબઈ, તા. ૫-૫-૨૦૦૦

શાસનધોરી એવા સૂરિપદના ૫૦મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આપશ્રીને શત શત અભિનન્દન તેમજ ભક્તિવંદના પાઠવતાં હૈયું પુલકિત બની રહ્યું છે. આપ શતાયુ હો અને સંઘ શાસનને સફળ-સબળ નેતૃત્વ પુરું પાડો તેવી ભક્તિમય પ્રાર્થના શાસનદેવ પ્રત્યે કરું છું.

આચાર્ય વિજય શીલચન્દ્ર
ચૈ.વ. ૧૩ ઓપેરા

સંપૂર્ણ તપાગચ્છમાં એકમાત્ર પૂજ્યશ્રી જ દીર્ઘસંયમ પર્યાયવાળા વયોવૃદ્ધ ગંચ્છસ્થવીર છે; તેથી તેઓશ્રીની આચાર્ય પદવીની ગોલ્ડન જ્યુબિલી ઉજવવાનો અવસર અપૂર્વ, અનુપમ, અદ્વિતીય, ઐતિહાસિક અને ગૌરવવંત લેખાશે. પૂજ્યશ્રીના સાનિધ્યમાં-નિશ્રામાં અનેકાનેક સર્વોત્તમ કાર્યો થાય એવી અંતઃકરણની ભાવના ! પૂજ્યશ્રી દીર્ઘાયુ બને એ જ શાસનદેવને પ્રાર્થના.

આચાર્ય વિજય લબ્ધિસૂરિ
૨૪/૩/૨૦૦૦



www.jaintatvagyanshala.org

પ.પૂ.આ.ભ. શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા.નો શ્રી સૂરિપદ પર્યાયના ૫૧મા મંગલવર્ષમાં પ્રવેશ થાય છે તે આનંદની વાત છે-અનુમોદનાની વાત છે. અમો આપશ્રીના દર્શન, જ્ઞાન, ચારિત્રની અનુમોદના કરીએ છીએ.

**આચાર્ય વિજય વિમલભદ્રસૂરિ**

**તા. ૧/૫/૨૦૦૦**

જિન શાસનમાં આપશ્રીએ આચાર્યપદ પ્રાપ્ત કર્યા પછી અનેક કાર્ય કરી જિનશાસનની સેવા કરી અનેક આત્માઓનો ઉત્થાન કર્યો છે તે બધાની અનુમોદના કરીએ છીએ. ભવિષ્યમાં પણ આપશ્રી જિન શાસનની મહાન પ્રભાવના કરી અનેકના તારણહાર બનો એવી જિનશાસનદેવને પ્રાર્થના ! આવા વિશિષ્ટ મહોત્સવની અર્ધશતાબ્દિ પ્રસંગે ભૂરિ ભૂરિ અનુમોદના.

**આચાર્ય વિજય ગુણરત્નસૂરિ**

**નવસારી ચૈ.સુ. ૭**

આપશ્રી ૫૦મા વર્ષમા સૂરિપદ પર્યાયમાં પૂરાં કરી રહ્યા છો તેથી અમો ધન્ય ધન્ય આનંદ અનુભવી રહ્યા છીએ. આપે અમારા જેવા અનેક જીવોને સંસારના કીચડમાં ખૂપી ગયા હતા તેમનો ઉદ્ધાર કરવામાં ખુબખુબ પરિશ્રમ કર્યો છે. અમારા જેવા કેટલાય આત્માને ચારિત્ર ગ્રહણ કરાવીને જીવનને ધન્ય ધન્ય બનાવી રહ્યા છો. એ આપનો જ પ્રયાસ છે. આપના શાંત સ્વભાવ અને સ્વાધ્યાયલીનતા એજ અમારા જીવનને પ્રકાશિત કરી ઉજ્જવળ બનાવ્યો છે. આપશ્રીએ અમોને સંસારી જીવનના પતિ-પત્નીને દિવ્યવાણી દ્વારા મોક્ષમાર્ગ પ્રસ્થાન રૂપ સાધુ જીવનની દિવ્યતા પ્રગટાવવા માટે ઉદ્‌બોધન કરી સંયમ જીવનમાં સ્થિરતા કરાવી છે. તે ઋણ ભવોભવ સુધી ચુકવી શકીએ તેમ નથી. ખરેખર આપ પૂજ્યશ્રી ગુરુજી મળ્યા ન હોત તો અમો સંસારમાં કીચડમાં સબડતા હોત. કોટિ કોટિ વંદના.

**મુનિરાજ શ્રી રાજચન્દ્રવિજયજી**

પૂજ્ય ગુરૂદેવશ્રીએ તેમના જીવન કાળ દરમિયાન ઘણી ઘણી સાધના, આરાધના અને ચારિત્ર ચુસ્તતા આદિ ગુણો વિકસાવવાની સાથે સાથે જૈન શાસનની પ્રભાવનામાં પણ શિરમોર રહ્યા છે જેમને વર્તમાન યુગના તેજસ્વી તારલા કહી શકાય. આજે ૮૪ વર્ષની જૈફવયે પણ નિરંતર સ્વાધ્યાયમાં મગ્ન હોય છે ક્રિયા પ્રત્યે સજાગતા પણ ચુસ્ત હોય છે. સ્વાધ્યાય પ્રત્યે તીવ્ર પ્રેમ, સ્વાધાય ન હોય તો સાધુ પણ નથી તેવી તીવ્ર યાચના, જ્ઞાનમાં અજોડ રમણીયતા, અપામ વૈરાગ્યભાવ, અતુટ ચારિત્ર ચુસ્તતા, અનેકવિધ શાસન પ્રભાવના, આવા અનેક ગુણોને ધારણ કરનાર આ યુગના પ્રભાવક યુગયુગમાં પૂજ્યશ્રીનું નામ અમર છે. પરમકૃપાળુ પરમાત્મા પૂજ્યશ્રીને શાસન રક્ષાનાં કાર્યો કરવા વધુ શક્તિ આપે અને તંદુરસ્ત દીર્ઘાયુ આપે તેવી પ્રાર્થના કરુ છું.

**કીર્તિભાઈ**

**એમ. બાબુલાલ પ્રિન્ટિંગ**

૧. પૂ. આચાર્ય ભગવંત હેમચંદ્ર સાગર સૂરિ મહારાજશ્રીએ ઊંઝાથી પત્ર પાઠવી, પોતે અન્ય નિર્ધારિત કાર્યમાં વ્યસ્ત હોવાથી આ પ્રસંગમાં ઉપસ્થિતિ નહિ રહેવા સંબંધી ક્ષમાપના વ્યક્ત કરીને મહોત્સવ માટે શુભેચ્છા વ્યક્ત કરી છે.



www.jaintatvagyanshala.org

૨. પૂ. પં. અરૂણોદયસાગરજી તરફથી અરવિંદ સાગર મ.સા.શ્રીએ મહેસાણાથી પત્ર પાઠવી આચાર્ય પદવીના ૫૦ વર્ષની ઊજવણીમાં શક્યતઃ ઉપસ્થિત રહેવાની ભાવના સાથે, આ ઉજવણી ઉલ્લાસભેર થાય અને પૂજ્યશ્રીના હસ્તે જીનશાસનની ગરિમા વધારવાનાં અનેકશઃ અનુમોદનીય કાર્યો પૂજ્યશ્રીના સંયમજીવનમાં થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી છે.

૩. વાવવાળા શ્રાવકશ્રી ચીનુભાઈ રીખવચંદ દોશીએ સુરતથી તાર દ્વારા મહોત્સવની ઊજવણીની સફળતા ઈચ્છી છે.

## નમો નમઃ ગુરુ રામસૂરયે

ધન્ય દિવસ ધન્ય ઘડી આ વસુંધરા પર પરોપકાર પરાયણ, દિવ્ય દિવાકર, ચારિત્ર ચૂડામણી, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજાના આચાર્ય પદવીના ૫૦ વર્ષની પૂર્ણતાના પગથારે, અને ૫૧મા વર્ષનાં મંગલ પ્રભાતે પૂજ્યશ્રી, પરમોપાસ્ય, વિષયના વિરાગી, કષાયના ત્યાગી, જેના જીવનમાં સાદગી અને સ્વભાવમાં તાજગી, દૃષ્ટિમાં નિર્મલતા અને વૃષ્ટિમાં પવિત્રતા, વાત્સલ્યની વીરડી, પ્રેમની પરબડી, તત્ત્વના રંગી, સિદ્ધના સંગી, પામરતાના વિયોગી અને પ્રસન્નતાના ભોગી, દીર્ઘ આચાર્ય પદ પર્યાયના અપ્રમત્ત આરાધક ! ફૂલોમાં જે સ્થાન સુગંધનું છે, ભોજનમાં જે સ્થાન નિમકનું છે. તેવું જ સ્થાન આપશ્રીનું અમારા સૌના હૃદયમંદિરમાં છે.

સૂરિપદના ૫૦ વર્ષની ઉજવણીનો મહોત્સવ જોતાં આબાલ-વૃદ્ધ સૌ કોઈના હૈયાં રોમાંચિત બની આપના ચરણસરોજમાં, આનંદની ઉર્મિ સાથે, પંચાંગ પ્રણિપાત કરીને ભૂરી ભૂરી વંદના સાથે ઘણી અનુમોદના કરવા તલસી રહ્યાં છે. ત્યારે અલ્પ મતિજ્ઞ હું પણ હર્ષવિભોર બની મારા હૃદયના શુદ્ધ અને શુભ ભાવોથી, આપશ્રીના સદ્‌ગુણરૂપી વૈભવનું કીર્તન અને ગુણવાન પ્રત્યેનો સમર્પણ ભાવ વ્યક્ત કરૂ છું.

આપના જીવન સાગરના યત્કિંચિત્
ગુણ બિંદુઓ અમારામાં પ્રાપ્ત થાય
અને અમો પણ આપના અનુશ્રોત બનીને
વહીએ એજ
આશીર્વાદની અપેક્ષા !

**સાધ્વી સરસ્વતીશ્રીજી**

આપશ્રી જેવું ઉત્કૃષ્ટ ચારિત્ર અને અપ્રમતજીવન તથા સ્વાધ્યાય પ્રેમ અમારા જીવનમાં આવે તેવી આપશ્રી પાસે આશીર્વાદ માંગીએ છીએ. આપશ્રીના સંયમજીવનની ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ. આપશ્રી દીર્ઘાયુ બની અમારા જેવા બાળજીવોના ઉદ્ધારક બનો એજ અમારા અંતરની શુભકામના.

**સાધ્વીજી શ્રી ચંદ્રકલાશ્રીજી**
૩-૫-૨૦૦૦ નિમ્બાહેડા (M.P.)



www.jaintatvagyanshala.org

# આચાર્યશ્રી સુરેન્દ્રસૂરી જૈન તત્વજ્ઞાનશાળા - સમ્યગ્ જ્ઞાનની પરબ

●

સા. ચંદ્રોદયાશ્રીજી

સંયમ જીવનમાં સંસ્કાર પામવાનું જો કોઈ ક્ષેત્ર હોય તો તે જ્ઞાનશાળા છે. આ જ્ઞાનશાળા અસંખ્ય સૂર્યના કે દીપકોના પ્રકાશો કરતાં પણ જ્ઞાનપ્રકાશનું એક કિરણ પણ અતિ મહત્વનું બની જાય છે. આત્મામાં ભરેલા અજ્ઞાનરૂપી અંધકારને તો જ્ઞાનપ્રકાશ જ ઉલેચી શકે છે.

વ્યવહારિક જ્ઞાન ગમે તેટલું હોય પણ તે જ્ઞાન ફક્ત આ જન્મ પૂરતું જ મર્યાદિત છે. આ જન્મમાં લીધેલું વ્યવહારિક જ્ઞાન આવતા જન્મમાં જરા પણ કામ લાગતું નથી આવતાં જન્મમાં જન્મોજન્મ સુધી સાથ આપે તેવું જ્ઞાન હોય તો તે એક સમ્યગ્ જ્ઞાન છે. આ સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરવાનું સ્થાન તે જ્ઞાનશાળા કહેવાય. આજે જ્ઞાનશાળા શબ્દનો પ્રયોગ પાઠશાળા તરીકે થાય છે.

પૂજ્ય ગચ્છાધિપતિ આટલા બધા ગુણોના સાગર ! તેમણે સૂક્ષ્મ જ્ઞાન દ્વારા વિચાર્યું કે ભાવિ પેઢીના સાધુ- સાધ્વીઓ માટે જ્ઞાનશાળા એ અતિ આવશ્યક અંગ છે અને આ જ્ઞાની પોતાના જીવનમાં બીજી કોઈ બાહ્ય પ્રવૃત્તિમાં રસ ન દાખવતાં, જ્ઞાનની પરબ રૂપ જ્ઞાનશાળા ખોલવાની શરૂ કરેલ છે. તેની એક શાખા સાબરમતીમાં છે. આ જ્ઞાનશાળામાં સાબરમતીમાં વિચરતા લગભગ ૫૦-૬૦ સાધ્વીજી મહાત્માઓ અભ્યાસ કરી રહ્યા છે. આવા ક્ષેત્રમાં મોટા મોટા અને વૈરાગ્યને પોષક અભ્યાસો પંડિતજી ખૂબજ ઝીણવટથી અને છણાવટથી પોતાનો સંપૂર્ણ ભોગ આપીને કરાવી રહ્યા છે. આ પાઠશાળાના કારણે ઘણાં બધાં સાધ્વીજી મ.સા. અને મુમુક્ષુઓ જ્ઞાનનો લાભ લઈ રહ્યાં છે. સાબરમતીમાં ત્રણ ત્રણ જ્ઞાનશાળા હોવા છતાં પણ શિક્ષકોની જ્ઞાન પીરસવાની જિજ્ઞાસા અને લાગણીથી ખેંચાઈને સુરેન્દ્રસુરિ તત્વજ્ઞાનશાળામાં વધુને વધુ સાધ્વીજી ભગવંતો અધ્યયન અર્થે આવી રહ્યા છે. અત્યંત આનંદની વાત છે આવી જ્ઞાનશાળા દ્વારા ઘણા બધાને સમ્યગ્ જ્ઞાનનો લાભ પ્રાપ્ત થાય છે. પાઠશાળા તે જ્ઞાનની પરબ છે. તરસ્યા પથિકની તરસ છીપાવવાનું સ્થાન છે. અધ્યયન અર્થે આવું સ્થાન અત્યંત અગત્યનું છે.

**સ્વાધ્યાય પરમ તપ :**

नवि अत्थि नऽवि य होहि ।
सज्झाय समं तवोकम्मं ॥

स्वाध्याय के समान अन्य कोई तप न अतीत में कभी हुआ, न वर्तमान में कहीं है, और न ही भविष्य में कभी होगा ।

बृहत्कल्प भाष्य ११६९



www.jaintatvagyanshala.org

भक्त्या नित्यं प्रपद्ये श्रुतमहमखिलं सर्वलोकैकसारम्

## "જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ"

●

પૂ. ગુ. વસંતપ્રભાશ્રીજી મ. સા. ના. શિષ્યા સા. સુવર્ણપ્રભાશ્રીજી
મણિલાલ ઘેલાભાઈનો ઉપાશ્રય, સાબરમતી, રામનગર.

પરોપકાર પરાયણ વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસનમાં શ્રુત જ્ઞાનની મહત્તા અજબ ગજબની છે.

એક શ્રુતજ્ઞાન એવું છે કે જે પરબોધાનુકૂલ છે.

અતિ વિશાળ શ્રુત સાગરમાંથી બહુ ભાગ તો આજે આપણને મળ્યો નથી તેમ છતાં પણ જે કાંઈ શ્રુતજ્ઞાન પ્રાપ્ય છે તેનો સદુપયોગ કરવો, કરાવવો એ પણ આજના કલિયુગે જે જે સ્થાને જ્યાં જ્યાં પણ શ્રુતજ્ઞાન પામવાના સંયોગો સાધનો સહાનુકૂળતા પ્રામ થઈ રહી છે તે એક મોટું શ્રી જિનશાનનું સદ્દભાગ્ય જ છે.

શાશનમંડન સંઘહિતચિંતક પરોપકારરસિક સ્વભાવી નિઃસ્વાર્થી નિઃસ્પૃહ શિરોમણિ પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રી રામસૂરીશ્વરજી મ. સાહેબ (ડહેલાવાળા) દ્વારા અલગ અલગ સ્થાને જે પાઠશાળાનું આયોજન થઈ રહ્યું છે તે ખૂબજ અત્યંત લાભદાયી છે. અપેક્ષાએ ખરેખર જોવા જઈએ તો સાધુ મહાત્મા કરતાં પણ જે સાધ્વીજી ભગવંતોના શ્રુતજ્ઞાનની - આરાધના માટે, જ્ઞાનવૃદ્ધિ માટે, જ્ઞાન પરબ રૂપે પાઠશાળા ખોલી છે તે "ભુખ્યાને ભોજન મળ્યાની જેમ" જ્ઞાન પિપાસુ સાધ્વીજી ભગવંતો તો જ્ઞાન પરબમાં જ્ઞાનતૃપ્તિ દ્વારા પોતાની તૃષાને છીપાવી રહ્યા છે.

સમ્યક્ અધ્યયન દ્વારા પ્રભુશાસનના નવા નવા તત્વજ્ઞાનને પામીને જિનશાસનના તથા શાસ્ત્રાર્થના ગુઢાર્થ રહસ્ય જાણીને નવા નવા સંવેગ અને વૈરાગ્યના ભાવોની અભિવૃદ્ધિ થવાથી આત્માને નિર્મળ બોધ દ્વારા (સમ્યકજ્ઞાન દ્વારા) સમ્યગ્ દર્શનની શુદ્ધિ કરીને આ દર્શન શુદ્ધિથી યુક્ત સમ્યક્ ચારિત્રની આરાધના-સાધના દ્વારા પરંપરાએ પરમપદની પ્રાપ્તિ થાય એ જ અભ્યર્થના.....

પ્રભુશાસનમાં દિવસ દરમિયાન પ્રત્યેક યોગની સાધના કરતાં પણ વધુ સમય સ્વાધ્યાયયોગમાં પાંચ પહોરનો કાળ જણાવ્યો છે. અમારા જેવા પ્રમાદીને સ્વાધ્યાય યોગમાં - જ્ઞાનોપાસનામાં અત્યંત સહાયક બનવામાં આ પાઠશાળા નિમિત્ત છે અને તેમાં પણ જે જ્ઞાનદાતા અધ્યાપકો છે. તેનો ઉપકાર છે. આ અધ્યાપકો ખૂબ ખંતથી સરળ હૃદયથી સરળ પદ્ધતિથી, સૌમ્યતાથી અભ્યાસ કરાવી રહ્યા છે. જેના કારણે નવા નવા અભ્યાસી સા.ભ. પધારી લાભ લે છે.

રતિભાઈ પંડીતજી આટલી બુઝુર્ગ વયે પણ પોતાની તકલીફને ગણ્યા વિના સંસ્કૃત - ન્યાય આદિ અભ્યાસ ખૂબજ ઝીણવટપૂર્વક કરાવે છે કે એક પણ શબ્દનો અર્થ રહી ન જાય.

દિનેશભાઈ પંડિતજી પણ વાંચનમાં જે જે પંક્તિઓ આત્મલક્ષી અધ્યાત્મલક્ષી આવે તેનું ખૂબ ઝીણવટપૂર્વક માર્ગદર્શન આપે; જેના દ્વારા એકલું ભણતર નહી પણ સાથે જીવન ચણતરનું પણ કાર્ય કરી રહ્યા છે.

આવા શિક્ષકો નિરોગી દીર્ઘાયુષી બની આવી સંસ્થાઓને સદાય ઉદ્યમવંત બનાવે. સાધ્વીજી ભગવંતોના સ્વાધ્યાયાદિમાં સહાયક બને ! આચાર્ય ભગવંતશ્રીનો અનંત અનંત ઉપકાર છે.



www.jaintatvagyanshala.org

# સ્વદોષ-દર્શન

●

સા. કંચનશ્રીજી

અનંતકાળનું જન્મ-મરણનું પરિભ્રમણ વધારનાર...મન.
અનંતકાળનું જન્મ-મરણનું પરિભ્રમણ ઘટાડનાર...મન.
સાતમી નર્કે લઈ જનાર...મન.
મોક્ષે લઈ જનાર પણ...મન.
मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।

મનુષ્યને મનની મહાનમાં મહાન શક્તિ મળી છે. જે શક્તિ વિશ્વનાં ૯૯.૯૯% જીવો પાસે નથી. આવા દુર્લભમાં દુર્લભ મનની પ્રાપ્તિ પછી તે મનનો કેવી રીતે ઉપયોગ કરવો તે બહુ અગત્યનો પ્રશ્ન બની જાય છે.

જ્ઞાનીઓની દષ્ટિએ તમામ દોષોનો ભંડાર મનમાં પડ્યો છે. અનંતકાળથી રાગ-દ્વેષ-અજ્ઞાન દ્વારા એ આ જીવે દોષોની પુષ્ટિ કરી છે. અને તે પણ પર-દોષ-દર્શન દ્વારા, બીજાના દોષ જોવાથી સ્વમાં દોષનાં બીજ રોપાય છે. અને તે બીજ વટવૃક્ષ બને છે. પરિણામે સંસાર વધતો રહે છે. દા.ત. તંદુલીયો મત્સ્ય-સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે. શરીર કેટલું બધુ નાનું છે. મોટા મગરમચ્છની આંખની પાંપણ ઉપર રહે. પણ ભાવ કેવા છે... પરિણામે સાતમી નરકે.

પરનો દોષ દેખાયા પછી જો તે દષ્ટિ ગાઢ બનશે તો તે દોષ-દર્શન ભાવ દ્વેષમાં પરિણમશે. દ્વેષ સંકલેશમાં પરિણમશે. સંકલેશ અશાંતિમાં પરિણમશે. અશાંતિ અસમાધિમાં પરિણમશે. આજે દેખાય છે કે અસમાધિ આત્મ-હત્યા સુધી પહોંચી જાય છે.

સામી વ્યક્તિમાં ૯૯ ગુણ હોય. પણ જો તેનો એક દોષ દેખાય તો તેની ક્ષુદ્રતા એટલી ખૂંચે છે કે તેમનામાં રહેલી ૯૯ ગુણોરૂપી દિવ્યતા પ્રત્યે પ્રેમ જાગતો નથી. આ રીતે દોષો આત્મા સાથે જાણે તાદાત્મ્યભાવરૂપ બની જાય છે. અને દષ્ટિ પર-દોષ જોવામાં રાચતી જ રહે છે. આના માટેનો જ ટર્નીંગ પોઈન્ટ છે સ્વ-દોષ-દર્શન. જૈન શાસનમાં આ શુદ્ધ સાધના માર્ગ બતાવ્યો છે.

**સ્વ-દોષની શુદ્ધિ માટે સાધના માર્ગ** :- ધર્મનું મૂળભૂત લક્ષ્ય છે આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ. તે માટે પ્રથમ મનને સાધવું જરૂરી છે. આજનું વિજ્ઞાન મનની નબળાઈઓ બતાવે છે. મનમાં ક્રોધાદિની અસરો દ્વારા શારીરિક અસરો કેવી ખરાબ થાય છે તે બતાવે છે પણ તેને દૂર કેવી રીતે કરવી તે બતાવી શકતું નથી. જ્યારે શ્રી તીર્થંકર પરમાત્મા મનની સાધનાની સાંગોપાંગ પ્રક્રિયા બતાવે છે. તેને જ સાધના દ્વારા આત્મસાત્ કરે છે.

પરમ ઉપકારી પરમાત્માએ બતાવેલ સાધનામાર્ગ પર દષ્ટિ કરીએ તો એ જ બતાવે કે સ્વ-દોષની શુદ્ધિનો માર્ગ અને આ જ માર્ગ પર ચાલતાં ગુણ-પ્રાપ્તિ સહજ થાય. આ જ દોષોને દુર કરવાની જડીબુટ્ટિ છે. મિથ્યાત્વ દોષનો હ્રાસ સમ્યકત્વ ગુણની પ્રાપ્તિ અને સાધનાનો પ્રારંભ. કષાયનો હાસ અને સમતાની પ્રાપ્તિ જેમ અશુદ્ધ પાણીમાંથી સંપૂર્ણપણે કચરો સાફ થઈ જાય તો પાણી શુદ્ધ થઈ જાય. તેમ આત્મામાંથી સંપૂર્ણપણે વિભાવદશા નીકળી જાય અને આત્મા શુદ્ધ બની જાય. આવો મહાન છે ચૌદ ગુણસ્થાનકની સાધના ક્રમ અને તેમાં મુખ્ય છે સ્વ-દોષ-દર્શન.

જ્ઞાની ભગવંતોએ સ્વ-દોષ-દર્શન, અનુષ્ઠાનોમાં કેટલી સહજ રીતે વર્ણવ્યું છે :-

ઈરિયાવહિયં સૂત્રમાં મિચ્છામિ દુક્કડંથી કેવા સહજભાવથી આત્મા દોષ વગરનો બને.

તે જ રીતે પ્રતિક્રમણમાં સવ્વસવિ સૂત્રમાં મનના વચનના કાયાના દોષોનો સ્વીકાર મુખ્યતાએ કરવામાં આવ્યો. તે જ દોષોનો વિસ્તારથી ઈચ્છામિ ઠમિ સૂત્રમાં અને તેનો વિશેષ વિસ્તાર વંદિતાસૂત્રમાં કરવામાં આવ્યો. આ રીતે આત્મા ભાવપૂર્વક પ્રતિક્રમણ કરે તો પાપોથી પાછો ફરી સ્વભાવમાં સ્થિર બને. કેવું મહાન અનુષ્ઠાન અને કેવી સહજ રીતે સ્વ-દોષ-દર્શન અને તેનો નાશ.

પંચ-સૂત્રમાં શ્રી ચિરંતનાચાર્ય ભગવંતે - તથાભવ્યત્વનાં પરિપાકમાં ત્રણ સાધનોમાં એક સાધન દુષ્કૃત-ગર્હા મુક્યું.

મુનિ ભગવંતોની અને શ્રાવકોની દીનચર્યાના અનુષ્ઠાનો તરફ દૃષ્ટિ કરીશું તો પણ નિંદામિ - ગરિહામિ - અપ્પાણં વોસિરામિ: આ બધા શબ્દો સૂત્રો એવા દૃષ્ટિપથમાં આવે કે પરમ ઉપકારી પરમાત્માનાં ઉપકાર પ્રત્યે મસ્તક ઝુકી જાય છે. અને ગુણ તરફ દૃષ્ટિ આગળ વધે છે. ગુણાનુરાગ વધે છે.

શ્રી સિદ્ધ ભગવંતો જીવમાત્રમાં પ્રછન્નપણે રહેલા કેવળજ્ઞાનાદિ ગુણોને જ્ઞાનના બળથી જોઈ શકે છે તેથી તેમનામાં સ્નેહભાવ સુકાતો નથી પણ અખંડ રહે છે.

સ્વ-દોષ-દર્શન દ્વારા મહાન આત્માઓ પામી ગયા. તેમને સ્મરણ પથમાં લઈએ તો નવદિક્ષીત અણગાર... ગુરુભગવંત ચંડરુદ્રાચાર્ય મસ્તકમાં દાંડો મારે છે છતાં સ્વનાં દોષનું ચિંતન કે શાંતિથી આરાધના કરી રહેલ ગુરુ ભગવંતને મેં અશાંતિમાં મુક્યા. ચિંતન આગળ વધ્યું તેમ આત્મા ક્ષપક શ્રેણીએ ચઢ્યો અને કેવળજ્ઞાન પામ્યા.

ઝાંઝરીયા મુનિનો ઘાત કરનારા રાજા તીવ્ર પાપની સામે સ્વ-દોષ નું ચિંતન પશ્ચાતાપરૂપે કેવું તીવ્ર કે કેવળ જ્ઞાન પામ્યા. જો કરેલા પાપ અને સેવેલા દોષો, અજાણતાં થયેલા હોય અને પ્રતિક્રમણ ન થાય તો રૂક્મણિનાં જીવની જેમ ૧૬ ઘડીનું પાપ ૧૬ વર્ષમાં પરિણમે.

માટે જ મનોવિજય-મનનું નિરિક્ષણ જેટલું સૂક્ષ્મતાપૂર્વક કરવામાં આવે તેટલા દોષોનું નિરીક્ષણ સૂક્ષ્મતા-પૂર્વક થાય.

પૂ. મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. અધ્યાત્મસારમાં આત્માનુભવ અધિકારમાં મનોવૃત્તિનું વિભાજન કર્યું.

(૧) મૂઢ મન - તામસી મનોવૃત્તિવાળા જીવો દ્વેષપ્રધાન અને સ્વાર્થ પ્રધાન હોય છે.

(૨) ક્ષિપ્ત મન - રાજસી મનોવૃત્તિવાળા જીવો રાગપ્રધાન હોય છે.

(૩) વિક્ષિપ્ત મન - સાત્વિક મનોવૃત્તિવાળા જીવો કર્તવ્ય પ્રધાન હોય છે.

સાત્ત્વિક મનોવૃત્તિવાળા જીવો સ્થિરતાપૂર્વક મનના ભાવોનું વિશ્લેષણ કરી શકે છે. મનોવિજય કરવા માટે સાધનાનાં પાંચ સોપાન બતાવ્યા છે.

(૧) સંવેગ (૨) શ્રદ્ધા (૩) સંકલ્પબળ (૪) સમજણ (૫) સાધના.

તત્વદૃષ્ટિએ વિચાર કરતાં મનુષ્યમાં સૂક્ષ્મ રીતે દિવ્યતા રહેલી છે. અને તે તેનાં સ્થૂળ જીવનમાં પ્રગટ થવા મથામણ કર્યા કરે છે. આ જ્યારે દૃષ્ટિમાં આવશે પછી અજ્ઞાની પ્રત્યે હસવું કે દુષ્ટો પ્રત્યે ઘૃણા નહિ આવે. કારણ કે દુષ્ટતા-દુર્બળતા-અજ્ઞાનતા એ ચૈતન્યની આજુબાજુ વીંટળાયેલી અશુદ્ધિનો અંશ માત્ર છે.

સોનાની કાચી ધાતુમાં મિશ્રિત ખડક-માટી કે અન્ય ધાતુને જોઈને કોઈ સોનાને ફેંકી દેતું નથી. તો પછી અદ્ભુત શક્તિવાળા માનવને કેવી રીતે તિરસ્કારી શકાય ?

આ રીતે પર-દોષ દર્શનથી અટકવું હોય અને ગુણનું બીજારોપણ કરવું હોય તો પ્રારંભ સ્વનાં દોષ તરફ દૃષ્ટિ કરો. મનને અંતર્મુખ બનાવો. પરભાવની રમણતા જેટલી ઘટશે તેટલું મન અંતર્મુખ બનાશે. સ્વનો દોષ દેખાશે અને સામા પ્રત્યેનો મૈત્રીભાવ અખંડ રહેશે. સ્વનાં દોષનાં દર્શન પછીની આચાર રમણતાનો આનંદ કંઈક જુદો જ હશે, આ રીતે સ્વ-દોષ દર્શનથી સાધનાનો પ્રારંભ થાય છે.

અનંત આત્માઓએ આત્માની પૂર્ણતા સાધી હોય તો સ્વ-દોષ દર્શન દ્વારા, આજે પણ એવી મહાન વિભૂતિઓ છે કે જેઓ જીવનમાં સ્વ-દોષ-દર્શનને પ્રધાનતા આપે છે. તેમાં શિરમોર છે. પૂ. ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રી રામસૂરીશ્વરજી મહારાજ. જેઓશ્રી સ્વાધ્યાયમાં મગ્ન-જિનાજ્ઞામાં દૃઢ અને ચારિત્ર પાલનમાં ચુસ્ત હોવા છતાં શરીરની અસ્વસ્થતાનાં કારણે નાનકડા દોષ પ્રત્યે પણ કેવી આત્મ જાગૃતિ સહજતાથી પોતાના નાનામાં નાનાં દોષનું વર્ણન કેવી ગંભીરતાથી કહે છે. "મારાથી કશું થતું નથી હું નવકારશી કરું છું. હું કેવો કમભાગી સંથારામાં મારે વધારે ઉપધિ વાપરવી પડે છે. આ શરીર નાશવંત છે તેની શુશ્રુષા કરવી અનુચિત છે." આ રીતે નાનકડા દોષો સાધ્વીવૃંદ જ્યારે વંદનાર્થે જાય ત્યાં એવા હૈયાનાં બળાપા સામે કહેતા હોય કે તેમનું એવું ભાવવાહી સ્વરૂપ જોતાં લાગે કે કેવી સંયમ જીવનની જાગૃતિ છે.

ક્રોડ ક્રોડ વંદન હો આવી મહાન વિભૂતિને.

આ સ્વ-દોષ-દર્શન અમારા સૌનાં જીવનમાં આત્મસાત્ બને. એ જ પ્રાર્થના...

**આયુ :**

आयुषः क्षण एकोऽपि सर्वरत्नैर्न लभ्यते ।
नीयते तद् वृथा येन प्रमादः सुमहानदो ॥

आयुका एक क्षण भी संसार के सब रत्नों से नहीं पाया जा सकता । उस आयु को यदि कोई व्यर्थ में खोता है तो अहो ! बडा भारी प्रमाद है ।

યોગવાસિષ્ઠ (૬ઉ./૧૭૫/૭૮)

**શુભ ભાવના :**

सर्वे वै सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाग् भवेत् ॥

સર્વ સુખી થાઓ, સર્વ રોગ રહિત થાઓ, સર્વ કલ્યાણને પામો, કોઈપણ દુઃખી ન થાઓ.



www.jaintatvagyanshala.org

# સાંપ્રત કાલીન ચર્તુવિધ જૈન સંઘના પ્રચંડ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ સુઅવસર

●

સા. કનકપ્રભાશ્રીજી

શાસનપતિ પરમાત્મા મહાવીરદેવની કેવી અનંત કરૂણા ! કેવલજ્ઞાન થયા પછી પહેલું કાર્ય કર્યું તીર્થ સ્થાપના. અને પ્રભુ શાસનની ધુરાને વહન કરનારી પ્રત્યેક વિભૂતિની પ્રચંડ પ્રભાવકતાથી પ્રસરતી પરમાત્મા શાસનની દીપ્તિ નીરખતાં લાગે કે અરિહતં પરમાત્માના જ્વાજલ્યમાન પુણ્યવંતા ગુરૂદેવની જ આ તેજપ્રભા હશે ! અરિહંતના અનંત ઐશ્વર્યની જ એ બલિહારી છે. શાસનની ધુરાને વહન કરનારા ધુરંધરો સાંપડતા જ રહ્યા છે. જેઓશ્રીના પવિત્રતમ નામાંકન અને ઉચ્ચતમ ચારિત્રથી જૈન ઈતિહાસના પૃષ્ઠો ઉજ્જવળ બન્યા છે, તેઓશ્રીના પુનિત પદાર્પણથી અતીતની કેડી સુવાસિત બની છે. તેમના સુવિશુદ્ધ સાધના યજ્ઞથી આર્યાવર્તની ધન્ય ધરા ભાવિત અને પ્રભાવિત બની છે.

પ્રભુ શાસનની પાવન પાટ પરંપરામાં ૭૭મી પાટને દીપાવી પ્રભુશાસનની તેજપ્રભાને વિસ્તારનારા એક તેજસ્વી રામ એટલે સૂરેન્દ્રસૂરિના પટ્ટ વિભૂષક પૂજ્યપાદ્ આચાર્ય શ્રીમદ્ વિજય રામસૂરિશ્વરજી મ.સા.ને વંદના ! વંદના !! વંદના !!!

૮૪ વર્ષની જૈફ ઉંમરે પણ કોઈ વિશિષ્ટ ખુમારીથી ઉત્સાહ અને હોંશપૂર્વક, અલ્પનિંદ્રા, અલ્પ આહાર લઈને અપ્રમત્તપણે ઉચ્ચ સંયમ સાધનામાં દિવસભર રક્ત રહેનાર આ મહાયોગીએ અઢળક સિદ્ધિઓ હાંસલ કરી છે. દુનિયાભરના ખિતાબો અને એવોર્ડોથી પણ ન મૂલવી શકાય તેવું ભવ્ય સંયમ જીવન ઉજ્જવલિત કરી રહેલા આ મહામનીષીને આચાર્યપદે આરૂઢ થયાને ૫૧મા વર્ષમાં પ્રવેશનો અપૂર્વ દિન છે.

પૂજ્યશ્રીએ ઉચ્ચ સાધનાનો મહાયજ્ઞ માંડ્યો. ગુરૂકૃપાનું મહાધન સંપાદિત કર્યું. ને ગુરૂકૃપાના પીઠબળ અને અજબ ગજબની સિદ્ધિઓ હાંસલ કરતા ગયા. પ્રમાદને પટકી નાંખી, સંજ્ઞાઓને અસંજ્ઞી બનાવી, કાઠીયાને કાઢી મૂકી, પર પ્રવૃત્તિથી પર રહ્યા, જેથી તેમનું જીવન અદ્ભૂત અને વૈભવશાળી બની રહ્યું. શિષ્ય સમુદાય, સંઘ વિગેરે ઉપર અવિરત ઉપકારધારા વરસાવીને જૈન શાસનની શાન વધારનારા એક મહાન શાસન-વિભૂષિત બન્યા.

આજીવન ગુરૂ સાંનિધ્ય અને અપરંપાર ગુરૂકૃપા સંપાદન, અદ્ભૂત તર્ક કૌશલ્ય, સંપ્રાપ્ત ન્યાય વિશારદતા અને વિશદ ષડ્દર્શનબોધ, વ્યાકરણ, કાવ્યો, આગમ ગ્રંથો, વૈરાગ્ય ગ્રંથો, ચારિત્ર ગ્રંથો, અધ્યાત્મ ગ્રંથો, યોગ ગ્રંથો, છેદ સૂત્રો, વિપુલ શાસ્ત્રબોધ અને કુશળ જિનવચન મર્મજ્ઞતા, નિર્દોષ આહાર ચર્યા અને સુવિશુદ્ધ સંયમ ચર્યા, અત્યંત બહુમાનપૂર્વક અને ઉપયોગપૂર્વકની આવશ્યક ક્રિયાઓ, પરમોત્તમ પ્રભુભક્તિ, સંઘ એકતા નિર્માણનો સમ્યક્ પુરૂષાર્થ, પ્રમાર્જનાનો આત્મસાત્ અભ્યાસ, પ્રકર્ષ પ્રાપ્ત પ્રજ્ઞા, પ્રકર્ષ પ્રાપ્ત સિદ્ધિઓ અને પ્રકર્ષ પ્રાપ્ત પરિણતિ એ પૂજ્યશ્રીની આગવી વિશેષતાઓ છે.



www.jaintatvagyanshala.org

# પરિચય-પરમ વિભૂતિનો

●

સાધ્વી સરસ્વતીશ્રીજી

**ગુરૂ ગુણ સ્તુતિ :**

સમકિતદાયક ઓ ગુરુ, ઉપકાર તુમ શેં વર્ણવું,
અગણિત ગુણો તુજમાં ભર્યાં, ચરણે નમાવું શીશ હું;
ક્રોડો ભવો પણ ઓ ગુરુ, આપ ચરણની રજ હું બનું,
ઋણ મુક્ત તોયે ના બનું, એથી વધુ હું શું કહું !

**આચાર્યની ભૂમિકા :**

વીતરાગ પરમાત્માનું વિરાટ અને વિશાળ શાસન-અનુશાસનના પ્રતાપે અવિરત ગતિએ ચાલ્યા કરે છે. અનુશાસ્તા સ્વયં પોતે પંચાચારનું પાલન કરે અને અન્યને પણ કરાવે. વીતરાગ પરમાત્માના વિરહે તેમના શાસનનું સૂરિ ભગવંતો સુયોગ્ય સંચાલન કરે છે. થઈ ગયેલા અનેક આચાર્ય ભગવંતોમાં સ્વાધ્યાયી, દીર્ઘ સંયમી તરીકે ગચ્છાધિપતિ, આ.વિ. રામસૂરીશ્વરજી મ. સાહેબ મોખરાનું સ્થાન/માન ધરાવે છે.

પરમ આરાધ્ય ગુરુદેવ શ્રીમદ્ વિ. રામસૂરીશ્વરજી મહારાજા એવું વિરલ તત્ત્વ છે કે જેને સમજવા માટે બુદ્ધિ ટૂંકી પડે; જેની સમજ આપવા માટે જીભ ટૂંકી પડે અને અક્ષરો ઉણા ઉતરે. તેમના ઉપકારનો બદલો વાળવા માટે ગમે તેટલો પ્રચંડ પણ પુરુષાર્થ ઓછો પડે.

માત્ર શરીર અને મનને સાચવીને 'મા' હાથ ઉંચા કરી દે છે. માત્ર મનને સાચવીને 'મિત્ર' હાથ ઉંચા કરી દે છે. જ્યારે ગુરુદેવ શરીર અને મનથી આગળ વધીને આત્માને સાચવવાની બાબતમાંય પૂરેપૂરા સજાગ રહે છે. એમની નજર હોય છે સદાય શાશ્વત આત્મા પર...

માનવ જીવનની એકએક પળનો અપ્રમત્તપણે સદ્ઉપયોગ કરે, એક એક રક્તબિંદુનો ઉપયોગ કાઢીને આંખોના એક એક તેજ કીરણને પ્રદીપ્ત કરી પૂજ્ય શ્રી. સાધનામાં આપણને લીન રાખે.

**આચાર્યશ્રીની જીવનશૈલી**

પરમારાધ્ય ગુરુદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજા એટલે પવિત્ર પ્રયાગભૂમિ જ્યાં જ્ઞાનની ગંગા અને ક્રિયાની યમુનાનો સુભગ સંગમ. તેઓશ્રીનું જીવન એટલે સોહામણી ક્ષિતિજ. જ્યાં નિશ્ચયનું આકાશ વ્યવહારની ધરતીને અડેલું હોય. તેઓશ્રીનું જીવન એટલે જીવમાત્ર માટે અભયારણ્ય. પૂજ્યપાદશ્રી ખરા અર્થમાં જ્ઞાની છે. કારણ કે જ્ઞાન તેઓશ્રીમાં સર્વાંશે પરિણામ પામ્યું છે. માત્ર માહિતીઓના ગોડાઉન બનવામાં તેઓશ્રીને રસ નથી પણ પ્રાપ્ત જ્ઞાનને જીવનમાં પરોવી દેવાની તેઓશ્રીને ઊંડી સૂઝ છે. જ્ઞાનથી રસીને ક્રિયાને ચેતનાથી ધબકતી રાખવાની તેઓને ફાવટ છે. એક પણ ક્રિયા પાંગળી કે માયકાંગલી રહે તે તેઓશ્રીને જરાય પાલવતું નથી. પૂજ્યશ્રીની પ્રત્યેક ક્રિયા યોગ સ્વરૂપ બની રહે છે.

પૂજ્યપાદ ગુરુદેવશ્રી રત્નત્રયીના મહાન આરાધક છે. સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણે યોગના મહાન યોગી છે. ચારિત્રયોગમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાનું પૂજ્યશ્રીનું પાલન અનુકરણીય છે. ઈર્યાસમિતિમાં નીચી નજરે ચાલતાં તેમને જોવા એ તેઓશ્રીનું સહજ દર્શન છે.



www.jaintatvagyanshala.org

## પૂજ્યશ્રી સાથેનાં અંગત સંસ્મરણો :

કુવાલામાં પૂજ્યશ્રી સાથે ચોમાસુ કરવાનો અવસર મળ્યો ત્યારે તે વખતનો પ્રસંગ યાદ આવે છે. અમે સાધ્વી સમુદાય સાથે પૂજ્યશ્રીને વંદન કરવા જતાં રસ્તામાં વાતો કરતા હતા. પૂજ્યશ્રીનું ધ્યાન ગયું. તરત જ તેઓશ્રીએ કહ્યું કે રસ્તામાં ચાલતાં વાતો કરીએ તો ઈર્યાસમિતિ ક્યાં રહી ? તરત જ બધાને નિયમ કરાવ્યો. પછી જ વંદન થયાં.

ભાષાસમિતિમાં મુહપત્તિનો ઉપયોગ પણ તેઓ ખૂબ કાળજીપૂર્વક કરે છે. આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિમાં પણ પૂજ્યશ્રીનું પૂંજવું, પ્રમાર્જવું એ દર્શનીય છે. પારિષ્ટાપનિકા સમિતિના પણ તેઓ અત્યંત આગ્રહી. કફ નાખવા માટે રાખનું પાત્ર પણ સાથે જ રાખે. મનગુપ્તિ-મનને ધર્મધ્યાનમાં સતત સદા જાગૃત રાખે છે. વચનગુપ્તિ-જરૂર પૂરતું જ બોલવું, બાકી મૌન જ રહે.

પૂજ્યશ્રીને પળે પળે જયણા કેવી ગજબની ? કમોડી ગામમાં પૂજ્યશ્રીને ત્રણ દિવસની સ્થિરતા કરવાની હતી. તે ગામના જૈન લોકો બહાર વસતા. ત્રણ દિવસ પૂજ્યશ્રીની સાથે રહેવા માટે તૈયારી કરીને આવ્યા. તે ગામમાં માખીનો ઉપદ્રવ ઘણો હતો. ગુરુદેવ વાપરવા બેઠા ત્યારે એકાએક ગોચરીમાં માખી પડી અને મરી ગઈ. ગુરુદેવ નાના બાળકની જેમ રડી પડ્યા અને કહ્યું કે હું બિઆસણા જેવો તપ ન કરી શકું અને આવી વિરાધના મારાથી થઈ જાય તે કેમ સહન થાય ? તરત જ તે ગામમાંથી સાંજે વિહાર કરી દીધો.

પ્રભુ મહાવીરના વચનામૃતનો સાર કહેવાય છે "સમયં ગોયમં મા પમાયયે." એક ક્ષણ પણ પ્રમાદ ન કરો. પ્રમાદ એ ભાવહિંસા છે. પરની નહિ પણ 'સ્વ'ની હિંસા છે, સ્વભાવની હિંસા છે કારણ આત્માનો સ્વભાવ અપ્રમત્ત છે.

કલિકાળમાં જો કોઈને અપ્રમત્તની અપ્રતિમ પ્રતિભા શોધવી હોય તો પૂજ્યશ્રી રામસૂરીશ્વરજી મહારાજ સાહેબનું જીવન. અનેક સદ્ગુણોથી ભરપૂર એવા સૂરીશ્વરજીના જીવનમાં અપ્રમાદ તરતો છે, ઉભરાતો છે, છલકાતો છે. એમનાં દર્શન, વંદન અને નિકટતાનો અનેરો અનુભવ કરીને જીવન ધન્યતાને અનુભવે છે.

પૂજ્યશ્રીની એક અન્ય વિશેષતા એ છે કે આટલા બધા પ્રભાવક પ્રસંગો ઉજવવા છતાં તેઓશ્રીને માન-મોટાઈ જરા પણ નથી. અંતરમુખતાને જરાય આંચ ન આવે તેવી નિર્લેપતા છે.

## અવિરત આરાધનાનું બળ :

પૂજ્યશ્રીના ભાવ જીવનને જોયા અને જાણ્યા પછી એક પ્રશ્ન સ્વાભાવિક રીતે મનમાં ઉઠે કે એક જ વ્યક્તિમાં આટલા બધા સદ્ગુણોની જાજરમાન સવારી કેવી રીતે ઉતરી પડી ? આટલી બધી વિવિધ શક્તિઓનો ધોધ કઈ રીતે આ મહાપુરુષના જીવનમાં ઉતર્યો હશે ? આટલા ઉજળા ગુણરત્નોની પ્રાપ્તિ માટે તેઓશ્રીએ કયું મૂલ્ય ચૂકવ્યું હશે ? પ્રશ્નનો જવાબ સરળ છે. પૂજ્યશ્રી જે કાંઈ છે તે અમોઘ ગુરુકૃપાની જ નીપજ છે.

માત્ર તેર વર્ષની બાલ્યવયમાં જ પ.પૂ. સુરેન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબના ચરણે તેઓશ્રીએ જીવન સમર્પિત કર્યું. શાસનના ગહન પદાર્થોને કંઠસ્થ, હૃદયસ્થ કરવા સાથે તેઓશ્રીએ સંપૂર્ણ સાવધાની સાથે ત્યાગ અને સંયમમાં અપૂર્વ અપ્રમત્ત ભાવ આત્મસાત્ કર્યા. પૂજ્યશ્રી પાસે ક્યારેય પણ કોઈ શાસ્ત્ર વિરુદ્ધ વાત જ નહીં. વાણીની વેધકતા જબરી, હૈયું હચમચાવી મૂકે. ખરેખર તેની પાછળ જબરજસ્ત રત્નત્રયીની આરાધનાનું નિર્મળ બળ છે. તેજસ્વી સર્ચલાઈટ જ જોઈ લો.

એકવાર એ-મહાત્માના ચરણોમાં ઝુકી જાઓ. શું જોઈએ છે ? સ્વાધ્યાયમાં લીનતા ? ત્યાગમાં શૂરવીરતા ? આરાધનામાં જોમ ? સંયમમાં સ્થિરતા ? શાસ્ત્ર પદાર્થો સમજવામાં સરળતા ? મનમાં ઉદ્ભવતા વિષય કષાયના સંતાપની શાંતતા ? શું જોઈએ છે ? પૂજ્ય આચાર્યશ્રી તમારી સમસ્યાઓ દૂર કરી આપે તેવી અદ્ભુત શક્તિ તેમને વરેલી છે.

કુસુમથી પણ કોમળ અને વજ્રથી પણ કઠોર એવા વાત્સલ્યમૂર્તિ ગચ્છાધિપતિ ગુરુદેવને અમારી કોટિ કોટિ વંદના. એમની સંયમની સાધના હરહંમેશાં અમને વિરતીની કેડીએ પ્રકાશરૂપ બની રહે એવી અંતર ઈચ્છા.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

व्रतानां सत्यमुत्तमम् ।
व्रतोमें सत्य सर्व्रोतम है ।

ગરૂડપુરાણ (૧/૧૧૫/૫૩)

Think truly, Speak truly, Live truly, Act truly,
सच्चाई से सोचों, सच्चाई से बोलो, सच्चाई से जियो, सच्चाई से कर्म करो ।

શિવાનંદ

Virtue is the fount whence honour springs.
सदाचार वह स्त्रोत है जहां से सम्मान जन्मता है ।

Christopher Marlow

# શ્રમણ અને આચારપ્રતિબદ્ધતા

●

સાધ્વી. પદ્મલત્તાશ્રીજી

## આચાર જ સાચું ધર્મબીજ

પ્રભુએ, ''આયારો પઢમો ધમ્મો''નો અદ્દ્ભુત વારસો આપ્યો. શ્રમણોએ તે વારસાને ૨૫૦૦ વર્ષ સુધી અવિરતપણે વહેતો રાખ્યો. (કઈ આધારશિલા પર ?) શુદ્ધ સંયમની આધારશિલા પર...!

એક ઉપમાથી વિચારીએ તો જૈનશાસન એક શાશ્વત સુવાસિત ઉપવન છે. તેમાં અનેક શ્રમણ-શ્રમણીવૃંદરૂપ પુષ્પો છે...આ પુષ્પોની સુવાસને સદા સુવાસિત રાખનાર કુશળ માળી સમ સૂરિપુરંદરો છે.

'आयारो पढमो धम्मो' આચાર અનુસ્યૂત ધર્મબીજ છે અને પ્રાણાતિપાતાદિ મહાવ્રતો-અણુવ્રતો વગેરે આચારરૂપ ધર્મબીજના વટવૃક્ષનો વિસ્તાર છે. એટલે કે શાસનના બગીચાને સદૈવ નવપલ્લવિત રાખવામાં તમામ તત્ત્વો પૈકી આચારધર્મ પ્રધાનાંગ બને છે. કેમ કે શુદ્ધ આચારોના પાલન કરવા કરાવવામાં તત્પર સૂરિપુંગવો જ આચાર દ્વારા ધર્મબીજને સીંચતા રહે છે. શુદ્ધ આચારોથી જ શ્રમણ-શ્રમણીરૂપ પુષ્પો વિકસ્વર બને છે માટે 'आचार मूलो धर्म:' આ સૂત્રમાં આચારની પ્રાધાન્યતાનો ધ્વનિ છે. શુદ્ધ આચારના પાલક શ્રમણ-શ્રમણી ભગવંતો આચાર સૌષ્ઠવથી શાસન પરંપરાને સુવાસિત રાખે છે.

## આચાર અને આચરણ :

આચાર એટલે શું ? आचरणं इति आचार: અર્થાત્ શાસ્ત્રમર્યાદાપૂર્વક મન વચન કાયાનું પ્રવર્તન. પ્રવર્તન એટલે આચરણ. તે આચરણ ક્યાં ? नाणंम्मि दंसणम्मिय चरणम्मि तवम्मि तंहय विरयम्मि. આ આચરણ સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યગ્ચારિત્ર-સમ્યગ્તપ અને વીર્યને વિશે હોવું જોઈએ. તે આચાર આ રીતે પાંચ પ્રકારે જ્ઞાની ભગવંતોએ પ્રરૂપ્યો છે.

આચાર શા માટે ? અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્ય એ જીવનો સ્વભાવ છે. આ આત્માના પ્રચ્છન્ન ગુણોના આવિર્ભાવ માટે પાંચ પ્રકારના આચારોનું પાલન અત્યંત જરૂરી છે. આચાર તો શ્રમણ-શ્રમણીનો જીવનનો શ્વાસ છે. શ્વાસ વિના શરીર ન ચાલે તેમ આચાર-પાલન વિના શ્રમણ-શ્રમણીના પ્રાણો ન ચાલે. જે શ્રમણ-શ્રમણીના શ્વાસમાં શુદ્ધ આચારનો સંચાર હોય છે તે શ્રમણ શ્રમણી અનાચારની મલિનતાથી કદી ખરડાતાં નથી.

## આચારધર્મનો વારસો :

શુદ્ધ આચારોનું પ્રદાન કોણે કર્યું ? જે આચાર ધર્મની કઠોર સાધના દ્વારા પ્રભુ સંપૂર્ણ સમદર્શી, સર્વજ્ઞ અને સહજ સુખવેદી બન્યા તે જ કષ-છેદ અને તાપથી સંપૂર્ણ શુદ્ધ સો ટચના સોના જેવા આચારધર્મનો વારસો પ્રભુએ એમના વ્હાલા વારસદારોને આપ્યો. કેવી પ્રભુની અપરિસીમ કરૂણા !

પ્રભુએ તેમનું શ્રામણ્ય આપણા આચારધર્મમાં આજ્ઞારૂપે ઉતાર્યું એ વિચારતાં પહેલાં પ્રભુનું શ્રામણ્ય કેવું *હતું ? એ તરફ નજર કરીએ તો સ્થૂલ દષ્ટિએ પણ ખ્યાલ આવે કે પ્રભુનું કેવું અદ્દ્ભુત સહિષ્ણુ અને સર્વોચ્ચ શ્રામણ્ય હતું.*



www.jaintatvagyanshala.org

પ્રભુનું સંક્ષિપ્ત શ્રામણ્ય : * ઘોર જંગલમાં એકાંતપણે અપ્રમત્ત થઈ ધ્યાન-કાયોત્સર્ગરૂપ શ્રામણ્ય, * ઊંડી અંતર્મુખતા, આંતરલીનતાની સઘનતા તે મનોગુપ્તિ.

* દેહના સ્તરે અસહ્ય પરિષહો અને ઉપસર્ગોની ઝડીઓ વચ્ચે અદ્‌ભુત સહિષ્ણુતા તે કાયગુપ્તિ.

* ૧૨॥ વર્ષની ઘોર સાધનામાં ફક્ત "બુજઝ બુજઝ" અઢી શબ્દ ચંડકૌશિક માટે ઉચ્ચાર્યા તે પણ ભયંકર વિષને તોડી અમૃતમાં પરિણમાવનાર બન્યા. બાકી લગાતાર મૌન. આ હતી પ્રભુની ઉત્કૃષ્ટ વચનગુપ્તિ.

શ્રમણ એટલે શું ? શુદ્ધ આચાર પાલનમાં સદા અપ્રમત્ત ઉદ્યમી હોય તે શ્રમણ. તે પ્રભુના વારસદાર એવા ભવભીરૂ ગીતાર્થ શ્રમણ ભગવંત દ્વારા શુદ્ધ આચાર આત્મસાત્ કરાયો, તે જ આચારો આપણા સુધી પહોંચ્યા એટલે કે તે શ્રમણના આચારો જ્ઞાની એવા ગીતાર્થ ભગવંતોએ ઉત્તરાધ્યયન-આચારાંગ-દશવૈકાલિકાદિ ગ્રંથોમાં આચાર સંનિધિરૂપે નીતાર્યા.

**આચારધર્મની શુદ્ધતા :**

કહં ચરે ઈત્યાદિ વાક્યથી શિષ્ય ગુરુને પૂછે, હું કેવી રીતે ચાલુ ? 'જયં ચરે' જયણાપૂર્વક ચાલવું. ઈત્યાદિ શય્યંભવ સૂ. મ.ના શબ્દોમાં પ્રભુના વહાલા શ્રમણોને આચારધર્મ શીખવવાનો ધ્વનિ રણકે છે. આ રીતે પ્રભુએ શ્રમણના આચારસૌષ્ઠવ માટે આચારાંગાદિ ગ્રંથોમાં એમનો શબ્દ દેહ આચાર ધર્મરૂપે ઉતાર્યો. હવે એ આચાર-ધર્મ આપણા જીવનમાં ઉતારીને અંતઃસ્પર્શી બનાવીએ તો જ આ અંતઃસ્પર્શ આપણને અંતર લીનતામાં લઈ જશે. આ રીતે આચારનો લય પ્રભુ આજ્ઞામાં સંધાયો. પ્રભુની આજ્ઞા શા માટે ? શુદ્ધ આચાર ધર્મના પાલન માટે. આજ્ઞામાં રહેવું એટલે સચ્ચારિત્રને જીવનમાં તાણાવાણાની જેમ વણવું.

દેહના સ્તરે ઔચિત્યપાલન-રત્નત્રયી પુષ્ટિકારણ દર્શન-વંદન ગોચરી આદિ માટે ગમનાગમનાદિ ક્રિયા કરવી પડે તો પણ ઈર્યાસમિતિ આદિ અષ્ટપ્રવચન માતા અને દશવિધ ચક્રવાલ સમાચારી રૂપ ચારિત્રાચારમાં સતત આત્માએ જાગૃત રહેવાનું છે. ષોડશકમાં यस्यां क्रियायामात्मा दुष्प्रवृतिं निरुणद्धि कर्मक्षयोपादनभूताम् प्रवृतिं च विधते सा समितिः ॥ જે ક્રિયામાં આત્મા દુષ્ટપ્રવૃત્તિને દૂર કરી કર્મક્ષય કરનારી પ્રવૃત્તિને કરે તે સમિતિ. આ પાંચ સમિતિઓ આત્માને અશુદ્ધ વ્યવહારથી અટકાવીને શુદ્ધ વ્યવહારમાં સ્થાપે છે. આ પાંચ સમિતિનું પાલન યથાયોગ્ય સ્થાને શ્રમણે કરવું. શ્રમણો માટે આ શુદ્ધ આચારો કાયાના સ્તરે કરવાના છે. લોચાદિક કષ્ટની જેમ સાધુએ ઠંડીમાં કંબલાદિ કાઢીને શીત પરિષહ અને ઉષ્ણઋતુમાં ગરમીને સહન કરવાં-આ રીતે યથાશક્ય પરિષહોને સહન કરવાથી સહિષ્ણુતાની ક્ષમતા (capacity) વધે છે, સત્ત્વનો ઉત્તરોત્તર વિકાસ થાય છે, દેહાધ્યાસ તૂટે છે, આ રીતે આંતરિક સંગ્રામનો વિજેતા તે જ ખરો શૂરવીર છે અને આ દ્વારા આંતર્મુખતામાં લીનતા આવે છે.

અનાદિકાલિન આહારાદિ સંજ્ઞાઓ, વિષયાદિ આસક્તિઓનું પ્રબળતર ઝેર, આપણી સમગ્ર ચેતનામાં ફેલાયેલું છે. દુશ્મન જ્યાં હોય ત્યાં હુમલો કરો તે ન્યાયે આ રીતે શુદ્ધ આચારોના પાલનરૂપ પ્રભુની આજ્ઞાઓ સમગ્ર ચેતનામાં પહોંચાડવાની છે. કાયાના સ્તરથી માંડીને હૃદયના સ્તર સુધી લઈ જવાતા આ શુદ્ધ આચારો ઉપયોગપૂર્વક અવચેતન મનની ભૂમિકા પર પહોંચાડવાના છે. તે માટે શ્રમણે આવા શુદ્ધ અને સૂક્ષ્મ આચાર પાલનમાં સદા તત્પર રહેવાનું છે.

મનના સ્તરે : જિનાજ્ઞામય મનોગુપ્તિપાલન આંતરલીનતા સ્વાધ્યાય વગેરે કરે. સર્વ જીવ રાશિ પ્રત્યે મૈત્રીનો ધોધ અખંડપણે પ્રવાહિત હોય. આ રીતે સ્વાધ્યાયાદિ શુદ્ધ જ્ઞાનમાં રમતો શ્રમણ આત્મગુણોનું સુખ વેદી



www.jaintatvagyanshala.org

શકે છે. શ્રમણની દિનચર્યામાં દિવસ-રાતના મળી ૬ કલાક ધ્યાન અર્થે ફાળવવાનું વિધાન ઉત્તરાધ્યયનમાં કર્યું છે. આ રીતે શ્રમણે મનોગુપ્તિનું સતત પાલન કરવાનું છે. ષોડશકની વ્યાખ્યા પ્રમાણે शुभाशुभ संकल्प विकल्प विहिना मनोगुप्ति આ મનોગુપ્તિનું પાલન ધ્યાન અને સ્વાધ્યાય દ્વારા મુનિએ કરવાનું છે.

વચનના સ્તરે : પ્રભુએ ૧૨॥ વર્ષનો ઘોર મૌનાચારનો સંદેશો શ્રમણને વચનગુપ્તિમાં આપ્યો. વચનગુપ્તિનું કવચ પહેરનાર શ્રમણને ક્યારેય કોઈ ભય રહેતો નથી; મૌનત્વની સાધના પછી ઉપદેશક બનવું અને તે પણ કેવલ અનુગ્રહ બુદ્ધિથી યોગ્યતા પ્રમાણે અનુભવમય ઉપદેશ આપી સ્વ-પર કલ્યાણનો સમન્વય સાધવો. ષોડશક પ્રકરણમાં : हितामिता संदिग्धाभिधानम् भाषा समितिः परनिंदावर्जितं - परपीडा अकारकं यथार्थ-पदार्थस्वरूपप्रतिपादकं अनर्थबहुप्रलपनरहितं परहित विधाप्येवंविधमभिधानम् भाषासमितिः આટલી શરતોથી યુક્ત ભાષાસમિતિમાં શુદ્ધ ઉપયોગ રાખવો. શ્રમણજીવનમાં આવું ઉપયોગપૂર્વકનું આચારસૌષ્ઠવ અત્યંત અને પ્રતિપળ જરૂરી છે.

સંયમનિર્વાહાર્થે ગોચરી ૪૨ દોષરહિત નિર્દોષ શુદ્ધિ માટે એષણા સમિતિ. સંયમોપકરણ લેવા-મૂકવામાં પડિલેહણ-પ્રમાર્જન માટે આદાનભંડમત્ત નિક્ષેપણાસમિતિ. વિધિપૂર્વક પરઠવણવિધિ તે પારિષ્ઠાપનિકા સમિતિ. શ્રમણે આ રીતે અષ્ટપ્રવચનમાતા અને દશવિધ સમાચારીરૂપ શુદ્ધ આચાર ધર્મમાં ઉપયોગપૂર્વક અપ્રમતપણે વર્તવું જોઈએ. અન્ય સાથે ઉચિત વાતચીતમાં શુદ્ધ વ્યવહારાર્થે શ્રમણને બોલવા લાયક શબ્દો કેટલા સીમિત અને હિતકર આપ્યા છે. દા.ત. શ્રાવક મત્થએણવંદામિ કહે તો માત્ર ધર્મલાભ, શ્રમણ સાધર્મિક મળે તો મત્થએણવંદામિ, ગુરુની આજ્ઞા શિરસાવંદ્ય કરવાના અવસરે 'તહત્તિ', ગોચરી માટે વ્હોરવા બોલાવનાર શ્રાવકોને 'વર્તમાન'જોગમ્' એમ કેટલાય પરિમિત શબ્દોનો પ્રયોગ બતાવ્યો છે તે શું સૂચવે છે ? સાધુ સદા વચનગુપ્તિમાં હોય.

ઈચ્છકાર : નાના કે વડીલ કોઈપણ પાસે કાંઈક પણ કાર્ય કરાવવું હોય,' પ્રશ્નાદિ પૂછવા, આલોચનાદિ લેવાં સામે પણ તે તે મહાત્માની પાસે ઈચ્છા બતાવે તેમની સંમતિ મળે તો જ કરાવી શકાય.

મિચ્છાકાર : નાનામાં નાની ભૂલ થાય તો તુરંત મિથ્યા મે દુષ્કૃતમ્ આપી, તે ભુલ પુનઃ નહિ કરવાનો ભાવ રાખવો.

છંદના : ગોચરી આદિ વહોરીને આવેલો શ્રમણ ગુરુ. વડીલ ગુરૂ ભગવંતને આમંત્રણ આપે, મને લાભ આપો.

પૃચ્છા : દરેક કાર્ય ગુરુને પૂછીને જ કરે, શ્વાસ લેવો, ધાતુપરિણમનાદિ સિવાય તમામ કાર્યો ગુરુને પૂછ્યા વિના શ્રમણ ન કરે.

પ્રતિપૃચ્છના : બીજાના કાર્ય માટે પણ ગુરુને પૂછવું.

પ્રતિશ્રુતતેતથ્યેતિકાર : એટલે કે ગુરુજન કે વડીલ ભિક્ષુઓની આજ્ઞાનો સ્વીકાર કરી, તેમનું કહેલું યથાર્થ છે તેમ જાણી આદર કરવો.

અભ્યુત્થાન : દરેક ક્રિયામાં ઉઠવા બેસવામાં ગુરુ આદિની અનન્યભાવે ભક્તિ બતાવવી.

ઉપસંપદા : ગુરુકુલવાસમાં રહી વિનમ્રપણે જ્ઞાનાદિ પ્રાપ્તિ કરવી.

આ રીતે આચારાંગાદિ ગ્રંથોમાં શ્રમણ આચારોનું કેવું અદ્દ્ભુત અને વિશદ્દવર્ણન કર્યું છે તે પ્રભુની શબ્દરૂપ ધ્વનિને ગુરુગમ દ્વારા પ્રાપ્ત કરી તેનું વારંવાર અધ્યયન, અનુપ્રેક્ષા, પરિશીલન-દોહન દ્વારા તે તે આચારોને સૂક્ષ્મતાથી સમજી હૃદયમાં આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરીએ તો જ આપણને પ્રભુએ આપેલા અમૂલ્ય વારસાને- આચારરૂપ પ્રાણોને વૃદ્ધિગત કરી શકીશું.



www.jaintatvagyanshala.org

**આચાર ધર્મની વ્યાપકતા :**

આચારાંગના શીતોષ્ણીય અધ્યયનમાં શ્રમણ માટે કાચબાનું દૃષ્ટાંત આપ્યું છે. કાચબો જેમ શરીરને સહસા ભેદી ન શકાય તેવી પીઠ-ઢાલના રક્ષણ તળે દબાવીને બાહ્ય આક્રમણોથી બચે છે, તેમ બહારની બધી બાજુ સંકેલીને આત્માભિમુખ થવાના સતત પુરુષાર્થને ઢાલ બનાવી, શ્રમણ બાહ્ય આક્રમણોથી બચે. કાચબાનું દૃષ્ટાંત સાધના દ્વારા મળતી શક્તિઓને કેન્દ્રિત કરવાનું અને ઈન્દ્રિય જય મેળવવાનું સૂચવે છે.

આચારધર્મ વિના યોગ્યતા આવતી નથી માટે જૈન શાસનમાં નવકારમંત્રના સાચા અધિકારી બનવાથી માંડીને અંતિમ સુધી સમસ્ત સ્થાનોના અધિકારી બનતાં પહેલાં યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે. આ રીતે ભિન્ન-ભિન્ન યોગ્યતાની પરિપક્વતા, શુદ્ધ આચાર અને જ્ઞાન પ્રાપ્તિ વિના શક્ય બનતી નથી.

આજ સુધી પ્રભુનો અદ્ભુત અમૂલ્ય વારસો જાળવવામાં શુદ્ધ આચારસંપન્ન આચાર્ય ભગવંતોની વાર્તા ઈતિહાસના પાને પાને જોવા મળે છે. દૂરની વાત તો શું ? વીસમી સદીમાં પણ આવેલી આપત્તિને શાસનરક્ષા ખાતર અત્યંત સમતાથી સહન કરવાનો ધરખમ પુરુષાર્થ કર્યો છે એવા પૂજનીય ગુરુ ભગવંત જે પાટણમાં શામળા પાર્શ્વનાથ ભગવાનની સામે રોજ ૪-૪ કલાક સાધનામાં પસાર કરતા, અષ્ટપ્રવચન માતાના સંપૂર્ણપાલક, ધીર-વીર અને ગંભીર એવા પંન્યાસપ્રવર શ્રી ધર્મ વિજયજી મહારાજા...(ડહેલાવાળા.) શુદ્ધ આચાર એમના રગેરગમાં વણાયેલો હતો એવા પૂ. પંન્યાસજી મહારાજની જ શુદ્ધ સંસ્કારરૂપ જલધારાથી સિંચાયેલી એમની સાક્ષાત્ જીવંત પ્રતિકૃતિ યાને વર્તમાનકાલીન સાક્ષાત્ શુદ્ધ આચારમંતમૂર્તિ તપાગચ્છના શિરતાજ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી રામસૂરીશ્વરજી મહારાજા....!

**આચાર ધર્મ અને આચાર્ય ભગવંત :**

જેઓશ્રીના જીવનમાં જિનાજ્ઞા અને આચારશુદ્ધિ તો જાણે પ્રત્યેક શ્વાસે ઘૂંટી રહ્યા હોય તેમ જ્યારે પણ વંદનાર્થે જઈએ ત્યારે એક જ પ્રેરણા હોય, "તમારા સંયમ જીવનને વધુને વધુ શુદ્ધ બનાવો અને પ્રતિપળ સ્વાધ્યાયાદિમાં રમતા રહો." આવો પૂજ્યશ્રીનો શબ્દ ધ્વનિ માર્મિક પ્રેરણારૂપે મળતો જ રહે.

વર્તમાનમાં વિજ્ઞાનયુગના ઝેરથી જમાનાના નામે શ્રમણસંસ્થાનું આચારસૌષ્ઠવ પણ જોખમાઈ રહ્યું છે એની ચિંતામાં પૂજ્યશ્રી ઘણીવાર વ્યગ્ર રહેતા હોય છે. એવી એક ઝલક પૂજ્યશ્રીની આચારનિષ્ઠાનું દર્શન કરાવે છે.

એકવાર વિહારમાં પૂજ્યશ્રીની તબિયતની અસ્વસ્થતાના કારણે ડોક્ટર વિગેરેની જરૂર પડે માટે શ્રાવકોએ પૂજ્યશ્રીને કહ્યા વિના મારુતિ ગાડીની વ્યવસ્થા કરી. ૩-૪ દિવસ સુધી તો પૂજ્યશ્રીને ખ્યાલ ન આવ્યો; પરંતુ રસ્તામાં વિહારમાં જતી-આવતી એક જ ગાડી જોતાં ખ્યાલ આવ્યો. પૂછતાં જાણ થઈ કે ગાડી વિહારમાં સાથે છે. ત્યાં જ પૂજ્યશ્રીએ કહી દીધું 'આ સાધન વિહારમાં સાથે નહિ ચાલે.' તે સમયે જ પરત રવાના કરી. આ રીતે વ્હીલચેરો માટે સખત વિરોધ કરતા જ રહે છે. જમાનાના નામે જિનાજ્ઞાને ક્યાંય હાનિ પહોંચે તે પૂજ્યશ્રીને હરગીઝ પરવડતું નથી.

તપાગચ્છમાં મૂર્ધન્યસ્થાને બિરાજમાન છતાં એક નાના મુનિ કરતાંય વધુ સાદાઈભર્યું તેમનું જીવન છે.

નીચા નેણ સદાયે ધરતા ઈર્યાસમિતિ પાળે, તેનો ઉપયોગ પૂજ્યશ્રીમાં જોવો તે જીવનનો લ્હાવો છે.

પૂજ્યશ્રીને વ્યાખ્યાન કે પચ્ચક્ખાણ શરૂ કરતાં પહેલાં મુહપત્તિ મોઢે ગોઠવાઈ જાય. પૂરા વ્યાખ્યાન સુધી મુહપત્તિનો ઉપયોગ આજે પણ મુકતા નથી. વ્યાખ્યાનમાં પૂર્ણ ભાષાસમિતિનું પાલન પૂજ્યશ્રીમાં દેખાય. મહાપુરુષોના દૃષ્ટાંતો અને કેવલ તાત્ત્વિક વાતો શાસ્ત્રપાઠો સાથે નીતરતી હોય.

બિમારીમાં પણ દોષિત ગોચરી આવી છે તેની જાણ થાય તો સાધુ-મહાત્માઓને કડક શબ્દોમાં હિતશિક્ષા આપી દે..."દોષિત લાવીને મારી કાયાને અભડાવશો નહિ", "દોષિત વપરાવીને મને નરકમાં મુકવો છે ?"

અષ્ટપ્રવચન માતાના પાલનમાં આવી છે પૂજ્યશ્રીની ઉચ્ચ આચારપ્રતિબદ્ધતા...!

આ રીતે નિર્દોષ આહારચર્યા, સુવિશુદ્ધ સંયમચર્યા, અલ્પનિદ્રા અને અપ્રમત્તસાધના, અત્યંત બહુમાન અને ઉપયોગપૂર્વકની પ્રત્યેક ક્રિયાઓ, ત્રિકાલ સૂરિમંત્રની આરાધના, આશ્રિતોનું સુયોગ્ય ઘડતર, અદ્‌ભુત શાસનરાગ, અત્યંત વિષયવિરાગ, સુવિશુદ્ધ અખંડ બ્રહ્મચર્ય, સ્વાધ્યાયમાં અદ્‌ભુત તલ્લીનતા, પ્રર્માજનાનો આત્મસાત્ અભ્યાસ, આત્માના પ્રદેશે પ્રદેશે, પળેપળે, જિનાજ્ઞા-શાસનસેવા-સ્વાધ્યાયઘોષ ગુંજન કરતો હોય. આવા અગાધ ગુણસાગરનું એક બુંદ પણ આટલા નાના લેખમાં બતાવવું શક્ય નથી.

વર્તમાન શાસનના લીલાછમ ઉપવનના કુશળ માળી સમ સૂરિ-પુરંદર અનેક શ્રમણ-શ્રમણીરૂપ પુષ્પોને મ્હેંકાવી રહ્યા છે અને પ્રભુશાસનની ૭૭મી પાટને દીપાવી રહ્યા છે.

ધન્ય છે આ યોગીશ્વરને....

ધન્ય છે આ સૂરિપુરંદરને....

ધન્ય છે આ સંયમ શિરોમણિ આચાર્ય ભગવંતને....!

તેઓશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદન....!

**મિથ્યાત્વ :**

न वि तं करेह अग्गी, ने य विसं ने य किण्ह सप्पोवि ।
जं कुणइ महादोसं तिव्वं जीवस्स मिच्छतं ॥

तीव्र मिथ्यात्व आत्मा का जीतना अहित एवं बिगाड करता है उतना बिगाड अग्नि, विष और काला नाग भी नहीं करते ।

ભક્તપરિક્ષા પ્રકીર્ણક-૬૧



www.jaintatvagyanshala.org

કાન્ત સ્વરુપ બનવા માટે લહીશ મહાવ્રતમોતી,
રામસુરિ ગુરુવર સથવારે આતમ લહીશ ગોતી.
ધૈર્યતાની ધોરણીએ અમૂલ્ય સમય ના ખોતી,
ગુરુવર્યોની કૃપાએ પ્રગટાવીશ કેવલ જ્યોતિ.

●

સાધ્વીજી શ્રી મૃગેન્દ્રશ્રીજી

આપે આપના દીર્ઘ સંયમ જીવનમાં અપ્રમત્તપણે **सम्यग्दर्शन ज्ञानचारित्राणि मोक्षमार्गः** એ રત્નત્રયી, અને **ज्ञानक्रियाभ्याम् मोक्षः** આ સૂત્રોને રોમરોમમાં વ્યાપ્ત બનાવ્યાં છે. ગમે તેવી શારીરિક પરિસ્થિતિ હોય, ગમે તેવી નાદુરસ્ત તબિયત હોય, પણ આપની આ સાધનાનો વેગ ક્યારે પણ સ્ખલિત હોતો નથી. આપની સાધના અખંડ અને અવિરતપણે ચાલી રહી છે. આપની દેશનામાં જ્યારે જોઈએ ત્યારે, જ્યારે સાંભળીએ ત્યારે ઉપરોક્ત બે સૂત્રો તો અવશ્ય સાંભળવા મલે જ, અમે વારંવાર આપના સંયમ જીવનની અનુમોદના કરીએ છીએ.

(૧) ગુરુદેવશ્રી ! આપના ચરણનો અંગુઠો અમારા જેવા અજ્ઞાની અને પામર જીવો માટે જ્ઞાનનું પરમ સાધન છે. તેના દ્વારા અમારા આત્મામાં અનાદિનાં અજ્ઞાનનાં અંધારાં દૂર થયાં છે. જ્ઞાનનો પ્રકાશ આપે અમને આપ્યો છે. આપના અંગુઠામાં યોગની અનોખી શક્તિ છે.

(૨) ગુરુદેવશ્રી ! આપે આપના ઢીંચણ દ્વારા - ગામોગામ વિહાર કરી, અનેક જીવોને પ્રતિબોધ પમાડી, અનંતો ઉપકાર કર્યો છે. આ ઢીંચણ દ્વારા સંયમજીવનની અનેકવિધ સાધના કરી છે. અહીં બેઠાં બેઠાં આપના ચરણોને ભાવથી નમસ્કાર કરીને ભાવના ભાવીએ છીએ કે, અમારી સંયમ સાધનામાં જે મુખ્ય આવશ્યક ક્રિયા છે તેની અપ્રમત્તપણે સાધના કરીએ તેવા શુભાશિષ પાઠવશોજી.

(૩) ગુરુદેવશ્રી ! આપના હાથનાં કાંડા કેટલાં ઉત્તમ છે ? તે કાંડા દ્વારા દાનધર્મ, જ્ઞાનની ઉપાસના, વગેરે માટે આપે પ્રબલ પુરુષાર્થ કર્યો છે. અમારાં કાંડા તો કાટ ચઢેલા લોખંડ જેવાં છે. અમે એક જ ભાવના ભાવીએ છીએ કે, નમ્ર બનીને, જ્યારે જ્યારે જે સમયે જરૂર પડે ત્યારે હાથ જોડીને ઊભા રહીએ તેવી કૃપાદષ્ટિ રાખશો.

(૪) ગુરુદેવશ્રી ! આપે તો કર્મના ઉદયમાં, કષ્ટની સાધનામાં ખભા અણનમ રાખ્યા છે. આપે આ ખભા દ્વારા માનકષાયને જીત્યો છે, ગુરુદેવશ્રી ! અમે અભિમાનમાં અક્કડ થઈને ફરીએ છીએ. વડીલતત્ત્વ પ્રત્યે પણ નમ્રતાની બુદ્ધિ થતી નથી. એવા આશિષ આપજો કે, વિનય, નમ્રતા દ્વારા સંયમની ઉચ્ચકોટિની સાધના કરીએ.

(૫) ગુરુદેવશ્રી ! અહો ! શું આપનું મસ્તક ? જે મસ્તક દ્વારા આપ સમગ્ર વિશ્વના આંગણે ઉચ્ચશિખરે, ભારતભરના તમામ આચાર્ય ભગવંતોમાં અધ્યક્ષસ્થાને બિરાજમાન છો. શું આપનું તેજસ્વી શીર ? આપ સાધુ સમુદાયમાં શીરમોર સમાન છો.

(૬) ગુરુદેવ ! આપનું કેવું દેદીપ્યમાન લલાટ ? સૂર્ય જેવું તેજસ્વી એવું આપનું લલાટ શોભી રહ્યું છે. તે લલાટ દ્વારા આપ જૈનશાસનમાં તિલક સમાન શોભી રહ્યા છો જી ! અમારું લલાટ તો ધખી રહ્યું છે. આપને શુભભાવપૂર્વક વિનંતિ કરીએ છીએ કે, સંયમની શુદ્ધ સાધના દ્વારા જૈનશાસનની શોભાવધે તેવું કર્તવ્ય કરી શકીએ, શાસનની અવહેલનાથી બચીએ.



www.jaintatvagyanshala.org

(૭) ગુરુદેવશ્રી ! શું આપનો મધુરકંઠ ? કેવી મધુર અને મીઠી વાણી આપના કંઠમાંથી વહે છે ! આપની વાણી પાણી જેવી છે. સાંભળનારને પવિત્ર બનાવે છે. ઠંડક આપે છે. અને તૃષાને શાન્ત કરે છે. આપના મુખરૂપી હિમાલયમાંથી વાણીનું મીઠું મધુર ઝરણું અમારી હિતશિક્ષા માટે વહેતું હોય છે. જ્યારે જ્યારે સાંભળીએ ત્યારે શીતલતાનો અનુભવ થાય છે. આપની સામે અમારો કંઠ તો કેવો છે ? અનેકોના કંઠનું શોષણ કરનાર છે. રામનામે પાષાણ પણ પારસ બને, તુજ નામે ગુરૂવર તારો અમને, કંચન શિશુ પ્રેમે નમે, પદ્મશિશુ પ્રેમે નમે, ગુરૂદેવશ્રી ? અમારા કંઠમાંથી સદા આપનું નામસ્મરણ થતું રહે. આપના નામસ્મરણથી અમારું મોહનું ઘેન દૂર થાય, એવી કૃપાદષ્ટિ સતત વહાવશોજી.

(૮) અહો ? ગુરુદેવશ્રી ? કેવું વિશાલ આપનું હૃદય ? આપના હૈયાનો મહાસાગર હેત સાથે ઉછળી રહ્યો છે. આપે આપના શિષ્યો, પ્રશિષ્યો, સાધુ-સાધ્વીગણ ઉપર અત્યંત વાત્સલ્ય ધારા વરસાવી, સંયમની સાધનામાં ઓતપ્રોત બનાવ્યાં છે. જ્ઞાનના મહાસાગરમાં ઝીલતા રાખ્યા છે. ચારિત્રના મહાઉદ્યાનમાં પુલકિત બનાવ્યાં છે.

આપના હૃદયની સામે અમારું હૃદયતો વડીલોમાં વડવાનલનાં દર્શન કરાવે છે. અમારા હૃદય દ્વારા કોઈના અહિતની અપેક્ષા ન થાય. તેવી ભાવના ભાવીએ છીએ. અવશ્ય દીર્ઘદષ્ટી રાખીને કૃપાનો ધોધ વહાવશોજી !

(૯) ગુરુદેવશ્રી ! કેવી ગંભીર આપની નાભિ ? આપની નાભિમાંથી સદા અરિહંતનો નાદ જાગી રહ્યો છે. અમે ભાવના ભાવીએ છીએ કે, અમારી અનાદિની વિષય વાસનાઓ બળીને ભસ્મીભૂત થાય. સદા માટે પ્રભુશાસન ! ગુરુયોગ તેમના ચરણોની સેવા પ્રાપ્ત થાય તેવી ભાવના ભાવીએ છીએજી. ગુરુદેવશ્રી ? એવા અંતરના શુભાશિષ આપો કે, કાલાન્તરે પણ નાભિકમલની બાજુમાં રહેલા આઠરુચક પ્રદેશોમાં, જે અનંતજ્ઞાનાદિ, સિદ્ધના આઠગુણો છે તે કર્મક્ષયની સાધના દ્વારા પ્રગટ થાય એવી શુભ મંગલભાવના અને મનોકામના છે. ? ગુરુદેવશ્રી ! આપના દેહના અંગોમાં આટલી અગાધ શક્તિ છે, તો આધ્યાત્મિક શક્તિની તો વાત જ શી ? આટલા બધા દીર્ઘસંયમ પર્યાયમાં માત્ર આત્મશુદ્ધિની ગવેષણાનું જ લક્ષ્ય રાખ્યું છે. કેવો આપનો ઉચ્ચતમ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ! કેવી શ્રેષ્ઠ જ્ઞાનની ઉપાસના ! ચારિત્રાચારના પાલનની કેવી દઢતા ! આપના જીવનમાં આવા અનેકવિધ ગુણોની સુવાસ અને સુગંધ ભરેલી છે. અમારી આ જીભથી આપના ગુણોનું વર્ણન થઈ શકે તેમ નથી.

પેલું ચંદન ? તેને ગમે તેટલું કાપવા છતાં, ઘસવા છતાં, તેનો સુગંધ આપવાનો સ્વભાવ છોડતું નથી. તેમ આપ ગુરુદેવ પણ ગમે તેવા દુષ્ટ પરિબળોની વચ્ચે ગમે તેવા પરિષહોની વચ્ચે પણ સંયમની સુવાસથી પૂરા જૈનશાસનને શોભાવી રહ્યા છે. આવા પવિત્રતમ મહાપુરૂષોની પાવનીય નિશ્રા, તેમનું સાનિધ્ય તેમની પવિત્ર વાણી અમારા જીવનને નિર્મલ અને પવિત્ર બનાવી રહી છે.

ગુરુદેવશ્રી ! આપના ગુણોને યાદ કરતાં કરતાં અમારા જીવનમાં ગુણોનો આવિર્ભાવ થાય. તે દ્વારા જીવનમાં શુભ અને શુદ્ધ પરિણતિ બને, સંયમજીવનની સાધના સુદઢ બને. પ્રભુ આજ્ઞા અને ગુર્વાજ્ઞા પૂર્વકનું જીવન બનાવીએ એવા શુભાશિષ આપો.



www.jaintatvagyanshala.org

# આત્મધ્યાની પૂજ્યશ્રી

●

સાધ્વીજી પ્રિયદર્શનાશ્રીજી

**શાસનની ઉજ્જવળ પરંપરા :**

જૈન શાસનની પરંપરા પ્રભાવક પુરુષો અને શુદ્ધ સંયમીઓથી જ ઉજ્જવલ રહી છે. આવી પ્રભાવક પરંપરાના સાંપ્રતકાલિન શાસનશિરોમણિ, સિત્યોતેર(૭૭)મી પાટ પર બિરાજમાન, છેલ્લા ચાર સૈકામાં અર્ધશતાબ્દિ સુધી સંઘ શાસન અને સમુદાયનું સુપેરે સુકાન સંભાળી રહેલા યુગશિરોમણિ આચાર્ય ભગવંત એટલે - પ.પૂ. રામસૂરીશ્વરજી મહારાજા...!

ગુલાબની સુવાસ કાં તો સાક્ષાત્ સુંઘવાથી, અથવા ગુલાબની આસપાસનો વાયુ સ્પર્શે તો અનુભવાય. પણ, વ્યક્તિના બાહ્યગુણોની સુવાસ કાંઈક જુદી છે...એ તો સેંકડો માઈલ સુધી પથરાય છે...પણ એ સુવાસ કેટલી પ્રશંસનીય છે તે તો મહાત્માઓના આંતરવૈભવ પર નિર્ભર છે.

પૂજ્યશ્રીના અસીમ આંતરવૈભવનું દર્શન મારા જેવા થકી કરાવવું એ ગગનના તારા ગણવા કરતાંય વધુ મુશ્કલભર્યું છે. છતાં भवद्‌भक्तिरेव मुखरी कुरुते... પૂજ્યશ્રીના સાક્ષાત્ સાન્નિધ્યે અનેક અનુભવેલા પ્રસંગોમાં પણ તેઓશ્રીના આંતરવૈભવની યત્કિંચિત્ ઝલક અનુભવી છે...એ ઝલક અમારા જીવનમાં અપૂર્વ પ્રેરણાસ્રોત...પિયુષનું પાથેય અને તમસ્ (અજ્ઞાન)ને તોડનાર બની છે. એક નમુનો જ જોઈએ.

વિ. ૨૦૫૩નાં જેઠ મહિનાની તોખાર ગરમીમાં દુ:ખાવા ઉપર ગરમ પાણીનો શેક કરતાં અવસ્થાધીન શરીરનું સમતોલપણું નહિ રહેવાના કારણે ઉકળતા પાણીમાં હાથ પગ વગેરે દાઝ્યા. ડોક્ટર પાસે સારવાર લેતાં આવો કેસ એ.સી. વિના રહી ન શકે. હોસ્પિટલમાં આવવું પડશે...આધુનિક સારવાર પદ્ધતિના વિરોધી પૂજ્યશ્રીએ પાટા-પીંડી વિગેરે ઉપાશ્રયમાં રહીને કરાવ્યું. આ વખતે ડોક્ટર અને સેવાપરાયણ આશ્રિતવર્ગની આંખમાં અશ્રુ ઉભરાંતા...આવી દાહની પીડામાં કોઈ ગૃહસ્થ દાઝેલા હાથ પર કપડું-રૂમાલ લઈને માખી ઉડાડતા હતા...પૂજ્યશ્રીએ તે ભાઈને કહ્યું, "આ દ્વારા વાયુકાયની વિરાધના થાય છે ! અને તે વિરાધના મારા સંયમયોગને મલિન કરે છે...મૂકી દો રૂમાલ...!" આવી ઉગ્ર પીડામાં પણ વાયુકાય જીવો પ્રત્યે કરુણાથી ઉભરાતું હૃદય...! કેવો દેહાધ્યાસ તૂટ્યો હશે કે આવો સૂક્ષ્મ ઉપયોગ સંયમશુદ્ધિમાં વર્તે છે ?

પૂજ્યશ્રીની આટલી પીડા જોઈને કોઈ આશ્રિતવર્ગને ઉદાસીન જુએ તો પૂજ્યશ્રી કેટલું સાત્ત્વિક આશ્વાસન આપે કે ગજસુકુમાલમુનિના માથા પર સળગતી સગડી મૂકાઈ હશે ત્યારે કેવી પીડા થઈ હશે ? મને તો માત્ર ઉકળતા પાણીની જ પીડા છે...અસહ્ય દાહમાં પણ કેવી ઉચ્ચ ઉપયોગની ધારા...?

આ છે પૂજ્યશ્રીના જીવનની અદ્‌ભુત સહિષ્ણુતા...સંયમશુદ્ધિ...! આવા તો કેટલાય પ્રસંગોમાં તેઓશ્રીના આંતરવૈભવનાં દર્શન થયાં છે. પૂજ્યશ્રીના એકેક પ્રસંગો અમારા સંયમયોગોમાં પ્રાણ પૂરે છે. પૂજ્યશ્રીના મૌનમાં પણ અદ્‌ભુત પ્રેરણાસ્રોત મેળવીને અમો ધન્ય બનીએ છીએ.

**સ્વાધ્યાય પ્રીતિ :**

સખત વેદનામાં ક્યારેક રાત્રિભર ઉજાગરો કરવા છતાં દિવસે જ્યારે જુઓ ત્યારે स्वाध्यायाद्युपयुक्तता उपयोगः ઉત્તરાધ્યયનનું આ સૂત્ર પૂજ્યશ્રીના જીવનમાં ચરિત્તાર્થ થયેલું દેખાય...અપ્રમત્ત ઉપયોગે સ્વાધ્યાય મસ્તી

માણતા જ દેખાય...છેલ્લા ચાર દાયકામાં રોગના અનેક હુમલાઓ આવી ગયા છતાં મન પર અસમાધિની રેખાં વાંચવા ન મળે... ઉગ્ર વ્યાધિમાં પણ સમાધિ ટકાવવાની અદ્‌ભુત ક્ષમતા...!

જ્ઞાનગંગોત્રીસમી તત્ત્વજ્ઞાનશાળા તો પૂજ્યશ્રીનો પ્રાણ છે. શાસનની જંગમ સંપત્તિરૂપ સાધુ-સાધ્વીજી ભ.માં સમ્યગ્ જ્ઞાનદાનનો પ્રવાહ નહિ રહે તો આ શાસન કેવી રીતે ચાલશે ? આવી જ્ઞાનવ્હેણ વહેતું રાખવાની પૂજ્યશ્રીની અપૂર્વ ભાવના છે. જેના કારણે ઠેર ઠેર-પાઠશાળાના પ્રેરણાદાતા બન્યા છે. અને જેમાં અભેદભાવે સાધ્વીજી ભ. અધ્યયન કરે છે.

હસ્તપ્રતોનું તો એક ફાટેલું પત્ર પણ તેઓશ્રીને મળે તો અમૂલ્ય ઝવેરાત મળ્યું એવો આનંદ અનુભવે...! આ પૂર્વપુરુષોના જ્ઞાન વારસાને સાચવવા, વધારવા અને વ્યવસ્થિત કરવામાં ૮૪ વર્ષની પ્રૌઢવયે પણ સતત જાગૃત હોય.

જુની હસ્તપ્રતોના કાર્યમાં આશ્રિતોને ક્યારેક નીરસતા લાગે ત્યારે "આ શ્રુત સંપત્તિ તો આપણું ઝવેરાત છે." "એ પૂર્વપુરુષોનો વારસો આપણે નહિ સાચવીએ તો કોણ સાચવશે ?" વગેરે આવા સભર વાત્સલ્યે બોલાતા પૂજ્યશ્રીના સાત્ત્વિક-તાત્ત્વિક શબ્દો આશ્રિતોની નીરસતા ખંખેરી નાંખે. આટલી પાકટ વયે પણ ન્યાય અને આગમગ્રંથોના શ્લોક નાના બાળકની જેમ આજે પણ કંઠસ્થ કરતા દેખાય છે.

આ છે શ્રુતજ્ઞાન સંપત્તિને સાચવવાની પૂજ્યશ્રીની તમન્ના...!

**પૂજ્યશ્રીનો તેજ પ્રભાવ :**

પૂજ્યશ્રીના અનન્ય કોટિના બ્રહ્મચર્યના પ્રભાવે ૮૪ વર્ષની ઢળતી સંધ્યાએ પણ મુખારવિંદ પર પ્રચંડ સૂર્ય જેવું અદ્‌ભુત બ્રહ્મતેજ ચમકી રહ્યું છે...

પૂજ્યશ્રીનો બ્રહ્મપ્રભાવ...! એટલો અજોડ કે તેઓશ્રીના આભામંડળમાં આવનારને સાક્ષાત્ અનુભવાય...!

પૂજ્યશ્રીની સંઘ-શાસન અને સમુદાયના યોગક્ષેમ માટે થતી કોઈપણ આરાધના, પ્રભાવના કે પ્રવૃત્તિ શાસ્ત્રમર્યાદાપૂર્વક કરે-કરાવે; અને તેમાં નિરાડંબર-નિસ્પૃહત્વ ઝળક્યા વિના રહે નહીં...શુદ્ધ સંયમનો પ્રભાવ અને સ્વભાવથી આજે જૈન-જૈનેતર સમાજ પ્રભાવિત છે.

આવા સંયમસમ્રાટ્ પૂજ્યશ્રીની તમામ શાસન પ્રભાવનામાં...સંયમયોગોમાં, કાયોત્સર્ગાદિ ક્રિયાઓમાં...અદ્‌ભુત અપ્રમત્ત ઉપયોગશુદ્ધિ રગરગમાં નીતરતી નજરે નિહાળી છે...અંતઃકરણે અનુભવી છે...

પૂજ્યશ્રીના સંપૂર્ણ આંતરવૈભવનું ટૂંકું ને ટચ ન્યાયસૂત્ર બનાવવું હોય તો "શુદ્ધ સંયમ-સ્વાધ્યાય અને સમતાના ત્રિવેણીસંગમ છે."

સૂરિપદઅર્ધશતાબ્દિના વર્ષમાં પ્રવેશ કરતા...તારક ગુરુદેવ...! સોળે કળાએ ખીલેલા શુદ્ધ સંયમના ચંદ્રસમા આપશ્રી, શાસન, સંઘ અને આપશ્રીના સકલ સમુદાય પર હજુ પણ સૂરિપદપૂર્ણશતાબ્દિ સુધી પ્રકાશ પાથરો... સુવાસ પ્રસરાવો... એ જ મનોભાવના.



www.jaintatvagyanshala.org

# અહિંસા પરમો ધર્મ

•

સાધ્વીજી શ્રી કનકપ્રભાશ્રીજી શિષ્યા સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી

**अहिंसा परमो धर्मस्तथाऽहिंसा परो दमः ।**
**अहिंसा परमं दानमहिंसा परमं तपः ॥**

મહાભારત ફરમાવે છે કે અહિંસા પરમ ધર્મ છે, અહિંસા પરમ દમ છે, અહિંસા પરમ દાન છે તથા અહિંસા પરમ તપ છે.

માનવીના મનમાં અહિંસા સ્વાભાવિકપણે રહેલી હોઈ બીજાના દુઃખો દૂર કરવાની ભાવના થાય છે જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર પ્રભુ વીરે પણ અહિંસાને જ પ્રાધાન્ય આપ્યું છે જગતનો કોઈપણ ધર્મ હિંસાને સ્થાન આપતો જ નથી. અહિંસા એકતાની અનુભૂતિ છે આ એકતાની અનુભૂતિએ સંવેદનશીલતાને જન્મ આપ્યો છે.

અખિલ વિશ્વ અખંડ એકરસ છે તેનાથી દરેક વ્યક્તિ અભિન્ન છે અને વિશ્વ સ્વરૂપના એક એક અંગ છે એટલે કોઈની પણ હિંસા કરવાથી પોતાની જ હિંસા કરવા બરાબર છે. હિંસાના ભાવથી સમાજ સ્થિર રહી શકતો નથી. સર્વ પ્રાણી નિર્ભય બનવાં જોઈએ. જે સમાજમાં અભય હોય તે સમાજ પ્રગતિ કરે છે.

જગતમાં આજે હિંસાનું તાંડવ પ્રચંડ વેગથી ચાલી રહ્યું છે ભારત દેશ કે જ્યાંથી અહિંસાની પ્રથમ ઉદ્‌ઘોષણા થઈ તે આજે હિંસાના માર્ગ તરફ વિશેષ અને વિશેષ ઘસડાઈ રહ્યો છે. દરેક મનુષ્યોએ સમાજના હિત માટે અહિંસાશીલ મનોવૃત્તિ બનાવવી જોઈએ. સદા શરીરથી, મનથી અને વચનથી સર્વ જીવોને વિષે અપીડાત્મક ભાવ રાખવો એટલે કે કોઈપણ જીવને કદાપિ મનથી કે વચનથી દુઃખ ન દેવું તેને મહર્ષિઓએ અહિંસા કહી છે. પરસ્પરના દ્વેષનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. ગીતામાં પણ કહ્યું છે કે -

**अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च**
**अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैर त्यागः ॥**

કોઈપણ જીવ પ્રત્યે દ્વેષ ન કરો. સર્વ ભૂતો પ્રત્યે મિત્રભાવ અને અનુકંપાભાવ રાખો. જે મન-વચન અને કાયાથી અહિંસાનું પાલન કરે છે તેનાથી પ્રાણીમાત્ર નિર્વૈર બને છે. ભારત વર્ષના યોગર્ષિ ભગવાન પતંજલિએ અહિંસાનું રહસ્ય સમજાવતાં કહ્યું છે કે સમસ્ત વિશ્વનું કલ્યાણ કરવાની, પતિતમાં પતિત મનુષ્યને પાવન કરવાની, શક્તિ અહિંસામાં રહેલી છે ઋષિ વાલ્મીકીના જીવનમાં જે પરિવર્તન થયું તે અહિંસા ધર્મના પાલનથી જ થયું હતું.

જીવ હિંસા તે આત્મહિંસા છે જીવદયા તે આત્મદયા છે તેથી આત્માનું હિત ઈચ્છનારે સર્વ પ્રકારની જીવહિંસાનો ત્યાગ કરવો જોઈ. હિંસા બે પ્રકારે છે. ૧. દ્રવ્યહિંસા, ૨. ભાવહિંસા.

કોઈપણ પ્રાણીને શરીર દ્વારા હાનિ ન પહોંચાડવી તે દ્રવ્ય અહિંસા છે. આ હાનિ કેવી રીતે પહોંચે તેનો નિર્દેશ 'ઈરિયાવહી' સૂત્રમાં આ પ્રમાણે છે.

અભિહયા, વતિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટીયા, પરિયાવિયા, કિલામીયા, ઉદવિયા, ઠાણાઓ ઠાણ, સંકામિયા જિવિયાઓ, વવરોવિયા.

એટલે કે જીવો લાતે મરાયા હોય, ધૂળે ઢંકાયા હોય, ભોંય સાથે ઘસાયા હોય, ભેગા કરાયા હોય, પરિતાપ

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ઉપજાવાયો હોય, ખેદ પમાડ્યા હોય, ઉદ્વેગ પમાડાયો હોય, એક સ્થાનેથી બીજા સ્થાને મૂક્યા હોય અને જીવિતવ્યથી છૂટા કરાયા હોય.

સમગ્ર જીવોના હિતની ભાવના ભાવવી એ ભાવ અહિંસા છે. દ્રવ્ય અહિંસા એ સ્વરૂપ અહિંસા છે અને ભાવ અહિંસા એ પરમાર્થ અહિંસા છે. છૂટછાટપૂર્વક અહિંસાનું પાલન કરવું એ દેશ - અહિંસા છે અને નિરપવાદ અથવા સર્વાંશે પાલન કરવું તે સર્વ અહિંસા છે શ્રાવકનું પ્રથમ વ્રત દેશ અહિંસામાં આવે અને સાધુનું પ્રથમ વ્રત સર્વ અહિંસામાં આવે. કારણકે સાધુના વ્રતમાં ત્રણ કરણ અને ત્રણ યોગથી હિંસાનો ત્યાગ હોય છે એટલે કે તેમાં કોઈ જ છૂટ કે અપવાદ હોતો નથી.

મન વડે હિસા થાય એવી કોઈ પ્રવૃતિ ન કરવી તે માનસિક અહિંસા છે. વચન વડે હિંસા થાય એવી કોઈ પ્રવૃતિ ન કરવી તે વાચિક અહિંસા છે. પ્રિય, પથ્ય અને તથ્ય બોલવાથી અહિંસાનું પાલન થાય છે જે વાણી કઠોર કે કર્કશ હોય તે બીજાને ઘણો સંતાપ જન્માવે છે જેમ કે

"આંધળાના દીકરા આંધળા જ હોય ને !" એ શબ્દો વડે દ્રૌપદીએ કૌરવોની મશ્કરી કરી અને તેથી જ મહાભારત યુદ્ધ થયું. કાયા વડે હિંસા થાય એવી કોઈ પ્રવૃતિ ન કરવી તે કાયિક અહિંસા છે.

ખ્રિસ્તી ધર્મની દશ આજ્ઞામાં કહ્યું છે કે તારે કોઈની હિંસા કરવી નહીં.

શીખ ધર્મના સંસ્થાપક ગુરૂ નાનકે પણ કહ્યું છે કે જે કોઈ માંસ-મચ્છી ખાય છે અને માદક પદાર્થોનું સેવન કરે છે તેનું તમામ પૂણ્ય નષ્ટ થઈ જાય છે.

ઈસ્લામ ધર્મના મુખ્ય ગ્રંથ કુરાને શરીફમાં જણાવ્યું છે કે જે કોઈ અન્ય પ્રાણીઓ પર દયાનો વ્યવહાર કરે છે તેના પર અલ્લાહ કૃપા કરે છે.

બૌદ્ધ ધર્મના પ્રવર્તક ગૌતમ બુદ્ધે કહ્યું છે કે ત્રસ અને સ્થાવર સર્વ જીવોને કોઈપણ શસ્ત્ર વાપરી મારવા નહિ, મરાવવા નહિ અને કોઈ મારતું હોય તો તેને અનુમતિ આપવી નહિ. અહિંસાને જ શાશ્વત ધર્મ કહ્યો છે.

બધા ધર્મ કરતાં જૈન ધર્મનો અહિંસા વિષયક ઉપદેશ શ્રેષ્ઠ, સર્વોતમ અને સચોટ છે તે વધારે સ્પષ્ટ છે અને જીવનના બધા જ અંગોને સ્પર્શ કરનારો છે. તેથી જ જૈન ધર્મ આ જગતમાં અહિંસા ધર્મનું અમરનામ પામેલો છે. જૈન ધર્મે પ્રરૂપેલા અહિંસાના સિદ્ધાંતથી પ્રભાવિત થયેલ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે પણ કહ્યું છે કે :

"Jainism has contributed to the world the sublime doctrine of Ahimsa. No other religion has emphasised the importance of Ahimsa and carried its practice to the extent that jainism has done. Jainism deserves to become the universal religion because of its Ahimsa doctrine."

('જૈનધર્મે જગતને અતિ પવિત્ર એવો અહિંસાનો સિદ્ધાંત અર્પણ કર્યો છે. બીજા કોઈપણ ધર્મે અહિંસાને આટલું મહત્ત્વ આપ્યું નથી અને જૈન ધર્મે તેને જીવનમાં ઉતારવા માટે જેટલો પ્રયત્ન કર્યો છે તેટલો બીજા કોઈએ કર્યો નથી. જૈન ધર્મ તેના આ અહિંસાના સિદ્ધાંતને લીધે વિશ્વધર્મ થવાની યોગ્યતા ધરાવે છે.)

પાંચ મહાવ્રતમાં પણ પાયામાં અહિંસા જ સમાયેલી છે. જેમ કે અસત્યનો ત્યાગ પણ સહુ જીવોની દયા માટે જ કરવાનો છે. ચોરી ન કરવી તે પણ અહિંસાના કારણે જ. સદાચાર બ્રહ્મચર્યનું પાલન પણ જીવહિંસાથી બચવા માટે જ કરવાનું અને પરિગ્રહનો ત્યાગ પણ અહિંસાના માટે જ છે તેમજ રાત્રિ ભોજન અને કંદમૂળનો ત્યાગ કરવા પાછળ પણ ચૈતન્યમય જીવ સૃષ્ટિની દયાની ભાવના જ કારણભૂત છે.



www.jaintatvagyanshala.org

અહિંસામૂર્તિ શ્રી ભગવાન મહાવીરના અમૂલ્ય બે સંદેશ છે અહિંસા અને અનેકાન્તવાદ.

અહિંસા એ આચાર છે અને અનેકાન્તવાદ એ વિચાર છે. 'આત્મવત્ સર્વ ભૂતેષુ'ની વાત તો જ જીવંત બની શકે જો બીજાના દુઃખ આપણા બની જાય. હિંસા મોટે ભાગે તે લોકો જ કરતા હોય છે જેઓના હૈયામાં ચૈતન્ય પ્રત્યે આદર નથી હોતો. એ લોકો નથી જાણતા કે જીવહિંસા ખરેખર પોતાની જ જાતની જ હિંસા છે. 'જીવવહો અપ્પવહો' જીવવધ એ જાતનો વધ છે.

ભગવાન મહાવીરે અહિંસાની સાધના માટે બે માર્ગ બતાવ્યા છે સર્વ વિરતી અને દેશ વિરતી. જગતમાં જેટલા જીવ છે તે બધા પ્રત્યે સમભાવ અને સમતાભાવ રાખવાનો અભ્યાસ તે જ અહિંસા છે.

દશ વૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કે સમસ્ત ધર્મ સ્થાનોમાં સૌથી પહેલું સ્થાન અહિંસાનું છે.

**तत्थिमं पढमं ठाणं महावीरेण देसिअम् ।**
**अहिंसा निऊणा दिट्ठा सव्वभूएसु संजमो ॥**

મહાવીર પરમાત્માએ પ્રથમ સ્થાન આ જ બતાવ્યું છે કે સર્વ પ્રાણીઓને વિષે સંયમ એટલે કે દયાભાવ રાખવો. બીજી ભાષામાં નિપુણ એવી આ અહિંસા જોવાયેલી છે.

અફસોસ ! આજે તો જ્યાં નજર કરો ત્યાં સમગ્ર વિશ્વમાં બધે જ હિંસાનું તાંડવ ચાલી રહ્યું છે ભારત કે જે ઋષિ મુનિઓ અને સંતોની ધરતી છે ત્યાં પણ રોજ લાખો ને કરોડોની સંખ્યામાં જીવોની હત્યા થાય છે. ભારતના પ્રાચીન ઇતિહાસમાં ક્યાંય પણ 'મત્સ્યોદ્યોગ' શબ્દ સાંભળવા કે વાંચવા મળતો નથી અને આજે કરોડો માછલીઓને મારવામાં આવે છે. આજના યુગમાં હિંસા વધતી જાય છે અને દુઃખદ વાત તો એ છે કે માનવી પોતાના શોખને ખાતર જાણે-અજાણ્યે હિંસા આચરતો જાય છે જેમ કે ચામડાના ચંપલ જે જીવતે જીવતા પશુઓ પર ગરમ પાણીનો છંટકાવ કરી અને ચામડી ઉતારાય છે અને માનવ તેનો હોંશે હોંશે ઉપયોગ કરે છે.

સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ પોતાની જાતને રૂપકડા દેખાડવા માટે યુવતીઓ લિપસ્ટીકનો ઉપયોગ કરે છે; જેમાં સસલાનો નિર્દયતાપૂર્વક સંહાર થાય છે.

શેમ્પુનો ઉપયોગ આધુનિકરણના નામે અત્યંત વધી રહ્યો છે રૂપકડી બોટલો અને પાઉચોમાં શેમ્પુ આવે છે. આ શેમ્પુમાં ઈંડાં, સસલાની આંખો અને ઘણી જ હિંસક વસ્તુઓનો ઉપયોગ સુગંધ ટકાવી રાખવા થઈ રહ્યો છે. આ પાપ વાળને કોમળ રાખવા માટે જ ને ?

આજની ફેશનેબલ યુવતી જે ખભે ચળકતા પાકીટ લઈ ફરતી જોવા મળે છે તે શેના બને છે ! સાંભળજો.....

જીવતા નાગની ચામડી નિર્દયપણે ઉતારી તેને આકર્ષક બનાવી રૂપકડા પાકીટ બને છે, જે વાપરીને પાપના થોક બાંધી રહ્યા છે.

જે ભૂમિ પર અગણિત સંતો મહાત્માઓ અવતર્યા એ જ ભૂમિ પર મુંગા જીવોની ક્રૂર હિંસા ફુલે ફાલે અને છતાંય આપણું કાળજું કંપે નહિ એ કેવી કરૂણતા !

કુમારપાળની કરૂણા, કૌવત અને કીર્તિ અહિંસા માટે કળામય મોરલાની જેમ કેકારવ કરતી હતી. એના રાજ્યમાં પ્રાણીઓનો વધ કલ્પના બહારનો વિષય હતો. કોઈ રમત રમતાં પણ કહે કે 'લે તારી કુકી મારી' તેમ પણ ન બોલી શકે. જેના લશ્કરના ઘોડાઓને પણ પાણી ગાળીને પીવડાવવામાં આવતું. જેના રાજ્યમાં સર્વ પ્રાણીઓ નિર્ભય હતાં. જૂ ને મારનાર ને પણ સજા થતી. કુમારપાળ રાજાને હાથ પર ચટકો ભરી ચોંટી ગયેલા મંકોડાને તે મરી ન જાય તે માટે, તે મંકોડાને બચાવવા કટારથી ખુદ પોતાની ચામડી ઉતારી બાજુ પર મુકનાર આ રાજવી આ ધરતીના જ વિરલા હતા.



www.jaintatvagyanshala.org

ક્રૂર, ઘાતકી અને હિંસક મોગલ સમ્રાટ અકબર બાદશાહ જે દરરોજ સવા શેર ચકલાની જીભનો નાસ્તો કરતો હતો તે પણ જૈનાચાર્ય પ.પૂ. હીરસૂરીશ્વરજી મ.સા.ના પ્રતિબોધનથી અહિંસક બની ગયો.

હિંસાના ઘોર કર્મ વિપાકોને સારી રીતે સમજી લેવા જોઈએ. જીવહિંસા કરવાથી કેવા કેવા પાપકર્મ બંધાય છે અને એ પાપકર્મના ઉદયથી કેવા કેવા દુઃખ ભોગવવા પડે છે તેના પ્રત્યક્ષ દાખલાઓ આપણી સમક્ષ ઘણા જ છે. રોગ અને દુર્ભાગ્ય, એ હિંસાનાં જ ફળ છે હિંસાના દારૂણ વિપાક છે 'વિપાત્ર સૂત્ર' નામના આગમ ગ્રંથમાં 'મૃગાપુત્ર લોઢઈયા'નું જીવન વાંચતાં કમકમાટી આવી જાય.

**निरपराध जंतूनां कुर्वन्ति वधमन्वहं ।**
**असयंता गतघृणा भ्रमंति भवकंदरे ॥**

જે પ્રાણી હંમેશાં નિર્દયપણે અને અવિરતપણે નિરપરાધી પ્રાણીઓની હિંસા કરે છે તે આ સંસારને વિષે પરિભ્રમણ કરે છે.

મહાભારતમાં કહ્યું છે કે :

**यो दद्यात्कांचनं मेरु, कृत्स्नां चैव वसुंधरां ।**
**एकस्य जीवितं दद्यात् नैव तुल्यं युधिष्ठिरः ॥**

હે યુધિષ્ઠિર, જો કોઈ સુવર્ણનો મેરૂ આપે અને સમગ્ર પૃથ્વીનું દાન કરે તો પણ એકને જીવિતદાન આપવા તુલ્ય થતું નથી.

અંતમાં આ જગતના તમામ સુખો જો ઈમારતના સ્થાને છે તો અહિંસા પાયાના સ્થાને છે. આ જગતની તમામ સફળતાઓ જો પરિધિના સ્થાને છે તો અહિંસા કેન્દ્રના સ્થાને છે આ જગતની તમામ અનુકૂળતાઓ જો વૃક્ષના સ્થાને છે તો અહિંસા બીજના સ્થાને છે. આ જગતના તમામ આકર્ષક પદાર્થો જો સાગરના સ્થાને છે તો અહિંસા ચંદ્રના સ્થાને છે. આ જગતની તમામ ઉત્તમતાઓ જો સૂર્યમુખી ફૂલના સ્થાને છે તો અહિંસા સૂર્યના સ્થાને છે.

આ અહિંસાની સ્થાપના જીવમાત્રનાં જીવનમાં થાય એવી શુભ મનોકામના.....

## નભોમંડળના ચમકતા સિતારા

નભોમંડળના ચમકતા સિતારા સમાન, આચારે આકર્ષિત વિચારે વિકસીત, સંયમે સુશોભિત એવા પૂજ્યપાદ્ ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) આચાર્ય પર્યાયના ૫૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે ત્યારે સકળ સંઘના હૈયામાં હર્ષનો પાર નથી. પૂજ્યશ્રીનું જીવન એટલે જ્ઞાનનું ઝરણું. બાલ્યવયમાં સંયમી બની જ્ઞાન અને ત્યાગના દીપ પ્રગટાવી શાસનની શોભા પ્રજ્જવલિત કરી. લાખોના તારણહાર, કરોડના મનમંદિરમાં વસનારા પ્રૌઢ વયમાં પણ જ્યારે જુઓ ત્યારે જ્ઞાન અને ધ્યાનમાં જ મગ્ન જોવા મળે. તેઓશ્રીના મુખકમળમાંથી હંમેશા જ્ઞાનની જ સરવાણી નીકળતી જોવા મળે. સ્વભાવે સરલ અને વાત્સલ્યમય એવા પૂજ્યશ્રી અનેક ભવ્યાત્માઓને તારી સેંકડો શ્રમણ-શ્રમણીરૂપ પુષ્પ ગુચ્છોનું સર્જન કરી શાસનને અર્પણ કર્યું છે. દરેક પર સમદૃષ્ટિ રાખી કૃપા વરસાવતા ૫૦-૫૦ વર્ષથી આચાર્યપદ શોભાવતા આપ જૈન ધર્મની વધુ ને વધુ આરાધના કરવા શ્રેષ્ઠ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરો અને અમારી આરાધનામાં આલંબનરૂપ બનો એ જ અભ્યર્થના.



www.jaintatvagyanshala.org

# તિત્થયર સમો સૂરી.....

●

સાધ્વી સંયમપૂર્ણાશ્રીના શિષ્યા સાધ્વી શરદપૂર્ણાશ્રીજી

પંચાચાર પાલે અજવાલે દોષ રહિત ગુણધારીજી
ગુણ છત્તિસે આગમધારી દ્વાદશ અંગ વિચારોજી
પ્રબલધન મોહ હરણકું અનિલ સમો ગણ વાણીજી
ક્ષમા સહિત જે સંયમ પાલે આચાર જ ગુણ ધ્યાવો જી.

શ્રી જિન શાસનના આધાર સ્તંભ બે છે.

(૧) તીર્થંકર દેવ

(૨) તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલ દ્વાદશાંગીરૂપ પ્રવચન.

શ્રી પરમ તારક તીર્થંકરદેવની અનુપસ્થિતિમાં જિન મૂર્તિને સાક્ષાત્ ઓળખાવનાર દ્વાદશાંગીરૂપ પ્રવચનનું પાન કરાવનાર આ વર્તમાનકાળમાં સૂરિ પુંગવો જ છે.

સંબોધસત્તરી ગાથા નં. ૧૩માં દર્શાવ્યું છે :

તિત્થયર સમો સૂરી સમ્મ જો જિણમયં પયાસેઈ આણાઈ અઈકંતો સો કાપુરિસો ન સપ્પુરિસો

(દ્વાદશાંગીનું સંરક્ષણ સંવર્ધન સૂરી પુંગવો જ કરે છે. આ દ્વાદશાંગી સ્વરૂપ શ્રી જિનાગમોની રક્ષા તેમજ વ્યવસ્થા કરીને આગમોની શુદ્ધ અર્થ પરંપરા ચિરકાલ સુધી અખંડ રહે તે માટે આચાર્ય ભગવન્તો સતત પુરુષાર્થ કરતા હોય છે.)

**તીર્થંકર સમ આચાર્ય**

"શુભ ઉપદેશ પ્રરૂપતાજી કહ્યા અરિહંત સમાન સૂરીશ્વર" અરિહંત પરમાત્મા પ્રથમ સ્થાને છે. પણ અરિહંત પરમાત્માના વિરહ કાલમાં તેમના શાસનને ચલાવનાર, તત્ત્વને સમજાવનાર, હૃદયમાં ઉતારનાર આચાર્ય ભગવન્ત છે. માટે જ આચાર્ય ભગવંતો તીર્થંકરસમ કહ્યા છે.

છત્રીસ ગુણોથી સુશોભિત આચાર્ય ભગવંતો પંચાચારને પાળે અને બીજાને પાળવા સતત પ્રેરણા કરે છે. આ છત્રીસ ગુણો નીચે પ્રમાણે છે :-

| | |
|---|---|
| (૧) પાંચ ઈન્દ્રિયોના વિષયને રોકનારા | ૫ |
| (૨) નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડને પાલનારા | ૯ |
| (૩) પાંચ મહાવ્રતનું પાલન કરનારા | ૫ |
| (૪) પાંચ પ્રકારના આચારને પાલનારા | ૫ |
| (૫) પાંચ સમિતિ પાલનારા | ૫ |
| (૬) ચાર કષાયોથી મુક્ત | ૪ |
| (૭) ત્રણ ગુપ્તિથી ગુપ્ત | ૩ |
| કુલ | ૩૬ |

મિથ્યાત્વરૂપ નિશાના ઘોર અંધકારથી બીડાયેલા હૃદયકમલને સમ્યકત્વરૂપ પ્રભાત પ્રગટાવી શ્રદ્ધારૂપ કિરણોના પુર રેલાવી સર્વરૂપે ખીલાવનાર, સત્યનો શ્રેષ્ઠ મંત્ર સ્વીકારનાર, શાસન સેવા એજ સુશ્રેષ્ઠ ધર્મ માનનાર આત્માભિમુખી, અધ્યાત્મ સમ્રાટ, કુશાગ્રબુદ્ધિ, મોહ મમતાના મારક, સમતારસ ભોગી, તૃતીયપદ ભોકતા, પંચમગણધરની પાટપરંપરાએ ૭૭મી પાટે બિરાજમાન શ્રી પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવન્ત શ્રીમદ્વિજય રામસૂરીશ્વરજી મ.સા. જેઓશ્રીની પાસે હંમેશા અપૂર્વ સ્નેહની સરિતા વહે છે. આપશ્રીની સમતાયુક્ત સૌમ્ય આકૃતિ નિષ્કલંક છે.

## આચાર્યના ગુણો

શાસનગગનના સૂર્યસમા તેઓશ્રી જ્ઞાનકિરણોથી દેદીપ્યમાન છે. સૂર્ય બાહ્ય અંધકારનો નાશ કરે છે, જ્યારે આપશ્રી અજ્ઞાનરૂપી બાહ્ય અંધકાર અને પાપરૂપી અભ્યંતર અંધકારનો નાશ કરો છો. સૂર્ય જગતના ભૂલોકને અજવાળે છે, જ્યારે આપશ્રી ત્રણે લોકના પદાર્થોને પ્રકાશિત કરો છો. સૂર્ય પૃથ્વી પર રહેલા રસો (જલ)નું શોષણ કરે છે જ્યારે આપશ્રી જગતના સર્વજીવોના મોહરસનું શોષણ કરો છો. સૂર્ય ઉષ્ણ કિરણોથી લોકોને તપ્ત કરે છે જ્યારે આપશ્રી ભવતાપથી તપ્ત લોકોને સમતાપાન દ્વારા શીતલતા અર્પો છો.

એવા ગુરુવર્યશ્રી ! આજે શાસનની ધુરાને વહન કરતાં કરતાં ૫૦ વર્ષના મંગલ પ્રારંભે આપશ્રીજીના ગુણોનું કીર્તન કરવા અમે ઈચ્છુક બન્યા. હે સૂરીશ્વરજી ! આપશ્રી તબિયતની અસ્વસ્થતામાં અપ્રમતભાવે જ્ઞાનનું આસ્વાદન કરતા જ્યારે જ્યારે અમે આપને નિહાળીએ છીએ ત્યારે અમો ગૌરવ અનુભવીએ છીએ. આવા એક પ્રસંગની ઝાંખી....

## કેટલાંક વિરલ દષ્ટાંતો

પાલિતાણાથી વિહાર કરી દાઠા દીક્ષા પ્રસંગે પધારતાં તલાજામાં સૂરીશ્વરજીની તબિયત બગડી. હૃદયની બિમારીનું નિદાન થતાં ડોકટરે સંપૂર્ણ આરામ કરવાનું કહ્યું. મધ્યાહ્ન સમયે ખબર લેતાં પૂજ્યશ્રીજી જ્ઞાન રમણતામાં, સ્વાધ્યાયમાં લીન હતા. હાથ જોડી વિનંતી કરી "આપશ્રીજીને આરામ કરવાનો છે" પૂજ્યશ્રીએ જવાબ આપ્યો "આરામ જ કરું છું જ્ઞાન એ આત્માનો ગુણ છે. ભવભ્રમણના પરિશ્રમને દૂર કરનાર જ્ઞાન જ છે."

ઈસરવા ગામમાં પૂજ્યશ્રીની તબિયત અસ્વસ્થ થઈ. કુવાલા સંઘની વિનંતીથી આરામ માટે કુવાલા પધાર્યા. વિશાલ શ્રમણીવૃન્દની હાજરી વંદનાર્થે જતાં અશક્ત વાણીથી જગતચંદ્રસૂરિ મ.ને કહ્યું કે "સાધ્વીજીઓને કહો આ નાના ગામમાં ઉપયોગપૂર્વક રહેવું. વેશ માત્ર નહિ તારે, સાથે આચાર શુદ્ધિ તારનાર બનશે."

આવા અનેકના તારણહારા ગુરૂદેવ શ્રી યુગ યુગ સુધી શાસન પ્રભાવના કરતા રહે.

**સૂત્રોચ્ચારની શુદ્ધતા :**

"જિણં ચ ચંદપ્પહં વંદે" બધું જ છુટુ પાડીને બોલ. પૂ. ગુરુદેવ મને ટોકતા હતા. પ્રતિક્રમણ એ સાધુનું આવશ્યક અંગ છે. એમાં ગોલમાલ ન ચાલે. એમાં શુદ્ધિ આવશ્યક છે. પૂજ્યશ્રીની સૂત્રોચ્ચારની શુદ્ધિ જડબેસલાક છે.

મુનિ ઉદયરત્નવિજય



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# જૈન દર્શનમાં ધ્યાન

●

સાધ્વીજી માલીનીયશાશ્રી

જૈનદર્શનમાં ધ્યાન સર્વાંગે અદ્દભુત રીતે વણાયેલું છે. જ્ઞાની ભગવંતોએ બતાવેલા દરેક અનુષ્ઠાનમાં આત્માના પૂર્ણ આનંદને અનુભવવાનું સામર્થ્ય છે. તેથી જ દરેક અનુષ્ઠાન કેવળજ્ઞાન અપાવી શકે છે. પણ તેમાં જોઈએ ધ્યાનની પરાકાષ્ઠાની ભૂમિકા. આ ક્ષમતા બતાવે છે કે સાધકે પાયાની ભૂમિકાથી જ ધ્યાનને અભ્યસ્ત કરવાનું છે. જેમ દૂધમાંથી ઘી તૈયાર કરવા માટે દૂધ ઉપર પ્રક્રિયા કરવી પડે છે તેમ આત્મામાંથી પરમાત્મા બનવા સાધકને ધ્યાનની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. માટે જ્ઞાની ભગવંતોએ બતાવેલા ધ્યાનના સ્વરૂપને સમજીને જીવનમાં ધ્યાન સાથે ઓતપ્રોત બનવાનું છે.

**ધ્યાનના પ્રકાર અને ધ્યાનનો સુખ-દુ:ખ સાથે સંબંધ :**

આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. આ ચાર પ્રકારે ધ્યાન છે. દેવ-મનુષ્ય-તિર્યંચ કે નારક કોઈપણ પ્રાણીના જીવનમાં ધ્યાન એ મુખ્ય બાબત છે. કોઈપણ પ્રાણી કોઈપણ ક્ષણે કોઈપણ પ્રકારના ધ્યાન વગરનો હોઈ શકતો નથી. ઉપયોગ એ જીવનું લક્ષણ છે અને તે જ્યાં હોય છે ત્યાં ધ્યાન હોય છે. મન વિનાના પ્રાણીને ધ્યાન અવ્યક્ત હોય અને મનવાળા પ્રાણીને ધ્યાન વ્યક્ત હોય. ધર્મધ્યાન શુકલ-ધ્યાનની પ્રાપ્તિ આત્માને ક્વચિત્ થાય છે. જ્યારે સંસારી પ્રાણીનો જીવનકાળ મહદ્અંશે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં જ પસાર થાય છે.

સંસાર અને મોક્ષનો સંબંધ પરંપરાએ ધ્યાનની સાથે છે; પરન્તુ સુખ અને દુ:ખનો સંબંધ ધ્યાનની સાથે સાક્ષાત્ છે. પ્રાણીઓનાં સુખ-દુ:ખનો આધાર તેના ચિત્તની પરિણતિ ઉપર છે. અને ચિત્તની પરિણતિનું જ બીજું નામ ધ્યાન છે. પોતે સુખી કે દુ:ખી તેનું માપ તેના ધ્યાન પરથી નીકળે છે. બાહ્ય કષ્ટનાં પ્રસંગોએ શુભધ્યાનવાળા આત્માઓ સુખનો અનુભવ કરતા હોય છે. જ્યારે બાહ્ય સુખોપભોગની સામગ્રીવાળા પણ અશુભધ્યાનથી દુ:ખી થતા હોય છે. તેથી સુખદુ:ખનું કારણ આંતરિક ધ્યાન છે. આર્ત કે રૌદ્રધ્યાન અશુભ અને સંસારવર્ધક છે. અશુભધ્યાનની જેટલી તાકાત પાપકર્મોને સર્જન કરવાની છે તેનાથી અનંતગણી શુભધ્યાનની તાકાત જન્મ-જન્માંતરનાં સંચિત સર્વ પાપને સમૂલાં નષ્ટ કરવાની છે. તેથી શુકલધ્યાન અને ધર્મધ્યાન દ્વારા આત્માનું ઉર્ધ્વારોહણ કેવી રીતે થાય તે સમજવાનો પ્રયાસ કરીએ.

જીવનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ એ જ્ઞાનાત્મક છે. જ્ઞાન વિષયાત્મક છે. વિષય શુભાશુભ ઉભયાત્મક છે. શુભ વિષયનું જ્ઞાન દ્વારા વેદન કરતી વખતે આત્મા સુખને અનુભવે છે. અને અશુભવિષયનું જ્ઞાન દ્વારા વેદન કરતી વખતે આત્મા દુ:ખને અનુભવે છે. શુભ-અશુભની કલ્પના જેટલા પ્રમાણમાં તીવ્ર તેટલા પ્રમાણમાં સુખ-દુ:ખ વેદનનો રસ તીવ્ર. શુભાશુભ કલ્પનાનો સર્વથા વિરામ તેની સાથે રાગ-દ્વેષાત્મક સુખ-દુ:ખાનુભવનો પણ વિરામ થાય છે; અને વિતરાગ સુખનો અનુભવ થાય છે.

આત્માની પરિણતિ જ્ઞાન ચૈતન્ય છે. રાગ-દ્વેષાત્મક પરિણતિ કર્મચૈતન્ય છે. અને સુખ-દુ:ખાત્મક પરિણતિ એ કર્મફળ ચૈતન્ય છે. આ ત્રણ પ્રકારનાં ચૈતન્યોમાં કોઈપણ એક પ્રકારના ચૈતન્યનો અનુભવ આત્મા સદા સતત કર્યા કરે છે. જ્ઞાન ચૈતન્ય જ ઉપાદેય છે. તેની પ્રાપ્તિ માટે બીજી બે ચેતના ઉદ્દભવ ન પામે તેના ઉપાય છે ભાવના અને ધ્યાન. આથી આત્મ-વિશુદ્ધિનું અનન્ય કારણ નિર્મળ ધ્યાન યોગ છે. પછી તેનું આલંબન ચૌદ



www.jaintatvagyanshala.org

પૂર્વ બનો કે તેના સાર રૂપ એક શ્રી નવકાર બનો, નવપદ બનો કે તેમાંનું કોઈ એક પદ, પરંતુ તે આત્મ-વિશુદ્ધિનું સમાન કાર્ય કરે છે. અને તે શુભાસ્રવ, સંવર અને નિર્જરારૂપ છે.

**ધ્યાન કોને કહેવાય ?**

શ્રી જ્ઞાનસારનાં ધ્યાનાષ્ટકમાં ''ध्यानं चैकाग्रसंवित्ति'' એક જ ધ્યેયાકારે સ્થિર ચિત્ત તેને ધ્યાન કહેવામાં આવ્યું છે. શ્રી યોગશાસ્ત્ર, પ્રકાશ-૪ ટીકામાં-ध्यानस्य सर्वेषां तपसामुपरि पाठो मोक्षसाधनेष्वस्य प्राधान्य-स्थापनार्थः । મોક્ષનો માર્ગ સંવર અને નિર્જરારૂપ કહ્યો છે. તેનું પ્રધાન સાધન તપ છે. અને તપમાં પણ પ્રધાન અંગ ધ્યાન છે. તેથી ધ્યાન એ મોક્ષનો પરમ હેતુ છે. શ્રી તત્ત્વાર્થકારે ધ્યાનને સર્વશ્રેષ્ઠ તપ કહ્યું શ્રી અધ્યાત્મસારમાં स्थिरमध्यवसानं ध्यानं અધ્યવસાયની સ્થિરતાને ધ્યાન કહ્યું છે.

શ્રી ઉપમિતિભવપ્રપંચા કથા પ્ર. ૮ શ્લોક ૭૨૮ - विशुद्धं च यदेकाग्रं चित्तं तद् ध्यानमुत्तमं । - વિશુદ્ધ અને એકાગ્ર એવું ચિત્ત તે જ ઉત્તમ ધ્યાન છે. મોક્ષદાયક ઉત્તમધ્યાનની બે શરત છે :- (૧) ચિત્તની વિશુદ્ધિ (૨) ચિત્તની એકાગ્રતા. વિશુદ્ધિનો હેતુ ભાવના દ્વારા સધાતી 'સમતા' છે. અને એકાગ્રતાનો હેતુ અભ્યાસ દ્વારા સધાતી 'સ્થિરતા' છે. અહીં ચિત્તનો અર્થ મન કરવાનો છે. ધ્યાનશતકમાં મનના બે પ્રકાર કહ્યા છે : (૧) ધ્યાન સ્વરૂપ મન (૨) ચિત્ત સ્વરૂપ મન. મનને એક જ વિષય પર એકાગ્રતાનું આલંબન કરાવવું તે ધ્યાન સ્વરૂપ મન. અને એક વિષયથી બીજા વિષયમાં ફરતું એવું અસ્થિર મન તે ચિત્ત સ્વરૂપ મન કહેવાય છે. ચિત્ત સ્વરૂપ મનના ત્રણ પ્રકાર છે. (૧) ભાવના, (૨) અનુપ્રેક્ષા, (૩) ચિંતા. આમ ધ્યાનનું સામાન્ય સ્વરૂપ બતાવી ધર્મધ્યાન સંબંધી બારદ્વાર કહે છે.

**ધ્યાનની પૂર્વભૂમિકા :**

(૧) ભાવના : મનને ચિરકાલથી અનેક વિષયોનાં આકારમાં પરિણમવાની ટેવ પડેલી છે. તેને એક જ ધ્યેયાકારે સ્થિર કરવાનું કામ અતિકઠિન છે. પણ મનને ભાવિત કરનારી અને ધ્યાન અભ્યાસ માટેની ક્રિયારૂપ ભાવના મનની ચંચળતા અને મનની નિર્બલતા આ બંને દોષોને દૂર કરે છે. અને મનને ધ્યાન માટે સ્થિર, શાંત અને સક્ષમ બનાવે છે.

(૨) પ્રદેશ : એકાંત અને સાધના યોગ્ય ભૂમિ. જીવહિંસાદિ પાપ વિનાનું સ્થાન.

(૩) આસન : શરીરનું અવસ્થાન સુખાકારી. ધ્યાન અસ્ખલિત ચાલી શકે તેવું આસન.

(૪) કાળ : જે કાળે મન-વચન-કાયાનો વ્યાપાર સ્વરૂપ હોય તે. સામાન્ય રીતે સંધ્યાકાળ.

(૫) આલંબન : વાચના-પૃચ્છના-પરાવર્તના તથા આવશ્યક આદિ.

(૬) ક્રમ : શરીર-વાણી અને મનોગુપ્તિ.

(૭) ધ્યાતવ્ય-ધ્યેય : अर्हँ-પંચપરમેષ્ટિ. આજ્ઞાવિચયમાં દેવાધિદેવની આજ્ઞાધ્યેય છે. અપાય વિચયમાં કષ્ટમયસંસાર ધ્યેય છે. વિપાક વિચયમાં કર્મફળ. સંસ્થાન વિષયમાં ચૌદ રાજલોકનું સ્વરૂપ, મૈત્રીભાવનામાં જીવનું 'જીવત્વ', પ્રમોદભાવનામાં ગુણાધિકતા, કરુણાભાવનામાં દુ:ખાધિક્ત્વ, માધ્યસ્થભાવનામાં પાપાધિક્ત્વ. પિંડસ્થ ધ્યાનમાં પ્રભુજીનું જીવન, પદસ્થ ધ્યાનમાં પદ આદિ. ધ્યેયાકારે ધ્યાતાની પરિણતિ માટે આ સર્વ પ્રકારનાં ધ્યાન એક સરખા ઉપકારક છે. મૂળ મુદ્દો પોતાની સમગ્રતા આત્મામાં ઢાળવી તે છે.

(૮) ધ્યાતા : અપ્રમાદી, નિર્મોહી, જ્ઞાની, હોવો જોઈએ.

(૯) અનુપ્રેક્ષા : એકત્વ, અનિત્ય, અશરણ, સંસાર આદિ બાર અનુપ્રેક્ષાઓ. અધ્યયન બાદ ચિંતન-મનન કરવું તે અનુપ્રેક્ષા. ધ્યાન પૂર્ણ થયા બાદ મનને તત્ત્વ રમણતામાં જોડવું તે અનુપ્રેક્ષા. ધ્યાન ધારા તૂટતાં આ બાર અનુપ્રેક્ષામાં ચિત્ત લગાડવાનું. તેથી સાધકનાં ભવ-નિર્વેદ અને અનાસક્તિ વધતાં પાછી સ્થિરતા આવે.

(૧૦) લેશ્યા : તેજો, પદ્મ અને શુકલ. વર્ણનો સંબંધ ધ્યાનની સાથે છે. ધ્યાનનો સંબંધ આત્માની સાથે છે.

(૧૧) લિંગ : આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ અને ઉપદેશરુચિ.

(૧૨) ફળ : આત્મજ્ઞાન.

ધ્યાન એ ઉપયોગની એકાગ્રતારૂપ છે. ઉપયોગની એકાગ્રતા પરમ નિર્જરાનો હેતુ છે. નમસ્કારની ક્રિયા શબ્દથી, અર્થથી અને ક્રિયાથી ઉપયોગની એકાગ્રતા લાવનારી છે. માટે ઉપયોગની એકાગ્રતારૂપ ધ્યાન માટે વ્યવહારશુદ્ધિ, આહારશુદ્ધિ, આચારશુદ્ધિ અને વિચારશુદ્ધિ વગેરેની અપેક્ષા છે. વિચારશુદ્ધિ માટે પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ અને સ્વાધ્યાયાદિ અભ્યંતરતપ અને આચારશુદ્ધિ માટે અનશન, ઉણાદેરી, સંલીનતાદિ બાહ્યતપ અપેક્ષિત છે.

ઉપયોગ કથંચિત્ અભેદને સધાવનાર છે. દ્રવ્યક્રિયાને ભાવક્રિયા બનાવનાર ઉપયોગ છે. તેની તીવ્રતા જેમ જેમ વધતી જાય તેમ તેમ નિર્જરા વધે છે. અને ધ્યાનનું ફળ જે અભેદ પ્રણિધાન કહ્યું છે તે સિદ્ધ થાય છે.

**ધ્યાન કરનાર સાધક કેવો હોવો જોઈએ ?**

૧. તચ્ચિત્ત - અર્થાત્ ધ્યાનાદિમાં ચિત્તવાળો-સામાન્ય ઉપયોગવાળો જીવ,

૨. તન્મન - વિશેષ ઉપયોગરૂપ મન,

૩. તલ્લેશ્ય - શુભ પરિણામ રૂપ લેશ્યા,

૪. તદધ્યવસિત - દૃઢનિશ્ચય-પ્રવર્ધમાન ઉત્સાહરૂપ અધ્યવસાય,

૫. તત્તીવ્રાધ્યવસાય - પ્રતિક્ષણ પ્રકર્ષને પામતાં પ્રયત્નરૂપ તીવ્રાધ્યવસાન,

૬. તદર્થોપયુક્ત - પ્રશસ્તસંવેગથી ઉત્પન્ન થયેલી વિશુદ્ધિસહિત અર્થોપયોગ,

૭. તદર્પિતકારણ - મન-વચન-કાયારૂપ કરણોની સમર્પિતતા,

૮. તદ્ભાવનાભાવિત - તેની ભાવનાથી ભાવિતપણું અને

૯. પ્રસ્તુત ક્રિયા સિવાયનાં વિષયોમાં મનની અપ્રવૃત્તિ. આ વિશેષણોથી યુક્ત ધ્યાતા ધ્યેયમાં સ્થિરતા પ્રાપ્ત કરે છે.

**ધ્યાન કેવી રીતે કરવું ?**

ચિત્તની એકાગ્રતા કદી બળાત્કારે આવતી નથી. કદાચ આવે તો પણ દીર્ઘકાળ ટકતી નથી. ચિત્તનો સ્વભાવ જ એવો છે કે તેને જેમાં રસ છે તેમાં તે તુરત સ્થિર થઈ જાય છે. શ્રી અરિહંતનાં ધ્યાનમાં ચિત્તને સ્થિર કરવું હોય તો શ્રી અરિહંતમાં રહેલી વિશેષતા કે જેમાં પોતાને રસ હોય તેમાં લક્ષ્ય કેન્દ્રિત કરવું જોઈએ. એ કરતાંની સાથે ચિત્તમાં લીનતા આવી જાય. શ્રી અરિહંતોનું જ્ઞાન, શ્રી અરિહંતોનો વૈરાગ્ય, શ્રી અરિહંતોનો ધર્મ વગેરે પ્રત્યેક વસ્તુ એવી છે કે તેનું પ્રણિધાન કરનાર આત્મામાં સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટાવે છે. ધ્યાન માટે આ સરળ રીત છે. દા.ત. શરૂઆતમાં મનને એક જ ધ્યેયમાં જોડવાનું. આપણે ધ્યેય તરીકે એક આત્મગુણ લઈએ જેમકે આત્મા આનંદસ્વરૂપ છે. તેના સંસ્કાર પાડવા મનમાં તે પદનો-શબ્દનો પ્રતિધ્વનિ થયા કરે એ

એકાગ્રતા નથી પણ એકાગ્રતાનો અભ્યાસ છે. બીજા સંસ્કારો-વિચારો-તરંગો હટાવીને આ એક જ વિચારને મુખ્ય કરવાનો પ્રયત્ન છે. મનની આવી સ્થિતિને ભાવના કહે છે. આવી ભાવના ચાલુ રાખ્યા પછી તે અભ્યાસમાં આગળ વધતાં મન તદ્દન સ્થિર થાય છે. આનંદ સ્વરૂપ બની જાય છે. કારણ કે મનનો લય થઈ જાય છે. તે ધ્યાતાના ધ્યાનની સ્થિતિ કહેવાય છે.

**ધ્યાનના પ્રકાર :**

૧. સાલંબન ધ્યાન, ૨. નિરાલંબ ધ્યાન. સાલંબન ધ્યાનનાં અભ્યાસ વિના નિરાલંબન ધ્યાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. બીજી રીતે કહીએ તો સાલંબન ધ્યાનનો પરિપાક જ નિરાલંબન ધ્યાન છે. સાલંબન ધ્યાનના ત્રણ પ્રકાર : ૧. પિંડસ્થ ધ્યાન-જેમાં પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારૂણી અને તત્વભૂ ધ્યાન આવે છે. તેનો સતત અભ્યાસ કરવો જોઈએ.

૨. પદસ્થ ધ્યાન : આ ધ્યાન પવિત્ર પદોનું આલંબન લઈને કરવામાં આવે છે. પવિત્ર પદોમાં શ્રી નમસ્કાર મહામંત્રનાં ૬૮ અક્ષરો પરમ પવિત્ર છે. મંત્ર-જાપથી સ્મરણ-જાપ અને ધ્યાનની ભૂમિકા આવે છે.

૩. રૂપસ્થ ધ્યાન : સાધકે વર્ણનું ધ્યાન કરવું. નવપદનાં, ચોવીશ તિર્થંકર ભગવંતના, ચક્ષુનાં વિષય પાંચ વર્ણો છે. શરીરમાં પૃથ્વી આદિ તત્ત્વોનાં પાંચ વર્ણ અને છ લેશ્યાનાં પાંચ વર્ણ છે. તાત્પર્ય એ છે કે વર્ણનો સંબંધ ધ્યાનની સાથે છે. ધ્યાનનો સંબંધ આત્માની સાથે છે. તેથી વર્ણના ધ્યાનમાં ચિત્તવૃત્તિ તદાકાર બનાવવી. ધ્યાનનાં પ્રારંભમાં અરિહંત અને હું. પણ ધ્યાનમાં પ્રગતિ સધાતાં આ દ્વૈતભાવ ભુંસાઈ જશે. મારો આત્મા જ અરિહંત આ અદ્વૈતભાવ ઉત્પન્ન થઈ આત્મ તત્ત્વનો સંપૂર્ણ સાક્ષાત્કાર થશે. પ્રત્યેક વર્ણ પર વિજય પ્રાપ્ત થવાથી છેલ્લે સ્ફટિક જેવો શુદ્ધ પદાર્થ રહે છે. આત્મદર્શન થયા પછી તે પ્રકાશ સ્થિર રહે છે. આત્મદર્શનની સાથે તદ્રૂપ આત્મસ્વરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપગુણ પણ સ્થિર રહે છે.

આ રીતે અક્ષરધ્યાનથી શબ્દાનુસંધાન, પદમય ધ્યાનથી અર્થાનુસંધાન, રૂપસ્થ ધ્યાનથી તત્ત્વાનુસંધાન અને પરમેષ્ટિનાં ધ્યાનથી આત્માનુસંધાન થાય છે.

**શ્રી અરિહંતનાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ધ્યાનથી આત્માનું ધ્યાન :**

''અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે, ભેદ છેદ કરી આતમા અરિહંત રૂપી થાય રે''

પર્યાયની ધારણા વડે ગુણનું ધ્યાન થાય છે. ગુણના ધ્યાન વડે દ્રવ્યમાં સમાધિ થાય છે. દ્રવ્ય એ ગુણનો સમુદાય છે અને ગુણ એ પર્યાયની શક્તિ છે. આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંત તુલ્ય છે. તેથી તેમનું જ ધ્યાન, તેમની જ ધારણા અને તેમાં જ લીનતા એ પોતાના મોહ-અજ્ઞાનનો નાશ કરે છે. અને પોતાનાં ઈન્દ્રિય-મન અને પ્રાણ કાબુમાં આવે છે. કારણ કે અરિહંત પરમાત્માને વિષે અંતરાત્માનો એકાગ્ર ઉપયોગ ચંચળ ચિત્તવાળાને ઈન્દ્રિયોનાં નિગ્રહ વિના થતો નથી. ઈન્દ્રિયોનો નિગ્રહ શ્રી જિન પ્રતિમાદિ અને સૂત્ર-સ્વાધ્યાદિનાં આલંબન વિના થતો નથી. માટે તત્ત્વની પ્રાપ્તિમાં જિનપ્રતિમાદિ પુષ્ટાલંબન છે. વળી તેમનાં પૂજન, સ્તવન અને આજ્ઞાપાલન વડે પણ અરિહંતાદિનું ધ્યાન થાય છે. સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્દર્શન ગુણ સહિત સમ્યગ્ દૃષ્ટિની પ્રવૃત્તિ અરિહંતાકાર ઉપયોગવાળી બનતી હોવાથી સમાપત્તિસ્વરૂપ છે. તે સતત રહે છે; કારણ કે પ્રત્યેક પ્રવૃત્તિની પાછળ શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાનું પ્રણિધાન હોય છે તે સ્વરૂપે અરિહંત પરમાત્માનું હૃદયમાં ધ્યાન વર્તતું હોય છે. આ આજ્ઞાપાલનનો અધ્યવસાય એક બાજુ ઉચિત અનુષ્ઠાન કરાવે તેથી અશુભ આશ્રવ

રોકાય. બીજી બાજુ આજ્ઞાકારક પરમાત્માનું હૃદયમાં ધ્યાન શુભ સંવર અને નિર્જરાનું સાધન બને. આ રીતે અરિહંતાદિનાં ધ્યાન વડે ધ્યાતા ધ્યેયની સાથે એકતાનો અનુભવ કરે છે. ત્યાં નિજત્વ અને જિનત્વ એક થઈ જાય છે. આ જ કર્મક્ષયનું અસાધારણ કારણ બને છે. આ રીતે સકલકર્મનો ક્ષય આત્મજ્ઞાનથી થાય છે. અને આત્મજ્ઞાન પરમાત્માના ધ્યાનથી પ્રગટે છે. આથી ધ્યાન જ મોક્ષ સુખનું અસાધારણ કારણ છે. ઉપમિતિ ભવપ્રપંચામાં કહ્યું છે કે - સાધુઓ તથા શ્રાવકોનાં મૂલ-ઉત્તરગુણો તથા સઘળી બાહ્ય ક્રિયાઓ ધ્યાન યોગના માટે છે.

સર્વ સાધનાઓમાં આત્માનુભવ કરાવવાનું પ્રધાન સાધન ધ્યાનયોગ છે. કર્મયોગ, ભક્તિયોગ વગેરે ધ્યાનયોગનાં સાધનો છે. આત્મા-પરમાત્મા કે જીવાત્માનું શુદ્ધ સ્વરૂપ એક સરખું છે. તેથી પરમાત્મ ધ્યાનમાં તન્મય બનેલો આત્મા પોતાનું પરમાત્મ સ્વરૂપ અનુભવે છે. એ જ અનુભવ દશા છે. એને જ આત્મદર્શન કે આત્માનુભવ કહે છે. એ જ ધ્યાનનું ધ્યેય છે. બહિરાત્મદશાનો ત્યાગ કરી અંતરાત્મ-બુદ્ધિ પ્રગટે પછી જ ધ્યેય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન થઈ શકે. બહાર જે વસ્તુ નથી તેની બહાર જ શોધ કરવાથી લાખો વર્ષે પણ મળતી નથી. એ રીતે આપણને અંતરાત્મભાવ દ્વારા પરમાત્મભાવમાં સ્વાત્માનાં શુદ્ધ સ્વરૂપનો ભેટો થશે.

સમગ્ર વિશ્વ શ્રી અરિહંતરૂપ છે. કેમ કે તે અરિહંતોની મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્યનો વિષય છે. શ્રી અરિહંતોનાં જ્ઞાનનું જ્ઞેય છે અને અરિહંતોની આજ્ઞાનું આલંબન છે. સમગ્ર વિશ્વ સાથે વિવેકપૂર્વકની એકતાનતા અને એકરસતા કેળવવા માટેનું સહેલામાં સહેલું સાધન અર્થભાવપૂર્વક થતું શ્રી અરિહંતાદિનું સ્મરણ અને રટણ છે.

**સાધ્વાચાર અને શ્રાવકાચારમાં ધ્યાન :**

આ જીવને અનાદિકાળનાં સંસ્કારનાં બળે અશુભ ધ્યાનમાં સ્થિર થવું સહજ છે. રુચિના વિષયમાં અનાયાસે સ્થિર થઈ જશે. આત્મજ્ઞાનની સમ્યગ્ ઓળખાણપૂર્વક રુચિ પ્રગટે તો ધ્યાનનાં અભ્યાસથી અંતઃકરણની યોગ્યતા વધે છે. સાધ્વાચાર અને શ્રાવકાચારમાં શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન દિનકૃત્યમાં બતાવેલું છે. અન્નત્થ સૂત્રમાં ઝાણેણં દ્વારા ધ્યાન કહ્યું. વળી મુનિની દિનચર્યામાં બે પ્રહર જ્ઞાનાદિ ભાવના દ્વારા ધ્યાનના અભ્યાસ અર્થે જણાવ્યા છે. ધ્યાન લાવવા પહેલા જ્ઞાનયોગ સાધવો પડે. જ્ઞાન દ્વારા હેય-ઉપાદેયની સદ્દહણા કરે. જ્ઞાન ભાવનાથી નિશ્ચલતા પ્રાપ્ત કરે. દર્શનભાવનાથી શુદ્ધિ, ચારિત્ર ભાવનાથી આશંસા દુર કરે. વૈરાગ્યભાવનાથી નિર્મળતા આવે. પછી ધ્યાનમાં શુભ ભાવનાનું સંવેદન થાય. ધ્યાન સાત્ત્વિક ભાવવાળો કરી શકે. કારણ કે તેમાં ગુણની પ્રધાનતા છે. ધ્યાનમાં માનસિક પુરુષાર્થ અવિરત કરવાનો છે. મન એક પણ પાપ કરવા તૈયાર ન થાય એટલું નિર્મળ થાય ત્યારે ધર્મધ્યાનમાં પ્રવેશી શકે. કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યા હોય ત્યાં સુધી ધર્મધ્યાન શક્ય નથી.

પરમ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજાનાં સૂરિપદ અર્ધશતાબ્દિની અનુમોદના નિમિત્તે પૂજ્યશ્રીની અસીમ કૃપાથી વિવિધ ગ્રંથોની સહાયતાથી આ લેખ માટે યત્કિંચિત પ્રયાસ કર્યો છે. જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિદુક્કડમ્.....

# સમ્યગ્દર્શન

●

પૂર્ણકલાશ્રીજી મ.સા.ના શિષ્યા મોક્ષરત્નાશ્રીજી

## સમ્યગ્ દર્શનની સરળ સમજૂતિ :

સમ્યગ્ દર્શન એટલે શું ? તત્ત્વની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્ દર્શન. દેવગુરુ ધર્મ પ્રત્યે સાચી શ્રદ્ધા તે સમ્યગ્ દર્શન. અનાદિ અનંત કાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને પોતાના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કરાવનાર હોય તો તે સમ્યગ્ દર્શન છે.

સમ્યગ્ દર્શન કહો, યથાર્થ દર્શન કહો, આત્મ દર્શન કહો, મોક્ષમાર્ગનું દર્શન કહો, તત્ત્વ પ્રતીતિ કહો એ બધા એક જ વસ્તુને જણાવનાર શબ્દો છે. જ્યાં સુધી સમ્યગ્ દર્શનને કે સમ્યગ્ દર્શનના સાંમિપ્યને જીવ પ્રાપ્ત નથી કરતો ત્યાં સુધી એનું સંસાર પરિભ્રમણ અવિરત ચાલુ રહે છે. એની દિશા, એનો પુરુષાર્થ, એનું જ્ઞાન, એનો વિચાર, એનો આચાર એ બધું જ ભ્રાંત હોય છે. એનો ધર્મ પણ અધર્મ બને છે. એનું સંયમ પણ અસંયમ બને છે. ટૂંકમાં કહેવું હોય તો તેની સઘળીય શુભકરણી પણ અશુભમાં જ પરિણામ પામે છે. કારણ કે એનું દર્શન જ મિથ્યા છે.

જો મોક્ષને પ્રાપ્ત કરવો હોય, કર્મથી બદ્ધ આત્માને નિર્બદ્ધ બનાવવો હોય, કર્મના યોગે ભ્રમણશીલ એવા આત્માને સ્વ-સ્વરૂપમાં સ્થિર કરવો હોય. અનાદિ કાળની વિકૃતિઓનો વિનાશ કરવો હોય, આત્માનું સુવિશુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું હોય, સઘળા ધર્મને ધર્મનું સ્વરૂપ આપવું હોય, અને આચરેલા ધર્મને સાર્થક બનાવવો હોય, તો સમ્યગ્ દર્શનનું પ્રગટીકરણ એ અત્યંત આવશ્યક અને અનિવાર્ય વસ્તુ છે.

સમ્યગ્ દર્શન એ મોક્ષરૂપી ફળને પેદા કરનાર વ્રતરૂપી વૃક્ષનું મૂળ છે. ધર્મરૂપી નગરનું પ્રવેશદ્વાર છે. ધર્મ રૂપી મહેલનો પાયો છે. સઘળા મૂળ અને ઉત્તર ગુણોરૂપી રત્નનું નિધાન છે. સર્વ પદાર્થોના આધારભૂત પૃથ્વીની જેમ શમ દમાદિ ગુણોનો આધાર છે. શ્રુત અને શીલના રસનું ભાજન છે. સમ્યગ્ દર્શનનો મહિમા અપરંપાર છે. સમ્યગ્ દર્શન વિનાના નવ પૂર્વીને પણ શાસ્ત્રે અજ્ઞાની કહ્યા છે. સમ્યકત્વની મહત્તા દર્શાવતાં ઉવસગ્ગહરં સ્તોત્રમાં જણાવ્યું છે કે,

तुह सम्मत्ते बद्धे, चिंतामणि कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ।।

હે પરમાત્મન્ ! ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવંત એવું તારું સમ્યક્ત્વ રત્ન પામ્યા પછી જીવો કોઈપણ પ્રકારના વિઘ્ન વિના અજરામર સ્થાન એવા મોક્ષને પ્રાપ્ત કરે છે. શાસ્ત્રમાં ઠેર ઠેર આ રીતે ઉપકારી મહાપુરુષોએ સમ્યક્ દર્શનની આવશ્યકતા અને મહત્તા દર્શાવી છે. 'સમ્યગ્ દર્શન' એ આત્માનો પોતાનો ગુણ હોવા છતાં મિથ્યાત્વાદિ શત્રુઓએ તેને દબાવી દીધો છે. તે મિથ્યાત્વાદિ શત્રુઓની ઓળખ, તેના પ્રકારો તેને ખસેડવાના અને નાશ કરવાના ઉપાયો તેમજ સમ્યગ્ દર્શન ગુણને પ્રગટ કરવા માટે કેવા કેવા પ્રકારના માનસિક, વાચિક અને કાયિક પ્રયત્નો આવશ્યક છે. તે સમજીએ.

## સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષ માર્ગ :

સમ્યગ્ દર્શન-સમ્યગ્ જ્ઞાન-સમ્યક્ ચારિત્ર એ મોક્ષ માર્ગ છે. સમ્યગ્ દર્શનને પહેલું મુકવામાં આવ્યું છે. સમ્યક્ દર્શનના અભાવમાં જે જ્ઞાન દર્શન અને ચારિત્ર હોય છે તે સમ્યગ્ હોતાં નથી.

પૂજ્ય આચાર્ય હરિભદ્રસુરીશ્વરજી મહારાજા શ્રી શાસ્ત્રવાર્તા સમુચ્ચય નામના ગ્રંથરત્નમાં ફરમાવે છે કે સમ્યગ્ દર્શનને જેમ દર્શન કહેવાય છે તેમ મુક્તિબીજ પણ કહેવાય છે. સમ્યક્ત્વ પણ કહેવાય છે. તત્ત્વ સાધન પણ કહેવાય છે. ટીકાકાર પરમર્ષિ તેને 'તત્ત્વવેદન' કહે છે. 'દુ:ખાંતકૃત' પણ કહેવાય છે; સુખારંભ પણ કહી શકાય છે. આત્માના યથાવસ્થિત સ્વરૂપને સમજવામાં અતિ ઉપયોગી હોવાથી એને માટે દર્શન એ ખરેખર સાર્થક શબ્દ છે. આ સમ્યગ્ દર્શનની સહાય વિના જીવાદિ તત્ત્વોની સાચી સમજ શક્ય નથી. જીવાદિ તત્ત્વોના યથાવસ્થિત સ્વરૂપની સમજ માટે જ દર્શન સહાયક છે. સમ્યગ્ દર્શનના અભાવમાં જીવાદિ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા થવી એ શક્ય જ નથી.

**સમ્યગ્ દર્શનનું ફળ :**

સકલ કર્મોની નિવૃત્તિ રૂપ જે મુક્તિ એ સમ્યગ્દર્શનનું ફળ છે. અને એ ફળનું સમ્યગ્ દર્શનએ બીજ છે. સમ્યગ્દર્શનને મુક્તિનું બીજ પણ કહેવાય છે. અનેક પાપ ઈચ્છાઓમાં રમતો આપણો આત્મા જ્યારે સમ્યગ્દર્શનને પામે છે ત્યારે, સમ્યગ્ દષ્ટિ આત્માની રમણતા એક મુક્તિની ઈચ્છામાં જ હોય છે. મુક્તિરૂપ ફળને પેદા કરનાર હોઈ એ મુક્તિરૂપ ફળનું પ્રથમ કારણ છે. સમ્યગ્દર્શનની સાચી આરાધના મુક્તિરૂપી ફળને પેદા કર્યા વિના રહેતી નથી. સમ્યગ્ દર્શન સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર આ ત્રણ જીવનમાં આત્મઉત્થાનનાં સ્થાન છે. આ ત્રણે આપણા જીવનનો પ્રાણ છે. જેમ લક્ષ્મીનો સંગ્રહ કરીને સંસારીજીવોને જીવન જીવવાની ચલાવવાની શક્તિ મળે છે તેમ આ ત્રણે મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરવાનું સાધન છે. આરોગ્યને મેળવવા ઔષધનું જ્ઞાન, ઔષધ વિશે શ્રદ્ધા અને ઔષધનું વિધિપૂર્વક સેવન કરવું આ ત્રણે વસ્તુની જરૂર પડે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ બંને યુગલિક મનુષ્યની જેમ સદા સાથે જ ઉત્પન્ન થાય છે, સાથે રહે છે, નાશ પામે ત્યારે બંને સાથે જ નાશ પામે છે. જેના જીવનમાં સમ્યગ્ દર્શન બીજની ઉત્પત્તિ છે તેના જીવનનો પાયો મજબૂત હોય છે. ક્યારેય પણ મંદ પડી જતું નથી. જેમ ગુલાબ બગીચામાં ખીલી ઉઠે છે તેની સુવાસ ચારે તરફ ફેલાય છે. પરમાત્માના મસ્તક ઉપર ચઢે છે. ગુલાબના ફુલની જેમ સમ્યગ્ દર્શનની સાચી શ્રદ્ધા આત્માની અંદર પ્રગટ કરીને તેની સુવાસ ફેલાવવાની છે. આત્મશુદ્ધિ, આત્માના પરિણામનો વિકાસ અને રાગદ્વેષ રૂપી કચરાને દૂર કરવાની શક્તિ પણ સમ્યગ્ દર્શનથી મળે છે. મોક્ષની મંઝિલ સુધી પહોંચાડવાની તેમાં ક્ષમતા છે.

ખરેખર, આ સમ્યગ્દર્શન એ સઘળાય ગુણોનું મૂળ છે. સમ્યગ્દર્શન વિના ગુણો પણ સાચા સ્વરૂપમાં ગુણની કક્ષામાં આવતા નથી. એ જ કારણે ઉપકારીઓ ફરમાવે છે કે ''યમ અને પ્રશમને જીવાડનાર સમ્યગ્ દર્શન છે.' જ્ઞાન અને ચારિત્રનું બીજ સમ્યગ્ દર્શન છે. તપ અને શ્રુત આદિનો હેતુ પણ સમ્યગ્ દર્શન છે. અનંત જ્ઞાનીઓએ ફરમાવ્યું છે, ચારિત્ર અને જ્ઞાન વિનાનું દર્શન પણ શ્લાઘ્ય છે. પરંતુ મિથ્યાત્વવિષથી દૂષિત એવાં જ્ઞાન અને ચારિત્ર શ્લાઘ્ય નથી. જ્ઞાન અને ચારિત્રથી હીન એવા પણ શ્રી શ્રેણિક મહારાજા સમ્યગ્દર્શનના માહાત્મ્યથી શ્રી તીર્થંકરપણાને પામશે. ચારિત્ર અને જ્ઞાનને નહીં ધરનારા એવા પ્રાણીઓ સમ્યગ્દર્શનના પ્રભાવથી કે અનુપમ સુખના નિદાનરૂપ મોક્ષને પામે છે. સમ્યગ્ દર્શન સંસારસાગરથી પાર પામવાને પોત-વહાણ સમું છે. દુ:ખરૂપી કાંતારને સળગાવી મૂકવા માટે દાવાનલ સરખું છે. એક સમ્યગ્ દર્શન નામના રત્નનો આશ્રય કરવો જરૂરી છે. જીવનમાં પ્રાપ્ત થયેલ યમ અને પ્રશમને જીવંત રાખવા માટે સમ્યગ્ દર્શનની આવશ્યકતા છે. ઘોર મિથ્યાદષ્ટિઓના યમ અને પ્રશમ એ પણ એક જાતના મોહના જ પ્રતિનિધિઓ હોય છે. ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ

કરનારો યમ અને કષાયો ઉપર અટકાવ ધરનારો પ્રશમ. સમ્યગ્ દર્શનની પ્રાપ્તિવાળા અથવા સમ્યગ્ દર્શનની સન્મુખ દશાવાળા આત્માઓ જ સાચા સ્વરૂપે હોય છે. જ્ઞાન અને ચરિત્ર સમ્યક્ત્વને ખીલવે અને નિર્મળ બનાવે છે તથા અલંકૃત કરે છે. જ્ઞાન અને ચારિત્રના અભાવમાં સમ્યક્ત્વ લુખ્ખુ લાગે છે. સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ વિના મુક્તિની સાધનામાં સમ્યક્ દર્શન પંગુ છે. પ્રથમ સમ્યગ્ દર્શનને પામતાં આત્મા જેટલી નિર્જરા કરે છે તેટલી નિર્જરા ચોથે પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાનકે રહેલા આત્મા પણ નથી કરતા. જે બીજમાં અપૂર્વ નિર્જરા કરવાની તાકાત હોય તેના ફળમાં તેના કરતાં પણ વિશિષ્ટ પ્રકારની અપૂર્વ નિર્જરા કરવાની તાકાત હોય છે.

તત્ત્વજ્ઞાન એ સમ્યક્ત્વની પ્રાપ્તિનું સાધન છે. આત્મામાં સમ્યગ્ દર્શન ગુણ નિસર્ગથી પ્રગટે છે અધિગમથી પણ પ્રગટે છે. મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમાદિ થવો એ જ સમ્યક્ત્વ પ્રાપ્તિનું કારણ છે. ભવ્યજીવોને પાંચ પ્રકારનું અને અભવ્ય જીવોને બે પ્રકારનું મિથ્યાત્વ સંભવે છે. પાંચ પ્રકારના મિથ્યાત્વમાં પહેલું આભિગ્રહિક મિથ્યાત્વ છે. અનેક વિદ્યાઓના જાણકાર અને તર્કમાં ભલભલાને હંફાવી શકે એવી બુદ્ધિવાળા માણસોમાં આભિગ્રહિક મિથ્યાત્વ હોય છે. તેમને સમ્યક્ત્વ પામવામાં વધારે આ બાધાકારી નીવડે છે.

**મિથ્યાત્વ દૃષ્ટિથી સમ્યગ્દર્શન જોખમાય છે :**

તત્ત્વોના સ્વરૂપના વિષયમાં જેને વાસ્તવિક જ્ઞાન નથી એવા અજ્ઞાની જીવને પોતપોતાના અર્થની એવી શ્રદ્ધા છે કે જેથી એના અર્થથી ઉલટી વાતને સમજી શકે નહીં એને આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવ કહેવાય છે. જે તત્ત્વને જાણતો નથી એની માન્યતા ખોટી હોવા છતાં પણ એ માન્યતા ખોટી છે તેમ સમજવાને કોઈ અવકાશ જ નથી એવું જે મિથ્યાત્વ તે આભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય. આવું જોરદાર મિથ્યાત્વ જેનામાં હોય. તે ગમે તેટલો સારો યોગ મળે તોય જીવ મિથ્યાત્વને કાઢી સમ્યક્ત્વને પામી શકતો નથી.

**૨. અનાભિગ્રહિક મિથ્યાત્વ :**

અનાભિગ્રહિક મિથ્યાત્વવાળામાં અજ્ઞાન ખરું; પણ આભિગ્રહિક મિથ્યાત્વવાળામાં પોતાની માન્યતાના આગ્રહનું જે જોર હોય છે તેવું અનાભિગ્રહિક મિથ્યાત્વવાળા જીવોમાં હોતું નથી. અજ્ઞાન હોય પણ આગ્રહ ન હોય એટલે જેમ પોતે માનેલા તત્ત્વોના અર્થને સાચા માને; તેમ બીજાઓએ માનેલા તત્ત્વો અર્થને સાચા માને. કેટલાક તો એવું કહે છે કે બધાં દર્શનો સાચા છે. જીવાદિ તત્ત્વોનો સાચો ખ્યાલ હોય નહીં પણ કુલ પરંપરાથી મળેલા ધર્મને માનતા હોય. હું જે ધર્મને માનું છું તે જ સાચો છે બીજા બધા ખોટા છે એવો જેમને આગ્રહ ન હોય એવા માણસોને તત્ત્વ સમજવાનું મન થાય; મળેલી સામગ્રીનો સદુપયોગ કરવાનું મન થઈ જાય તો મિથ્યાત્વ ખસીને સમ્યક્ત્વ પામવું સુલભ બને.

**૩. આભિનિવેશિક મિથ્યાત્વ :**

આભિનિવેશિક મિથ્યાત્વ થાય તો સમ્યગ્દૃષ્ટિ આત્માઓને થાય. પહેલાં જેઓ સમ્યગ્દૃષ્ટિ હોય તેઓ જ સમ્યગ્ દર્શનને પામીને આભિનિવેશિક મિથ્યાત્વના સ્વામી બને એ સંભવિત છે. બધા સમ્યગ્દૃષ્ટિઓ આ મિથ્યાત્વને પામે એવું પણ નથી. સમ્યગ્ દર્શનને નહિ પામેલો કોઈ આ મિથ્યાત્વને પામે જ નહીં. એની સામે જે પ્રમાણો ધરવામાં આવ્યા હોય તે પ્રમાણોનો પણ ઉલટો અને અસંગત અર્થ કરે એવા લોકો પોતાના સમ્યક્ત્વને ખોઈ બેસે અને મિથ્યાત્વના ઉદયવાળા બની જાય. આ પ્રકારના મિથ્યાત્વને આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે.

**૪. સાંશયિક મિથ્યાત્વ :**

ચોથું મિથ્યાત્વ સાંશયિક નામનું છે. શ્રી જિનાગમોએ વર્ણવેલા તત્ત્વોના સ્વરૂપ સંબંધી સંશય એવા પ્રકારનો કે જેનાં યોગે ભગવાન શ્રી જિનેશ્વરના વચનની પ્રમાણિકતા સંબંધી સંશય પેદા થઈ જાય તેને સાંશયિક મિથ્યાત્વ કહે છે.

**૫. અનાભોગ મિથ્યાત્વ :**

પાંચમું મિથ્યાત્વ અનાભોગ નામનું છે. સાક્ષાત્ પણ તત્ત્વની અપ્રતિપત્તિ અને પરંપરાએ પણ તત્ત્વની અપ્રતિપત્તિ એને અનાભોગ મિથ્યાત્વ કહેવાય છે. એકેન્દ્રિય આદિને જે મિથ્યાત્વ હોય છે તેને અનાભોગ મિથ્યાત્વ કહેવાય છે. પંચેન્દ્રિય જીવોમાં પણ જેઓ મુગ્ધ હોય એટલે કે તત્ત્વ શું અને અતત્ત્વ શું એવા પ્રકારના અધ્યવસાયોથી જેઓ રહિત હોય, તે જીવોને અનાભોગ મિથ્યાત્વ કહે છે.

**સમ્યગ્દર્શન દ્વારા સિદ્ધિ :**

સમ્યગ્દર્શન વિના શ્રી સિદ્ધિપદની પ્રાપ્તિ થતી નથી. અરિહંત દેવના વચન ઉપર અવિહડ પ્રેમને જાગૃત કરનાર પણ સમ્યગ્દર્શન જ છે. સમ્યગ્દર્શન સંસારમાં પણ શ્રી સિદ્ધિપદના સુખની ઝાંખી કરાવે છે. ઝાંખીના યોગે સમ્યગ્દષ્ટિ આત્માઓને રિદ્ધિસિદ્ધિથી ભરપૂર દેવલોક પણ તુચ્છ ભાસે છે. સમ્યગ્દષ્ટિ આત્માને શ્રી જિનવાણીના શ્રવણનો ગુણ સમ્યગ્ દર્શનના યોગે અજોડ બની જાય છે. ત્રણ પ્રકારે સમ્યગ્દર્શનને વર્ણવ્યું છે. ઔપશમિક સમ્યક્ત્વ દર્શન પંચકના ઉપશમથી થાય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વદર્શન મોહનીયના ક્ષયોપશમથી થાય છે. ક્ષાયિક સમ્યક્ત્વ દર્શન સપ્તકના ક્ષયથી થાય છે. આ સંસારમાં જીવને ઔપશમિક સમ્યક્ત્વ પાંચવાર પ્રાપ્ત થાય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અસંખ્યાતી વાર પ્રાપ્ત થાય છે અને ક્ષાયિક સમ્યક્ત્વ એક વાર પ્રાપ્ત થાય છે.

**મૂળ પ્રવેશદ્વાર, પીઠ, ભાજન, આધાર અને નિધાન તરીકે સમ્યગ્દર્શનની વ્યાખ્યા :**

અનંત ઉપકારીઓએ સમ્યગ્ દર્શનને ધર્મવૃક્ષના મૂળ તરીકે ધર્મનગરના પ્રવેશદ્વાર તરીકે, ધર્મરૂપ પ્રાસાદના પીઠ તરીકે, ધર્મરૂપ જગતના આધાર તરીકે, ઉપશમના ભાજન તરીકે ગુણરત્નોના નિધાન તરીકે પણ વર્ણન કરેલું છે. મૂળની શુદ્ધિ વિના જેમ વૃક્ષ ખીલતું નથી તેમ સમ્યગ્ દર્શન વિના આત્માને ધર્મની વાસ્તવિક પ્રાપ્તિ થઈ શકતી નથી. સમ્યગ્ દર્શન રૂપ દ્વાર વિના આત્માનો ધર્મરૂપ નગરમાં પ્રવેશ થઈ શકતો નથી. જે આત્માઓએ ધર્મરૂપ પ્રાસાદને સ્થિર બનાવ્યો છે તેની સમ્યગ્ દર્શન રૂપ પીઠ મજબૂત બને છે. પૃથ્વી જેમ જગતનો આધાર છે. ધર્મરૂપ જગતનો આધાર સમ્યગ્ દર્શન છે. ઉપશમ રસનું ભાજન, સમ્યગ્ દર્શન સિવાય બીજી કોઈપણ વસ્તુ બની શકતી નથી. અહિંસાદિ મૂળ ગુણો કે પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણો સમ્યગ્દર્શન રૂપી નિધાન વિના સુરક્ષિત રહી શકતા નથી આથી જ અનંત જ્ઞાનીઓએ સમ્યગ્ દર્શન વિનાના જ્ઞાનને અપ્રમાણ તરીકે અને ચારિત્રને નિષ્ફળ તરીકે જણાવ્યા છે.

# સમ્યગ્જ્ઞાન

●

સાધ્વીજી પૂર્ણાંકળાશ્રીજીના શિષ્યા સાધ્વીજી ચારૂગુણાશ્રી

**પ્રાસ્તાવિક :**

આ જગતમાં અનેક પ્રકારની જ્યોતિઓ ઝળહળે છે; જેમ કે આગિયાની જ્યોતિ, અગ્નિની જ્યોતિ, રત્નની જ્યોતિ, વિદ્યુતની જ્યોતિ, તારાની જ્યોતિ; ચંદ્રની જ્યોતિ, સૂર્યની જ્યોતિ વગેરે. તેમાં સૂર્ય અને ચંદ્રની જ્યોતિ ઉત્તમ ગણાય છે. કારણ કે તે લાખો માઈલ સુધી પોતાનો પ્રકાશ પાથરે છે અને પ્રાણીઓના જીવનમાં ઉપકારક નીવડે છે. ચંદ્રની જ્યોતિ ન હોય તો રાત્રિ રળિયામણી બને નહિ. પ્રાણીઓને શાન્તિ તથા આહ્લાદનો અનુભવ થાય નહિ. સૂર્યની જ્યોતિ ન હોય તો દિવસ દેદીપ્યમાન બને નહિ. પ્રાણીઓને જીવનક્રિયા માટે જોઈતી ઉષ્મા સાંપડે નહિ. પરંતુ આ સર્વેમાં અનોખી અને અદ્ભુત કોઈ જ્યોતિ હોય તો તે જ્ઞાનની જ્યોતિ છે. તેનો પ્રકાશ વિશ્વવ્યાપી સર્વ ક્ષેત્રોમાં સ્પર્શી તેની પર પથરાયેલા અનંત અવકાશ સુધી પહોંચે છે. સર્વ લોકાલોકમાં એક પણ વસ્તુ એવી નથી કે જે જ્ઞાન જ્યોતિના પ્રકાશમાં જાણી શકાય નહિ. એવી જ્ઞાન જ્યોતિ પ્રાણીઓના જીવન ઉપર અસીમ ઉપકારક છે. વ્યવહારિક જ્ઞાન જ્યોતિથી સ્કૂલમાં કે કોલેજમાં પાસ થઈ પોતાની વ્યવહારિક જીંદગી પૂરી કરવી તે છે. પરંતુ સમ્યગ્જ્ઞાનની જ્યોતિ, જેને જૈન મહર્ષિઓએ ભાવમંગલરૂપ માની છે અને વારંવાર વંદના કરી છે તે જ્યોતિ જો જીવનમાં ઝળહળે તો સમગ્ર જીવનના જન્મ-મરણના ફેરા ટળી જાય અને પોતાના કેવળજ્ઞાનરૂપી પ્રકાશ વડે સમગ્ર વિશ્વને દેદીપ્યમાન બનાવે. જ્યાં ચૈતન્યની સ્ફુરણા હોય ત્યાં જ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે આવું ચૈતન્ય જીવદ્રવ્યમાં રહે છે.

**જ્ઞાનની ઉપયોગિતા :**

चेतना लक्षणो जीव: नाणं तु जीव धम्मो

ચૈતન્યરૂપે બધા જીવો સરખા હોય છે. પરંતુ કર્મના ઓછાવત્તા આવરણને લીધે તેની જ્ઞાનજ્યોતિમાં તરતમતા દેખાય છે. દા.ત. મેજ ઉપર એક દીવો મૂક્યો હોય અને તેના ઉપર કોઈ જાતનું ઢાંકણ નથી. તેના કારણે સર્વ વસ્તુઓ સ્પષ્ટ દેખાય છે. તે દીવા ઉપર મલમલ ખાદી કે જીનનું કાપડ ઢાંકવામાં આવે તો પ્રકાશ ક્રમશ: ઝાંખો પડે છે. એવી જ રીતે જ્ઞાન અને કર્મનો સંબંધ છે. આત્માના અસંખ્ય પ્રદેશો કર્મોથી આવૃત થયેલા છે તેથી આત્માનો જ્ઞાનગુણ દબાય છે જેને આપણે જ્ઞાનાવરણીય કર્મ કહીએ છીએ.

જૈન મહર્ષિઓએ મોક્ષમાર્ગના ઉપાયોમાં પ્રથમ જ્ઞાનને મુક્યું છે પછી ચારિત્રને મુક્યું છે. એટલે જે ચારિત્ર જ્ઞાનમૂલક હોય છે તે જ સફળ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના બત્રીસમાં અધ્યયનમાં કહ્યું છે કે -

नाणस्स सव्वस्स पगासणाए
अन्नाणमोहस्स विवज्जणाए ॥
रागस्स दोसस्स य संखएणं
अणंतसोखं समुवेय मोक्खं ॥



www.jaintatvagyanshala.org

જ્ઞાનના પૂર્ણ પ્રકાશથી અને અજ્ઞાન તથા મોહના ત્યાગથી તેમજ રાગ અને દ્વેષના ક્ષયથી મનુષ્યો એકાંત સુખવાળા મોક્ષને પામે છે.

जं अन्नाणी कम्मं खवेइ बहुआइं वासकोडिहिं । तन्नाणी तिहिं गुत्तो खवेइ उस्सास मित्तेण ॥

જે કર્મ અજ્ઞાની ક્રોડો વર્ષે ખપાવે છે તેને ત્રણ ગુપ્તિથી સહિત એવો જ્ઞાની શ્વાસ માત્રમાં ખપાવે છે.

**જ્ઞાનની વ્યાપકતા :**

સમગ્ર જીવલોકના સર્વભાવો જ્ઞાનથી જાણી શકાય છે. જ્ઞાન મોહાંધકારને હરનાર સૂર્ય છે. જ્ઞાન સંસાર સમુદ્ર તરવાને જહાજ છે. જ્ઞાન એ સમુદ્ર વિના ઉત્પન્ન થયેલું અમૃત છે. જ્ઞાન એ ઔષધિ વિના ઉત્પન્ન થયેલું રસાયણ છે. જ્ઞાન એ અન્ય વસ્તુઓથી નિરપેક્ષ છે; ઐશ્વર્ય છે, અર્થાત્ જગતના બધા પાર્થિવ પદાર્થોથી એક અનોખી વસ્તુ છે. સમ્યગ્ જ્ઞાન એ કર્મરૂપ પર્વતને ભેદનારું વજ્ર છે. જ્ઞાન એ મોહને દૂર કરનાર છે. જ્ઞાન એ જીવોનું આભૂષણ છે.

''જ્ઞાન સાર સંસારમાં, જ્ઞાન પરમસુખ હેતુ, જ્ઞાન વિના જગજીવડો, ન લહે તત્વ સંકેત ॥''

આ અસાર સંસારમાં સમ્યગ્ જ્ઞાન એક સારરૂપ છે. જ્ઞાન એ પરમસુખનો હેતુ છે. જ્ઞાન વિના જગતમાં તત્ત્વબોધ પામી શકાતો નથી. જેમનો આત્મા જ્ઞાન જ્યોતિથી પ્રકાશમય બન્યો છે એવા મહાત્મા ઘોર ઉપસર્ગો કે પરિસહોમાં મેરૂપર્વતની પેઠે નિષ્પ્રકંપ હોય છે. જૈન શાસનમાં સમ્યગ્ જ્ઞાન એ પાયાની વસ્તુ છે. અજ્ઞાનીને તરવું હોય તો સદ્ગુરુને બરાબર પકડીને ચાલવું જોઈએ જેમ કે માષ તુષ મુનિ જ્ઞાનાવરણીય કર્મના જોરદાર ઉદયવાળા હતા मा रुष मा तुष એટલું જ માત્ર ગુરૂએ ગોખવાનું આપ્યું હતું; પરંતુ યાદ રહેતું નથી. પોતે અજ્ઞાની હતા, તરવું હતું માટે ગીતાર્થ ગુરૂની નિશ્રાને સ્વીકારી હતી. ગુરૂએ પણ વિચાર્યું કે જ્ઞાનાવરણીય કર્મ એવું ગાઢ છે કે આ મુનિને વિશેષ જ્ઞાન આપી શકાય તેમ નથી. ''મા રુષ મા તુષ'' એટલું યાદ રહેતું નથી. માષ તુષ થઈ જાય છે નાના બાળકો પણ એમની મશ્કરી કરે છે. છતાં લેશમાત્ર ગુસ્સો કરતા નથી. અને જ્ઞાન ઉપર કંટાળો પણ લાવતા નથી અને કોઈ એમને સાચું પદ યાદ કરાવે તો યાદ કરાવનારનો ઉપકાર માને છે અને સતત પરિશ્રમથી અંતે કેવળજ્ઞાન મેળવ્યું.

આવું સમ્યગ્ જ્ઞાન એ માનવીને (૧) વિનયી, વિવેકી, નમ્ર અને દયાળુ બનાવે છે. (૨) ઉદ્ધતાઈ, અકડાઈ સ્વચ્છંદતા અને નિર્દયતાને દૂર કરે છે. (૩) શરીર અને આત્માની ભિન્નતાનું ભાન કરાવે છે. (૪) શરીર નાશવંત અને આત્મા અવિનાશી છે. (૫) આત્મા પોતે શુભ-અશુભ કર્મોનો કર્તા અને ભોકતા છે. (૬) પૌદ્ગલિક ઉન્નતિ તરફ કૂચ કરી રહેલાને આત્મઉન્નતિનો સાચો રાહ બતાવે છે. (૭) માનવજીવનની મહત્તા ભોગને નહિ પણ ત્યાગને આભારી છે. (૮) બાહ્યશત્રુઓની ઉપેક્ષા કરી રાગદ્વેષ આદિ આંતરિક શત્રુઓનો સામનો કરવાનું બળ સમર્પે છે. (૯) તન અને ધનના ભોગે પણ ધર્મની રક્ષા કરવાની તમન્ના જગાવે છે. (૧૦) જન્મ અને મરણના બે કારમા રોગથી માનવીઓને મુકત બનાવે છે. (૧૧) પુણ્ય, પાપ, પરલોક અને આત્મા આદિ પદાર્થોના અસ્તિત્વમાં શ્રદ્ધાને દઢ બનાવે છે. (૧૨) સુદેવ સુગુરૂ અને સુધર્મનું સન્માન પેદા કરાવે છે. (૧૩) અહમ્ અને મમની માયામાં અંધ બનેલી દુનિયાને હું કોઈ ચીજ નથી અને જગતમાં મારું કોઈ નથી આ ભાવનારૂપ અંજનથી દેખતી કરે તે સમ્યગ્ જ્ઞાન. જગતભરના તમામ પૌદગલિક પદાર્થો મળવા સુલભ છે પરંતુ



www.jaintatvagyanshala.org

વીતરાગ કથિત ધર્મ મળવો અતિ દુર્લભ છે. આ સિદ્ધાંતમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે તે જ સાચુ સમ્યગ્ જ્ઞાન, આવું જ સમ્યગ્ જ્ઞાન જેના રોમે રોમમાં ઓતપ્રોત બનેલ હોય તે જ વ્યક્તિ પરમાત્માની નજીક જઈ શકે છે અને એના જ્ઞાનની પરાકાષ્ઠા પણ ત્યાં જ છે. પરંતુ આજકાલ જે માતપિતાને બાળકના જન્મતાની સાથે તેના વ્યવહારિક જ્ઞાન માટેની ચિંતા અને જો કદાચ ક્યારેય બાળક તેમાં ગફલત કરે તો ખલાસ ! બિચારો અધ:મુઓ થઈ જાય. આમ કરવા છતાં પણ તે જ્ઞાન કેટલા કામનું ? જ્યારે ભવોભવ તારનાર એવું સમ્યગ્ જ્ઞાન પોતાના બાળકને મળે તેની ઝંખના આ સમયના માતપિતાને કેટલી ? કોઈક જ વિરલ માતપિતા પોતાના બાળકને ભવોભવ તારનાર એવા સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ માટે ઉત્સુક્તા ધરાવતા હોય. વ્યવહારિક જ્ઞાન તે આંબાને બદલે બાવળિયા થઈ માર્ગોને કંટકોથી દુર્ગમ બનાવે છે એવા જ્ઞાનનો જેમ પ્રાણ માટે અન્નની જરૂર છે તેમ દયા માટે સમ્યગ્ જ્ઞાનની જરૂર છે.

**જ્ઞાનનો મહિમા**

"જ્ઞાની શ્વાસોચ્છવાસમાં કરે કર્મનો છેહ, પૂર્વ ક્રોડ વર્ષ લગે, અજ્ઞાની કરે તેહ"

જ્ઞાની ભગવંતના કથન દ્વારા પૂર્વોક્ત પંક્તિથી જ્ઞાનનો અનંત મહિમા સમજાય છે, બાહ્ય અને આડંબરરૂપ વ્યવહારિક જ્ઞાન અનંતો સંસાર વધારનાર, આત્માને અધ:પતનના માર્ગે લઈ જનાર છે. અજ્ઞાનપણે કરેલ ગમે તેટલી આરાધના કે ક્રિયા નિષ્ફળ છે. જ્ઞાન વડે શુભાશુભ કૃત્યાકૃત્ય ભાવો જાગે છે તેથી અધ્યવસાયો શુદ્ધ રહે છે. સમ્યગ્ જ્ઞાન યુક્ત ક્રિયા વડે જ મુક્તિરૂપી ફળની પ્રાપ્તિ થાય છે. માટે જ કહ્યું છે કે આવા જ્ઞાની પુરુષોએ પથ્થરને પારસ બનાવ્યા, શેતાનને સંત બનાવ્યા. સમ્યગ્ જ્ઞાનથી દુનિયાની દરેક વસ્તુને હાંસલ કરવાની તેમજ તેનો ત્યાગ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

**સમ્યગ્ જ્ઞાનના પ્રકાર :**

સમ્યગ્ જ્ઞાનના પાંચ પ્રકાર છે : (૧) મતિજ્ઞાન : ઈન્દ્રિય અને મન દ્વારા જાણવું તે. (૨) શ્રુતજ્ઞાન : સાંભળીને જાણવું તે. (૩) અવધિજ્ઞાન : અવધિ મર્યાદા પ્રમાણે રૂપી દ્રવ્યનું જાણવું તે. (૪) મન:પર્યવજ્ઞાન : મન ચિંતિત અર્થનું જાણવું તે. (૫) કેવળજ્ઞાન : અખંડપણે લોકાલોક તથા રૂપી અરૂપી સર્વ દ્રવ્યોનું તથા જીવાજીવના સર્વ પર્યાયોનું એક જ સમયમાં જાણવું તે. આ પાંચ જ્ઞાનની મહત્તા જીવનમાં જેટલી અંકાય તેટલી ઓછી છે. સમગ્ર લોકમાં દીપક સમાન આ જ્ઞાનની આશાતના ભયંકર રીતે ભવાટવીમાં ભટકાવનાર છે. આવા જ્ઞાનની ભયંકર આશાતનાથી ગુણમંજરી મુંગી થઈ. વરદત્તને કોઢ રોગ થયો. સમ્યગ્ જ્ઞાન પોતાના અંગેઅંગમાં વ્યાપ્ત કરનાર મયણાસુંદરીએ જૈનશાસનમાં ઝળહળતા દીપકની અખંડ જ્યોતને ઝલકતી રાખી છે. પોતાના સમ્યગ્જ્ઞાનની અડગ શ્રદ્ધાથી પિતાની આજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કરનાર એવી મયણાસુંદરી પણ પિતાના વચનને માન્ય કરી કોઢ રોગવાળા પુરુષને પોતાનો સ્વામી કરે છે. છતાં પોતાના ધર્મમાં અને સમ્યગ્ જ્ઞાનમાં અતિશય શ્રદ્ધાવાળી એવી મયણાસુંદરી જરાપણ આર્ત રૌદ્ર ધ્યાનને સ્થાન આપતી નથી અને કોઈને દોષ આપતી નથી. માત્ર પોતાના કર્મોનો જ દોષ માને છે. મયણાસુંદરી નમસ્કાર મહામંત્રની અડગ શ્રદ્ધાથી પોતાના જ્ઞાનની જ્યોતિથી પોતાના જીવનસાથીને આરાધના કરાવે છે. અને ધન, સંપત્તિ, ઐશ્વર્ય, રાજ્ય આમ બધા જ લાભ, આરોગ્ય, મેળવે છે. જ્ઞાનથી આત્મા જગત સ્વભાવને તે તે રૂપે જાણીને આત્મ સ્વભાવમાં સ્થિરતા પામી શકે છે.

હજારો વર્ષો પૂર્વે જ્યારે યંત્રો જેવું કંઈ પણ સાધન નહોતું ત્યારે જે વાત જ્ઞાન દ્વારા તીર્થંકરોએ પ્રગટ કરી છે તેવી વાત આજનું વિજ્ઞાન પણ બતાવી શકતું નથી. જૈન દર્શન આત્માને નિત્ય માને છે. સમ્યગ્ જ્ઞાનથી કર્મોનો ક્ષય કરી અજરામર મોક્ષ સુખ પ્રાપ્ત કરે છે. જૈન સાહિત્યનું સમ્યગ્ જ્ઞાન વિપુલ, વિસ્તીર્ણ અને સમૃદ્ધ છે. આ સમ્યગ્ જ્ઞાનને જેમ જેમ રસથી વધુને વધુ મેળવવાની જિજ્ઞાસા ધરાવે તેમ તેમ નવી નવી અનેક માહિતીઓ પ્રાપ્ત થાય છે. આત્માના ઈર્ષ્યા-અસૂયા-રોષ ઈત્યાદિ મહાદુર્ગુણો જડમૂળથી નાશ પામે છે. દુર્ગુણની દુર્ગંધથી દૂર રહીને આત્માને સુગુણોની વાસનામાં મુકવા માટે સુગુણી આત્માઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિની અત્યંત આવશ્યકતા છે. સમ્યગ્ જ્ઞાનથી ધર્મલાગણી સહિષ્ણુતા ક્રિયાશુદ્ધિ સુંદર રીતે સાચવવાપૂર્વક આત્મામાં શ્રી ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થાય છે. એવા સમ્યગ્ જ્ઞાનની ઉપાસના દ્વારા આત્માઓ કર્મક્ષય કરીને કેવલજ્ઞાન પામી મોક્ષ પદ ને પ્રાપ્ત કરે એ જ અભ્યર્થના !

**अहिंसा परमो धर्म -**

तुंगं न मंदराओ, आगासाओ विसालयं नत्थि ।
जह तह जयम्मि जाणसु धम्मम हिंसा समं नत्थि ॥

जैसे विश्व में सुमेरु से ऊँचा और आकाश से विशाल कोई नहीं है वैसे ही सम्पूर्ण विश्व में अहिंसा से बढकर अन्य कोई धर्म नहीं है ।

भक्त परिक्षा प्रकीर्णक ९१

**पशुवत् मैं मैं -**

पुत्रा मे भ्राता मे स्वजनों मे गृहकलत्रवर्गो मे ।
इति कृत मेमे शब्दं, पशुमिव मृत्युर्जनं हरति ॥

मेरा पुत्र, मेरा भाई, मेरे स्वजन, मेरा घर, मेरी पत्नी, मेरा परिवार आदि पशुवत् मैं, मैं करता हुआ मनुष्य मानवजन्म हार जाता है ।

આચારંગ સટીક ૧/૨/૧
आगमीय सूक्तावली, पृ. १८



www.jaintatvagyanshala.org

# જૈન દર્શનમાં ઉપયોગની મહત્તા

●

સાધ્વીજી રાજપ્રજ્ઞાશ્રી

**જૈનદર્શન એટલે ?**

જૈનદર્શન એટલે સર્વદર્શનોમાં શિરમોરદર્શન...! તેમાં રહેલાં અદ્દભુત તત્ત્વો જીવમાત્રના શાશ્વતસુખનું અદ્વિતીય કારણ બને છે, આવાં ઉત્તમ તત્ત્વો પૈકી આ લેખમાં 'ઉપયોગ'ની મહત્તા બતાવી છે. અનુપ્રેક્ષાદિ સ્વાધ્યાયના યોગે મનન-ચિંતન-પરિશીલન-નિદિધ્યાસન થાય તો આપણા જીવનમાં આ ઉપયોગ જેવાં તત્ત્વો આરાધના-સાધનાસ્પર્શી બની શકે તે માટે આ નાનકડો પ્રયાસ છે.

**જૈનદર્શનમાં ઉપયોગની આવશ્યકતા કેટલી ?**

ઉપયોગ તો જૈનદર્શનમાં પરમોચ્ચસ્થાને છે. શરીરમાં જેટલી હૃદયની આવશ્યકતા, જૈનદર્શનમાં તેટલી 'ઉપયોગ'ની આવશ્યકતા...! હૃદય વિના દેહના તમામ અંગો નકામા, તેમ જૈનદર્શનમાં ઉપયોગ વિના તમામ યોગો-ક્રિયા-ધર્મો નકામા...!

**ઉપયોગનું સ્વરૂપ શું ?**

ઉપયોગ એ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે, અને અન્વય-વ્યતિરેક વ્યાપ્તિથી સંપૂર્ણ ઘટિત, આ જીવ અને ઉપયોગનો અવિનાભાવિ સંબંધ છે. જીવની સંપૂર્ણ ચૈતન્યશક્તિ ઉપયોગમય છે. ચેતનાશક્તિના પ્રવર્તનમાં જ જીવ હોવાની સાબિતિ હોવાથી તત્ત્વાર્થમાં જીવના અકાટ્ય લક્ષણ તરીકે उपयोग: लक्षणो जीव: સૂત્ર બતાવ્યું. આ લક્ષણ નિગોદથી સિદ્ધપર્યંત સર્વજીવરાશિમાં ઘટિત છે. ઉપયોગ એટલે ? દર્શન-જ્ઞાનરૂપ શક્તિનો વ્યાપાર તે 'ઉપયોગ'. જ્ઞેયપદાર્થના જ્ઞાનની પ્રાપ્તિમાં, ચૈતન્યશક્તિ કારણ છે; તો આ 'ઉપયોગ' એ કાર્ય છે, આત્માનો પરિણામ-અધ્યવસાય એ પણ ઉપયોગ કહી શકાય.

**આગમગ્રંથોમાં ઉપયોગની ભિન્ન ભિન્ન વ્યાખ્યા :**

અનુયોગદ્વારમાં :- जीवस्य बोधरुपो व्यापार: इति उपयोग:

विशेषावश्यके :- उपयोग: आन्तरश्रुत परिणाम:

भगवतिसूत्रे :- चेतना विशेष: उपयोग:

औपपातिकसूत्रे :- सावधानता उपयोग:

उत्तराध्ययनसूत्रे :- स्वाध्यायाद्युप्युक्तता उपयोग:

આ રીતે સાધનાને અનુલક્ષીને આગમગ્રંથોમાં ઉપયોગની જુદી-જુદી વ્યાખ્યા કરીને ઉપયોગના સ્વરુપને અત્યંત સ્પષ્ટ કર્યુ છે.

આત્મા જો જ્ઞાનશક્તિરૂપ વીજળીનું પાવરહાઉસ છે, તો ઉપયોગ એ વિદ્યુતપ્રવાહ અને જ્ઞાન એ પ્રકાશ છે...જેમ વીજળીના જોડાણ વિના વિદ્યુતસાધનમાંથી વીજળીનો પ્રકાશ થઈ શકતો નથી તેમ ઉપયોગ સ્વરૂપ પ્રવાહના જોડાણ વિના જ્ઞેય-ધ્યેય પદાર્થોનું જ્ઞાન થતું નથી, કોઈપણ ક્રિયામાં આપણે ઉપયોગશૂન્ય રહ્યા તો જૈનદર્શન તે ક્રિયાને દ્રવ્યક્રિયા યા નિષ્ફલ ક્રિયા તરીકે સંબોધે છે. यस्मात् क्रिया: प्रतिफलन्ति न भावशून्या: । અને તેવી ક્રિયા વિષ-ગરલ યા અનનુષ્ઠાન ક્રિયામાં પરિણત થાય છે. માટે આત્મગુણોના લક્ષ્યપૂર્વક ઉપયોગ રાખીને કરવામાં આવતી ક્રિયા તદ્ હેતુ અનુષ્ઠાન કે અમૃતાનુષ્ઠાન બને છે.

सावधानता उपयोग :- રોડ માર્ગે ચાલતાં ક્ષણ પણ બેસાવધાન બન્યા તો જીંદગી હોમાઈ જાય છે. તો સાધક માટે સંયમ સમરાંગણમાં કેટલી સાવધાનતા જરૂરી ? કર્મશત્રુ સામે સંઘર્ષ કરતો સાધક પ્રતિપળ સાવધાન ન રહે તો, ભાવપ્રાણોથી હોમાતો જ રહે છે. प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा. સંયમીને પ્રમાદ એ હિંસા છે. स्वाध्यायद्युपयुक्तता उपयोग :- એક જ ગુરૂના બે સહદીક્ષિત શિષ્યો પૈકી એક શિષ્ય સ્વાધ્યાય-ધ્યાન-કાયોત્સર્ગાદિ આત્મસાધનામાં સાવધાન બનીને આગળ વધતાં તેની શક્તિ-શાસન-સંઘ અને સમુદાયના યોગક્ષેમમાં ઉપયોગી બને છે. અન્ય શિષ્ય પ્રમાદી-નિષ્ક્રિય-પ્રતિભાહીન બનીને શાસન-સંઘના યોગક્ષેમને નુકશાન પહોંચાડે છે, માટે સાધક માટે પ્રતિક્ષણ उपयोगे धर्मः જયણાપૂર્વક બારી બંધ કરવા છતાં કોઈ જીવ મર્યો તો પણ મુનિ આરાધક છે. વિરાધક નહિ, કેમ ? કેમ કે માત્ર પ્રવૃત્તિથી કોઈ કાર્યનું મૂલ્યાંક્ન થતું નથી; પરંતુ કર્મની પાછળ રહેલી ઉપયોગતાથી તેનું સાચું મૂલ્યાંક્ન થાય છે. જૈનશાસનમાં ઉપયોગ પ્રધાન છે.

## સાધક માટે ઉપયોગનું હાર્દ શું ?

આત્મ પરિણામોનું સંસ્મરણ-સંરક્ષણ અને સંવર્ધન કરવું તે. વળી 'ઉપયોગ' એ પરાવૃત્તિ સ્વભાવવાળો છે. જેથી વિષયાંતર થતાં ઉપયોગનો પલટો થયા કરે પણ ઉપયોગનું અસ્તિત્વ તો પ્રતિસમય જીવમાં હોય છે. આવા ઉપયોગનું પ્રતિસમય પ્રવર્તન કેવલી ભગવંતોને સહજ-શુદ્ધ હોય છે. તેમનો ઉપયોગ નિર્વિકલ્પ અને નિરાકાર સ્વરૂપ છે, જ્યારે છદ્મસ્થ આત્માઓને પ્રયત્નસાધ્ય અને શુદ્ધાશુદ્ધ મિશ્રણવાળો છે, કેમકે છદ્મસ્થ આત્માના ઉપયોગનું પ્રવર્તન જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય કર્મના ક્ષયોપશમ જન્ય હોય છે; અને ઉપયોગને અશુદ્ધ કરવામાં અસાધારણ કારણ મોહનીય કર્મ છે.

પદાર્થનું યથાર્થસ્વરૂપ, હેયોપાદેયના વિવેકપૂર્વક જ્ઞાનમાં પ્રતિભાષે તો ઉપયોગ શુભ અને ક્રમશઃ શુદ્ધ બને...પણ તેમાં ઈષ્ટ-અનિષ્ટત્વબુદ્ધિ-કર્તૃત્વ-ભોક્તૃત્વાદિ મોહભાવો ભળે તો ઉપયોગ અશુભ અને અશુદ્ધ બને છે. માટે ઉપયોગને મલિન કરનાર નિમિત્તોથી દૂર રહી ઉપયોગની શુદ્ધતાના ઉત્પાદક-સંરક્ષક અને સંવર્ધક યોગોનું સાતત્ય જળવાય અને આપણો સમ્યગ્દર્શનજ્ઞાનાદિ ઉપયોગ શુભ અને શુદ્ધ બનતો રહે, માટે ગીતાર્થ ભગવંતોએ સાધુ અને શ્રાવક સમાચારીમાં શુદ્ધ વિધિ-નિષેધરૂપ આજ્ઞાયોગનું શ્રેષ્ઠતમ આલંબન આપ્યું.

અનંતજ્ઞાન, દર્શન ચારિત્ર-તપ અને વીર્ય એ આત્માનો સ્વભાવ છે. પ્રચ્છન્નભાવે રહેલા આ ગુણોના આવિર્ભાવ કરવા માટે પરમાત્માએ સંપૂર્ણ આજ્ઞાયોગમાં ઉપયોગસ્વરૂપ જ્ઞાનાદિ પાંચ આચારો સમાવિષ્ટ કર્યા...જે જે આત્મા એ કર્મથી મુક્ત બની પોતાનામાં પ્રચ્છન્નભાવે રહેલા કેવલજ્ઞાનાદિ ગુણો પ્રગટ કર્યા છે, કરશે તે આ ઉપયોગમય જ્ઞાનાદિ આચારરૂપ અનુષ્ઠાનની આરાધના દ્વારા જ કરશે.

## આજ્ઞાયોગમાં ઉપયોગ શુદ્ધિ :

પ્રમત્ત એવા સાધક માટે સ્વરૂપ જાગૃતિનું સાતત્ય જળવાય અને આત્મસ્વરૂપ વિસ્મૃત ન થઈ જાય માટે શ્રમણજીવનમાં ચોવીસ કલાક નિરંતર સમાચારીનું પાલન અપ્રમત્તપણે બતાવ્યું...પ્રથમ અને અંતિમ, દિવસ-રાતની પોરિસિમાં સૂત્રાભ્યાસ, દ્વિતીય પોરિસિ અર્થાભ્યાસ આ રીતે સૂત્રાર્થના અધ્યયનદ્વારા જ્ઞાનોપયોગ શુદ્ધ બનતો રહે, તૃતીય પોરિસિ દર્શન-વંદન ગોચરી-પ્રતિલેખનાદિ ક્રિયા દ્વારા જ્ઞાનાચાર દર્શનાચાર ચારિત્રાચાર-તપાચાર-વીર્યાચારના સંપૂર્ણ પાલન દ્વારા શુભ અને શુદ્ધ ઉપયોગ ધારા ચાલતી રહે છે.

કોઈ વ્યક્તિ પાસે દરેક ક્ષેત્રમાં ઘણીબધી શક્તિ છે. પણ તેનો 'ઉપયોગ' ક્યાં ? એ મહત્ત્વનો પ્રશ્ન છે,



www.jaintatvagyanshala.org

એટલે કે શક્તિનું મૂલ્ય ઉપયોગના આધારે અંકાય છે. તેમ સાધના ક્ષેત્રે ઘણા યોગો-ક્રિયાઓ કરવા છતાં ઉપયોગ ક્યાં ? અને કેવો ? એ વધુ અગત્યનું છે.

## આજ્ઞાયોગમાં પણ ઉપયોગનું અનુસંધાન અત્યંત જરૂરી

વ્યવહારિક ભૂમિકાએ શ્રેષ્ઠ આલંબનોનું પાલન અને નિશ્ચયની ભૂમિકાએ અંતઃકરણનું ઉપયોગપૂર્વક લક્ષ્ય સાથે અનુસંધાન તેનું નામ સાધના...! કોઈપણ યોગને સાધતાં-આરાધતાં ઉપયોગની પ્રધાનતા આવે તો જ તે યોગ-ક્રિયા મોક્ષસાધક બની શકે...અન્યથા અયોગ...યોગનિષ્ફલતા... યા યોગવંચકતા બને. કહ્યું છે કે 'उपयोगे धर्म' ક્રિયાએ કર્મ, પરિણામે બંધ. દા.ત. પરમાત્મ ભક્તિ કરતાં વિતરાગાદિ ભાવો આપણા હૃદય પર પ્રસ્થાપિત ન થાય તો તે ક્રિયા-દર્શન માત્ર શુભ આશ્રવરૂપ બને...મન-વચન-કાયાના યોગોનો વ્યાપાર તો નવતત્ત્વમાં આશ્રવના હેતુ તરીકે કહ્યા છે. અને आस्रवो भव हेतु स्यात् (આશ્રવ તે ભવનું કારણ થાય) તો શું કરવું ? ઉપયોગનું અનુસંધાન કરે, તો તે યોગ-ધર્મરૂપ-ગુણરૂપ બને. સંવર અને નિર્જરાનું યથાર્થ ફળ પ્રાપ્ત કરવા માટે દરેક ક્રિયામાં ઉપયોગવાળા બનવું જોઈએ. કોરા તપ-ત્યાગ કે સંયમની જૈનશાસનમાં કોઈ કિંમત નથી. જ્ઞાનીઓ, ઉગ્ર તપ કરનાર તામલી તાપસના તપને પણ અજ્ઞાન કષ્ટ તરીકે ઓળખાવે છે. કેવા ભાવથી ઉપયોગને પરિણત કરવો, અગર ન કરવો, તે જાગૃતિની ક્ષણે ક્ષણે જીવને અતિ અગત્યતા છે.

કોઈ મહાત્માની વૈયાવચ્ચ કરતાં તે મહાત્મામાં રહેલા પૂજ્યતાદિ ગુણો આપણા હૃદય પર અંકિત થાય...આપણો દેહાધ્યાસ તૂટે...અપ્રમત્તતા આવે...તેવું ઉપયોગપૂર્વક લક્ષ્ય ન હોય તો તે વૈયાવચ્ચયોગ સાચા અર્થમાં સાધી ન શકાય. વિશુદ્ધિપૂર્વક કરાતી ક્રિયા સંવર અને સકામ નિર્જરા સાથે પુણ્યાનુબંધી પુણ્યવાળી બને છે અને તે જ ક્રિયા મોક્ષનું અસાધારણ કારણ બને છે.

અધ્યયન-અધ્યાપનાદિ યોગમાં સાધક ઉપયોગપૂર્વક પ્રવર્તે. ગ્રંથાદિની અનુપ્રેક્ષા-ચિંતન-પરિશીલન-દોહન અને તે ગ્રંથમાં-સૂત્રમાં રહેલા પદાર્થોના ઐદંપર્ય સુધી પહોંચવા દત્તચિત્ત બને તો જ સ્વાધ્યાયની ખરી મસ્તી માણી શકાય અને તેની સાચી ફળશ્રુતિ પામી શકાય.

જ્ઞાનપંચમીના સ્તવનમાં કહ્યું છે કે શુભયોગે ક્ષણમાં નિર્જરે. મિથ્યાસંચિત ખેહ... વળી જ્ઞાની શ્વાસો-શ્વાસમાં...જ્ઞાની કોણ ? જ્ઞેય પદાર્થો પ્રતિ નિર્ભેળ પ્રવર્તન...મોહાદિભાવોથી રહિત જ્ઞાનવાન આત્માનું જ્ઞેયમાં પ્રવર્તન, તે આત્મા જ્ઞાની કહેવાય. એવાં જ્ઞાની એકશ્વાસોશ્વાસમાં જે કર્મો ખપાવે છે તેટલા કર્મોને ખપાવવામાં અજ્ઞાનીનાં કોડો વર્ષ વીતે. આથી આ 'ઉપયોગ'ની મહત્તા અનેક ગ્રંથોમાં ખૂબખૂબ વર્ણવી છે. માટે આપણે પણ આજ્ઞાયોગને આરાધતાં પ્રતિક્ષણ ઉપયોગને જાગૃત-સાકાર બનાવીશું તો જ આરાધનાનું સાચું હાર્દ પામી શકીશું. અને તે માટે યોગ-ઉપયોગની ચતુર્ભંગી પણ વિચારણીય છે. ઉપયોગના પ્રકાર પણ જાણવાલાયક છે :

(૧) હેયોપાદેયના પૃથક્કરણપૂર્વક જ્ઞાનાદિમાં પ્રવર્તન તે-શુભ ઉપયોગ.

(૨) આત્મસ્વરૂપના લક્ષ્યપૂર્વક જ્ઞાનાદિમાં પ્રવર્તન તે-શુદ્ધ ઉપયોગ.

(૩) આર્તધ્યાનાદિથી ભાવિત મન દ્વારા જ્ઞાનાદિમાં પ્રવર્તન = અશુભ ઉપયોગ.

(૪) મિથ્યાત્વજન્ય અજ્ઞાનાદિ ભાવોથી વિકૃતચેતના પ્રવર્તન = અશુદ્ધ ઉપયોગ.

યોગો-(૧) પરમાત્મ પ્રરૂપિત પંચાચારમય અસંખ્ય યોગો તે શુભયોગ.

(૨) ૧૮ પાપસ્થાનકો તે અશુભ યોગ.



www.jaintatvagyanshala.org

પરંતુ કેવલી ભગવંત માટે સહજ-શુદ્ધ જ્ઞાનાદિ પ્રવર્તન તે શુદ્ધ ઉપયોગ. જ્યારે આપણે તો સાધક અવસ્થાનો શુદ્ધ ઉપયોગ ચરિત્રાર્થ કરવાનો છે, તે માટે સર્વ જીવો પ્રત્યે સમદૃષ્ટિ કેળવાય ત્યારે જ શુદ્ધોપયોગની યોગ્યતાવાળા થઈ શકાશે. આવા શુદ્ધ 'ઉપયોગ'ની આરાધના કરતા આવેલા ઈલાચીકુમાર જેવા આત્માઓના જૈનશાસ્ત્રપ્રસિદ્ધ ઉદાહરણો પરથી ઉપયોગની મહત્તા સમજાય છે. નૃત્યના દોર પર નાચતા રાગાદિભાવોથી મલિન અંત:કરણ છતાં પદ્મિની પાસે લાડુ વહોરતા મુનિનું દર્શન થતાં શુભ ઉપયોગ સંધાયો અને તે ઉપયોગની ધારા ક્રમશ: શુદ્ધ બનતાં અંત:મુર્હૂતમાં કેવલજ્ઞાન પામ્યા.

તે જ રીતે શુદ્ધ સંયમયોગમાં વર્તતા મુનિ નંદિષેણનો વેશ્યાના અર્થલાભ શબ્દરૂપ કટાક્ષથી અહં ઘવાયો...અર્થલાભની તાકાત બતાવી દઉં ? એવા કર્તૃત્વાભિમાનરૂપ અહંનો અશુદ્ધ ઉપયોગ સંધાતાં સંયમથી પતન પામ્યા...

આ બંને ઉદાહરણોમાંથી એ ફલિત થાય છે કે ગમે તેવા પણ યોગમાં વર્તતા આત્માનું ઉત્થાન યા પતનમાં ઉપયોગનું પ્રાધાન્ય છે.

**યોગ અને ઉપયોગ :** શુભયોગ અને શુભ ઉપયોગમાં તો અનંત આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે, પામે છે...અને પામશે એ તો રાજમાર્ગ છે...જૈન શાસનનો...!

અશુભયોગ અને અશુભ ઉપયોગે તો જીવની અનંત સંસારયાત્રા ચાલતી જ રહે છે...માટે અત્રે ચતુર્ભંગી સ્પષ્ટ કરી છે :-

(૧) અશુભયોગ - અશુભ ઉપયોગ...જેમકે-સંસારી જીવોનું પરિભ્રમણ.

(૨) અશુભયોગ - શુભ ઉપયોગ...જેમકે-પૃથ્વીચંદ્ર-ગુણસાગર લગ્નની ચોરીમાં કેવલજ્ઞાન.

(૩) શુભયોગ - અશુભ ઉપયોગ...જેમકે-અરણિકમુનિ-નંદિષેણમુનિ વિગેરે.

(૪) શુભયોગ-શુભ ઉપયોગ...જેમકે-શાસનને પામેલા સાધક આત્માઓ.

આ યોગ-ઉપયોગની ચતુર્ભંગીથી પણ ઉપયોગનું પ્રાધાન્ય સ્પષ્ટ થાય છે...

યોગ અને ઉપયોગની શુદ્ધાશુદ્ધતા આધ્યાત્મિક અને ભૌતિક વિચારધારાને અનુલક્ષીને છે. સાંસારિક હેતુઓની સિદ્ધિ માટે વર્તતો યોગ-ઉપયોગ અશુદ્ધ જ છે. જ્યારે આત્માને અનુલક્ષીને વર્તતો ઉપયોગ અધ્યાત્મસ્વરૂપ હોઈ શુદ્ધ છે. શુદ્ધયોગ અને ઉપયોગમાં અધ્યાત્મભાવ વ્યાપેલો હોવાથી એ મોક્ષસાધક બની શકે છે.

જીવનમાં આધ્યાત્મિક વિકાસક્રમને સાધી અંતે આત્મિકસુખને પ્રાપ્ત કરવા 'ઉપયોગ' શુદ્ધિમાં સ્થિર બની રહેવું કેટલું આવશ્યક છે તે આ ઉપયોગના યત્કિંચિત્ સ્વરૂપથી પણ ખ્યાલ આવે છે.

સાધક માટે જ્યારે જ્યાં જે ઉપયોગની આવશ્યકતા હોય ત્યારે ત્યાં તે ઉપયોગમાં વર્તવું યોગ્ય ગણાય.

સર્વધર્મ-યોગ-ક્રિયા અને સર્વશાસ્ત્રોનો સાર એ જ શુદ્ધનયે આત્મઅનુભવ કરવો. આ આત્મઅનુભવ શુદ્ધ ઉપયોગવંત સાધક જ સ્વરૂપ શુદ્ધ એવા આજ્ઞાયોગને આરાધી-સાધી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અને વીર્ય સાથે તાદાત્મ્ય સાધી અનંતજ્ઞાનાદિ ક્ષાયિકગુણોને પ્રાપ્ત કરી મુક્તિસુખને અનુભવી શકે છે.

આ માટે જૈનદર્શનમાં ઉપયોગની મહત્તા અદ્‌ભુત રીતે વર્ણવી છે. જૈનદર્શનમાંથી ઉપયોગ નામનું તત્ત્વ નીકળી જાય તો જૈનદર્શન જડદર્શન બની જાય.

જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો मिथ्या मे दुष्कृत्यम्...।



www.jaintatvagyanshala.org

# ગુરુપ્પસાયાભિમુહો રમેજ્જા

●

સા. ગુણદક્ષાશ્રી

ધનનો અભિલાષી ધનની સેવામાં તત્પર રહે,
વિદ્યાનો અભિલાષી વિદ્વાનની સેવામાં સ્થિર બને,
મોક્ષનો અભિલાષી ગુરુસેવામાં તત્પર બને.

## ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા

આ ત્યાગપ્રધાન ભારતીય સંસ્કૃતિ છે, રાજા મહારાજાઓ પણ વિદ્યા મેળવવા માટે ગુરુને પ્રસન્ન કરે. ભારતીય જ્ઞાન ધનથી ના મળે...જ્ઞાન સત્તાથી ના મળે, જ્ઞાન તો ગુરુકૃપાથી જ મળે.

આ સંસ્કૃતિમાં, આ શાસનમાં ગુરુદેવો ક્યારેય સત્તાની શેહમાં તણાયા નથી. સંપત્તિનું એમને કોઈ મૂલ્ય નથી. ખુદના દેહની માયા નથી. એટલે સેવા શુશ્રૂષાની અભિલાષા નથી, પાત્ર જુએ તો હૈયાનાં હીર આપી દે, ખુદ પોતાનો જ પુત્ર હોય પણ અપાત્ર દેખે તો તેને પણ જ્ઞાન ન આપે.

ગુરુજનો નિરાળા છે, નિરાભિમાની છે, નિસ્પૃહિ છે, ફક્ત તેમના હૈયામાં શાસન કાજે સુયોગ્ય આત્માની ઝંખના હોય છે. ગુરુ સુયોગ્ય આત્માને જુએ એટલે સુયોગ્ય શિષ્યને કલ્પનાથી પણ અધિક જ્ઞાન આપી દે. પરંતુ ગુરુ જુએ કે જ્ઞાન બાદ તેનામાં શું આવ્યું ? ગંભીરતા...પ્રૌઢતા...ઉદારતા..અકુતુહલવૃત્તિ...સમભાવ, આ ગુણો ના જુએ તો વિદ્યાનાં દાન બંધ.

## તર્કનો દોષ

"મોક્ષની અભિલાષાએ માતા પિતા છોડ્યાં...સમસ્ત સંસારનો ત્યાગ કર્યો. ત્યાગના કંટકભર્યા માર્ગે ચાલ્યો, કંચન અને કામિની છોડ્યાં. પણ હવે કીર્તિની આશા, નામની લાલસા, તમારા મનમાં ઉત્પાત મચાવે છે. પ્રભુના શાસનમાં તપ-ત્યાગ અને ધ્યાન કરવાનાં, તે તદ્દન સાચી વાત છે. શાસ્ત્રની આજ્ઞા મુજબ ચાલવાનું તે વાત પણ બરાબર, ગુરુની નિશ્રા જોઈએ તે પણ બરાબર...પણ...જીંદગીભર નાના-મોટા પ્રત્યેક કાર્યમાં ગુરુની મહેરબાની અને ગુરુની કૃપાનો જ વિચાર કર્યા કરવાનો ?"

"ગુરુએ અમને શાસ્ત્રો ભણાવ્યાં છે. કોઈ પ્રશ્ન-સમસ્યા આવશે તો જોઈ લેશું...છતાંય નહિ સમજાય તો ગુરુને પુછી લઈશું...પણ જીંદગીભર ગુરુકૃપા તરફ તાકયા કરવું એ તો કેવી રીતે થાય ?"

"એમનો યુગ અલગ...અમારો યુગ અલગ...એમની બુદ્ધિ અલગ...અમારી બુદ્ધિ અલગ...એમની સ્મૃતિ અલગ...અમારી સ્મૃતિ અલગ...એમની શિષ્ય સંતતિ અલગ પ્રકારની...અમારી શિષ્ય સંતતિ અલગ પ્રકારની...એમના ભક્તો અલગ પ્રકારના...અમારા ભક્તો અલગ પ્રકારના...ગુરુજીનું પુણ્ય ક્યાં અને અમારું પુણ્ય ક્યાં ? અમે અમારા પુણ્ય મુજબ અમારું જીવન ગોઠવીએ...ગુરુની કૃપા જોઈએ...એ વાત સાચી, પણ જીંદગીભર ગુરુકૃપા તરફ જ જોવું એ કેમ બને ?"

અરે સાધક આત્મા ? આવી તો તારી એક નહિ પણ ઈકોતેર શંકાઓ હોઈ શકે. એક નહિ, લાખો સમસ્યાઓ હોઈ શકે. પણ...એકવાર તું સાચું ચિંતન કર. શું તારે સાચે જ મોક્ષ જોઈએ છે ? શાશ્વત સુખ જોઈએ છે ? તો ભલા સાંભળ...ગુરુકૃપા વિના મોક્ષ ન મળે...તારી પાસે તારા મર્યાદિત વિચારો છે, તો હવે તું શાંતિથી ગુરુકૃપાના મીઠા ફળને પણ વિચાર...



www.jaintatvagyanshala.org

## ગુરુકૃપાનું ફળ

ગુરુકૃપા દ્વારા બુદ્ધિ જ નહિ પણ નિર્મળ બુદ્ધિ વધે છે. ગુરુકૃપા દ્વારા સ્મૃતિ જ નહિ સાથે સ્વાધ્યાય પણ વધે છે. ગુરુકૃપા દ્વારા જડની રુચિ ઘટે છે, તત્ત્વરુચિ પ્રગટે છે. ગુરુકૃપા દ્વારા રાગની મમતા ઘટે છે, વીતરાગની મમતા જાગે છે. અવિવેક નષ્ટ થાય છે, વિવેક પ્રગટે છે. મિથ્યાત્વ નષ્ટ થાય છે, સમ્યક્ત્વ પ્રગટે છે. અજ્ઞાન ભાગે છે, જ્ઞાન લાધે છે. ગુરુકૃપા દ્વારા સંસાર અકારો લાગે છે, સંયમ પ્યારો લાગે છે. દુર્ભાગ્યનામકર્મ દૂર થાય થાય છે, સૌભાગ્યનામ કર્મ પ્રાપ્ત થાય છે. પુણ્ય પ્રબલ થાય છે, સર્વ સાનુકૂળ સંયોગો સાંપડે. ગુરુકૃપા દ્વારા યશકીર્તિનામકર્મ ઉદયમાં આવે છે અને સમર્પિત ભક્તો મળે છે. ગુરુકૃપા દ્વારા આદેયનામકર્મ પેદા થાય છે, અનુકૂળ શિષ્યો મળે છે. પરાઘાતાનામકર્મ પેદા થાય અને તે શાસન પ્રભાવનામાં સહાયક બને છે. ગુરુકૃપા દ્વારા આત્મગવેષય બનાય છે અને આત્મ ઉન્નતિની ઝંખના જાગે છે. ગુરુકૃપા દ્વારા સાધનામાં સફળ થવાય છે, અને સિદ્ધિ મળે છે. ગુરુકૃપાની પ્રાપ્તિ થતાં પ્રશસ્ત ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમ સાથે સૌભાગ્ય નામકર્મનો ઉદય પ્રાપ્ત થાય છે. ગુરુકૃપાની પ્રાપ્તિમાં આત્મિક યોગ્યતા સાથે પૂણ્યનો પણ સાથ જોઈએ જ્યારે ગુરુકૃપાની તત્પરતામાં આત્મિક યોગ્યતાની જરૂર છે. સાધક તો પુરુષાર્થી છે, પુરુષાર્થી હારે પણ નહિ, થાકે પણ નહિ.

આ દુનિયામાં કોઈ વિદ્યા, કોઈ મંત્ર, કોઈ સિદ્ધિ એવી નથી કે જે ગુરુકૃપા દ્વારા ન મળે. આધ્યાત્મિક દુનિયાનો એકડો ગુરુકૃપાથી જ પ્રારંભ થાય. ગુરુકૃપાની ઝંખના એટલે વીતરાગને સમર્પિત, શાસનકાજે સર્વસ્વ સમર્પી ચુકેલ શાંત, મહાશાંત, દીર્ઘ સંયમી, મહાજ્ઞાની, આધ્યાત્મિક, મહાસાધક, મહાત્માના ચરણે વિશ્રાંતિ.

## કલ્પવૃક્ષસમ ગુરુદેવ

હે ગુરુદેવ ! આપ સમસ્ત વિશ્વના તન મનના તાપ હરો તેવા કલ્પવૃક્ષ છો. અમે કલ્પવૃક્ષ ના બની શકીએ પણ કલ્પવૃક્ષની છાયાના પિપાસુ મુસાફર બની શકીએ, આપ કલ્પવૃક્ષ છો તેથી આપની છાયામાં જે સંકલ્પ કરીશું તે સિદ્ધ થશે, સફળ થશે. અમે પણ મોક્ષના અભિલાષી છીએ. આપ તેના આમ્નાય વિદ્ છો, સફળ મંત્રવિદ્‌ના સાન્નિધ્યમાં સહજ અનાયાસે મોક્ષ પ્રાપ્ત થાય. મારા માન કષાયને કાબુમાં લાવીશ....નમ્રતા નિત્ય સહચરી થશે, પછી આપની કૃપા જ...મારી ઈચ્છા...ઝંખના...એષણા...અભિલાષા બનશે. કબુલાત કરું છું - કંઈક ભૂલ થઈ હોય તો, તે અહંના કારણે..હવે હું અહં અને મમકારનું વિસર્જન કરીશ. ચાતક જે આતુરતાથી મેઘને જુએ તેના કરતાં અનેકગણી અભિલાષાએ, ગુરુકૃપાને ઝંખીશ. સમજાય છે - ગુરુકૃપા આગળ સમગ્ર વિશ્વની સંપત્તિ તુચ્છ છે !

ગુરુદેવ તાકાત આપો. સારાયે વિશ્વની અભિલાષાને તિરસ્કારવાની, આપ તો તારક છો...રક્ષક છો...રક્ષા કરો...ભવભવથી મને તારો...

પૂ. શય્યંભવસૂરી મહારાજે બાલમુનિ મનકમાં મોક્ષની અભિલાષા પેદા કરી અને... મોક્ષાભિલાષાને પૂર્ણ કરવા ગુરુકૃપા સન્મુખ કરી દીધા. અમને પણ તેવી શક્તિ આપો.

"સૂર્યમુખીનું ફૂલ" સૂર્ય જે દિશામાં ફરે જે દિશામાં સૂર્ય જાય તેમ ફરે - તેમ અમે પણ તેની જેમ ગુરુકૃપા પ્રસન્નતા જે રસ્તે મળે તેને અનુસરીએ તેવાં વરદાન આપો, ગુરુના વરદાન શિષ્યના અરમાનને સફળ કરશે.

એ જ અનંત ઉપકારી, વાત્સલ્યવારિધિ આચાર્યપદનાં અર્ધશતાબ્દિ સુવર્ણ મહોત્સવ દિને, પ.પૂ. ગચ્છાધિપતિ ગુરુભગવંતને અમારી નતમસ્તકે પુનઃ પુનઃ ગુરુ ચરણોમાં એક જ પ્રાર્થના હું આપના આશીર્વાદને યોગ્ય બનું.

પ્રભુશાસનના ચરણે મારૂં સર્વસ્વ સમર્પિત રહો, એ જ સદાની નમ્રભાવના.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# તપ કેરા નંદનવનમાં

●

## સાધ્વીજી શ્રી ચન્દ્રયશાશ્રી

### તપનું મહત્ત્વ

અનંતકાળથી જીવને સહુથી જુનામાં જુની કુટેવ કે મહાચેપી રોગ હોય તો તે ખાવાનો છે; કારણ કે એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના ભવમાં સહુથી પહેલાં જીવ આહાર કરે છે. કોઈ એવું સ્થાન નથી કે જ્યાં જીવે આહાર ન કર્યો હોય. તેથી અણાહારી બનવા માટે જિનશાસનમાં તપ બતાવ્યો છે. ગામનું રક્ષણ કરવા માટે જેમ કિલ્લાની જરૂર છે તેમ આત્માનું રક્ષણ કરવા તપરૂપી કિલ્લાની જરૂર છે.

જેમ દાનધર્મથી પરિગ્રહસંજ્ઞા કાબૂમાં આવે છે, શીલધર્મથી મૈથુનસંજ્ઞા ઉપર નિયમન આવે છે તે રીતે તપધર્મથી આહારસંજ્ઞા ઉપર કાબુ આવે છે. પાણીનો સ્વભાવ શીતલ છે તેમ આત્માનો મૂલ સ્વભાવ અણાહારી છે. વધુ ખાઈને અજીર્ણ થવાથી મરી ગયાના ઘણા દાખલા હશે પણ ઓછું ખાઈને મરી જનારના દૃષ્ટાંત નહિ મળે. રોગનું નિદાન કરવા માટે ડોકટર સૌથી પ્રથમ જીભ બહાર કઢાવે છે; કારણ જીભ ઉપર બધો મેલ આવે છે. તે બતાવે છે કે સર્વ રોગોનું મૂળ જીભ છે. તપમાં જીભ ઉપર કડક કાબુ આવે છે.

કોઈપણ વ્યક્તિને આપણે બે પ્રકારે ઓળખીએ છીએ - બહારથી અને અંદરથી. તેમ તપના પણ બે પ્રકાર છે - બાહ્ય અને અભ્યંતર. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા : આ છ પ્રકાર બાહ્યતપના છે; જ્યારે પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાર્યોત્સર્ગ : આ છ પ્રકાર અભ્યંતર તપના છે. પણ આ બધાનું લક્ષ્ય તો એકમાત્ર છે - 'ઈચ્છા નિરોધ'.

### તપની શક્તિ

તપનું કામ છે ઈચ્છાઓને રોકવાનું, ગાડીની જેમ ધસમસતી ઈચ્છાઓને કાબુમાં લેવાનું. ઈચ્છાઓના સંયમથી આસક્તિ-લાલસા-વાસના કાબૂમાં આવે છે અને તે કાબૂમાં આવવાથી અનેક દોષો ઉપર વિજય મળે છે.

તીર્થંકર ભગવંતો જાણતા હોય છે કે આ જ ભવમાં અમારી મુક્તિ થવાની છે તો પણ તેઓ દિક્ષાદિવસથી તપ આદરતા હોય છે. પરમારાધ્ય મહાવીર દેવે ૧૨॥ વર્ષમાં લગભગ ૧૧॥ વર્ષ નિર્જલ ઉપવાસ કર્યા હતા. તેઓ જાણતા હતા કે આ જ ભવમાં મુક્તિ થવાની છે પણ કર્મક્ષય નિર્જરા તપ વગર શક્ય નથી. ચંપા શ્રાવિકાએ હિંસક, મુસ્લિમ અને ક્રુર એવા અકબર બાદશાહ જેવાને માર્ગાભિમુખ બનાવ્યો અને જિનશાસનનો ડંકો વગડાવ્યો.

ધન્ના અણગાર ૧૪૦૦૦ અણગારોમાં તપના પ્રભાવે પ્રભુ મહાવીરના મુખે ચડી ગયા. ગૌ-બ્રાહ્મણ-સ્ત્રી અને બાળ આ ચારની હત્યા કરનાર દઢ પ્રહારી અને છ મહિના સુધી રોજ સાત મનુષ્યની હત્યા કરનાર અર્જુન માળી તપના પ્રભાવે જ અતિઘોર કર્મ ખપાવીને મુક્તિગામી બન્યા. બાળ નાગકેતુ અઠમના તપથી ધરણેન્દ્રના સિંહાસનને ડોલાવવા સમર્થ બન્યા હતા; તો પેલો પ્રવરદેવ ભિખારી પચ્ચક્ખાણના સેવનથી મહાન શેઠ બન્યો હતો અને બીજા ભવમાં ૧૨ વર્ષીય દુષ્કાળને સુકાળમાં ફેરવી નાખ્યો હતો.

### તપનો પ્રભાવ

તપસ્વી આઠ શાસન પ્રભાવકોમાંનો એક મહાન પ્રભાવક છે. તપને કલ્પતરૂની ઉપમા આપી છે.



www.jaintatvagyanshala.org

કર્મનિર્જરા એ તપનું ફળ છે. ઈચ્છાનિરોધ એ તપનું મૂળ છે. બાહ્ય તપ એ બીજ છે જ્યારે અભ્યંતર તપ તેના પર્ણ અને પુષ્પ જેવા છે. આ તપરૂપી કલ્પવૃક્ષ આપણા ઈચ્છિતથી પણ અધિક આપે છે. આ લોકની કે પરલોકની-કામનાઓ કે લાલસાઓ રાખીને તપ કરે તો પરંપરાએ તેનું ફળ અનિષ્ટ હશે. જે પુણ્ય મળ્યું હશે તે પાપાનુબંધી હશે. હૃદયમાં કપટ રાખીને તપ કરવાથી લક્ષ્મણા સાધ્વી અથવા મલ્લિનાથ પ્રભુની જેમ સ્ત્રી-અવતાર લેવો પડશે.

**તપનું ફળ**

તપ ક્યારે ફળદાયી બને ? સૌ પ્રથમ બ્રહ્મચર્યનું પાલન, જિનેશ્વર દેવની પૂજા, ક્રોધાદિ કષાયો ઉપર કાબુ અને જિનાજ્ઞાનુસારી પચ્ચક્ખાણ કરવાપૂર્વક તપ કરવામાં આવે તો તે જીવ મહાન ફળ મેળવે છે.

બાહ્ય પ્રકારનાં તપો દરેક જીવો કરી રહ્યા છે પણ તે મોહરાજાની આજ્ઞાથી કરે છે. તે કેવી રીતે કરે છે તે આપણે જોઈએ. ટાઈફોઈડ થયો હોય તે વખતે ડોક્ટર કહે છે મહિનો ભૂખ્યા રહેવું પડશે તો આપણે ભૂખ્યા રહીએ છીએ. આ મોહરાજાનું અણશણ તપ છે. પેટમાં ચાંદુ પડ્યું હોય ને ડોક્ટર કહે કે ઓછું ખાવું પડશે તો આપણે ઓછું ખાઈએ છીએ. આ મોહરાજાનું ઉણોદરી તપ છે. હોજરી મંદ પડી હોય અને પેટમાં અવારનવાર દુ:ખાવો થતો હોય ત્યારે ડોક્ટર કહે કે કઠોળ, તળેલું કે ભારે વસ્તુ નહિ વપરાય. આ મોહરાજાનું વૃત્તિસંક્ષેપ તપ થયું. ખરજવું થયું હોય તો ડોક્ટર કહે ઘી, દૂધ, દહીં, ગોળ, તળેલું વિગેરે બંધ કરવું પડશે તો તે પ્રમાણે આપણે કરીએ છીએ. આ મોહરાજાનો રસપરિત્યાગ થયો. શરીર નબળું હોય ને શરીર મજબૂત બનાવવા માટે ડોક્ટર કહે રોજ ચાર માઈલ ચાલવું પડશે. આ મોહરાજાનું કાયકલેશ તપ થયું. હૃદયનું દર્દ અથવા ડબલ ન્યુમોનિયા થયો હોય ને ડોક્ટર કહે પથારી બહાર નહિ જવાય. તો તે પ્રમાણે અમલ કરીએ છીએ આ મોહરાજાનું પ્રતિસંલીનતા તપ છે. આમ છએ પ્રકારનાં બાહ્યતપ મોહરાજાના હુકમથી આપણે અનાદિ કાળથી કરતા રહ્યા છીએ. આ તપ ધર્મ પ્રત્યેના અનુસરણથી નહિ પરંતુ શરીર પરના મમત્વને કારણે કરીએ છીએ.

આપણે જો ચારિત્ર રાજાના હુકમથી ઉપવાસ આદિ અનશન તપ, ઓછું ખાવારૂપ ઉણોદરી તપ, ઓછા દ્રવ્ય વાપરવારૂપ વૃત્તિસંક્ષેપ તપ, મનગમતા ભોજન અને વિગયત્યાગ કરવા રૂપ રસત્યાગ તપ, વિહાર, લોચ આદિ કરવારૂપ કાયકલેશ તપ અને અંગોને સંકોચી રાખવારૂપ પ્રતિસંલીનતા તપ કરીએ તો આપણા આત્માનો નિસ્તાર થાય, સંસાર અલ્પ થાય અને શાશ્વત સુખના ભોક્તા બનીએ.

શરીરની આળપંપાળ માટે મોહરાજાની આજ્ઞાથી થતા બાહ્યતપનો વિચાર કર્યો. હવે અભ્યંતર તપનો વિચાર કરીએ. પીચોટી ખસી ગઈ હોય તો પાંચ દિવસ ન ખાવારૂપ પ્રાયશ્ચિત તપ કરીએ છીએ. ધન મેળવવા માટે શેઠ-શાહુકારનો વિનય સાચવીએ છીએ. ઘરમાં પત્ની, પુત્ર, પરિવાર આદિ માંદા પડ્યા હોય તો બધાની પ્રેમપૂર્વક વૈયાવચ્ચ કરીએ છીએ. સંસારમાં મોહદશાને કારણે જીવ આ મારો પુત્ર, આ મારી પત્ની, આ પૈસો, બંગલો, હાટ, હવેલી બધું મારું છે એમ તેના દિલમાં સતત મારાપણાનો જાપ ચાલુ હોય છે. આ છે મોહરાજાનું સ્વાધ્યાય તપ. સંસારના પદાર્થોમાં એવા લયલીન જીવ બની જાય છે કે કોણ આવ્યું ને કોણ ગયું તેની પણ ખબર પડતી નથી. એ રીતે ધ્યાન તપ કરે છે. ફુલ સીઝનમાં ખૂબ ઘરાકી હોય ત્યારે બે-ત્રણ કલાક ખડે પગે ઉભા રહેવાથી કાઉસગ્ગ તપ થાય છે.

મોહરાજાની આજ્ઞાથી આ રીતે જીવ તપ કરે છે; પણ તેમાં કર્મ નિર્જરા થતી નથી. જો જીવ ધર્મરાજાની આજ્ઞાથી આત્માના કર્મના મેલ કાઢવા તપ કરે તો સાચું સુખ હથેળીમાં રમતું થઈ જાય. તપથી લબ્ધિ પ્રગટ થાય છે. તપ કરવાથી કષ્ટ સહન કરવાનો અભ્યાસ પડે છે. દુઃખમાં સમાધિ રહે છે.

સમ્યગ્ દર્શનથી નિર્મળતા મળે છે
સમ્યગ્ જ્ઞાનથી સ્થિરતા મળે છે
સમ્યગ્ ચારિત્રથી તન્મયતા મળે છે
સમ્યગ્ તપથી પરમાત્મા સાથે એકતા સધાય છે.

આપણે પણ તપના નંદનવનમાં વિચરી જલ્દી કર્મમુક્તિ અને સંસારમુક્તિ મેળવવા સમર્થ બનીએ એ જ શુભેચ્છા !

दाणाणं यैव अभयदाणं ।
સર્વ દાનમાં અભયદાન શ્રેષ્ઠ છે.

પ્રશ્ન વ્યાકરણ સૂત્ર (૨/૪)

Charity is a virtue of the heart, and not of the hands.
દાનશીલતા દ્રવ્યનો ગુણ છે હાથનો નહિ.

Edtion

धर्मस्य सूक्ष्मा गतिः ।
ધર્મની ગતિ સૂક્ષ્મ છે.

एवं धम्मस विणओ, मूल परमो यसे मोक्खो ।
ધર્મનું મૂલ વિનય છે અને મોક્ષ તેનું અંતિમ ફળ છે.

(દશવૈકાલિક ૬/૨/૨)

# પાણી-વિજ્ઞાન

●

સંગ્રા. - ધર્મરક્ષાશ્રીજી ("ધર્મદૂત"માંથી સાભાર)

આ પ્રસ્તુત લેખમાં દર્શાવેલ પાણીની બાબતમાં જે મહત્ત્વની વાત કરી છે તે જિજ્ઞાસુ જૈન-જૈનેત્તર ધર્મમાં વાંચન કરી, વિચારી, અમલ કરી, પ્રચાર કરવા જેવી છે. પંચમ કાળમાં પાણીનો વપરાશ બેફામ વધી ગયો હોવાથી પાણી-વિજ્ઞાન અંગેની માહિતી ઉપયોગી અને પ્રેરક બને અને અનેક આત્માઓ આ અંગેના પાપથી બચી જાય.

અનંતકરુણાના સાગર પરમતારક શ્રી જિનેશ્વર દેવોએ જૈનો માટે દયાધર્મના સર્વોચ્ચ પાલન માટે એક નહીં સાત સાત પ્રકારનાં ગળણાં રાખવાના કહ્યા છે. (૧) પાણી ગાળવાનું, (૨) ઘી ગાળવાનું, (૩) તેલ ગાળવાનું, (૪) દૂધ ગાળવાનું, (૫) ઉકાળેલું-અચિત્ત પાણી ગાળવાનું, (૬) છાશ ગાળવાનું, (૭) આટો ચાળવાનું (ચાળણી). આ સાત ગળણા પાછળ જીવદયાના મહાન ઉદ્દેશ સાથે ધર્માત્માઓના ધર્મનું સાધન એવા શરીરના રક્ષણનો પણ ઉદ્દેશ છે.

**છાશ ગાળવા અંગે :**

जइ अणगलियं तक्कं, पमायवसउ सया समायारे ।
मज्जसमं तं पावं, गोयम ! भणियं न संदेहो ॥

પ્રમાદના યોગે જો છાશને ગાળ્યા વગર વાપરે તો તેને મદ્યપાન (દારૂ) જેટલું પાપ લાગે છે. એમ સંદેહરહિત શ્રી વીર પરમાત્મા શ્રી ગૌતમસ્વામીને કહે છે.

**પાણી ગાળવા અંગે :**

जिट्ठाऽऽसाढे चउ पहर, वासावासेसु दुन्नि हेमंते ।
तिन्निय वसंतमासे, घडिय तय गालए जलं ॥

જેઠ અને અષાઢ મહિનામાં ૪-૪ પ્રહરે પાણી ગાળવું, વર્ષાઋતુમાં ૨-૨ પ્રહરે, હેમંત ઋતુમાં ૩-૩ પ્રહરે અન વસંતઋતુમાં ૩-૩ ઘડીએ પાણી ગાળવું જોઈએ.

ઉપદેશ પ્રાસાદમાં કહ્યું છે કે -

परिसुद्धजलगहणं, दारुय-धन्नाइयाण य तहेव ।
गहियाणयपरिभोगो, विहीइ तस्स रक्खणट्ठाए ॥

ત્રસજીવોના રક્ષણ માટે પાણી ગાળીને જ વાપરવું જોઈએ. લાકડાં તથા ધાન્ય વગેરે પણ જોઈ તપાસી ઉપયોગમાં લેવા જોઈએ. વસ્તુને ગ્રહણ કર્યા પછી પણ વિધિપૂર્વક જ ઉપયોગમાં લેવી જોઈએ. કરૂણાસાગર શ્રી વીતરાગ પરમાત્માનું ખાસ ફરમાન છે કે જે જે વસ્તુઓ વાપરવાની ઈચ્છા થાય તે તે વસ્તુઓ પ્રથમ નજરથી જોઈને ત્યારબાદ પૂંજી પ્રમાર્જીને જ ઉપયોગમાં લેવી જોઈએ.

પાણીના એક ટીપામાં કેટલા જીવો છે તેની સમજૂતિ આપતાં આગમમાં ગાથાસહસ્રીમાં તથા શ્રી સંબોધ પ્રકરણમાં કહ્યું છે કે -

एगम्मि उदगबिंदुंमि, जे जीवा जिणवरेहिं पन्नता ।
ते जइ सरिसवमिता, जंबुद्दीवे न मायंति ॥



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

શ્રી જિનેશ્વર પરમાત્માએ પોતાના કેવળજ્ઞાનમાં જોયેલા એક પાણીના ટીપામાં રહેલા અપકાયના જીવો પોતાના શરીરને સરસવ જેટલું મોટું બનાવે તો ૧ લાખ યોજનના વિસ્તારવાળા જંબૂદ્વીપમાંય ન સમાય !

આગમના જ્ઞાતા શ્રીમદ્‌વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા ઉપદેશપ્રાસાદ નામના ગ્રંથમાં જણાવે છે કે- મહાવિદેહક્ષેત્રનો કોઈ ઘાંચી, કે જેનું આયુષ્ય ૧ ક્રોડ પૂર્વનું છે; (૧ પૂર્વ એટલે ૭૦૫૬૦ અબજ વર્ષ x ૧ ક્રોડ = ૧ ક્રોડ પૂર્વ વર્ષ) તે રોજની ૨૦ ઘાણી ચલાવે અને એમાં આખી જિંદગીમાં જેટલા તલના દાણા પીલાય તેના કરતાં વધુ સંખ્યામાં જીવો, પાણીના માત્ર એક ટીપામાં છે !

હા, માટે જ તો દયાના સાગર અનંતજ્ઞાન-ભગવંતોએ પાણીને ઘીની જેમ વાપરવા જણાવ્યું છે અને જે પાણી વાપરવું પડે તે પણ ગાળીને જ વાપરવાનું વિધાન કર્યું છે.

પાણીને ગાળ્યા વિના વાપરનાર તામલી તાપસ મહાતપસ્વી હોવા છતાં અજ્ઞાનતાના કારણે તપના પૂર્ણફળને ન પામી શક્યો. તેથી જ પંચમાંગ શ્રી ભગવતી સૂત્રમાં તામલી-તાપસના અધિકારમાં કહ્યું છે કે

सट्ठि वाससहस्सा, तिसत्तखुत्तोदाएण धोएण ।
अनुचिन्नं तामलिणा, अन्नाणतवुत्ति अप्पफलो ॥
तामलित्तणे तवेण य, जिणमए सिज्झइ सत्तजणा ।
अन्नाणहदोसेणं, तामली गओ इसाणंमि ॥

તામલી નામના તાપસે છઠ્ઠ ને પારણે છઠ્ઠ ; એમ ૬૦ હજાર વર્ષ સુધી તપ કર્યું અને છઠ્ઠ ના પારણે ૨૧ વાર ધોયેલા (જેમાંથી મોટાભાગનો કસ ચાલ્યો ગયો હોય) માત્ર ચોખા (અન્ન) જ વાપર્યા છે...પણ અજ્ઞાન તપ (અણગળ પાણીથી ધોયેલા ચોખા વાપરવા)ના યોગે અલ્પફળને પામ્યો.

તામલી તાપસે જે તપ કર્યો એ જ તપ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાપૂર્વક થયો હોત તો ૭-૭ આત્માઓ મુક્તિપદને પામ્યા હોત ! પરંતુ અજ્ઞાન દોષના કારણે એ તામલી તાપસ માત્ર ઈશાન દેવલોકનો ઈન્દ્ર જ થયો, વધારે ફળ ન પામી શક્યો !

જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે - ધર્મનાં કોઈ પણ કાર્યો વિધિપૂર્વક અને જ્ઞાનપૂર્વક કરવાં. જ્ઞાન અને વિધિપૂર્વક કરેલાં કાર્યો જ મહાન લાભને આપનારાં થાય છે. અજ્ઞાની ધર્મના પૂર્ણફળને પામી શકતો નથી. કહ્યું છે કે-અજ્ઞાની ક્રોડો ભવના પુરુષાર્થથી જે કર્મો ન ખપાવે તેટલાં કર્મો જ્ઞાની (ત્રણ ગુપ્તિથી ગુપ્ત) માત્ર શ્વાસોચ્છવાસમાં જ ખપાવી શકે છે !

જૈન શાસ્ત્રોમાં જેમ પાણી ગાળીને વાપરવાનું વિધાન છે, તેમ જૈનેતરોના ઘણા ગ્રંથોમાં પણ પાણી ગાળીને વાપરવાનું વિધાન મળે છે.

પુરાણાદિકમાં કહ્યું છે કે -

त्रैलोक्यमखिलं दत्त्वा, यत्पुण्यं वेदपारगे ।
ततः कोटिगुणं पुण्यं, वस्त्रपूतेन वारिणा ॥

વેદના પારગામી(બ્રાહ્મણ)ને સમગ્ર ત્રણે લોકની પૃથ્વીનું દાન કરવાથી જે પુણ્ય થાય તેનાથી ક્રોડગણું પુણ્ય પાણી ગાળીને વાપરવાથી થાય છે. વળી કહ્યું છે કે -

ग्रामाणां सप्तके दग्धे, यत्पापं जायते किल ।
तत्पापं जायते राजन् ! नीरस्यागलिते घटे ॥



www.jaintatvagyanshala.org

હે રાજન્ ! સાત ગામ બાળી નાંખવાથી જે પાપ થાય છે તે પાપ ૧ ઘડો અળગણ પાણી વાપરવાથી લાગે છે. (અર્જુન રાજાએ અળગણ પાણી વાપરવા સંબંધી પ્રશ્ન વિષ્ણુ ભગવાનને પૂછ્યો ત્યારે આપેલો આ જવાબ છે.)

વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે -

संवत्सरेण यत्पापं, कैवर्तस्येह जायते ।
एकाहेन तदाप्नोति, अपूतजलसंग्रही ॥

માછીમાર નિરંતર માછલાં મારીને ૧ વર્ષમાં જે પાપ કરે તેટલું પાપ અળગણ પાણીનો સંગ્રહ કરનાર એક જ દિવસમાં ઉપાર્જે છે ! સંગ્રહ કરનારને જો આટલું પાપ થતું હોય તો વાપરનારને કેટલું પાપ લાગે તે સહેજે સમજી શકાય તેમ છે. આગળ જતાં કહ્યું છે કે -

यः कुर्यात्सर्वकार्याणि, वस्त्रपूतेन वारिणा ।
स मुनिः स महासाधुः, स योगी स महाव्रती ॥

જે આત્મા હંમેશા પાણી ગાળીને જ બધાં કાર્યો (ઘર બાંધવામાં, સ્નાન કરવામાં કે મંદિર વગેરે બાંધવાના કાર્યોમાં) કરે છે તે મુનિ છે, સાધુ છે, યોગી છે અને મહાવ્રતધારી છે ! વળી કહે છે કે -

म्रियन्ते मिष्टतोयेन, पूतराः क्षारसंभवाः ।
क्षारतोयेन मिष्टा च, न कुर्यात्संकरे ततः ॥

મીઠું પાણી ખારા પાણીમાં નાંખવાથી ખારાપાણીમાં ઉત્પન્ન થયેલા પોરા (બે ઈન્દ્રિય જીવો) મરી જાય છે, તે જ રીતે ખારું પાણી મીઠા પાણીમાં નાંખવાથી મીઠા પાણીના પોરા મરી જાય છે. માટે આ રીતે ખારું-મીઠું પાણી ભેગું ન કરવું. (જૈન ગ્રંથોમાં તો ત્યાં સુધી લખ્યું છે કે-ખારું+મીઠું મીકસ કરવાથી માત્ર પોરા જ નહીં પણ પાણીના જીવોને પણ કિલામણા-ઉપદ્રવણ-મરણ વગેરે થાય છે.) તેથી પાણી ગાળ્યા બાદ ગળણામાં જે જીવો આવ્યા હોય (સંખારો જે પાણીનો હોય) તેને તે જ પાણીમાં પાછા નાંખવા જેથી એ જીવોનું અકાળે મૃત્યુ ન થાય. આટલી સૂક્ષ્મ અહિંસાનું દિગ્દર્શન કરાવનાર સર્વજ્ઞ સિવાય કે સર્વજ્ઞના શાસન સિવાય કોણ સમર્થ છે ? આગળ જતાં જૈન ગ્રંથો તો ત્યાં સુધી કહે છે કે ઠંડા પાણીમાં ગરમ પાણી નાંખવાથી ઠંડા પાણીના જીવો પણ મરી જાય છે. માટે તેમ પણ ન કરવું ! હવે ગળણાની બાબતમાં વાત કરે છે.

સાંખ્યશાસ્ત્રમાં લખ્યું છે કે -

षट्त्रिंशदंगुलायामं, विंशत्यंगुलविस्तृतम् ।
दृढं गलनकं कार्यं, भूयो जीवान् विशोधयेत् ॥

પાણી ગાળવા માટેનું ગળણું છત્રીસ આંગળ લાંબુ, વીસ આંગળ પહોળું, ઘટ્ટ (જાડું) રાખવું અને જીવોની શુદ્ધિ માટે વારંવાર પાણી ગાળવું. (એક વાર ગાળવાથી પાણી બરાબર ગળાતું નથી માટે વારંવાર પાણી ગાળવું તેમ જણાવેલ છે.)

લિંગપુરાણ અને ઉત્તરમીમાંસામાં કહે છે કે -

त्रिंशदंगुलमानं तु, विंशत्यंगुलमायतम् ।
तद्वस्त्रं द्विगुणकृत्य, गालयित्वोदकं पिबेत् ॥ १ ॥
तस्मिन् वस्त्रे स्थितान् जंतून्, स्थापयेज्जलमध्यतः ।
एवं कृत्वा पिबेत्तोयं, स याति परमां गतिम् ॥ २ ॥



www.jaintatvagyanshala.org

ત્રીસ આંગળ લાંબુ, વીસ આંગળ પહોળું વસ્ત્ર લઈ તેને બેવડું (ડબલ) કરી તેનાથી પાણી ગાળીને વાપરવું. તે વસ્ત્રમાં જે જીવો આવે તેને પાછા તે પાણીમાં નાંખવા. આ રીતે જે માનવ વર્તે છે તે ઉત્તમ ગતિને પામે છે.

ઉત્તરમીમાંસામાં એક વાત લખી છે કે -

लूतास्य-तंतुगलिते, ये बिन्दौ संति जन्तवः ।
सूक्ष्मभ्रमरमानास्ते, नैवं मान्ति त्रिविष्टपे ॥

કરોળિયાના મુખમાંથી નીકળેલ લાળના બિંદુમાં જે સૂક્ષ્મ જીવો છે તે પોતાની શરીરને ભમરા જેટલા મોટા બનાવે તો સમગ્ર બ્રહ્માંડમાં (સ્વર્ગ-પાતાળ અને મર્ત્યલોકમાં) ન સમાય !

નાગપુરાણમાં જણાવ્યું છે કે -

कसुम्भकुम्कुमांभोवत्, निचितं सूक्ष्मजंतुभिः ।
तद्दृढेनापि वस्त्रेण, शक्यं शोधयितुं जलम् ॥

કસુંબા અને કેસરના પાણીની જેમ સૂક્ષ્મ જીવજંતુઓથી વ્યાપ્ત-પરિપૂર્ણ પાણી હોય છે. તેથી મજબૂત જાડા વસ્ત્રથી જ એ પાણી શુદ્ધ કરી શકાય છે. પણ સામાન્ય ઝીણાં વસ્ત્રથી કે નાયલોનની જાળી વગેરેથી પાણી શુદ્ધ કરી શકાતું નથી ! (આજકાલ તો નાયલોનની ગળણીઓથી પાણી ગાળવામાં આવે છે, જે તદ્દન અયોગ્ય છે. હમણાં હમણાં તો નાયલોનની તૈયાર કોથળિયો નળ ઉપર બાંધવામાં આવે છે. ચા ગાળવાની જેવી ગળણી વાપરવામાં આવે છે, જેમાં મોટી જાળી હોવાથી જલશુદ્ધિ થઈ શકતી નથી. પાણી ગાળવા માટે તો જાડું માદરપાટ જેવું કે ખાદી જેવું વસ્ત્ર જ યોગ્ય ગણાય.)

મનુસ્મૃતિમાં લખ્યું છે કે -

नासूर्ये हि व्रजेन्मार्गे, दृष्टां भूमिमाक्रमेत् ।
परिपूताभिरद्भिश्च, कार्यं कुर्वीत नित्यशः ॥ १ ॥
दृष्टिपूतं न्यसेत्पादं, वस्त्रपूतं पिबेज्जलम् ।
सत्यपूतं वदेद्वाणीं, मनः पूतं समाचरेत् ॥ २ ॥

સૂર્યોદય પૂર્વે માર્ગમાં ગમન કરવું નહીં. નહીં જોયેલી (અજાણી) ભૂમિમાં ન જવું અને હંમેશાં ગાળેલા પાણીથી જ કાર્ય કરવું.

ભૂમિ ઉપર ચાલતાં દૃષ્ટિથી ભૂમિ જોઈને જ ચાલવું, વસ્ત્રથી ગાળીને જ પાણી પીવું. સત્યવચનયુક્ત વાણી બોલવી તેમજ દરેક કાર્યો મનને પવિત્ર કરીને કરવાં. (મનુને પોતાના ધર્મગુરુ ગણવાવાળા વૈષ્ણવો પણ આજે આ વાત સામે આંખ આડા કાન કરે છે.)

જૈનગ્રંથોમાં લખ્યું છે કે -

सूक्ष्माणि जंतूनि जलाश्रयाणि, जलस्य वर्णाकृतिसंश्रितानि ।
तस्माज्जलं जीवदयानिमित्तं, निग्रन्थशूराः परिवर्जयन्ति ॥

પાણીમાં, પાણીને આશ્રયીને સૂક્ષ્મ ઘણાં જંતુઓ પાણીના રંગ અને આકૃતિવાળા રહેલા છે તેથી જીવદયા માટે નિર્ગંથ (બાહ્ય-અભ્યંતર ગાંઠ-પરિગ્રહ વગરના) શૂરવીર મહાત્માઓ પાણીનો ત્યાગ કરે છે. અર્થાત્ જૈન સાધુ-સાધ્વીજી કાચા (સચિત્ત) પાણીનો ક્યારેય ઉપયોગ કરતા નથી. ઉકાળેલું (Boiled) પાણી જ વાપરે છે અને તે પણ પ્રમાણાપેત (અલ્પ) જ વાપરે છે. વળી અચિત્ત (જીવરહિત) પાણી પણ ગાળ્યા સિવાય વાપરતા નથી.



www.jaintatvagyanshala.org

આદિત્યપુરાણમાં કહ્યું છે કે -

अहिंसा तु परो धर्म; सर्वेषां प्राणिनां यतः ।
तस्मात्सर्वप्रयत्नेन, वस्त्रपूतेन कारयेत् ॥

જે કારણે દરેક પ્રાણીઓનો ઉત્કૃષ્ટ ધર્મ અહિંસા છે, તેથી સર્વ પ્રયત્નપૂર્વક વસ્ત્રથી ગાળીને જ પાણી વાપરવું જોઈએ. (સ્નાનના સંબંધમાં આ વાત ચાલતી હોવાથી એમ કહે છે કે અહિંસા ધર્મના પાલન માટે ગાળેલા પાણીથી જ સ્નાન કરવું જોઈએ.) આનાથી એ નક્કી થાય છે કે - કૂવા, તળાવ, નદી, સરોવર, સ્વીમીંગ બાથ વગેરેમાં પડીને તો સ્નાન ન જ કરાય ! ગંગામાં સ્નાન કરવાથી પવિત્ર થવાની માન્યતા ધરાવનાર જરા વિચારી લે...કે...એ રીતે કરવાથી પાપ ધોવાય છે કે પાપથી ભારે થવાય છે.

અગિયારપુરાણમાં અર્જુનને ઉદ્દેશીને કહેવાયેલો શ્લોક -

पीडयंते जंतवो येन, जलमध्यव्यवस्थिताः ।
स्नानेनानेन किं पार्थ ! पुण्यं पापं समाचरेत् ?॥

પાણીમાં પડીને સ્નાન કરવાથી પાણીમાં રહેલા જીવો પીડાય છે, મરી જાય છે. એવા સ્નાનથી હે અર્જુન ! શું પુણ્ય થાય ? અર્થાત્ પુણ્યને બદલે પાપ થાય છે.

સ્કન્દપુરાણમાં કહ્યું છે કે-

मृदो भारसहस्रेण, जलकुम्भशतेन च ।
न शुद्धयन्ति दुराचारः, स्नातास्तीर्थशतैरपि ॥

હજાર ભાર માટીથી કે પાણીના સેંકડો ઘડાથી અથવા સેંકડો તીર્થોમાં સ્નાન કરવાથી પણ દુરાચારી માણસો શુદ્ધ થતા નથી. કારણ કે -

न शरीरमलत्यागान्नरो भवति निर्मलः ।
मानसे तु मले त्यक्ते, भवत्यंतः स निर्मलः ॥

શરીર ઉપરના મેલનો ત્યાગ કરવાથી માણસ નિર્મલ થતો નથી. મનના મેલનો ત્યાગ કરવાથી અંતરથી નિર્મલ થાય છે. અને માનસિક મેલને દૂર કરવા માટે ભાવના એ શ્રેષ્ઠ સાધન છે. માત્ર પાણીથી જ જો શુદ્ધિ થતી હોય તો પાણીમાં રહેલા 'જલોકા' જીવોની શુદ્ધિ થઈ જવી જોઈએ, પણ એમની શુદ્ધિ થતી નથી. કહ્યું છે કે -

जायन्ते च म्रियन्ते च, जलेष्वेव जलौकसः ।
न च गच्छन्ति ते स्वर्ग-मविशुद्धमनोमलाः ॥

પાણીમાં જલોકા નામના બેઈન્દ્રિય જીવો હોય છે જે પાણીમાં જ જન્મે છે અને મરે છે. પરંતુ માનસિક મેલવાળા તે સ્વર્ગમાં જતા નથી. વળી કહે છે કે -

नक्तं दिनं निमज्जन्तं, कैवर्त्ताः किमु पावनाः ।
शतशोऽपि तथा स्नाता, न शुद्धा भावदूषिताः ॥

માછીમાર લોકો રાતદિવસ પાણીમાં જ પડ્યા રહે છે, તેથી શું તેઓ પવિત્ર બની જાય છે ? ભાવથી દૂષિત હોવાના કારણે સેંકડોવાર સ્નાન કરવા છતાં તેઓ પવિત્ર થતા નથી. આગળ જતાં વધુ એક દૃષ્ટાંત આપે છે કે -

मृत्तिकोदकसंपर्काद्यदि शुद्धचन्ति जन्तवः ।
कुलालः सकुटुम्बोऽपि, तर्हि स्वर्गं गमिष्यति ॥

માટી-પાણીના સંબંધ-સંપર્કથી જો પ્રાણીની શુદ્ધિ થતી હોય તો કુટુંબ સહિત કુંભાર સ્વર્ગમાં જ ચાલ્યાં જાય...પણ એવું બનતું નથી. આવાં આવાં ઘણાં દૃષ્ટાંતો આપ્યાં છે. ભાગવતમાં, સ્કંદપુરાણમાં, પદ્મપુરાણમાં ઘણા ઘણા શ્લોકો આ અંગે મૂક્યા છે. છેલ્લે

અગિયાર પુરાણના બે શ્લોકો વાંચી લો....

कूपेष्वेवाधमं स्नानं, नद्यां चैव तु मध्यमं ।
वाप्यां च वर्जयेत्स्नानं, तडागे नैव कारयेत् ॥
गृहे चैवोत्तमं स्नानं, वस्त्रपूतेन वारिणा ।
तस्मात्त्वं पांडवश्रेष्ठ ! गृहस्नानं समाचर !॥

કૂવામાં સ્નાન કરવું તે અધમસ્નાન છે, નદીમાં સ્નાન કરવું તે મધ્યમ છે, વાવડીમાં સ્નાન વર્જ્ય છે, તળાવમાં સર્વથા સ્નાન ન કરવું. માટે હે પાંડવશ્રેષ્ઠ ! ઘરમાં જ વસ્ત્રથી ગાળેલા પાણીથી સ્નાન કરવું શ્રેષ્ઠ છે તો તું ગૃહસ્નાન કર !

કેપ્ટન સ્કોર્સ બી.એ સૂક્ષ્મદર્શકયંત્ર દ્વારા એક પાણીના બિંદુમાં ૩૬૪૫૦ જીવો જોયા, જે હાલતા ચાલતા હતા. આ વાત સિંધ પદાર્થવિજ્ઞાન નામના, અલ્હાબાદ ગવર્નમેન્ટ પ્રેસમાં છપાયેલા પુસ્તકમાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે. જો કે જૈનશાસ્ત્ર પ્રમાણે તો એ જીવો ત્રસ છે જે પાણીના પોતાના (અપકાયના) નહીં પણ બીજા હરતા ફરતા છે. જૈનોના મતે તો પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સદ્ઉપદેશથી પરમાર્હત્ કુમારપાળ મહારાજા પોતાના ૧૮ લાખ ઘોડાને, ૧૧ હજાર હાથીને, ૮૦ હજાર ગાયોને, ૫૦ હજાર ઊંટોને ગાળીને જ પાણી આપતા હતા !!

આ બધી વાતો જાણીને વાચકો પણ અળગણ પાણીના પાપથી-હિંસાથી અટકે અને અન્યને સાચી સમજ આપી અટકાવે એ જ મંગલ કામના.

**તો તો મારો દિવસ પ્રમાદમાં ગયો કહેવાય ભાઈ :**

૨૦૫૪ના માગસર સુદ ૪ના દિવસે પૂજ્યશ્રીએ મહિનાની અવધિવાળો નિયમ લીધો કે જો રોજ ૧૦૦૦ સ્વાધ્યાય ન થાય તો બીજા દિવસે 'ઘી' બંધ.

આખી સાધુ સંસ્થાના શિરોમણી પૂજ્યશ્રીએ આવો નિયમ કર્યો હોવાના કારણે, ઘણા મહાત્માઓએ કહ્યું કે સાહેબજી ! આવો નિયમ ન લ્યો તો વધુ સારું કારણ કે શાસનના કાર્યો કરવાની સાથે ૧૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કરવાની થોડી તકલીફ પડશે. પરંતુ પછી પૂજ્યશ્રીએ જે જવાબ આપ્યો છે તે આજના સાધુની આંખ ઉઘાડી દે તેવો છે. આ રહ્યો તેમનો જવાબ....

તેમણે કહ્યું કે જો દિવસમાં ૧૦૦૦ સ્વાધ્યાય ન કરી શકું તો એ દિવસ મારો વાંઝીયો છે. ભાઈ, તો તો એ દિવસ મારો પ્રમાદમાં ગયો કહેવાય.

મુનિ ઉદયરત્નવિજય

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# સમતા

●

સા. મુક્તિરસાશ્રીજી

## સમતાનો મર્મ

यदिन्द्रियार्थैः सकलैः सुखं स्यान्नरेन्द्रचक्रि त्रिदशाधिपानाम् ।
तद् बिन्दवत्येव पुरो हि साम्यसुधाम्बुधेस्तेन तमाद्रियस्व ॥

"રાજા ચક્રવર્તી અને દેવોના સ્વામી ઈંદ્રોને સર્વે ઈંદ્રિયોના અર્થોથી જે સુખ થાય છે. તે સમતાના સુખ સમુદ્ર પાસે ખરેખર એક બિંદુ તુલ્ય છે. માટે તું સમતાના સુખને આદર."

અધ્યાત્મજ્ઞાનનું સૌથી પ્રથમ બીજ સમતા છે.

ઘટાદાર આંબાનું વૃક્ષ હોય, શીતલ છાયા આપતું હોય, સાથે સુંદર ફળો આપતું હોય, વૃક્ષની નીચે બેસનારા આનંદની અનુભૂતિ વર્ણવી શકતા હોય પરંતુ જો તેની નીચેનું મૂળ બરાબર ન હોય તો એ વૃક્ષની સલામતી રહી શકતી નથી. તેવી જ રીતે જ્ઞાની આત્માઓએ પૂર્વભવમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરેલો હોય તો આ ભવમાં જ્ઞાન સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે; પરંતુ અધ્યાત્મરૂપી જ્ઞાન જેના હૈયામાં પ્રગટ થયું નથી ત્યાં સુધી સમતાના પગથારે પગથિયાં માંડી શકાતાં નથી. ગમે તેવા સંયોગોમાં મનને એક સરખું રાખવું. ગમે તેવા પ્રસંગો આવે તો પણ મનમાં ચંચળતા-અસ્થિરતાને ધારણ ન કરવી તેનું નામ જ સમતા.

## સુખની શોધ :

જગતના દરેક જીવો સુખની શોધ કરવા માટે ચારે તરફ ફાંફાં માર્યા કરે છે. પોતાને સુખ ક્યાં પ્રાપ્ત થાય એ જ અપેક્ષા લઈને જીવન જીવતા હોય છે. પરંતુ સાચું સુખ આપણી પોતાની પાસે છે. મોહમાં અંધ બનેલા આપણે જાણી શકતા નથી. કારણ પૌદ્ગલિક સુખોમાં જ જીવો રાચ્યા માચ્યા રહે છે. તેના અનુભવથી જ જાણે નવીન વાસ્તવિક સુખો પ્રાપ્ત કરવા માટે ઉદ્યમવંત બનતા રહે છે. પણ એ સુખો આજ સુધી ઘણા સ્વાનુભવથી મેળવ્યા. આ સર્વ સુખો એકત્ર કરીને કરોડો વર્ષ સુધી અનુભવ્યાં હોય તો પણ સમતાથી જે સુખ આપણને પ્રાપ્ત થાય છે તેની સાથે તેની તુલના કરી શકાતી નથી. પૌદ્ગલિક સુખો સાગર પાસે તો એક બિંદુ તુલ્ય જ છે. દેવેન્દ્રને પણ આ સમતાનું સુખ પ્રાપ્ત કરવાની ગમે તેટલી ઝંખના હોય, તમન્ના હોય છતાં પણ તેઓ મેળવી શકતા નથી. ફક્ત એક જ મનુષ્યભવમાં જ આવું મહાન સુખ આપણા યત્ન-પ્રયત્ન-પુરુષાર્થથી સાધ્ય બને છે. તે મેળવવા માટે કોઈની બાહ્ય સહાય લેવાની આવશ્યકતા રહેતી નથી.

"સુંદર સોહામણા દેખાતા ભૌતિક સુખો ભીતરથી બિહામણાં છે."

પૌદ્ગલિક સુખો ભોગવતી વખતે આનંદ અને ભીતરમાં શારીરિક માનસિક ઉપાધિઓને લાવનાર નિમિત્ત બને છે. પરંતુ સમતાજન્ય સુખ સર્વ પ્રકારની અગવડોથી મુક્ત છે. માટે જ આવા સમતા સુખને આદરણીય ગણવું.

## સમતા સુખની પ્રાપ્તિ

સમતા સુખને મેળવવા માટે મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ ચાર ભાવનાઓને આત્મસાત્ કરવી પડે છે. જ્યાં સુધી આ ભાવનાઓ આવે નહિ ત્યાં સુધી સમતા સુખના સાગરમાં સ્નાન કરી શકાતું નથી. સમતાના સાગરમાં ઝંપાપાત કરવા માટે સૌથી પ્રથમ મૈત્રીભાવના, સર્વ પ્રાણીઓ ઉપર હિત કરવાની બુદ્ધિ, મનુષ્યથી



www.jaintatvagyanshala.org

માંડીને એકેન્દ્રિય સુધીના સર્વ જીવોને પોતાના જેવા જ સમજીને તેઓનું હિત ચિંતવન કરવું એટલે તેમની દુ:ખની નિવૃત્તિ કેવી રીતે થાય તેનું ધ્યાન-ચિંતવન કરવું, "સવિ જીવ કરું શાસનરસી"ની ભાવના સતત ભાવવી તે મૈત્રીભાવના. (૨) પ્રમોદભાવના : અન્ય પ્રાણીના જ્ઞાન-સંયમ-ત્યાગ-પરોપકાર સ્વાર્થપરિત્યાગ, નમ્રતા આદિ ગુણોનું બહુમાન કરવું, તેમના ગુણો તરફ પ્રેમ કરવો તે. (૩) કારૂણ્ય : ગુણોનું પક્ષપણું. શારીરિક પીડા પામતા પ્રાણીઓને જોઈને તેમની પીડા દૂર કરવાની ઈચ્છા-ભાવના રહેવી તે. (૪) માધ્યસ્થ ભાવના : રાગ અને દ્વેષની સમતોલ અવસ્થામાં રહેવું, પાપી અને પુદ્ગલ પ્રત્યે રાગ-દ્વેષનો અભાવ સમભાવ રાખવો તેનું નામ માધ્યસ્થ ભાવના. આ ૪ ભાવનાઓમાં રમતા આત્માને પણ સમતારસનું સુખ સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે.

## સમતા વડે સિદ્ધિ

ભાવના વિના વિદ્વાન માણસના મનમાં પણ સમતારસ જાગતો નથી. જામતો નથી. અરિહંત બનવાની ભાવના સતત ભાવતાં ભાવતાં પણ અરિહંત થઈ જવાનું હોય તો સમતારસના અમૃતનું પાન કરવાની ભાવના ભાવતાં પણ આપણા હૃદયમાં સમતા આવી શકે છે. પણ તેની તીવ્ર ઝંખના જોઈએ.

ગમે તેટલી આરાધના-સાધના તપ-ત્યાગ કરીએ, જ્ઞાન ભણીએ પણ તેમાં જો સમતાભાવ ન હોય તો તે સાધના, તપ, વગેરે ફળીભૂત બની શકતાં નથી.

મહાવીરસ્વામી પરમાત્મા ઉપર આવા ઘોર-ભયંકર-ઉપસર્ગોની વણઝારો આવી છતાં પણ તેમણે સમતાભાવ રાખ્યો. અને સમતાના જોરે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને તીર્થંકર પદની પ્રાપ્તિ કરી. અવંતીસુકુમાર, સુકોશલ-મુનિ, અમરકુમાર, ગજસુકુમાર, ધર્મરુચિ અણગાર આવા આવા અનેક મહાન પુરુષો થઈ ગયા; જેમનાં નામ આજે પણ પ્રભાતે ઉઠતાં લઈએ છીએ. શા માટે ? અનેક પ્રકારના કષ્ટો-ઉપસર્ગો આવ્યા; છતાં પણ સમતાનાં સરોવરમાં મહાલતા આવેલા પરિષહને હસતે-મુખડે સહેતાં સહેતાં કર્મો ખપાવ્યાં અને મોક્ષ ગતિને સાધી. આની પાછળ પણ "સમતાભાવ" કારણભૂત છે.

"સમતા વિણ જે અનુસરે પ્રાણી પુણ્યનાં કામ
છાર ઉપર તે લીંપણું ઝાંખર ચિત્રામ"...ધન ધન તે દિન માહરો.

સદ્ભાવના હોય - શુદ્ધ આશય તીવ્ર જ્ઞાનથી વધેલો હોય વિવેકરૂપી અમૃતનો આશ્રય કરે તો તેને સમતાના સુખની પ્રાપ્તિ દૂર નથી. જે પ્રાણીનો આશય ખાસ કરીને જ્ઞાનરક્ત, જ્ઞાનમય થયેલો હોય, જ્ઞાને કરીને અંદરના સૂક્ષ્મભાવોને ઓળખવા જેટલી જેનામાં ચતુરાઈ આવી ગઈ હોય સાથે સાથે વિવેકરૂપી અમૃતનો આશ્રય કરે તો તેને અસાધારણ-લોકોત્તર એવું સમતા સુખના ફળને આપનારી એવી સમતાની વેલડી તેનાથી દૂર થઈ શકતી નથી. શત્રુનો નાશ કરવા માટે અને તેના ઉપર વિજય મેળવવા માટે દ્વેષ અથવા ક્રોધ અને માન મુખ્ય ભાગ ભજવે છે. પરંતુ વીર પરમાત્માનું મનનું રાજ્ય એવું વિશાળ હતું કે તેમણે કષાય ન કરતાં સમતાથી અંતરંગ શત્રુઓ ઉપર વિજય મેળવ્યો છે. જેઓમાં જે જે ગુણો વિકસેલાં હોય છે. તે ગુણવાનોની સેવા-ભક્તિ કરવાથી પણ આપણામાં તે ગુણ આવ્યા વિના રહેતો નથી.

## પૂજ્યશ્રીની વિશિષ્ટ દૃષ્ટિ

જેમ કોઈ પુણ્યવાન પુરુષ પોતાની ઈચ્છાની તૃપ્તિથી, અનુકૂળ સંયોગોમાં પણ નિશ્ચિંતતાનો અનુભવ કરે છે તેમ સમતાયોગી પુરુષો સર્વ કલેશ-તાપને સમાવી સમાધિમાં રમણ કરે છે. તે વખતે જાગૃત અવસ્થામાં રહીને

મોક્ષ સુખની વાનગીનો જાણે આસ્વાદ માણી રહ્યા હોય તેવો અનુભવ થયા કરે છે. આવા જ સમતાના સાગર શાંતરસને રગેરગમાં જેણે પ્રાપ્ત કર્યો છે. એવા યોગીપુરુષોમાં પણ વિરલ આત્મા આજે આપણી સન્મુખ જોવા મળે છે. સદાનંદમગ્ન એવા ગુરૂદેવનું મુખકમલ સદાય સ્મિતે રમતું જ હોય. સમતા તો એવી કે ગમે તેવી અસહ્ય વેદનામાં પણ તેમના મુખમાંથી "અરે હા, નથી રહેવાતું" - આવો શબ્દ સાંભળવા મળ્યો નથી. કોઈપણ આવીને તેમને પૂછે કે આપની તબિયત કેવી છે ? આપને વેદના વધુ થતી હશે ? તો તેઓ પાસે એક જ જવાબ હોય, "મને સારું છે. મને કંઈ જ વિશેષ તકલીફ થતી નથી."

તેમની સ્વાધ્યાય રમણતા પણ ગજબની. અત્યંત વેદના સમયે પણ તેમના સ્વાધ્યાયમાં તો મન-વચન-કાયાથી એકાગ્ર બની જાય. તેમની ઈરિયાવહિયથી માંડીને પ્રત્યેક ક્રિયા દત્તચિત્તે જ થાય. કંઈપણ નાનામાં નાની ક્રિયા કે આરાધનામાં સંપૂર્ણ મૌન રહેવાનું, કોઈની પણ સાથે ગમે તેમ વાતો કરીને સમય બગાડવો તે તો તેમને જરાપણ ન ગમે. આટલી ૮૪ વર્ષની બુઝર્ગ વયે પણ યુવાન સાધુની જેમ ક્રિયામાં સ્વસ્થતા અને સંપૂર્ણ ઉપયોગ સહિત જાપ, કાર્યોત્સર્ગ, સ્વાધ્યાય, પરમાત્મા દર્શન કરતા જોઈએ ત્યારે આપણા મનનો મયૂર નાચી ઉઠે છે. અનેક પ્રકારની વ્યાધિ અને વેદનાઓ તેમના શરીર ઉપર પ્રાપ્ત થઈ હશે, છતાં પણ વ્યાધિઓની વચ્ચે રહીને પણ જાણે શાંતરસમાં ઝીલતા હોય તેવી તેમની મુખાકૃતિ જોવા મળે છે. આવા મહાન આત્માના ગુણગાન ગાવા એ પણ અમૂલ્ય લહાવો છે. આવા મહાન આત્માના ગુણોના વરસાદના છાંટણામાંથી સામાન્ય પણ છાંટા અમારા જીવનમાં ફેલાય, સમતારસનું પાન કરીએ, સુતેલા આત્માને જાગૃત કરવામાં સદાય આપની કૃપા વરસી રહો એ જ મંગલકામના.

Time, The great instructor.
મહાન શિક્ષક - સમય.

Edmund Burk

Take care of the minutes, for hours will take care of themselves.
મિનિટોની ચિંતા કરો; કેમકે કલાકો પોતાની ચિંતા સ્વયં કરશે.

Chesterfield

# જિનશાસનના જ્યોતિર્ધર

●

## સા. કૈવલ્યપ્રજ્ઞાશ્રી

પરમાત્મા મહાવીર દેવના નિર્વાણ બાદ આજ સુધી પ્રતાપી આચાર્ય ભગવંતોએ જ જિનશાસનને જયવંતુ રાખ્યાની હકીકતો ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાયેલી જોવા મળે છે. એવા અનેક સાધકો, સંતો, સતીઓ આ શાસનમાં થઈ ગયા, જેઓ શાસનની સંસ્કારિતાનું ગૌરવ વધારતા જ રહ્યા, સૈકે સૈકે આવા ધર્મશૂર અને કર્મશૂર પ્રભાવક રત્નો પાકતા જ રહ્યા અને શાસન શોભાવતા રહ્યા એ જિનશાસનનું ગગનાંગણ અનેકવિધ તેજસ્વી તારલાઓના અસ્તિત્વથી હંમેશાં ચમકતું અને ઝળહળતું રહ્યું છે. તેવા તારલાઓમાં એક તેજસ્વી તારલારૂપે સુધર્માસ્વામિની ૭૭મી પાટને દિપાવી રહેલા ગુરુ સુરેન્દ્રના ઉજ્જ્વલ વારસાનું સાચું જતન કરનાર વર્તમાનકાલિન શાસનશિરતાજ, શાસનશિરોમણી આચાર્ય ભગવંત એટલે ગચ્છાધિપતિ રામસૂરીશ્વરજી મહારાજા.....

રમણભાઈના જન્મકાળથી માંડીને જોઈએ તો ખ્યાલ આવે કે રમણભાઈ પૂર્વભવથી જ જાણે વૈરાગ્ય દઢ કરીને આવ્યા ન હોય ! એવું રમણભાઈના વૈરાગ્ય પામવાના નાનકડા નિમિત્તથી જણાય છે.

### પરિવર્તન યોગ

"ચકોરને ટકોર બસ" આ કહેવત રમણભાઈના જીવનમાં એક પરિવર્તન યોગ લાવનારી બની. શિશુવયમાં એક વખત ઉત્તરાયણના દિવસોમાં ઉપાશ્રયની અગાશીમાં પતંગ લેવા ગયા અને યોગાનુયોગ ત્યારે રમણભાઈનાં સંસારી માસી પૂ. ચંપાશ્રીજી મ.સા. ત્યાં બિરાજમાન હતાં. તેઓશ્રીએ ચકોર એવા રમણને કહ્યું, "તારે પતંગ જોઈએ છે તો એક ગાથા કરીને લઈ જા." આમ પતંગના રંગે રંગાયેલા રમણભાઈ પતંગની બદલીમાં ગાથાઓ કરવા લાગ્યા. આવા નાનકડા નિમિત્તને પામી વૈરાગ્યમાં આગળ વધ્યા.

એમના જીવનમાં આચારની દઢતા એવી પ્રબળ કોટિની હતી કે જેના કારણે બાલ્યવયનું નાનકડું બીજ ફુલીફાલીને વટવૃક્ષ બન્યું છે જે આજે આપણે પ્રત્યક્ષ ફળશ્રુતિ રૂપે નિહાળી રહ્યા છીએ. પરંતુ જ્યાં સુધી આપણા જીવનમાં પૂજ્યશ્રીના ગુણોનું યત્ કિંચિત્ ભાન ન થાય ત્યાં સુધી માત્ર ગુણોનું યશોગાન કરી લેવાથી શું ? પૂજ્યશ્રીના ગુણોનું સાંગોપાંગ દર્શન કરવા આપણી પાસે તાત્ત્વિક દષ્ટિ જોઈએ. જ્યાં સામાન્ય અવલોકન કરતાંય ન આવડતું હોય ત્યાં અમારા જેવા મંદબુદ્ધિવાળાને તો તેઓશ્રીના જીવનના આચારો માણી શકવાના તો દૂર રહ્યા પણ જાણી શકવા પણ કઠિન છે.

### મહાન ગુણોના સ્વામિ

પૂજ્યશ્રીના સુસંયમી જીવનમાં પ્રજ્ઞાનાં પ્રકર્ષમાં, પુરુષાર્થશીલ, અપ્રમતત્તા, સહિષ્ણુતા, વાત્સલ્ય અને ગુણાનુરાગી આદિ અનેક ગુણોનું દર્શન કરતાં મસ્તક ઝુકી જાય છે. "ज्ञानस्य फलं विरति" પ્રથમરતિનું આ સૂત્ર પૂજ્યશ્રીના જીવનમાં રગેરગમાં વ્યાપેલું દેખાય છે ન્યાય વ્યાકરણ કર્મસાહિત્ય આદિ ગ્રંથોમાં પારંગત થયા છે એટલું જ નહિ પરંતુ વર્તમાનમાં પણ અધ્યાત્મ કલ્પદ્રુમ-પ્રમાણનય જેવા ગહનગ્રન્થો કંઠસ્થ/હૃદયસ્થ કરવા સાથે આત્મસાત્ કર્યા હોવાથી સ્વાધ્યાયની સ્ફૂર્તિ યુવાનીને પણ ટક્કર મારે એવી દેખાય છે. વર્તમાનમાં રાજનગરની તત્ત્વજ્ઞાન પ્રદાન કરતી પાઠશાળાઓ અને જ્ઞાનભંડારો તરફ નિરીક્ષણ કરતાં સહેજે જણાઈ આવે છે કે પૂજ્યશ્રીનું ધ્યેય જ્ઞાનોપાસનામાં કેટલું અપૂર્વ છે.



www.jaintatvagyanshala.org

''प्रमादो हि मृत्यु'' આ સૂત્ર પૂજ્યશ્રીના હૃદયમાં જીવંતપણે અંકિત થયેલું જણાય છે. તેઓશ્રીના કરકમલ ક્યારે પણ પ્રત પુસ્તક વિના જોવા ન મળે. ગૃહસ્થ વર્ગ વંદનાર્થે આવે ત્યારે પણ ધર્મલાભ આપીને સ્વાધ્યાયની મસ્તીમાં ખોવાઈ જાય. ક્યારેક શ્રમણવૃંદ તેમજ શ્રમણીવૃંદને પણ પ્રેરણા કરે કે મુનિજીવનની તો એક એક ક્ષણ પણ કિંમતી છે. એક ક્ષણ પણ પ્રમાદમાં રહેવું એટલે પોતાના હાથે જ પોતાનું ભાવિ દુ:ખમય બનાવવું, આ જ પૂજ્યશ્રીની મૂર્તિમંત અપ્રમતતા ! આવા પ્રત્યેક આચારોમાં પૂજ્યશ્રીને અપ્રમત્તપણે નિહાળવા જેવા છે.

**આચારની અડગતા**

એક વખત અમદાવાદમાં પૂજ્યશ્રીને ઓપરેશન કરાવવાનું હતું ત્યારે ઓપરેશન થિયેટરમાં ગયેલા પૂજ્યશ્રીને ડોક્ટરે કહ્યું કે આ રજોહરણ બહાર મૂકી દો. ત્યારે વીજળીના કરંટ સમાન આ શબ્દો સાંભળતાં પૂજ્યશ્રી ત્યાંથી ઓપરેશન કરાવ્યા વિના જ પાછા ફરી ગયા અને કહ્યું કે રજોહરણ તો સાધુનું પ્રતિક છે; સાધુને પ્રતિપળ જયણા કરવાનું અમોઘ-સાધન છે તો તે કેવી રીતે દૂર મૂકાય ? ત્યારબાદ થોડા દિવસ પછી એ ડોક્ટરે સ્વયં પૂજ્યશ્રીને માંગણી કરી કે આપશ્રીનું ઓપરેશન કરવાનો લાભ મને જ મળવો જોઈએ. ખરેખર વ્યક્તિના સુંદર આચારો સામેવાળાના હૃદયમાં અગમ્ય પ્રીતિ જગાડતા જ હોય છે. કેવી છે પૂજ્યશ્રીના આચારની અડગતા !

ઉત્તમકોટિની સહિષ્ણુતાને પામેલા એવા પૂજ્યશ્રીને અસહ્ય વ્યાધિ અનેકવાર આવી જતો છતાં મનના સ્તર પર અસમાધિની કોઈપણ રેખા વાંચવા ન મળે. સંથારામાં સુતાં સુતાં પણ કંઈક રટણ જાપ વિગેરે ચાલુ જ હોય એવું લાગે ત્યારે પૂછવામાં આવે તો જવાબ મળે કે ''देह दुखं महाफलं'' એ સાધુનો આચાર છે. કારણ કે શરીર આત્માનું સર્વાધિક અહિત કરનાર છે. દશવૈકાલિકના નાનકડા સૂત્ર દ્વારા પૂજ્યશ્રીએ પુછનારની સમક્ષ કેવો સુંદર અને સાત્ત્વિક અર્થ રજુ કર્યો તેમજ સાધુ જીવનમાં પ્રાણસ્વરૂપ નિર્દોષ આહારના આગ્રહી હોવા છતાં ક્યારેક બિમારીના કારણે સામાન્યદોષ સેવવો પડે તો દોષ પ્રત્યે ભારોભાર દ્વેષ પૂજ્યશ્રીના વિચાર અને વાણી ઉપરથી જણાઈ આવે. ખરેખર તેઓશ્રીના શરીરમાં રોગ પણ જીવનમાં યોગ રૂપે જ છે.

**હૃદયની વત્સલતા**

वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि આશ્રિતોને માટે અવસરે કોમળ બની સાગર સમ વિશાલ વાત્સલ્ય-સભર હૃદયે ગ્રહણશિક્ષા, ગુરુવિનય, ગુરુસમર્પણ, ઈન્દ્રિયનિગ્રહ, અંતર્મુખતા વિગેરે બાબતો ઉપર આગમમાં રહેલી સચોટ વાતોની પ્રેરણાઓ અને પ્રોત્સાહન આપતા જ રહે. ગમે તેવા દોષિતને પણ વાત્સલ્યભાવપૂર્વક હિતશિક્ષા આપીને દોષની શુદ્ધિ કરવાની કળા દ્વારા પૂજ્યશ્રીએ અનેક આત્માઓના અંત:કરણ શુદ્ધ કર્યાં છે.

આ બધા જ ગુણોને ખેંચી લાવે તેવો ગુણ છે ગુણાનુરાગીપણું. જ્યાં કોઈનો પણ નાનો સરખો ગુણ દેખાય ત્યાં પૂજ્યશ્રી ઝુકી જાય. જ્યારે કોઈપણ શ્રમણવૃંદ તેમજ શ્રમણીવૃંદ તપનું પચ્ચક્ખાણ લેવા જાય ત્યારે સાહેબજી કહે તમે બધા તપસ્વી છો, પરિષહો સહન કરનારા છો, એવો ગુણાનુરાગ પૂજ્યશ્રીમાં જોવા મળે છે. જેમ આકાશમાં તારાઓ ગણવાનું કામ અતિ દુષ્કર છે તેમ ગુણીજનોના ગુણોનું વર્ણન કરવાનું કામ મુશ્કેલભર્યું છે. આ તો બધી બાહ્યાચારોની વાતો કરી પરંતુ પૂજ્યશ્રીની આંતર પરિણતિ કેટલી નિર્મળ છે તે તો પૂજ્યશ્રીના નિકટ પરિચયમાં આવનાર અને તેઓશ્રીની વિચારધારાઓ જાણનારને ખબર પડે. આવો ગુણખજાનો અમારા જેવા પામરોના હૃદયમાં પ્રતિષ્ઠિત થાય એ અભ્યર્થના સહ જિનશાસનની જ્યોતને અણનમ બનાવી રાખવામાં સફળતાને વરેલા, સૂરિપદના ૫૦મા વર્ષમાં પ્રવેશ કરતા પૂજ્યશ્રીને શાસનદેવ નિરામય દીર્ઘાયુ બક્ષે એ જ શુભેચ્છા ! ક્રોડો વંદન એ તારકના ચરણોમાં.....

# ભવ સ્વરૂપનું વિજ્ઞાન

●

સા. કાવ્યરત્નાશ્રી

ભવ એટલે ચાર ગતિરૂપ સંસાર. તેનું સ્વરૂપ જન્મ જરા અને વિપત્તિઓવાળું છે. અનાદિના ભવભ્રમણમાં જીવે સુખ માટે ફાંફાં માર્યા છે. પણ તેને સુખનો છાંટોય મળ્યો નથી, માત્ર સુખાભાસ છે. આ સુખાભાસ પાછળ ભવભ્રમણ જ વધવાનું હોય તો સુખાભાસ પાછળ દોડવાથી શું ? અને સુખાભાસને માણવાથી શું ? માટે જ જ્ઞાનીભગવંતોએ ભવનિર્વેદ બતાવ્યો અને તે જ માર્ગ સાચો છે. ભવનિર્વેદ માટે વિષમતાથી ભરેલ સંસારના સ્વરૂપની વિચારણા અગત્યની છે. અધ્યાત્મસારમાં પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મ.એ સંસારને સાગર, વિષતરુ, ગ્રીષ્મઋતુ, કારાગૃહ, અગ્નિ વગેરે સાથે સરખાવ્યો છે.

**સંસાર સાગર : ઉપમાની યથાર્થતા :**

સાગરના છેડાને કે ઉંડાઈને પામી શકાતી નથી. તેમ સંસારની ઉંડાઈ પણ અમાપ છે. સાગરમાં રહેલ વડવાનલ પાણીનું શોષણ કરે છે તેમ સંસારમાં કામમદન પરમ સમતારુપી સુખનું શોષણ કરે છે. સમુદ્રના આવર્તો સામે કાંઠે પહોંચાડવામાં વિઘ્નરૂપ બને છે. તેમ ક્રોધરૂપી આવર્તો જીવને ભવ તીરે પહોંચવા દેતા નથી. મોટી મોટી શીલાઓ દુર્ભેદ્ય છે તેમ પાંચ વિષયોની દઢ આસક્તિ દુર્લંધ્ય છે.

**સંસાર વિષતરુ :**

વિષતરુ મહામુર્છાને ઉત્પન્ન કરે છે, પ્રાણને હરે છે, તેમ ભવરૂપી વિષતરુમાં વિવેકરૂપી ધનનું હરણ થાય છે. વિષતરૂની છાયા આશ્રયીને ઉપકારક નથી તેમ આશા-તૃષ્ણા પણ જીવને વિશ્રામ આપતા નથી. વિલાસો; હાવભાવ શ્રૃંગારની ચેષ્ટા ભવ વિષતરુની પરાગ છે; મોટી વિકૃતિઓ કરનાર છે. વિષતરુના ફલનું આસ્વાદન દુ:ખદાયી છે, તેમ સંસાર વિષતરુના ફલનું આસ્વાદન નરકાદિ વ્યાધિને વિસ્તારે છે.

**સંસાર ગ્રીષ્મઋતુ :**

જેઠ મહિનાનો ધોમધખતો બપોર, તડકો તોખાર ગતિએ તીખા તીરની જેમ આગળ ધપી રહ્યો છે. 'લૂ'ની લ્હાણી માણી રહેલ જનતા 'ત્રાહિમ્' પોકારી રહી છે. લોકો પરસેવે રેબઝેબ બન્યા છે. સંસારમાં ગ્રીષ્મની ભરપૂર મોસમ ચાલી રહેલ છે. કામવિકારરૂપી પરસેવો રાગની આર્દ્રતા વડે કર્મરજની સ્થિતિને વિષમ કરે છે. મનના ઉદ્વેગથી ઉત્પન્ન થયેલ સંતાપને દૂર કરવા કોનું શરણ છે સંસારમાં ? સૂર્ય ઉષ્ણતાનો અનુભવ કરાવે તેમ ક્રોધરૂપી સૂર્ય દુર્ગતિનો હેતુ હોવાથી સ્વ-પર સંતાપકારક છે. સમતારસરૂપી જલાશયનો અભાવ હોવાથી વિષયવિવશી જીવો તૃષ્ણાની અપૂર્તિથી મૃત્યુને શરણ થાય છે.

**સંસાર કારાગૃહ :**

કારાગૃહમાં કેદી બંધન વડે બંધાય છે. સંસારમાં રાગરૂપી સાંકળથી બંધાયેલ જીવને પ્રિયાના સ્નેહનું બંધન છે. દરેક પ્રહરે જુદા જુદા પહેરેગીર કેદીનો સતત પહેરો કરે છે...જેથી કેદી છૂટી શકતો નથી. તેમ પુત્રાદિ પરિવારથી વીંટળાયેલ સંસારથી નીકળવા શક્તિમાન બનતો નથી. કેદી છુટવા જેમ જેમ પ્રયત્ન કરતો જાય તેમ તેમ પરાભવને પ્રાપ્ત કરે છે. ધનની આશાથી બંધાયેલ જીવ નવા નવા પરાભવને મેળવે છે.

પંચસૂત્રમાં. પૂ. ચિરંતનાચાર્યજીએ સંસારને "दुक्खरूवे दुक्खफले दुखानुबंधे" તરીકે દર્શાવેલ છે. સંસાર હેતુ-સ્વરૂપ અને અનુબંધથી દુ:ખમય છે.



www.jaintatvagyanshala.org

તુચ્છ સુખોને આપણે મન મૂકીને માણી રહેલ છીએ; પણ કર્મોનો જ્યારે ઉદય આવ્યો-ભયંકર વ્યાધિમાં સપડાયા-ચારેબાજુથી વિપત્તિના કાળાંડિબાંગ વાદળો ઉભરાઈ આવ્યાં ત્યારે શું ? ત્યારે જો સમ્યગ્જ્ઞાનાદિથી પ્રવૃત્તિ નહીં હોય તો પાછા આર્તધ્યાન કરીને નવા દુઃખો ઉભા કરવાનાં છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી ૭૦૦ વર્ષના ક્ષણિક સુખોને ભોગવતા ૩૩ સાગરોપમની સાતમી નરકમાં ધકેલાઈ ગયા.

પાતંજલ ઋષિએ પણ સંસારના સુખનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે ભોગસુખોના ભોગવટામાં ભોગવતા પહેલાં દુઃખ, ભોગવતી વખતે દુઃખ અને ભોગવ્યા પછી પણ દુઃખ જ છે તો એ દુઃખને સુખ કેમ કહેવાય ? ગાઢ મિથ્યાત્વના ઉદયે જીવ દુઃખને સુખ માની બેઠો છે.

**ભોગવતાં પહેલા દુઃખ :**

ઉનાળાના ગરમ વાતાવરણના દિવસોમાં એક કલાક ફર્યા પછી તૃષાની તૃષ્ણા વધુ તીવ્ર બને છે. એ પીડાને દૂર કરવા માટે પાણીનું સેવન વધુ સુખદાયી લાગે છે. સુખના ભોગવટા પહેલાં દુઃખનો અનુભવ કરવો પડે છે. જેટલું વધુ દુઃમ ચૂકવાયું હશે તેટલો વધુ સુખનો અનુભવ થશે. આમ દુઃખ અનુભવ્યા વગર સુખનો આસ્વાદ થતો નથી. એક કલાક એરકન્ડીશનમાં બેઠા પછી પાણી પીવાની મઝા આવતી નથી. કારણ તૃષાનું દુઃખ ઉભું થયું નથી.

**ભોગવતા સમયે દુઃખ :**

વિષય અને કષાયોના પરિતાપથી જીવ શેકાઈ રહ્યો છે. જીવના આત્મ-પ્રદેશો સતત ઉકળી રહ્યા છે. જેમ કે ચારેબાજુથી બોઈલરની વચ્ચે રહેલ વ્યક્તિ ગરમીનો અનુભવ કરે, એ વખતે મંદપવનની એક લહેર નહિવત્ સુખ આપે. ઘણા દુઃખોની વચ્ચે આંશિક સુખનો અનુભવ થાય તે સુખ નથી સુખાભાસ છે. કરિયાતાના ભરેલા ગ્લાસમાં જરા ખાંડ નાંખવામાં આવે તો ગળપણનો નહીં પણ કડવાશનો જ અનુભવ થાય છે. આવી પરિસ્થિતિ જીવની ભોગ સમયે હોય છે.

**ભોગવ્યા પછી દુઃખ :**

સુખના ભોગવટા પછી ફરી ક્યારે મળશે એની તલપ જીવને બેચેન બનાવે છે. સુખનો ભોગવટો એ અગ્નિમાં ઈંધન સમાન છે. ભોગોથી તૃષ્ણા શમતી નથી. પણ અગ્નિમાં ઈંધનની જેમ વધુ પ્રજ્વલિત બને છે.

પ્રશમરતિ ગ્રંથમાં કહ્યું છે :

''दुखद्विड्सुखलिप्सुमोहान्धत्वाददृष्टगुणदोषः
यां यां करोति चेष्टां तया तया दुःख माघत्ते ॥''

સંસારમાં જીવ જેમ જેમ સુખને મેળવવાનો પ્રયત્ન કરતો જાય છે તેમ તેમ તેના વડે દુઃખ જ પ્રાપ્ત કરાય છે.

સાગર, વિષતરુ, ગ્રીષ્મઋતુ, કારાગૃહ, અગ્નિની ઉપમાવાળા સંસારમાં જો સુખ મેળવવા ઈચ્છા હોય તો તૃષ્ણા ઘટાડ્યા વિના નહીં મળી શકે.

ઈચ્છાના રોધથી સંતોષ પ્રાપ્ત થાય છે જ્યારે તૃષ્ણા વિહ્વળતાને જ આપે છે.

સામગ્રી વધુ તેમ સુખ વધુ નહીં પણ ઈચ્છાનો રોધ તેમ સુખ વધુ. દા.ત. અનુત્તરવાસી દેવો.

આમ જ્ઞાનીભગવંતોએ બતાવ્યું છે તેવું ભવસ્વરૂપનું વિજ્ઞાન જાણવાનું ફળ છે વૈરાગ્યદશા....

જૈન શાસનમાં રાજાના સ્થાને બિરાજમાન પ.પૂ. ગુરૂદેવશ્રી આ ગુણો આપ પૂર્વભવના લઈને જાણે ન આવ્યા હોય તેમ તેર વર્ષની કુમળીવયમાં સંયમજીવન મળ્યું. એ સંસ્કારો આજે વટવૃક્ષ બની રહ્યા છે.

આચાર્યપદવીની અર્ધશતાબ્દિએ આપનો જીવનબાગ સોળે કળાએ ખીલ્યો છે. એની સોડમ આપના શ્રમણ-શ્રમણીવૃંદને મળતી રહો. આપ સ્વાધ્યાય, કાર્યોત્સર્ગ, અનુપ્રેક્ષા, નિદિધ્યાસન આદિમાં સતત અપ્રમત્ત શુદ્ધ સંયમના સ્વામી છો.

આવા શુદ્ધ સંયમના સુકાની ગુરૂદેવ ! આપશ્રી અમારા ઉપર એવા આશિષ વરસાવો કે અમે પણ જિનાજ્ઞામય જીવનમાં સ્થિર બની જલ્દી આત્માનું ઉર્ધ્વારોહણ કરીએ.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

**સ્વાધ્યાય-તપ :**

सज्जाय सज्झाणरयस्स ताइणो, अपाव भावस्स तवेरयस्स ।
विसुऽझइ जं सि मलं पुरे कडं, समीरियं रुप्पमलं व जोइणा ॥

जैसे अग्नि द्वारा तपाए हुए सोने-चांदी का मैल दूर हो जाता है वैसे ही स्वाध्याय, सद्ध्यानमें लीन, षट्काय रक्षक, शुद्ध अन्तकरण एवं तपश्चर्या में रत साधु का पूर्व संचित कर्म-मैल नष्ट हो जाते है ।

દશવૈકાલિક ૮/૬૩



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# સાંપ્રતકાલીન પ્રચંડ પૂણ્યની નીપજ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી રામસૂરીશ્વરજી મહારાજા

●

સા. શ્રી અભયધર્માશ્રીજી

**શાસનની સ્થાપના અને વિસ્તાર :**

શાસનપતિ પરમાત્મા મહાવીર દેવની કેવી અનંત કરૂણા ! કેવલજ્ઞાન થયા પછી પહેલું કાર્ય કર્યું – તીર્થ-સ્થાપનાનું. ઈન્દ્રે ઉપાડેલા રત્નમય થાળમાંથી વાસચૂર્ણ લઈને ઈન્દ્રભૂતિ આદિ મહામુનિઓના મસ્તકે પ્રક્ષેપ કર્યો. તે દ્વારા તે અગિયાર મહા મુનિવરોની ગણધર પદે સ્થાપના કરીને અનંત કલ્યાણકર શાસનને આપણા સુધી અને હજુય આગળ વધીને પાંચમા આરાંના અંત સુધી પહોંચાડવાનો માર્ગ મોકળો કર્યો.

ઉત્તરોત્તર સુયોગ્ય વ્યક્તિઓને શાસનની ધૂરા સોંપીને તથા શાસનના પરમ રહસ્યોનું દાન કરીને, પરમ કલ્યાણકર શાસનને તે ધન્યપુરુષો દ્વારા હજારો વર્ષ સુધી કાર્યરત રાખી, ક્રોડો આત્માઓના ઉદ્ધાર કરતા રહેવાનો તીર્થંકર પરમાત્માનો વિશ્વોદ્ધારનો પરમાર્થ કેવો વ્યૂહાત્મક અને કરુણાસભર છે ! પ્રભુ શાસનની ધૂરા વહન કરનારી પ્રત્યેક વિભૂતિઓની પ્રચંડ પ્રભાવકતાથી પ્રસરતી પરમાત્મ શાસનની દીપ્તિ જાજવલ્યમાન તેજપ્રભા કેવી છે ! અરિહંતના અનંત ઐશ્વર્યની એ બલિહારી છે કે શાસનની ધૂરાને વહન કરનારા ધૂરંધરો સાંપડતા જ રહ્યા છે.

**શાસનના ઈતિહાસમાં ડોકિયું :**

વીરશાસનના વીતેલા અઢી હજારથી પણ વધુ વર્ષોના કાળપટ ઉપરથી પસાર થયેલા સૂરિવરોના અને મુનિવરોના પવિત્રતમ નામાંકન અને ઉચ્ચતમ ચારિત્ર લેખનથી જૈન ઈતિહાસનાં પૃષ્ઠો ઉજ્જવલ બન્યાં છે. તેમના પુનિત પદાર્પણથી અતીતની કેડી સુવાસિત બની છે. તેમના સુવિશુદ્ધ સાધના યજ્ઞથી અર્યાવર્તની ધન્ય ધરા ભાવિત અને પ્રભાવિત બની છે. જ્ઞાન ભંડારની રેશમી પોથીઓ ખોલીને એ પુણ્ય પુરુષોના ચારુ ચરિત્રોના પવિત્ર પાનાઓમાં આંખ, બુદ્ધિ અને હૃદય પરોવું છું ત્યારે પરમાત્મ શાસનની પૂનિત પ્રભાવી છાયાથી સર્વથા આચ્છાદિત થઈ જવાય છે. એ વંદનીય વિભૂતિઓનાં પરમ પૂજનીય પાદપદ્મને ભાવસૃષ્ટિમાં અંકિત કરી હાર્દિક ભાવાંજલી અર્પિત કરું છું. હજુય શાસનભૂષણ વિભૂતિઓની પાવન પરંપરા અવિચ્છિન્નપણે આગળ ધપી રહી છે તે નિરખી હૈયું હર્ષવિભોર બની જાય છે.

**તેજસ્વી આચાર્ય**

પ્રભુશાસનની પાવન પાટ પરંપરામાં ૭૭મી પાટને દિપાવી પ્રભુ શાસનની તેજપ્રભાને વિસ્તારનારા એક તેજસ્વી પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજા. મુક્તિ પ્રાપક એક એક ગુણની સિદ્ધિ માટે અપેક્ષિત છે પ્રચંડ સાધનાનો ભવ્ય પુરુષાર્થ. તે માટે જોઈએ સત્ત્વ, શુદ્ધિ અને ધૈર્ય. ગુણ પ્રીતિ અને ગુણ પ્રશસ્તિ દ્વારા તેમના જીવન સાથે અનુસંધાન સાધીએ તો તે ગરવા ગુણનો પ્રવાહ આપણામાં પણ વહે અને ગુણ સમૃદ્ધિ આપણામાં પણ આવે. જીવનભર પ્રચંડ સાધનાનો મહાયજ્ઞ માંડીને ગુણ સમૃદ્ધિના સ્વામી બનેલા એક મહાન ગુણજ્ઞ એટલે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજા. તેઓશ્રી જ્ઞાનનો અમોઘ ભંડાર છે. ક્રોડો પ્રયત્ન છતાં ક્યારેય ન્યાય ન આપી શકાય તેવું પૂજ્યશ્રીનું ભવ્ય જીવન છે.

પૂજ્યપાદશ્રીના જીવનની એક એક પ્રવૃત્તિ પ્રેરણાનો અમૃતકુંભ છે. તેઓશ્રીના જીવનનો એક એક પ્રસંગ



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પ્રેરણાનો મહા ધોધ છે. તેઓશ્રીનું જીવન સાધક આત્માઓ માટે ઉત્કૃષ્ટ આલંબન છે. ઔદારિક પુદ્ગલોના કાય પિંડમાંથી આ મહાપુરુષે ખરેખર ભારે વિસ્મય ઉપજાવે તેવી ચમત્કૃતિઓ સર્જી છે. ગુણ ગંગામાં નાહતાં નાહતાં વિષય કષાય ધોઈને નિર્મળ થયાનો અદ્દ્ભુત અનુભવ માણ્યો છે.

## આચાર્યપદના તેજસ્વી સૂર્ય

દેવતત્વ પછી નમસ્કાર મહામંત્રના ત્રીજા પદમાં સર્વોચ્ચ શિખરે બિરાજમાન આચાર્ય ભગવંતોનું વિશ્વહિત-ચિંતક શ્રી જૈન શાસનમાં ગરવું સ્થાન છે. સંબોધ પ્રકરણમાં સુવિહિત શિરોમણી આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આચાર્ય ભગવંતોની અરિહંત પરમાત્માઓ સાથે નવ પ્રકારે તુલના કરી છે. સંબોધ સિત્તરીમાં ફરમાવ્યું કે, "तित्थयर समो सूरि सम्मं जो जिणमयं पयासेइं" આ પદના ભાવને જ પ્રગટ ન કરતા હોય તેમ કવિવર પ.પૂ. શ્રી પદ્મવિજયજી ગણિવરે પણ નવપદની પૂજામાં ગાયું છે " શુદ્ધ પરૂપક ગુણ થકી જે જિનવર સમ ભાખ્યા રે. છત્રીશ છત્રીશી ગુણે શોભિત સમયમાં દાખ્યા રે."

પરમ તારક શ્રી અરિહંત પરમાત્મા સૂર્યરૂપ છે, તો આચાર્ય ભગવંત ચંદ્રરૂપ છે. સત્યમાર્ગના જ્ઞાતા, દાતા અને પાલક સુવિહિત આચાર્ય ભગવંતો જ છે.

પરમતારક આચાર્યો ભવ્ય જીવોના આલોક, પરલોકના સુખની અથવા આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ દુ:ખોની ચિંતા ન કરતાં તે ભવ્યાત્માઓના એકાંતે હિતની જ ચિંતા કરે છે કારણ કે ધર્માચાર્યો કદી પણ ભૌતિક સુખના પથદર્શક હોતા નથી; પરંતુ આત્માના આત્મકલ્યાણ અર્થે તેના આત્મહિતના જ ચાહક, વાહક, પ્રેરક અને રાહબર છે.

## પૂજ્યશ્રીની ભવ્યતા :-

પરમતારકના હૃદયમાં વસતી જિનવાણીએ, વદન કમલમાં સ્થિત શ્રુતદેવીએ અને નસેનસમાં વહેતી જિનશાસનની વફાદારી અને ખુમારીએ તેઓશ્રીને શાસનના સાર્વભૌમત્વના શિખરે આરૂઢ કરી દીધા છે. મહા-વિરક્તિ જ્ઞપ્તિને વિરતિરૂપ, ગંગા-યમુના અને સરસ્વતીના સુભગ મિલનરૂપ પૂજ્યશ્રીનું જીવન ભવ્યાત્માઓ માટે પ્રયાગ તીર્થ તુલ્ય બન્યું છે.

આ પુણ્ય પુરુષની આંખોમાં ભલભલાને પગથી પાની સુધી પારખનારી ધારદાર વેધકતા છે. એ જ આંખોમાં માતાના વાત્સલ્યને પણ ભુલાવે તેવું વાત્સલ્ય ને કમનીય કાંતત્વ લોહચુંબકના જેમ આકર્ષી જકડી લે છે.

પૂજ્યશ્રીનો શાસ્ત્ર અને શાસન પ્રત્યેનો પ્રેમ અણનમ છે. પ્રાણના ભોગે પણ જિનાજ્ઞાનું પાલન એ જ તેઓશ્રીનું સ્વપ્ન છે. સાગરના અતુલ ઉંડાણને પણ જીતી જાય એવું જ પુણ્ય પુરુષનું ગાંભીર્ય છે.

પૂજ્યશ્રી તો ક્યારે પણ ઈચ્છતા નહતા કે તેમના વિશે કે તેમનાં કાર્યો વિશે કોઈ બે શબ્દો પ્રશંસાના લખે. પરંતુ ગુણનિધિ ગુરુદેવના ગુણ ગાતાં કોઈનેય ધરપત ન થાય. મહાપુરુષોના જીવનની ભવ્યતા અતિ વિરાટ હોય છે જ્યારે શબ્દની શક્તિ તો ખૂબ પાંગળી છે.

આવો ઠાઠમાઠ, આવો ભવ્યાતિભવ્ય મહોત્સવ અને આવો માનવ મહેરામણ જીવનમાં ક્યારેય દીઠો નથી; ને ભવિષ્યમાં જોવા મળશે કે કેમ ? આપણે સહુ ઈચ્છીએ કે જંગલમાં પણ મહામંગલ કરનારા આ સૂરિવર શત શત વર્ષાયુ જીવો અને તેઓશ્રીના અર્ધશતાબ્દિ સૂરિપદાર્પણ પૂર્તિની શતાબ્દિ ઉજવવા સકળ શ્રી સંઘ ભાગ્યવંતો બનો !



www.jaintatvagyanshala.org

# सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः

•

સા. મોક્ષધર્માશ્રીજી

જ્ઞાન-દર્શન-ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે.
લુંટિયા તેણે જગ દેખતા, કિહાં કરે લોક પોકાર રે.

**જૈન સંસ્કૃતિની વિશિષ્ટતા**

આજે ભારતની સંસ્કૃતિમાં વિકૃતિ પેદા થઈ રહી છે ત્યારે જૈન સંસ્કૃતિ વિશ્વદુલારી છે ! તેનું કારણ ? રત્નત્રયિની અજોડ સાધના, જે અજોડ જિનશાસનનો આધારસ્તંભ છે.

આત્માનો મૂળભૂત ગુણ સમ્યગ્દર્શન પાયાનો ગુણ છે. મિથ્યાત્વ મોહનીયના પ્રભાવે અનાદિકાળથી ચોર્યાશીના ચક્કરમાં પરિભ્રમણ કરતા જીવોનો કાળ પરિપક્વ થવાથી સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરી ઉત્તરોત્તર સમ્યગ્ જ્ઞાન અને ચારિત્રના યોગે અષ્ટ કર્મ નષ્ટ કરી સિદ્ધશીલાના શિખરો સર કરે, મુક્તિ મંઝિલમાં મ્હાલે અને અનંત અવ્યાબાધ સુખના ભોક્તા બને છે.

મિથ્યા સંસ્કારોને મારી હટાવવાનો રામબાણ ઉપાય સમ્યગ્ જ્ઞાન છે. તેથી તેના અભ્યાસ ગળથૂથીમાંથી જ બાળકોને આપવો જોઈએ. એવા વાતાવરણમાં ઉછેર કરવો જોઈએ કે જેથી બાળ જીવનમાં રત્નત્રયીના સંસ્કારો સ્થિર બને અને તે ઉન્નતિના શિખરો સર કરી શકે.

આજે જ્યાં નજર કરો, ત્યાં 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' જેમ ખાવા-પીવા-પહેરવા-નાચવા-કુદવા વિગેરે મનફાવે તેમ ફેશન સમજી ભોગવિલાસના માર્ગે આંધળી દોટનો વિશ્વમાં પ્રચાર અને પ્રસાર થઈ રહ્યો છે. માટે જ પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રીએ કહ્યું છે. "ચેતન જ્ઞાન અજુવાળીએ." સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ જીવનના દુષણો ટાળે; મોહાદિ શત્રુઓને મારે.

સમ્યગ્ દર્શન અને ચારિત્રને મેળવવા સમ્યગ્ જ્ઞાન મુખ્ય છે. જ્ઞાનના રસીઆઓ વિષમકાળમાં પણ વસ્તુનું યથાયોગ્ય સ્પષ્ટ દર્શન કરી અધ્યાત્મવાદના પવિત્રપંથે પ્રયાણ કરે છે. ધર્મના મર્મને સમજી અધ્યાત્મની અદ્દ્ભુત મસ્તીમાં લીન બને છે.

**જ્ઞાન અને વાણીનો સંબંધ :**

જ્ઞાનાવરણીય કર્મ વાણી સાથે પણ ઘણો સંબંધ ધરાવે છે. શાસ્ત્રમાં વાણી ૩ પ્રકારે બતાવી છે. (૧) દડા જેવી, (૨) કાદવ જેવી, (૩) ખીલા જેવી.

૧. પહેલી વાણી બોલતાંની સાથે જ દડાની જેમ ટકરાઈને પાછી પડે. તથ્ય (સાર) વિનાની અને પ્રભાવ વગરની વાણી પાછી આવતી હોય છે.

૨. બીજી વાણી કાદવ જેવી (માટી જેવી) છે. માટીનો પિંડ દીવાલ ઉપર ફેંકો તો તે ચોંટી જાય છે. પણ થોડા સમય પછી સુકાય એટલે તેની મેળે ખરી પડે છે. તેમ આ વાણી જ્યાં લક્ષ્ય કરી પ્રયુકત કરી હોય ત્યાં ચોંટી જતી હોય છે. પણ થોડા સમય પછી પ્રભાવ પૂર્ણ થવા લાગે છે. તેથી આવી વાણી શરૂમાં પ્રભાવક; પછી કાળે કરી નિસ્તેજ બની પૂર્ણવિરામ પામે છે.



www.jaintatvagyanshala.org

૩. ત્રીજી વાણી ખીલા જેવી હોય છે. તે લક્ષ્ય સાથે એવી મજબુત જડાઈ જાય છે કે કાળે કરીને પણ નિસ્તેજ બનતી નથી. અત્યંત શક્તિશાળી વાણીને સમાપ્ત કરવા માટે અતિ મહેનત કરવી પડતી હોય છે. આપણા દિલ દિમાગમાં ચોતરફથી એવા દઢ યુક્તિ સંગત પવિત્ર કલ્યાણકારી વિચારો આવે કે બીજાના વિચારો દ્વારા ખંડિત ન થઈ શકે. વાણી એક જાદુ છે.

**જ્ઞાન થકી સિદ્ધિ :**

જો વાણીની સાધના કરીને સિદ્ધિ મેળવવી હોય તો વ્યક્તિનું વ્યક્તિત્વ જાણવામાં તેની વાણી મુખ્ય આધાર બને છે. વાણી એ જ્ઞાન છે. જ્ઞાની તથા અજ્ઞાની બન્ને મોહના શિકાર થતા હોય છે. પણ જ્ઞાની ઉપર તેની કાલિક અસર થતી હોય છે. જ્યારે અજ્ઞાની તો મોહને જ જીવન માની જીવતો હોય છે. મોહ વિનાનું જીવન તેને મૃત્યુથી પણ વધુ દુ:ખદાયી લાગતું હોય છે. અજ્ઞાનીનો મોહ ઉતરવો ઘણો કઠીન છે. જ્યારે જ્ઞાનીનો મોહ થોડા નિમિત્તથી ઉતરી જતો હોય છે.

**સમ્યગ્ ચારિત્ર :** સારી રીતે ચાર અરિથી જ્યાં રક્ષણ થાય છે તેનું નામ છે ચારિત્ર. સંસારના તમામ સંબંધો તોડી નાખી સ્વેચ્છાએ સંપૂર્ણ ત્યજી દેવું અને પરમ પુરુષ પરમાત્માની આજ્ઞાનું અક્ષરશ: પાલન કરવું; ગુરુ આજ્ઞાને સંપૂર્ણપણે સમર્પિત રહેવું; પાંચ મહાવ્રતોનું મરણાન્ત કષ્ટે પણ ત્રિવિધે જતન કરવું જેથી ભવની પરંપરા તોડી સિદ્ધિના શિખરે પહોંચી શકાય.

## નમોનમ: ગુરૂ રામસૂરયે

अवद्यमुक्ते पथि य: प्रवर्तते, प्रवर्तयत्यन्यजनं च निस्पृह; ।
स एव सेव्य स्वहितैषिणागुरु: स्वयं तरंस्तारयितुं क्षम:परम् ॥

આ ભવરૂપી સમુદ્રમાં ડુબતા ભવ્યજીવોને જહાજરૂપ અને વિષમ કાળમાં કલિયુગે કલ્પવૃક્ષ સમાન પ.પૂ. પ્રૌઢસંયમી અને જ્ઞાન રમણીય તથા આ જૈફ વયે પણ જ્યારે જુઓ ત્યારે સતત જ્ઞાનરમણતામાં લીન જણાય એવા વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી.વિ. રામસૂરીશ્વરજી મહારાજના ચરણમાં મારી શત શત વંદના...!

સાગરની ગંભીરતાના વખાણ ખાબોચિયું કરી શકતું નથી; તેમ આ મહાપુરુષની પ્રશંસા આપણે કરી શકીએ તેમ નથી. અરે ! મહાન પુરુષોના ગુણગાન ગાવાની આવશ્યકતા રહેતી જ નથી. કારણ તેઓશ્રીની પ્રત્યેક ક્રિયા, પ્રત્યેક મુદ્રા અને મુખદર્શન જ વિશિષ્ટ ગુણોનું દર્શન કરાવતાં હોય છે.

ઝરણામાં વહેતું નિર્મળ પાણી જેમ પુદ્‌ગલના મેલને સાફ કરે છે તેમ પૂજ્યશ્રીની પ્રત્યક્ષ કે પરોક્ષ વાણીરૂપ ઝરણાનું વહેણ ભવ્યાત્માના અંતરમેલને સાફ કરે છે.

સંસારમાં અલ્પકાળ ટકનાર નાશવંત તેવી વિદ્યાનું દાન કરનારનો પણ બદલો કોઈ રીતે વાળી શકાય તેમ નથી. તો પછી આપ તો કોઈકાળે નાશ પામે નહિ તેવા અખંડ સુખથી નિત્ય તૃપ્ત કરનાર સદ્‌વિદ્યાના દાતા છે. તેનો બદલો એક તુચ્છ પ્રાણી વાળવા ઈચ્છે તો આકાશ-કુસુમની જેમ મિથ્યા પ્રયત્ન છે. તેથી સદા સર્વદા અમને આપના ભવતારણ ચરણના શરણે રહેવા દઈ ઉદ્ધાર કરો એ જ પ્રાર્થના.

પ્રભુ વીરના શાસનમાં સૂરિપદની ધૂરાને અર્ધ શતાબ્દી સુધી અખંડપણે વહન કરી રહ્યા છે તેવા પૂ. ગુરૂદેવ સૂરિપદની શતાબ્દિને પૂર્ણ કરે અને જુગ-જુગ જીવે એ જ પ્રભુ પાસે પ્રાર્થના...!



www.jaintatvagyanshala.org

# સ્વાધ્યાય એ જ પ્રાણ

●

સા. શ્રુતપ્રજ્ઞાશ્રીજી

**સ્વાધ્યાય શું છે ?**

"સ્વ માટે અધ્યયન તે સ્વાધ્યાય."

જ્ઞાની ભગવંતોએ દિવસ અને રાત્રિના ૨૪ કલાકમાં સ્વાધ્યાય માટે ઓછામાં ઓછા ૧૨ કલાક ફાળવવાના કહ્યા છે. જેના જીવનમાં આટલા કલાકનો સ્વાધ્યાય ઓતપ્રોત બન્યો છે એવા મહાન આત્માઓના જીવનને નમસ્કાર...

"**शैशवे अभ्यस्त विधानम्**" શૈશવ કાળમાં મુનિ સ્વાધ્યાયમાં વ્યસ્ત હોવો જોઈએ. મુનિ એ પાત્ર છે, તેમાં સ્વાધ્યાય એ અમૃત છે. સ્વાધ્યાય રૂપી અમૃતથી મુનિ રકત હોય તો જ પોતાના જીવનની પ્યાસ મિટાવી શકે છે. સ્વાધ્યાયની ઉપાસના કરતાં કરતાં મુનિ જીવનનું એક સત્ત્વ મેળવે છે. સામાન્યતઃ બાળક ભણીને આવ્યો હોય તેની પ્રતિતિં શું ? એના જીવનનું દર્શન શું ? તેના માપદંડના બે પાસા છે. એક તો જીવનની અશાશ્વત, શાશ્વત વસ્તુના મૂલ્યનો વિવેક અને બીજું પોતાનામાં જેવો આત્મા છે તેવા જ આત્માનું દર્શન વિશ્વના પ્રાણીમાત્રમાં કરી "સ્વસ્ય પરત્વે". જે આત્માનું આચરણ (જાતનું આચરણ) જાહેરમાં અને એકાંતમાં આચરતો હોય એવું સર્વ આત્મા પ્રત્યે આચરવાની અભિરુચિ તે સ્વાધ્યાયનું દર્શન છે.

સ્વાધ્યાયથી સ્મરણ શક્તિ, શબ્દ શક્તિ, વાક્ ચાતુર્ય વધે છે અને આપણા જીવનમાં જ્ઞાન પિપાસા જાગૃત થાય. પરંતુ જ્ઞાનનું આચરણ ન વધે તો આપણા જીવનમાં ત્યાગનું દર્શન કેમ થાય ? વસ્તુને છોડવા માટેની અભિરુચિ કેમ જાગૃત થાય ? અશાશ્વત શાશ્વત વસ્તુના જ્ઞાનનો વિવેક એ જ સ્વાધ્યાયનું મહત્ત્વનું પાસું છે.

**સ્વાધ્યાય માટે આવશ્યક શરતો :**

સ્વાધ્યાયની સિદ્ધિ માટે ચિત્તની નિર્મળતા અને શરીરની શુદ્ધિ આવશ્યક છે. નિર્મળતા સંપાદન કરવા માટે સ્વાધ્યાયમાં શાસ્ત્ર અભ્યાસ અને તત્ત્વમાં એકાગ્રતાપૂર્વક મન પરોવી દેવું જોઈએ. જેથી બાહ્ય વિકલ્પો આપોઆપ ટળી જાય છે. સાથે સાથે મૈત્રી આદિ ચાર ભાવનાઓ અને અનિત્યાદિ બાર ભાવનાઓથી ચિત્તને હંમેશાં વાસિત કરતા રહેવું જોઈએ.

મૈત્રી આદિ ભાવોની સિદ્ધિ એટલે ભાવોને જીવનમાં ઉતારવા અને સ્થિર કરવા માટે જીવન વ્યવહાર, ન્યાય, નીતિ, વ્રત, નિયમ, ત્યાગ, તપ, વૈરાગ્ય અને સંયમથી નિયંત્રિત હોવા જોઈએ.

શરીરની શુદ્ધિ માટે તપ અને સાધનાની આવશ્યકતા જોઈએ. આ છે આત્મા અને કર્મને જુદા બતાવનાર આધ્યાત્મિક સાધના પ્રક્રિયા, પાણીને તેજાબવાળું કરી તેમાંથી વિદ્યુત પસાર કરીને એકરૂપ (પાણીરૂપ) થઈ ગયેલ હાઈડ્રોજન અને ઓકિસજન વાયુઓને વૈજ્ઞાનિકો છૂટા પાડી શકે છે તેમ આત્મા અને કર્મના જુદા પાડવામાં વ્રત, નિયમ, સંયમ, તપ, ત્યાગ, સ્વાધ્યાય રૂપ તેજાબ અને સ્વાધ્યાયના ધ્યાનરૂપ વિદ્યુત આ બંને જરૂરી છે. તે કારણથી મુનિઓને સ્વાધ્યાય અને તેનું ધ્યાન પ્રાણરૂપ હોવું જોઈએ.

**સ્વાધ્યાયમાં શાનો સમાવેશ થાય છે ?**

કેવલી ભગવંતોના વચનો આપણા સુધી પહોંચી શકયા તેનું કારણ એ જ છે કે આજસુધી જે જે આચાર્ય ભગવંતો થયા અને થઈ રહ્યા છે તેઓશ્રીએ સ્વાધ્યાય અભ્યસ્ત કરેલ છે.

મૂળ સૂત્રોનો સ્વાધ્યાય આજે પણ જૈન શાસનમાં અપ્રિતમ ગૌરવશાળી છે. કારણ કે ગ્રંથકારનું વિશિષ્ટ ચારિત્ર બળ તેમાં ભળેલું છે.

અર્થનો સ્વાધ્યાય કરવાથી મનનપૂર્વકનું જ્ઞાન સ્થિર થાય છે. જ્ઞાની ભગવંતોએ આપણને સ્વાધ્યાયના પાંચ પ્રકારો બતાવ્યા છે. 'વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા' આ પાંચ પ્રકારનો સ્વાધ્યાય ઉત્તરોત્તર વૃદ્ધિને પમાડનાર છે. આ સ્વાધ્યાય મન, વચન, કાયાના અશુભ વ્યાપારોનો નિરોધ કરાવી, શુભમાં એકાગ્રતાપૂર્વક પ્રવર્તન કરાવે છે. તેથી કર્મક્ષયનો અસાધારણ હેતુ બની પરંપરાએ પરમપદની પ્રાપ્તિ કરાવે છે.

શાસ્ત્રો કહે છે કે આદરપૂર્વક કરેલા સ્વાધ્યાયની લીનતા એ યાવત્ સર્વજ્ઞપદ અને તીર્થંકરપણાની પ્રાપ્તિનો પણ હેતુ બની શકે છે. પાંચેય પ્રકારનો સ્વાધ્યાય પદાર્થોના પરમાર્થને જણાવનારો અને ક્ષણે ક્ષણે સદ્ગતિના મૂળરૂપ પરમ વૈરાગ્યનો હેતુ બને છે.

સ્વાધ્યાય એ પરમ મંગલરૂપ છે. જિનશાસનમાં સ્વાધ્યાયને મોક્ષનું પરમ અંગ કહ્યું છે. આવા સ્વાધ્યાયમાં રક્ત મહાપુરુષો જ્યારે જ્યારે કંઈક વિચારે ત્યારે તેમના વિચારોની અંદર મૃદુ અને નિર્મલ તત્ત્વ હોય, એમના વ્ચ્ચારોમાં કોમળતા અને સંવેદના હોય, એમના આચારમાં સુખ અને શાંતિનો પરિમલ હોય, એવી વ્યક્તિનું દર્શન આત્મસ્પર્શી હોવાથી જૈનશાસનને માટે આશીર્વાદરૂપ બની જાય છે.

સ્વાધ્યાયથી ક્ષમાદિ ગુણો શોભે છે અને ક્ષમાદિ ગુણોથી સ્વાધ્યાય શોભે છે. સ્વાધ્યાયથી ચારિત્રની અને ચારિત્રથી સ્વાધ્યાયની વૃદ્ધિ થાય છે.

અધ્યાત્મ શાસ્ત્રનું મનન, ચિંતન, પરિશીલન કરવાથી સ્વાધ્યાય સાક્ષાત્કાર થાય છે. સ્વના સાક્ષાત્કારના ઉપક્રમને જ સ્વાધ્યાય કહેવાય છે. તેનાથી ભવભ્રમણ ટળી જાય છે.

**સ્વાધ્યાયની સિદ્ધિ**

જીવની સ્વાધ્યાય રૂપી જ્ઞાનની જ્યોતિ વિશ્વવ્યાપી છે તે સર્વને વશ કરે છે પણ સર્વને વશ થતી નથી.

જે જે મહાપુરુષોએ આત્મ અનુભૂતિ કરી છે. તેમના જીવનમાંથી સ્વાધ્યાયના પ્રત્યક્ષ દૃષ્ટાંત મળી આવે છે. જ્યારે પૂ. શ્રી રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ બાળ મુનિ હતા ત્યારે વિહારાદિમાં થાકને પણ જોયા વિના એક રૂમમાં અથવા દિવાલની સામે ભણવામાં ઓતપ્રોત રહેતા, તેઓશ્રીના ગુરુદેવ શ્રી પૂ. સુરેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તેઓશ્રીને કહેતા : ''બાલમુનિ, હવે સંથારાનો સમય થયો છે, ગોચરીનો અવસર થયો છે, ત્યારે પૂ. શ્રી 'હા, જી' કહી કાર્યમાં જોડાતા. પૂજ્યશ્રીમાં આટલી અપ્રમત્તતાના ગુણો કેળવાયા હતા ત્યારે જ પૂજ્યશ્રી ન્યાય, વ્યાકરણ, કર્મસાહિત્ય, જ્યોતિષ આદિ ગ્રંથોમાં પારંગત થયા.

આવી મસ્તીમાં રક્ત પૂજ્યશ્રીને જ્યારે પણ જુઓ ત્યારે સ્વાધ્યાયની લીનતા, રટણતા ચાલતી જ દેખાય.

પૂજ્યશ્રીને શ્રમણી વૃંદ જ્યારે વંદનાર્થે આવે ત્યારે પૂજ્યશ્રી પાસે એક જ પ્રશ્ન હોય. તમે બધા અભ્યાસમાં શું કરો છો ? સ્વાધ્યાય કેટલો કરો છો ? ત્યારે શ્રમણીવૃંદ ખચકાતાં કહે, થોડું થોડું ચાલે છે. આવો જવાબ મળે ત્યારે ૫૦૦નો સ્વાધ્યાય કરવો એવી આજ્ઞા અને કંઈક હિતશિક્ષા આપીને જ મોકલે.

અનેક ગામોના સંઘો, શાસનના કાર્યો માટે આવે ત્યારે કાર્ય પૂર્ણ થતાં જ ધર્મલાભ આપી સ્વાધ્યાયમાં જોડાઈ જાય. પૂજ્યશ્રીને શરીરની સ્વસ્થતા અનુકૂળ ન હોય ત્યારે પણ અપ્રમતપણામાં રહી સ્વાધ્યાયનું ગુંજન ચાલુ રહે.

સ્વાધ્યાય સ્વ-ભાવ પરિણતી માટે છે, વિભાવને દૂર કરવા માટે છે. શરીરનું અધ્યયન તે સ્વાધ્યાય નથી પરંતુ આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમણતા તે જ સ્વાધ્યાય છે. આત્માનો અધ્યાય એ જ સાચું ચિંતન છે.

**વંદના :**

આવા સ્વાધ્યાયમાં રત પૂજ્યશ્રી !!! આપના ચરણ કમળમાં કોટિશ: વંદના.

આપની દીર્ઘ આચાર્ય પદ પર્યાયની અનુમોદના નિમિત્તે બે અક્ષર લખવાનું સામર્થ્ય અમારામાં નથી. પરંતુ આપની સ્વાધ્યાય રતતા જોઈ આપની પાસે સ્વાધ્યાયના આશીર્વાદ માંગીએ છીએ.

પૂ. ગુરૂદેવ આપનું અમે જ્યારે દર્શન કરીએ ત્યારે આપ સ્વાધ્યાયમાં રત હો છો. અમને પણ એવા આશીર્વાદ આપો કે આપનાં આ ગુણનો અંશ અમારામાં ઉતરે.....

**અતૂટ પ્રતિજ્ઞા :**

વિક્રમ સંવત ૨૦૩૪, નાગપુર(મહારાષ્ટ્ર)માં ચાતુર્માસ.

પૂજ્ય ગુરૂદેવની શરીરીક અનુકુળતા ઓછી અને અચાનક પર્યુષણ મહાપર્વના આગલા દિવસે જ તબિયત લથડી. તુરત જ નાગપુર શ્રી સંઘના ભાઈઓએ પૂજ્યશ્રીને હોસ્પીટલમાં દાખલ કરાવ્યા. આખા પર્યુષણ હોસ્પીટલમાં ગાળવા પડ્યા. પૂજ્યશ્રીનો એક નિયમ-જે અત્યાર સુધીમાં અતૂટ રહ્યો છે કે સંવત્સરી મહાપર્વના દિવસે પોંતે જાતે જ બારસાસૂત્ર વાંચવું. અહીં નાગપુરમાં પણ એમ જ કર્યું. પૂરી શારીરીક પ્રતિકૂળતાની વચ્ચે સંપૂર્ણ બારસાસૂત્ર જાતે જ વાંચ્યું.

ડોકટરો, નર્સ, સાધુ ભગવંતો અને સંઘના આગેવાનો અવાચક્ થઈ ગયા અને પૂજ્યશ્રી બારસાસૂત્ર બોલી ગયા. નાગપુરનો સંઘ આજે પણ આ પ્રસંગને ભૂલી શકતો નથી.

આખું બારસાસૂત્ર વાંચવાનો અખંડ નિયમ એ ચાતુર્માસમાં પણ ચાલુ હતો. પરંતુ આ વખતે થોડી તકલીફ પડી. બારસાસૂત્ર બોલી ગયા પણ એમને શ્રમ એટલો બધો પડ્યો કે એની અસર સીધી હૃદય પર પડી.

રાત્રે દુ:ખાવો ચાલુ થયો. ડોકટર આવ્યા. તપાસી લીધું. પછી ગંભીરતાપૂર્વક એક બાજુ જઈને શ્રાવકો અને સાધુ ભગવંતો જોડે વાતચીત કરતા હતા. પૂજ્યશ્રીને ખ્યાલ આવી ગયો કે આ લોકો ચિંતામાં છે.

એમણે ડોકટરને કહ્યું, બધું જ સારુ થઈ જશે. ડોકટર વધુ તો શું બોલે ? પણ એમણે એટલું કહ્યું કે સાહેબ, આપને ચિંતા ન હોય પણ અમને તો હોય કે નહીં ?

જવાબમાં ફક્ત મીઠી મુસ્કાન હતી.

મુનિ ઉદયરત્નવિજય



www.jaintatvagyanshala.org

# Importance of Non-Violence in Jainism

Sadhvi Viratipragnasri

**A permanent call of Friendship**

*"Mitti me savva bhuesoo. Veram mazza na kenai"*

I have friendship with all living-beings, not at all enemity with them.

This important motto was given by Lord Mahavir to the whole universe.

Jain religion means helping & holding every human beings from degeneration fall. Jina is the winner of attachment & hatred, and the person who wins the greatest enemies of fondness & repulsion can only gain non-violence.

**Non violence - a base of Jainism**

The pillar of jain religion is fully based on non-violence. That is why it is declared foremost principle in Jainism. Non-Violence is the path of happiness & world beneficience. Jain religion is declared most superior & renowned among all religions because it only asks whole world not to kill even extremely small or tiny living beings.

Even Gandhiji believed in non-violence & his motto was "Live & Let live."

Now-a-days mostly whole world depends on science, bacause the research of science is supposed to make whole universe happy; but instead of making us really happy, they are throwing out all of us in the mouth of death.

**The depth of non-vioilence :**

Lord Mahavir was true well-wisher of whole world because he frees us from the bondage instead of trapping us in the wordly matters. एकोऽपि जीवं न हन्यते । is a phrase given by Lord Mahavir. He says in his discourse- "Even if one particle of potatoe, kept on topmost part of needle includes small & large insects, warms, living beings (infinite)". Anatkay, Dwidal Abhakshya contains infinite bacteria, insects, worms etc. That is why he gives top most importance to "Non-violence".

**Quotations about Non-violence included below contain :**

(1) Tatwarth by Umaswati M.S. - प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा ॥ Non-negligence Yog = non-violence.

(2) Santhara Porisi Praise - khamia, khamavia, Mai khamia, Savvaha jiva-nikaay; Sidhaha saakh aaloynahe, Mujjaha vair na bhavha.



www.jaintatvagyanshala.org

(3-a) Dash-Vaikalik - "Dhammo Mangal Mukhitham; Ahinsa, Sanyamo, Tavo; Deva wi tam namansanti, Jassa dhamme sayaa mano."

This stranza stresses significant importance to non-violence and if whole world lives with total equality & humanity with each other; as well as whose mind is fulfilled with Ahinsa, Sanyam penance - Indra etc Gods living in dimensions also bow them. Living luxurious life, they also pray for constant longing and precious invaluable Jainism; which is difficult to achieve for them.

(b) "Savve Jiva vi Ichhanti, Jiveeoom-na-Marejeesom, tamha Paanivaham goram, Niggantha vajja yanti nam."

All human beings desire to live and no one wishes to be killed. We have no right to kill anybody, but to keep equality and friendship with every-body. - "Maitree Savveshu Sarwada".

(c) "Savvabhuyappa bhuyassa, Sammam bhuyaai pasoe. Pihiha Savvasaa dantassa, pawam kamaam - na - bandhai."

In all human beings you see yourself, see them with empathy i.e. all are mine & all have right to live like myself. By thinking like this jiv doesn't commit sins.

**Maintenance of "Ahinsa - dharma" is divided in two parts by Lord :**

**(1) Shrawak-Shrawika :** On their part, to maintain total non-violence is impossible, because by living in world they have to earn wealth, take initiatives, carry on celebrations; have to feed family etc. For that purpose, Lord has preached 12 vows; 5, 12, 36 kartavyas (enumerated in kalpa-sutra) - Among those vows & kartaryas importance is on non-violence. They have to do Sava vasa mercy - i.e. not to kill at all innocent living beings. Karemi bhante eulogy includes not to kill & advice not to kill anybody (compulsory praise of Samayik) 48 miniutes of Samayik totally refrains them from doing sins by mind, words, body (including 32 faults). Non-violence-Amari Pravartan. Even Akbar the great Moghul Emperor also started declaring "amari-pravartan" by becoming glorious & lustrous to Jagatguru Hirsurishwarji's sajjay includes : Jiva amari palaviyere lal, Jiva ne deeje Abhaydan.....

**(2) Ascetices :** to keep mercy for whole universe - not to kill by mind, word, body subtle or gross; movable or immovable beings by your self or not to give advice to anybody or not to appreciate anybody who has killed living

beings, for life time they take vows of (1) non-violence, (2) truth, (3) non-stealing, (4) celibacy (5) non-collection (6) not to eat at night. Shayam-bhavsuri has given advice to renunciates how to walk, stay, speek, sleep, eat & sit (kaham chare, kaham chitte...(1) Jayan chare,.....(2) ascetices have to walk, eat etc with yatna. (Dashvaikalik Praise)

**Non-violence has broader concept :**

Now we see difference between pity & non-violence. Pity means compassion, seeing pain be trembled, it is not the nature of soul but energy, it is value of heart, psychic power. Pupils who do not have pity in their heart cannot follow on Non-violence path as well as cannot achieve God. Pity is mercy of heart that is why it is called "Daya dharma nu moolche." Nonviolence - pity means to go towards real soul (salvation).

Proverbs showing importance for non-violence (1) Jiva is the conduct of the universe. No jiva, no universe. (2) One with the right vision sees himself in all & makes them all his own. (3) Jiva is the fundamental element in the universe, all other elements spring forth from & survive on its strength, when jiva element becomes clean & pure, there is the ceasation of the influence of karmic particles & disinteragting the accumulated karmic atoms staying steadfast in karma proof living the soul soars to the stage of liberation - i.e. protector of non-violence without doubt recieves salvation.

(3) Only the soul essence is the highest substance in the world.

Anae - dhammo - one who puts into practice the words of a Jina is the real worshiper of non-violence e.g. In whole Jain Shashan our top-most President himself takes care of Non-violence and also gives support to whole world.

On this occassion I remember incidentally some events (real) of our great guru P.P. Ramsurishwarji M.S. e.g. - (1) Before three to four years his hand was burnt by hot water. At that time doctor told to sleep in A.C. room or give wind by hand fan but follower of non-vidence Pujya shriji replied - I don't need fan for my relief because by giving relief to my body many vayukaay living beings are killed. "Oh ! what real feelings of mercy to living beings. I suppose his genuine mercy is present every where and at all times without any exception.

(2) For many years he is unwell and doctor adviced him to sit in ambulance



www.jaintatvagyanshala.org

& go to Bombay for operation but he totally refused because for giving comfort to his (own) soul many innocent living beings had to be killed.

(3) In exceptional cases also; he doesn't use unworlty eatables (gochari). His aim & principle is to eat gocharee which doesnot contain any of 47 wrongs.

(4) Whenever we go for vandan, he gives instructions about non-violence even to-day.

(a) Not to eat unworthy gochree at all.

(b) To some Sadhvi folks he has given oath (vow) not to sit in wheel-chair as well as not to give books, updhi etc to bicycle-man without any unavoidable reason.

By looking to his non-violence as preached by Lord, my head always bows down to him for his merciful ascetic life. (84) years life 51 yrs Suri-pad life)

In whose eyes we can find (see) kindness, heartfull of affection, speech melodiously sweet ?

I bow down to such a noble-wholesome person & well-known guru (initiator) Pujya Ramsurishwarji M.S. -/1008 times.

This script is written on the occasion of celebration of Pujyashriji's - Suripad Golden Jubilee day (8th May 2000)

I request all readers to live non-violent life with equality, humanity & friendship to all beings.

The moral of Jin Vani is be the victor of your own soul.

If anything written in contradiction with Aagam, Jinvani & Guru bhagwant's preachings and if one finds any mistake in this script, it is my personal responsibility.

**श्रेष्ठ क्या ?**

जिण जणणी रमणीणं, रयणाणं चिंतामणी जहा पवरो ।
कल्पलया च लयाणं, तहा खमा सव्व धम्माणं ॥

जैसे सभी स्त्रीयोमें जिनेश्वर परमात्मा की माता श्रेष्ठ है, सभी रत्नोंमें चिंतामणी रत्न श्रेष्ठ है, और सभी लताओमें कल्पलता श्रेष्ठ है वैसे ही सभी धर्मो में क्षमा ही श्रेष्ठ है ।

धर्मरत्न प्रकरण-१, अधि ३ गुण

# Significance of Jainee Knowledge

●

**Sadhviji Dixit Ratnashreeji**

"Learned person destroys his misdeed (કર્મ)
in just a breathing,
Which ignorant person does within
poorva crore years."

"જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો દેહ,
પૂર્વ કોટી વરસો લગે અજ્ઞાની કરે તેહ."

What is this knowledge which has attained so much significance ?
Does knowledge means only to read out the books ?
OR
Only to learn by heart the stranzas ? (શ્લોકો)

To read out forty lakhs books of Moscow's famous library means that you have become learned of all that knowledge ? Scriptures mention that one who has completed half of ninth poorva can also be called "Ignorant" and "Illiterate". Then what is real knowledge ? And who is a learned person ? We know it too well that knowledge in engineering faculty cannot be useful in surgery and that of surgery cannot equip one with engineering skills. Thus knowledge of a particular subject has a limited scope in that particular subject only.

Likewise, the knowledge in spiritual field is related to soul. Through this inquisitive person (મુમુક્ષુ) can make out the difference between soul and the worldly affairs. The subject matter is about soul, the world and the difference between the two.

In our practical life also, we do not give importance to how many books a doctor has read, but on how skillful he is in curing our illness. What we consider is his skill and not his bookish knowledge. Likewise, that advocate is more respected who is successful in winning the case and not one who has read hundreds of books on law.

Inquisitive (મુમુક્ષુ) will give importance to knowledge which will show him the path to attain "Salvated abode" (મોક્ષ). He will respect only that knowledge which gives him strength to fight against misdeeds. (કર્મ). He looks forward for that knowledge which ultimately releases him from cycles of births and re-births. "Such knowledge is only the true knowledge."



www.jaintatvagyanshala.org

And

Along with this knowledge "ज्ञान क्रियाभ्यां मोक्षः" is the ultimate goal of knôwledge of the royal path.

Soul is considered to have four different conditions - God, Human beings, Narki (The distressed insects in most pitiable conditions in hell) and Animal's and Bird's lives. God in heaven are supposed to have all wealth and happiness and the insects in hell are supposed to be most distressed and unhappy. Animals and Birds are ignorant and they endure all that is happening. Of all these four forms of life, only human beings can make efforts to live better life, as well as could achieve spiritual light, and freedom from wants. Human life's spirituality is attributed to this potentiality only.

Let us see the process of digestion of knowledge. If one achieves knowledge, he tries to study scriptures. This enriches his knowledge. He then goes to the stage of meditation - an auspicious form of knowledge. If meditated properly, he can reach upto sentiment knowledge (ભાવનાજ્ઞાન). This leads to equilibrium (ક્ષાયોપશમિક સમક્તિ). Thus inquisitive's knowledge marches forward and forward and reaches to self experience realisation.

Along with knowledge, what is essential is acquiring non-violence, truth, celibacy etc. which are the virtues which together form "Religious Activity". It is said 'पढमं नाणं तआ दया' । Such activity brings sensitisation in life. Such sensitisation may prove a turning point in one's life, because when the knowledge achieves the top height of self realisation, the vices like malice, repulsion, hatred etc. tend to disappear from one's mind and mind becomes pure. Our soul turns to essence's meditation, and becomes completely engrossed in developing self virtues and does not contain ill-feelings like jealousy, hatred, dislike etc. resulting into apathy and disconcern for other people's criticism. The soul becomes so pure and positive that it does find negative feelings among other people. Life becomes more purified by higher philosophy. Through sacred life and genuine curiosity for philosophical knowledge such a person can find philosophy of life even from little discource.

The acquisition of knowledge is dependent not on how much you read, but on equilibirum (ક્ષયોપશમ) of Pertaining to knowledge (જ્ઞાનાવરણીય) and "Pertaining to perception (દર્શનાવરણીય). If you have association with these two, knowledge can be achieved with very little effort. Nevertheless, sincere efforts are must.



www.jaintatvagyanshala.org

Thus achievement of thorough knowledge is possible, provided the mind is cool and steady. Thus we have to make spiritual progress by steady conditions of our mind and try to attain true knowledge.

**MORAL :**

Knowledge does not mean lot of information. It has to be related to useful spiritual activity. Knowledge with activity means activity under knowledge and when soul's experience joined in it, that "Knowledge achiever' completely destroys all of his past sins even in a breathing. That is why philosophers have appreciated knowledge from different angles, with best things of the world. Somebody said it "Spreads Light' i.e. **नाणं पयासगं** somebody compared it with "Sun" i.e. **नमो नमो नाण दिवायरस्स** and thus glorified it. Somebody called it the "Superior Wealth" i.e. **विद्याधनं सर्व धन प्रधानम्**, while somebody called it the "Necture" i.e., **अमृतं तु विद्या** and somebody praised it as the "greatest holy material" i.e. **न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते.** In this way, knowledge is considered to be best among best.

**"Param Pujya Gacchadhipati Acharya Bhagwant Vijay Ramsuriswaraji Maharaj Saheb."**

As described above, our Pujya Gurudev is the master of divine knowledge. Whenever we see him, he is always and at all times completely engrossed in reading books of religious subjects. His mind is always allert during the presentation of Gatha by any of the renunciates (સાધુ). Even a small mistake can be immediately found out by him when the renunciate speaks out Gathas during Introspection (પ્રતિક્રમણ). Such mistake cannot escape his close concen-tration. As well as, at this much elder age of eighty four years, his mind is always accurate in presenting "Gatha". You can realise how much busy he is in his studies. His concern for Renunciate's religious education is well- known, which one and all can see visibly. He opens new and new religious schools (પાઠશાળા) in different parts of the city to provide religious learning facilities to any of the Jain Renunciate - irespective of his position and of his sect. (multitude)

While I conclude, I pray Gurudev, that kindly bestow such blessings that we also become your true followers and seekers of true, real and pure knowledge and just not only the information.



www.jaintatvagyanshala.org

"I am child innocent,
Gurudev, you are excellent,
You are ocean, I am a drop,
I at bottom, You at top."

"Sun rises in the east,
and sets in the west.
But Pujya Gurudev,
You always rise in my heart,
And set only after my death."

"You are in my every thought,
Let me lead life as you taught,
Gurudev, give me wisdom nice,
So that I fall never twice."

If anything written by me is contrary to Agam or contrary to Tirthankar's instructions in my little article, I beg pardon, kindly forgive me.

"મિચ્છામિ દુક્કડમ્"

**મિથ્યાત્વ :**

न मिथ्यात्व समः शत्रु न मिथ्यात्व समं विषम् ।
न मिथ्यात्व समो रोगो, न मिथ्यात्व समं तपः ॥

मिथ्यात्व के समान कोई शत्रु नहीं मिथ्यात्व से बढकर कोई ज़हर नहीं मिथ्यात्व के समान कोई रोग नहीं और मिथ्यात्व के समान कोई अंधकार नहीं ।

धर्मसंग्रह अधिकार, પૃ. ૨૦



www.jaintatvagyanshala.org

# જિન શાસનના શણગાર

●

સાધ્વી આગમરસાશ્રીજી (સિરોહી)

પ્રભુશાસનની ધૂરા સંભાળનારા આચાર્ય ભગવંતો હોય છે. તીર્થંકર ભગવંતની ગેરહાજરીમાં શાસન ચલાવનાર આચાર્ય ભગવંતો "तित्थसर समो सूरि" તીર્થંકર સમાન ગણાય છે. જેમના ૩૬ ગુણો બતાવ્યા છે. પંચાચાર પાલક નવવિધ બ્રહ્મચર્યના તેમજ ત્રણગુપ્તિના ધારક આદિ ગુણોનું ચુસ્ત પાલન કરનારા અને શ્રી સંઘ શાસન અને સમુદાયનું યોગ ક્ષેમ કરનારા આચાર્ય ભગવંતો છે.

શાસનના શિરોમણી એવા આચાર્ય ભગવંતો એ ૨૫૦૦ વર્ષ સુધી આ શાસન અવિરતપણે ચલાવ્યું છે - તેવા આચાર્ય ભગવંતને મારા કોટીશઃ કોટીશઃ નમસ્કાર થાઓ. અનેક આચાર્ય ભગવંતો પૈકી સુધર્માસ્વામિની ૭૭મી પાટે બિરાજમાન શાસન શિરતાજ તપાગચ્છાધિપતિ શ્રી રામસૂરીશ્વરજી મહારાજ કે જેઓ આચાર્યપદના ૫૦ વર્ષ શાસન પ્રભાવનાપૂર્વક પૂર્ણ કરી રહ્યા છે તેમના ચરણોમાં અનંતશઃ વંદના...

પૂજ્યશ્રીનો જન્મ સંવત ૧૯૭૩માં મહાસુદ ૫ના નાનકડી રળીયામણી એવી કુવાવાલી પોળમાં થયેલ. તેઓશ્રીના પિતાશ્રીનું નામ ભલાભાઈ, માતુશ્રીનું નામ ગંગાબાઈ હતું અને તેઓશ્રીનું સંસારી નામ રમણભાઈ હતું. "યથા નામ તથા ગુણ" જેવા પ્રકારનું નામ હતું તેવા પ્રકારના ગુણો. બાલ્યકાળથી જ તેમનામાં હતા.

જેથી શિશુવયથી અધ્યાત્મની રમણતામાં રમતા હતા. જેઓએ ૧૩ વર્ષની વયે સંયમ ગ્રહણ કરી સંયમમાં આગળ વધ્યા.....

"ગરથ ગાંઠે વિદ્યા પાઠે" ઘણી વખત પૂજ્યશ્રીને અધ્યયન કરાવનાર પંડિતોની વિદ્વતાની વાતો કરતા આપણે સૌ પણ પ્રત્યક્ષ નિહાળીયે છીએ. પૂજ્યશ્રી એક સમય પણ ક્યારે પ્રમાદમાં જોવા ન મળે. આવી જૈફવયમાં પણ કેટલાક ગ્રન્થો કંઠસ્થ હોવાથી સ્વાધ્યાયની મસ્તીમાં મસ્ત જ હોય છે.

વર્તમાનમાં પણ આવી પાકટ વયે બારસાસૂત્ર અદ્‌ભુત સ્ફુર્તિમાં પૂર્ણ કરે છે.

પૂજ્યશ્રી પાસે જ્યારે જ્યારે જવાનું થાય ત્યારે જ્ઞાનોપાશનાની વાતો જ સાંભળવા મળે. કેટલીક વાર શ્રમણ અને શ્રમણી વૃંદોને સ્વાધ્યાય, ચિંતન, મનન તેમજ ચારિત્રાચારના પાલનમાં પૂજ્યશ્રી પ્રથમથી કડક હોવાથી કોઈનો પણ નાનો પણ દોષ ક્યારે ન ચલાવી લે. યોગાદવહની ક્રિયાઓમાં કોઈ પણ ખમાસમણ આદિમાં ગરબડ કરે ત્યારે પૂજ્યશ્રીની દ્રષ્ટિ તરત ત્યાં પહોંચે અને ટકોર કરે. આવી અનેક ટકોરો પ્રત્યેક આચારોમાં પૂજ્યશ્રી કરતા જ હોય છે.

પૂજ્યશ્રીમાં ક્ષમા, મૈત્રી, કરુણા, પરોપકાર - પરાયણતા, શાસનસેવા, અજોડ તર્ક શક્તિ, વિશાલ શ્રુત આદિ અનેક ગુણોથી યુક્ત... એવા ગુણાનુરાગી સૂરિપદના ૫૦મા વર્ષમાં પ્રવેશ કરતા એવા પૂજ્યશ્રીને શાસનદેવ દીર્ઘાયુ અને નિરોગી બનાવે એવી ભાવના સહ અનંતાનંત વંદન એ તારકના પાદપદ્મમાં.....

આ લેખ મૂળ કન્નડ ભાષામાં લખેલ છે તેનું આ ગુજરાતી ભાષાંતર છે. - સંપાદક



www.jaintatvagyanshala.org

# ಜಿನ ಶಾಸನದಲ್ಲಿ ಶೃಂಗಾರ

ಪ್ರಭು ಶಾಸನದ ಬಗ್ಗೆ ನಮಗೆ ತಿಳಿಸುವವರು ಪೂಜ್ಯ ಆಚಾರ್ಯ ಭಗವಂತ ಶ್ರೀರುಪ್ಪಾರೆ, ತೀರ್ಥಂಕರ ಪರಮಾತ್ಮಾ ನಾ ಹಾಜರಿದಲ್ಲಿ ಶಾಸನ ನಡೆಸುವವರು ಆಚಾರ್ಯ ಭಗವಂತ . तित्थयर समो सूरि . ತೀರ್ಥಂಕರ ಸಮಾನ ಎಂದು ನಾವು ಹೇಳುತ್ತೇವೆ. ಅವರಲ್ಲಿ ಅವರ ಗುಣಗಳು 36 ಇವೆ. ಅವು.. ಐದು ಆಚಾರ ಪಾಲಿಸುತ್ತಾರೆ ಒಂಬತ್ತು ಪ್ರಕಾರ ಬ್ರಹ್ಮಚರ್ಯ, ಮತ್ತು ಎಂಟು ಗುಪ್ತಿ ಧಾರಣ ಮಾಡುತ್ತಾರೆ. ಇತ್ಯಾದಿ. ಇತ್ಯಾದಿ. ಈ ಗುಣಗಳನ್ನು ಬಹಳ ಚೊಕ್ಕದಿಂದ ಪಾಲಿಸುತ್ತಾರೆ. ಮತ್ತು ಶ್ರೀ ಸಂಘ ಶಾಸನ ಮತ್ತು ನಮ್ಮ ಸಮುದಾಯದಲ್ಲಿ ಯೋಗಕ್ಷೇಮ ನೋಡುವ ಕೆಲಸ ಆಚಾರ್ಯ ಭಗವಂತ ಮಾಡುತ್ತಾರೆ.

ಶಾಸನದಾ ಶಿರೋಮಣಿ ಇಂತ ಆಚಾರ್ಯ ಭಗವಂತ 2500 ವರ್ಷ ತನಕ ಈ ಶಾಸನ ಅವಿರತವಾಗಿ ಚಲಿಸುತ್ತಿದ್ದಾರೆ.- ಅಂತ ಆಚಾರ್ಯ ಭಗವಂತರಿಗೆ ನನ್ನ ಕೋಟಿ ಕೋಟಿ ನಮಸ್ಕಾರ. ಮತ್ತು ಅನೇಕ ಆಚಾರ್ಯ ಭಗವಂತ ಪೈಕಿ ಸುಧರ್ಮ ಸ್ವಾಮಿನಿ 77 ಪಾಟೇ ಉತ್ಕೃಷ್ಟ ಶಾಸನ ಶಿರತಾಜ ತಪಾಗಚ್ಛಾಧಿಪತಿ ಶ್ರೀ ರಾಮಸೂರೀಶ್ವರಜಿ ಮಹಾರಾಜ. ಇವತ್ತು ಸಹ 49 ವರ್ಷ ಆಚಾರ್ಯ ಪದನಾ ಶಾಸನ ಪ್ರಭಾವನಾ ಪ್ರಕಾರ ಪ್ರವೇಶ ಮಾಡಿ 60 ನೇ ವರ್ಷದಲ್ಲಿ ಪ್ರವೇಶಿಸುತ್ತಿದ್ದಾರೆ. ಅವರ ಚರಣದಲ್ಲಿ ನನ್ನ ಬಹಳ ವಂದನಾ ---

ಪೂಜ್ಯಶ್ರೀಯವರ ಜನ್ಮ 1974ದಲ್ಲಿ ಮಹಾಸುದಿ 4ದಲ್ಲಿ ಸರ್ವ ಸುಂದರ ವಾತಾವರಣ ಅಂತ ಕುಬಡಥಲ್ ನಗರದಲ್ಲಿ ಆಗಿದೆ ಅವರ ತಂದೆಯ ಹೆಸರು ಛೋಟಾಭಾಯಿ ತಾಯಿಯ ಹೆಸರು ಗಂಗಾಬಾಯಿ ಮತ್ತು ಅವರ ಸಂಸಾರಿ ಹೆಸರು ರಮಣಿಕಭಾಯಿ. ಇತ್ತು. यथा नाम तथा गुण ಅಂತ ಅವರಂತ ಹೆಸರು ಇತ್ತು. ಇಂತ ಅನೇಕ ಗುಣಗಳು ಬಾಲ್ಯವಯದಿ

ಅವರಲ್ಲಿ ಇದ್ದರು, ಶಿಷ್ಯವರ್ಗ ಅಧ್ಯಾತ್ಮದ ರಮಣ-
ದಲ್ಲಿ ಆಡುತ್ತಿದ್ದರು ಅವರು 13 ವರ್ಷದ ವಯಸ್ಸಿ
ಸಂಯಮ ಅನುಗ್ರಹಿಸಿ ಸಂಯಮ ಜೀವನದಲ್ಲಿ ಮುಂ
ದುವರಿಯುತ್ತಿದ್ದಾರೆ.—

"೧೨ ವರ್ಷ ವಿದ್ಯಾಭ್ಯಾಸ" ಎಂಬ ದಿನ ಪ್ರಜ್ಞಾ-
ಶ್ರೀ ಅಧ್ಯಯನ ಮಾಡುವವರು ಪಂಡಿತರು. ವಿದ್ವಾಂಸರ
ಬಗ್ಗೆ ಮಾತನಾಡುವಾಗ ನಾವು ಎಲ್ಲಾ ಪ್ರತ್ಯಕ್ಷ ನೋಡುತ್ತೇವೆ
ಆ ವೃದ್ಧಾವಸ್ಥೆಯಲ್ಲಿ ಪ್ರಜ್ಞಾಶ್ರೀಯವರು ಮಾತನಾಡಲು, ಧ್ಯಾನ
ಮಾಡುವುದಕ್ಕೆ ನಿಂತಿಲ್ಲ, ಎಷ್ಟು ಗ್ರಂಥಗಳನ್ನು ಕಂಠಸ್ಥ
ಮಾಡಿ ಸ್ವಾಧ್ಯಾಯದಲ್ಲಿ ಮಗ್ನರಾಗಿರುತ್ತಾರೆ. ಉಪಸರ್ಗ
ಕಾಲದಲ್ಲಿ ಆ ಪ್ರಜ್ಞಾಶ್ರೀಯ ಬಾರಸಾವಿತ್ರ ಸುಂದರ ರೀತಿ
ಸ್ತುತಿಯನ್ನು ಪ್ರಕಾರ ಮಾಡಿದ್ದಾರೆ. ಮಾತನಾಡ ಯಾವಾಗ ಪ್ರಜ್ಞಾಶ್ರೀ
ವಂದನ ಮಾಡುವುದಕ್ಕೆ ಹೋಗುವಾಗ ಇದೇ ರೀತಿ ಜ್ಞಾನದ
ಮಾರ್ಗ ಕಲಿಸುತ್ತಾರೆ. ಎಷ್ಟು ದಿವಸ ಶ್ರವಣ ಮತ್ತು ಶ್ರದ್ಧೆ
ಮೂಡುವ ಸ್ವಾಧ್ಯಾಯ. ಚಿಂತನ. ಮನನ ಮತ್ತು ಚಾರಿತ್ರ
ಪಾಲನಾ ಪಾಲನದಲ್ಲಿ ಪ್ರಜ್ಞಾಶ್ರೀ ಮೊದಲಿತ್ತು ಶ್ರೇಷ್ಠ ಕ್ರಿಯಾ
ಯಾರನ್ನು ನೋಡಿದರೆ ಶಿಥಿಲಾಚಾರ ಮಾಡದ ನಡೆಯಂತಿಲ್ಲ
ಜೀವನ ಕ್ರಿಯೆಯಲ್ಲಿ ಯೋಗಗಳು ಪ್ರಯೋಗಗಳು ಇತ್ಯಾದಿ ಸಾಧನೆ-
ಗ ಪ್ರಜ್ಞಾಶ್ರೀನ ಪ್ರತಿಷ್ಠೆ ಅಲ್ಲ [illegible] ಸ್ವಾಧ್ಯಾಯ. ಓದುವಾಗ [illegible]
ಮಾಡುತ್ತಾರೆ ಇಂತ ಉಪಕಾರ ಎಲ್ಲಾ ಆಚಾರದಲ್ಲಿ ಪ್ರಜ್ಞಾಶ್ರೀ ಉಪಕಾ-
ರ ಮಾಡುತ್ತಾ ಇರುತ್ತಾರೆ. ಪ್ರಜ್ಞಾಶ್ರೀ ನಿ ಕ್ಷಮಾ, ಮೈತ್ರಿ, ಕರುಣಾ
ಮಧ್ಯಸ್ಥ ಭಾವನಾ, ಜ್ಞಾನ ಶಕ್ತಿ, ಅದ್ಭುತ ಶಕ್ತಿ, ವಿಶಾಲ ಹೃದಯ
ಶಕ್ತಿ ಇತ್ಯಾದಿ. ಅನೇಕ ಸದ್ಗುಣ ಮತ್ತು. ಇಂತ ಸಂಪೂರ್ಣ
ಗಾರಿ ಸೂರಿ ಪದವಿ 50 ನೇ ವರ್ಷದ ಶ್ರೀ ಮೇರು ಶಿಖರ
ಇಂತ ಪ್ರಜ್ಞಾಶ್ರೀನ ಶಾಸನದೇವತೆ ದೀರ್ಘಾಯು ಮತ್ತು
ನಿರೋಗಿ ಮಾಡು. ಇಂತ ಇಚ್ಛೆಯ ಸಾಥೆ ಕೋಟಿ ಕೋಟಿ
ವಂದನಾ ಪ್ರಜ್ಞಾಶ್ರೀನಾ ಪಾದ ಪದ್ಮದಾ.

[illegible]

ಲಿ. ಸಾ. [illegible]

# છ કર્મગ્રંથનો સંક્ષિપ્ત પરિચય

●

સાધ્વીજી કનકપ્રભાશ્રી, સાધ્વીજી વસંતપ્રભાશ્રી

### કર્મ શું છે ?

અનાદિકાળથી જીવનું સંસારમાં જન્મ મરણનું ભવભ્રમણ ચાલુ છે. સમસ્ત લોકાકાશમાં એક પ્રદેશ પણ એવો નથી જ્યાં આ જીવના અનંત જન્મ મરણ ન થયા હોય. જન્મ મરણનું કારણ આત્મા ઉપર લાગેલા કર્મો છે. કર્મસંયોગના કારણે જ જીવનું સંસારમાં પરિભ્રમણ છે. આત્મા એક ચેતનાવંત દ્રવ્ય છે. તે સ્વતઃ શુદ્ધબુદ્ધ સ્ફટિક તૂલ્ય સ્વતંત્ર પદાર્થ છે. જીવમાં સત્તારૂપે અનંતજ્ઞાન અનંતદર્શન, વીતરાગતા, અનંતસુખ, અક્ષયસ્થિતિ અજરામરપણું, અગુરુલઘુપણું અને અનંત શક્તિ છે આ બધા ગુણોને ઢાંકનાર કર્મ છે.

કર્મના સંયોગમાંથી આપણે આપણા આત્માને છોડાવવો જોઈએ. મનુષ્યજીવન પણ આ કારણ માટે જ છે. આ માટે આપણે કર્મને, તેના પ્રકારને, તેનાં કાર્યને, તેના બંધનાં કારણોને, તેના બંધન અટકાવવાના તથા તેને (કર્મને) આત્મા પરથી દૂર કરવાના ઉપાયોને જાણવા જરૂરી છે. આ બધું વિસ્તારથી સમજાવનાર છે : જૈન શાસનનું કર્મ સાહિત્ય.

### જુદા જુદા દર્શનોમાં કર્મ વિશે જાણકારી

જીવ કર્મો કેવી રીતે બાંધે છે ? ક્યા કારણે બાંધે છે ? બાંધેલાં કર્મો કેવી રીતે ઉદયમાં આવીને કેવા પ્રકારનાં ફળ આપે છે ? કર્મનો બંધ કેવી રીતે અટકાવવો તથા બાંધેલાં કર્મોને આત્માથી છૂટાં કેવી રીતે પાડવાં- આ બધું જાણવાની ખૂબ જ જરૂર છે. કર્મની જાળમાંથી આ જ્ઞાન સિવાય આત્મા શી રીતે છૂટી શકે ? સર્વજ્ઞ ભગવંતોએ પોતાના કેવલજ્ઞાનથી જગતના સ્વરૂપને જાણીને વિસ્તૃત જ્ઞાન જગતને આપ્યું. તેથી દૃષ્ટિ વિશદ બને છે, વૈરાગ્ય વૃદ્ધિ પામે છે.

ચાર્વાક વિના સર્વ દર્શનકારો કર્મતત્ત્વને જુદી જુદી રીતે સ્વીકારે છે.

જગતકર્તા ઈશ્વર છે એવું માનનારા ન્યાય વૈશેષિક દર્શનકારોએ પણ ધર્મ-અધર્મ નામના બે ગુણોને સ્વીકારી કર્મની માન્યતાને સ્વીકૃત કરી છે.

સાંખ્યદર્શનમાં 'પુરુષ અને પ્રકૃતિ' એમ બે તત્વ માની પ્રકૃતિને જ સંસારની લીલાની સર્જક બતાવી છે. પ્રકૃતિનો સંયોગ તે સંસાર અને પ્રકૃતિનો વિયોગ તે મોક્ષ એમ માનેલું છે. આ પ્રકૃતિ એ જ શબ્દાન્તરથી કર્મ !

બૌદ્ધદર્શનમાં અંગુતરનિકાય અને ધમ્મપદ નામના બૌદ્ધશાસ્ત્રોમાં ઉલ્લેખાયેલ માનસિક, વાચિક અને કાયિક ચેતના એ જ કર્મ છે.

મીમાંસક દર્શનમાં 'અવિદ્યા' શબ્દથી કર્મને સ્વીકૃત કર્યું છે. નિત્ય નૈમિત્તિક ક્રિયાઓ દ્વારા આ જીવ પ્રતિક્ષણે કર્મ બાંધે છે, જ્ઞાનસારમાં કહેવાયું છે.

साम्यं बिभर्ति यः कर्म विपाकं हृदि चिन्तयन्

स एव स्यात् चिदानन्द - मकरन्दमघुव्रतः

(કર્મ વિપાકને ચિંતવતો જે ચિંતક હૃદયમાં સમતા ધારણ કરે છે તે જ ચિદાનન્દ રૂપી મકરંદને માણનારો ભ્રમર બને છે.)

જિંદગીનાં અનેક પાસાંઓ ક્યા કર્મનો વિપાક છે; તે કર્મ મન-વચન-કાયાની કેવી સારી-નરસી પ્રવૃતિ વૃતિથી બંધાય છે તે શીખવતો શ્રેષ્ઠ ગ્રન્થ એટલે 'કર્મવિપાક' નામનો પ્રથમ કર્મગ્રંથ.

## કર્મવિપાક-પ્રથમ કર્મગ્રંથ

આત્મા પ્રતિસમયે જે કર્મ બાંધે છે તેના મૂલથી આઠ ભેદો છે. એક એક કર્મના ઉત્તરભેદો ગણતાં આઠે કર્મના એકસો અઠ્ઠાવન ભેદો છે. આઠ કર્મોમાંથી આયુષ્ય વિનાનાં ૭ કર્મો આ આત્મા નવમા ગુણઠાણા સુધી પ્રતિસમયે અવશ્ય બાંધે છે. આયુષ્ય કર્મ ભવમાં એક જ વાર બંધાય છે.

(૧) આત્મા જ્યારે કર્મ બાંધે છે ત્યારે જે કર્મમાં આત્મા એવું સામર્થ્ય ઉત્પન્ન કરે છે. તે કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે આત્મામાં રહેલી વિશેષધર્મને જાણવાની જ્ઞાનશક્તિને તે કર્મ આવૃત કરે તેવા પ્રકારના, જ્ઞાનને આવૃત કરવાના સ્વભાવવાળા કર્મને જ્ઞાનાવરણીય કર્મ કહેવાય. જ્ઞાનના પાંચ ભેદો છે. તે આંખે બાંધેલા પાટા જેવુ છે.

(૨) વિષયને સામાન્યપણે જાણવું તે દર્શન. તેને આવરણ કરનારું જે કર્મ તે દર્શનાવરણીય કર્મ કહેવાય. તેના નવ ભેદો છે. તે કર્મ દ્વારપાલ જેવું છે.

(૩) આત્માને સુખ દુ:ખનો અનુભવ કરાવે તે વેદનીયકર્મ કહેવાય. તેના બે ભેદો છે. તે મધથી લેપાયેલી તલવારની ધાર જેવું છે.

(૪) આત્માને સંસારમાં મોહ પમાડે, અવિવેકી બનાવે, અકર્તવ્યો કરાવે તે મોહનીય કર્મ. તેના મુખ્ય બે ભેદ : દર્શન મોહનીય અને ચારિત્રમોહનીય. તે મદિરા જેવું છે.

(૫) જીવને પોતપોતાના ભવમાં જકડી રાખે, નીકળવા ન દે તે આયુષ્યા કર્મ. તેના ચાર ભેદ, તે કર્મ પગમાં નંખાયેલી બેડી તુલ્ય છે.

(૬) જીવને સાંસારિક શરીર તથા શરીરસંબંધી સામગ્રી આદિ અપાવનારું જે કર્મ તે નામકર્મ. તેના ૪૨ ૯૩. ૧૦૩, ૬૭ ભેદો છે. આ કર્મ ચિતારા જેવું છે.

(૭) જે કર્મ આત્માને ઉંચા-નીચા કુલમાં જન્મ અપાવે તેના બે ભેદ છે આ કર્મ કુંભાર જેવું છે.

(૮) આત્માને દાન, લાભ આદિ ગુણોમાં વિઘ્ન કરનારું જે કર્મ તે અંતરાયકર્મ. આ કર્મ રાજાના ભંડારી તુલ્ય છે.

## ૮ કર્મોનો ઉપન્યાસ ક્રમ

તમામ કર્મોનો ઉપન્યાસ જાણવો જરૂરી છે. આત્મામાં અનંત ગુણો છે તેમાં જ્ઞાન, દર્શન બે ગુણો મુખ્ય છે; કારણ કે આત્મા જ્ઞાન, દર્શન વડે જ પ્રથમ વસ્તુને યથાર્થપણે જાણી શકે છે. જાણ્યા વિના યથાર્થ પ્રવૃત્તિની નિવૃતિ થતી નથી. આ રીતે શેષ કર્મોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય પ્રથમ કહ્યા.

આ બે કર્મો ઉદયમાં આવે ત્યારે આત્મા આંધળો, બહેરો, બુદ્ધિહીન થવાથી દુ:ખી થાય છે. તે કર્મોની મંદતા. (તીવ્ર) શીઘ્રતા હોતે છતે સુખ અને દુ:ખ આપનારું ત્રીજું વેદનીયકર્મ છે.

વેદનીયકર્મના ઉદયથી સુખકાળે જીવને રાગ ને દુઃખકાળે દ્વેષ થાય. આ મોહના પ્રકાર છે તેથી વેદનીય કર્મ પછી મોહનીયકર્મ. મોહનીયકર્મને આધીન થયેલો આત્મા રાગાદિની પરવશતાને કારણે ચારે ગતિના આયુષ્યો બાંધે છે માટે મોહનીય પછી આયુષ્યકર્મ કહ્યું છે. આયુષ્યકર્મ સાથે જ નામકર્મ ઉદયમાં આવે છે. આત્મા જે ગતિને યોગ્ય આયુષ્ય બાંધતો હોય તે - તે ભવને યોગ્ય નામકર્મની પ્રકૃતિઓ ઉદયમાં આવે છે. નામકર્મ આયુષ્યકર્મને અનુસરનારું હોવાથી આયુષ્ય પછી નામકર્મ કહ્યું, નામકર્મની જે પુણ્ય (શુભ) અથવા પાપ (અશુભ) પ્રકૃતિઓ ઉદયમાં આવે તે અનુસારે ઉચ્ચગોત્ર, નીચગોત્ર ઉદયમાં આવે છે. તેથી નામકર્મ પછી ગોત્રકર્મ કહ્યું. ગોત્રકર્મના ઉદયવાળાને અંતરાય કર્મનો ઉદય અનુક્રમે મંદ ને તીવ્ર હોય છે તેથી ગોત્રકર્મ પછી જ અંતરાયકર્મ કહ્યું. આ પ્રમાણે આઠે કર્મોનો ઉપન્યાસનો ક્રમ સહેતુક છે.

**કર્મ અને કર્મબંધ :-** મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ કર્મબંધના ચાર મુખ્ય બંધ હેતુઓ છે. આ ચાર બંધ હેતુઓથી જીવ પ્રતિસમયે સાત અથવા આઠ કર્મ બાંધે છે. વિશેષ હેતુઓ વિવક્ષિત એક એક કર્મ આશ્રયી જાણવું જરૂરી છે.

જ્ઞાની, જ્ઞાન અને જ્ઞાનનાં સાધનો પ્રત્યે અનિષ્ટ આચરણ કરવાથી, અપલાપ કરવાથી, દ્વેષ, અંતરાય કરવાથી આત્મા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ બાંધે છે.

ગુરૂની ભક્તિ, વ્રતપાલન, કષાયવિજય દાનગુણ, ધર્મકાર્યમાં દઢતા ઈત્યાદિ શુભાચારથી સાતા વેદનીય અને વિપરિત આચરણથી આત્મા અસાતા વેદનીય કર્મ બાંધે છે.

ઉન્માર્ગની દેશના આપવાથી, દેવદ્રવ્યનું હરણ કરવાથી, પરમાત્મા કે ચતુર્વિધ સંઘનો વિરોધી જીવ દર્શનમોહનીય કર્મ બાંધે છે.

કષાય અને હાસ્યાદિને પરવશ આત્મા ચારિત્ર મોહનીય કર્મ બાંધે છે.

મહારંભી, પરિગ્રહમાં રક્ત, રૌદ્ર પરિણામવાળો આત્મા નરકાયુષ્ય બાંધે છે. ગૂઢ હૃદયવાળો - લુચ્ચો - ૩ પ્રકારનાં શલ્યવાળો જીવ તિર્યંચાયુ બાંધે છે. અલ્પકષાયી, દાનની રુચિવાળો મનુષ્યાયુષ્ય બાંધે છે. અવિરતિ આદિ, અકામનિર્જરા અને અજ્ઞાનતપવાળો આત્મા દેવાયુષ્ય બાંધે છે.

નિરાભિમાની, જિનભક્તિમાં રક્ત આત્મા ઉચ્ચગોત્ર અને તેનાથી વિપરીત વર્તનવાળો આત્મા નીચગોત્ર બાંધે છે.

પરમાત્માની પૂજા આદિ કાર્યોમાં વિઘ્ન કરનારો, હિંસાદિ કાર્યોમાં પરાયણ આત્મા અંતરાયકર્મ બાંધે છે.

## કર્મસ્તવ : બીજો કર્મગ્રંથ

અદ્‌ભુત છે જૈનશાસન. એણે આત્માની ઓળખ કરાવી છે. આત્માના સ્વરૂપનો પરિચય કરાવ્યો છે, એ સ્વરૂપમાં ભળેલી વિકૃતિઓ અને એનાં કારણો, પહેલાં કર્મગ્રંથમાં જોઈ ગયા, કેટલેક અંશે વિકૃતિઓનો હ્રાસ થવાથી આત્મિક વિકાસ સાધતો ૧૪ ગુણસ્થાનકવર્તી જીવોને વિષે બંધ-ઉદય-ઉદીરણા અને સતાની વિચારણા આ બીજા કર્મગ્રંથમાં કરવાની છે.

**બંધ :** મિથ્યાત્યાદિ બંધ હેતુઓ વડે કાર્મણ વર્ગણાના પુદગલોનો આત્માની જોડે ક્ષીરનીરવત્ પરસ્પર સંબંધ થવો તે બંધ.



www.jaintatvagyanshala.org

**ઉદય :** અપવર્તનાદિ કરણવિશેષથી ઉદયમાં આવેલા કર્મ પુદ્‌ગલોના ફળને ભોગવવા તે ઉદય.

**ઉદીરણા :** જે ઉદયમાં આવ્યા નથી તેવા કર્મપુદ્‌ગલોને જીવના સામર્થ્યવિશેષથી ઉદયાવલિકામાં પ્રવેશ કરાવી ભોગવવા તે ઉદીરણા.

**સત્તા :** બંધ કે સંક્રમથી જે સ્વરૂપે જે કર્મ થયેલ છે તે જ કર્મનો સંક્રમણ કે નિર્જરાથી ક્ષય થયો નથી ત્યાં સુધી જે સદ્‌ભાવ તે સત્તા.

**ગુણસ્થાનક** = ગુણ જે જ્ઞાનાદિ તેહનું સ્થાનક એટલે શુદ્ધિ-અશુદ્ધિથી કરાયેલો જે ભેદ તે ગુણસ્થાનક કહેવાય.

## ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ

**(૧) મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક :-** મિથ્યા એટલે વિપરીત સમજણ. તે મિથ્યાદષ્ટિ એવા જીવનું જે ગુણસ્થાનક તે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક, મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી સુદેવાદિ ઉપર જીવની દષ્ટિ કુદેવાદિ રૂપ અને કુદેવાદિ ઉપર સુદેવાદિ રૂપ બની જાય છે. આ ગુણસ્થાનકનો કાળ અભવ્ય આત્માને અનાદિઅનંત, જે ભવ્યાત્માઓ હજી સમ્યક્ત્વ પામ્યા જ નથી તેઓને અનાદિસાંત, અને સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે આવેલા જીવોને સાંદિ સાંત છે અને તે જઘન્યથી અંતર્મુહૂર્ત ને ઉત્કૃષ્ટથી દેશોન્ અર્ધપુદ્‌ગલપરાવર્ત છે.

**(૨) સાસ્વાદન સમ્યગ્‌દષ્ટિ ગુણસ્થાનક :-** સમ્યક્ત્વનો જે રસ તેના યત્કિંચિત્ પણ આસ્વાદની સાથે જે વર્તે તે સાસ્વાદન. આ ગુણસ્થાનકની પ્રાપ્તિ ૧ લા ગુણસ્થાનકથી થતી નથી પરંતુ પહેલા ગુણસ્થાનકે રહ્યો છતો જીવ ત્રણ કરણ કરીને ઔપશમિક સમ્યક્ત્વ પામી ૪થું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે અને ત્યાંથી પડતાં આ બીજું ગુણસ્થાનક આવે છે. અનાદિ કાળથી ભટકતો આ જીવ તેની તથાભવ્યતા પાકવાથી નદી-ગોળઘોલના ન્યાયે તેનાં આત્મપરિણામ કંઈક શુદ્ધ બને છે. તેને યથાપ્રવૃતકરણ કહેવાય છે. આયુ વર્જિત ૭ કર્મની સ્થિતિ ૧ કોડાકોડી સાગરોપમમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હીન સ્થિતિ કરે તે યથાપ્રવૃતકરણ. આ કરણ સુધી અભવ્ય જીવ અનંતીવાર આવે છે; પણ આગળ વધી શકતો નથી જ્યારે ભવ્ય જીવ ત્યાં રાગ દ્વેષની ગાંઠ ભેદવા રૂપ અપૂર્વ કાર્ય કરે છે, માટે તેનું નામ અપૂર્વકરણ. તે જ કાળે કર્મોને હળવાં કરવા સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, અપૂર્વસ્થિતિબંધ આ ચાર અપૂર્વ કાર્યો કરે છે. પછી તે અનિવૃતિકરણમાં પ્રવેશ કરે છે. અનિવૃતિકરણ એટલે કે જ્યાં પરિણામની તરતમતા નથી અથવા સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા વિના પાછો ન ફરે તેવો આત્માનો જે અધ્યવસાય તેનું નામ અનિવૃતિકરણ. અનિવૃતિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે મિથ્યાત્વના ઉદયને અટકાવવા અંતરકરણ કરે. અંતરકરણના પહેલા સમયે જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામે. તેનો કાળ અંતર્મુહુર્ત પ્રમાણ છે. આ કાળમાં ઉપરની સત્તાની સ્થિતિના ત્રણ પુંજ કરે છે. મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ. જો અશુદ્ધ પુંજનો ઉદય થાય તો પડીને સાસ્વાદન થઈને મિથ્યાત્વે જાય. મિશ્ર પુંજનો ઉદય થાય તો મિશ્ર ગુણઠાણું પામે. શુદ્ધ પુંજનો ઉદય થાય તો ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે. બીજુ ગુણસ્થાનક જઘન્યથી ૧ સમય અને ઉત્કૃત્થી ફક્ત ૬ આવલિકા કાળ જ ટકે છે.

**૩. મિશ્રદષ્ટિ ગુણસ્થાનક :-** આ ગુણસ્થાનક સમ્યક્ત્વથી પડતા ત્રણ પુંજમાંથી મિશ્રમોહનીયનો ઉદય શરૂ થાય તો તે જીવને આ ગુણસ્થાનક કહેવાય છે. તેનો જઘન્ય - ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત જ કાળ છે.



www.jaintatvagyanshala.org

**૪. અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક :-** જિનપ્રણિત તત્વો પર શ્રદ્ધાવાળો જીવ તે સમ્યગ્દૃષ્ટિ, જિનવચન દ્વારા વિરતિને માનવા છતાં અપ્રત્યાખાનીય કષાયના ઉદયથી વિરતિ ધર્મને સ્વીકારી શકતો નથી તેવો જીવ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ. તેનું સ્થાનક તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણ સ્થાનક.

આ ગુણસ્થાનકે ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, આ ત્રણમાંથી કોઈપણ એક સમ્યક્ત્વ હોય છે.

૧. મિથ્યાત્વ મોહનીય કર્મના પ્રદેશ અને વિપાક બંને પ્રકારના ઉદયના અભાવથી ઉત્પન્ન થતું સમ્યક્ત્વ તે ઔપશમિક સમ્યક્ત્વ.

૨. મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધિ કષાયના ક્ષયોપશમથી ઉત્પન્ન થતું સમ્યક્ત્વ તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ.

૩. અનંતાનુબંધિ કષાયને દર્શનત્રિક આ સાતેના ક્ષયથી ઉત્પન્ન થયેલ સમ્યક્ત્વ તે ક્ષાયિક સમ્યક્ત્વ.

આ ગુણસ્થાનકનો કાળ જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટથી સાધિક ૩૩ સાગરોપમ છે.

**૫. દેશવિરતિ ગુણસ્થાનક :-** સમ્યગ્દર્શન દ્વારા વિરતિને સમજી સર્વવિરતિને ઈચ્છતો પરંતુ પ્રત્યાખાનીય કષાયના ઉદયથી સર્વવિરતિને ન સ્વીકારી શકતો, શક્તિ મુજબ દેશથી વિરતિને સ્વીકારે તે દેશવિરતિ. તેનું ગુણસ્થાનક તે દેશવિરતિ ગુણસ્થાનક.

આ ગુણસ્થાનકનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટિ વર્ષ છે.

**૬. પ્રમત્ત સંયત ગુણસ્થાનક :-** સર્વ સાવદ્ય યોગથી અટકે તે સંયત. પ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી સંયતપણું પ્રાપ્ત થાય છે. સંયમ હોવા છતાં ક્યારેક સંજવલન કષાય કે નિદ્રાના ઉદયથી સંયમના યોગોમાં જે પ્રમાદ કરે તે પ્રમત્ત. પ્રમત્ત એવા સંયતનું ગુણસ્થાનક તે પ્રમત સંયત ગુણસ્થાનક.

આ ગુણસ્થાનકનો કાળ જઘન્યથી ૧ સમય ને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.

**૭. અપ્રમત્ત સંયત ગુણસ્થાનક :-** નિદ્રા વિકથાદિ પ્રમાદ વિનાના મુનિનું ગુણસ્થાનક તે અપ્રમત ગુણ-સ્થાનક. અહીં સંયમની વિશુદ્ધિ તથા વિશિષ્ટ તપ ધ્યાનાદિના પ્રભાવથી કર્મક્ષપણા કરતાં વિશુદ્ધિસ્થાન પર આરુઢ થાય છે.

આ ગુણસ્થાનકનો કાળ જઘન્યથી ૧ સમય ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.

**૮. અપૂર્વકરણ ગુણસ્થાનક :-** આત્માના કરણ એટલે કે અધ્યવસાયો જ્યાં વર્તે છે તે અપૂર્વકરણ ગુણસ્થાનક કહેવાય છે. આ ગુણસ્થાનકે આવેલો આત્મા અપૂર્વ અધ્યવસાયોના બળે કદાપિ ન કરેલા એવા અપૂર્વ પાંચ કાર્યો કરે છે. (૧) સ્થિતિઘાત (૨) રસઘાત (૩) ગુણશ્રેણી (૪) ગુણસંક્રમ (૫) અપૂર્વસ્થિતિબંધ. આ પાંચ કાર્યો પૂર્વે કદાપિ ન કર્યાં હોય તેવાં કાર્યો આ જીવ કરે છે; માટે આ ગુણસ્થાનકનું નામ અપૂર્વકરણ કહેવાય છે. આ અપૂર્વકરણ ગુણસ્થાનક બે રીતે હોય છે.

૧. આત્મા મોહનીય કર્મને ઉપશમાવતો ચડે તે ઉપશમશ્રેણી

૨. મોહનીય કર્મનો વિનાશ કરતાં જે આત્મા ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં ચડે તે ક્ષપકશ્રેણી.

આ ગુણસ્થાનકનો કાળ જઘન્યથી ૧ સમય ને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. આના કોઈપણ એક સમયમાં રહેલા વિવિધ જીવોના અધ્યવસાયમાં તરતમતા હોઈ શકે છે; તેથી આ ગુણસ્થાનકને નિવૃત્તિ ગુણસ્થાનક પણ કહેવાય છે.

**૯. અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનક :-** આ ગુણસ્થાનકે આવેલા જીવોના અધ્યવસાય, વિશુદ્ધિ સરખી જ હોય છે એક સમયમાં પરસ્પર તરતમતા અર્થાત નિવૃતિ અહીં નથી; તેથી આ ગુણસ્થાનકનું નામ અનિવૃતિ-કરણ કહેવાય છે. હવે પછીના ગુણસ્થાનકમાં સૂક્ષ્મ કષાયનો ઉદય આવવાનો છે તેની અપેક્ષાએ અહીં બાદર કષાયનો ઉદય છે તેથી આ ગુણસ્થાનકને અનિવૃતિ બાદર સંપરાય ગુણસ્થાનક પણ કહ્યું છે. જઘન્યથી ૧ સમય ને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. અહીં ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણી આશ્રયી કાળ આઠમા ગુણસ્થાનકની જેમ સમજવો.

**૧૦. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક :-** સૂક્ષ્મ કિટ્ટીરૂપે કરાયેલા લોભ કષાયનો ઉદય છે જેને, તે સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક ક્ષપક જીવ સૂક્ષ્મ લોભનો સર્વથા ક્ષય કરે છે અને ઉપશામક જીવ સૂક્ષ્મ લોભનો સર્વથા ઉપશમ કરે છે. જઘન્યથી ૧ સમય ઉત્કૃત્થી અંતર્મુહૂર્ત.

**૧૧. ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક :-** ચારિત્રમોહનીય કર્મ સર્વથા ઉપશાંત થયુ છે તેથી પ્રાપ્ત કર્યુ છે વીતરાગપણું, પણ જ્ઞાનાવરણીય ઘાતી કર્મના ઉદયથી છદ્મસ્થપણુ બાકી છે તેવા જીવનું ગુણસ્થાનક તે ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક છે. જઘન્યથી ૧ સમય ને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. આ ગુણસ્થાનકથી બે રીતે પતન થાય છે : (૧) ભવક્ષયથી (૨) કાળક્ષયથી.

આ ગુણસ્થાનકે માત્ર ઉપશમશ્રેણિવાળા જીવો આવે છે ક્ષપકશ્રેણિવાળા જીવો આવતા નથી.

**૧૨. ક્ષીણ કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક :-** ચારિત્રમોહનીય કર્મના સર્વથા ક્ષયથી પ્રાપ્ત થયું છે વીતરાગપણું પણ ત્રણ ઘાતીકર્મના ઉદયથી છદ્મસ્થપણું જેઓને છે તે જીવોનું આ ગુણસ્થાનક છે. દસમા ગુણસ્થાનકના અંતિમ સમયે સૂક્ષ્મ લોભનો ક્ષય થઈ જાય તેથી અનંતર સમયે આ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. આ ગુણસ્થાનક ક્ષપક શ્રેણિમાં પ્રાપ્ત થાય, ક્ષપકજીવ ૧૦મા ગુણસ્થાનકથી ૧૨ મે આવે છે. તેનો જઘન્ય, ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

આ ગુણસ્થાનકના અંતે જ્ઞાનાવરણ-દર્શનાવરણ ને અંતરાયકર્મનો ક્ષય કરી અનંતર સમયે કેવલજ્ઞાન-કેવલદર્શન પ્રકટ કરતો હોવાથી સયોગી કેવલી ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે.

**૧૩. સયોગિ કેવલી ગુણસ્થાનક :-** મન-વચન-કાયારૂપ સાધનો દ્વારા જીવના જે વીર્યનો ઉપયોગ તે મનોયોગ-વચનયોગ-કાયયોગ. આ ત્રણે યોગ જેને વર્તે તેવા સયોગી અને કેવલજ્ઞાન, કેવલદર્શન જેઓને છે તે કેવલી સયોગી કેવલજ્ઞાનીનું જે ગુણસ્થાનક તે સયોગી કેવલી ગુણસ્થાનક. સયોગિ કેવલી ભગવંતોને કાયયોગ વિહાર-ઉન્મેષ - નિમેષાદિમાં પ્રવર્તે, વચનયોગ દેશનાદિમાં પ્રવર્તે, મનોયોગ મનઃપર્યવજ્ઞાની ને અનુત્તરવાસી દેવોએ મનથી પૂછેલા પ્રશ્નોના મનથી ઉત્તર આપવામાં વર્તે છે.

જઘન્યથી અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટથી દેશોન્પૂર્વકોટિ છે છેલ્લા અંતર્મુહૂર્તમાં આયોજિકાકરણ, સમુદ્ઘાત ને યોગનિરોધ થાય. આયોજિકાકરણ કેવલજ્ઞાની અત્યંત પ્રશસ્ત મન-વચન-કાયાનો વ્યાપાર છે. વેદનીયાદિ કર્મોની સ્થિતિ આયુષ્યથી અધિક હોય છે, તેને સમાન કરવા સમુદ્ઘાત કરાય છે. લેશ્યાનાં નિરોધ માટે, યોગ નિમિત્તે થતા કર્મના બંધને અટકાવવા યોગનિરોધ કરે છે યોગનિરોધ થઈ જતાં અનંતર સમયે જીવ અયોગિ કેવલી ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે.

**૧૪. અયોગી કેવલી ગુણસ્થાનક :-** મન વચન કાયાના સૂક્ષ્મ કે બાદર કોઈપણ પ્રકારના યોગ જ્યાં

જરાપણ પ્રવર્તતા નથી તેવા કેવલજ્ઞાની ભગવંતનું ગુણસ્થાનક અયોગિકેવલિ ગુણસ્થાનક છે. આને શૈલેશીકરણ કહેવાય છે. આ ગુણસ્થાનકનો કાળ મધ્યમ રીતે પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારના કાળ જેટલો છે. આ ગુણસ્થાનકે કર્મબંધના કોઈપણ હેતુ યાવત્ યોગ નથી. નવા કર્મ બંધાતા નથી ને જૂના કર્મના દલિક ગુણશ્રેણિ રૂપે ગોઠવાયેલા ઉદય દ્વારા ભોગવાતા ચરમ સમયે સર્વ કર્મક્ષય થઈ જતાં, અનંતર સમયે સંસાર ચક્રમાંથી હંમેશ માટે છૂટીને ઉર્ધ્વલોકના અંતે સિદ્ધશીલા પર પહોંચી જાય છે.

આ પ્રમાણે ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ પૂર્ણ થયું.

## તૃતીય કર્મગ્રંથ : બંધસ્વામિત્વ

આ ત્રીજા કર્મગ્રંથમાં ૬૨ માર્ગણામાં વર્તતા જીવો કેટલી કેટલી કર્મપ્રકૃતિઓના બંધના સ્વામી છે એ વિષય સમજાવવામાં આવેલ છે તે કારણથી આ કર્મગ્રંથનું નામ 'બંધસ્વામિત્વ' છે;

ગત્યાદિ માર્ગણાઓને વિશે કઈ કઈ માર્ગણામાં રહેલા જીવો કયા કયા ગુણઠાણે કેટલી કેટલી કર્મપ્રકૃતિ બાંધે છે તે પણ અહીં કહેવામાં આવેલું છે.

આ કર્મગ્રંથમાં જીવો કર્મની પ્રકૃતિઓ બાંધીને તેનું સ્વામિપણું ભોગવતાં એને સંવેદના થાય છે જેથી મોક્ષ તરફ જવાની તીવ્ર અભિલાષા જાગે છે; દા.ત. તિર્યંચગતિનો જીવ ૧૧૭ પ્રકૃતિના બંધનુ સ્વામિપણુ ભોગવે ત્યારે એને પ્રચંડ સંવેદના થવાના કારણે મોક્ષ તરફ ગતિ કરવાનું મન પ્રેરાય છે.

બંધાયેલી કર્મપ્રકૃતિમાં આત્મ પરિણામને અનુસારે તેમાં ઘણા ફેરફાર થાય છે. કોઈ વખત ઉદ્દ્વર્તના, અપવર્તના. સંક્રમણ ઉદીરણા, ઉપશમના, નિધત્તિ, નિકાચના : આ બધા ફેરફારો આત્માના શુભાશુભ પરિણામને લીધે કર્મની ઉદિત ને અનુદિત અવસ્થામાં થાય છે. બળવાન આત્મા પુરુષાર્થથી કર્મના નિમિત્તથી છૂટી જાય છે. નિર્બળ આત્મા કર્મથી બંધાઈ કર્મની પરંપરા ઉત્પન્ન કરે છે. જ્ઞાન અને અજ્ઞાની આત્મામાં પણ ઉદિત કર્મને ખપાવવામાં તરતમતા હોય છે.

## ચતુર્થ કર્મગ્રંથ : ષડ્શીતિ

આ કર્મગ્રંથમાં ૮૬ ગાથાનો સમાવેશ થતો હોવાથી આ ગ્રંથનું 'ષડ્શીતિ' નામ રાખેલ છે. તેમજ આ કર્મગ્રંથમાં નીચેનાં વિષયોનો સમાવેશ થાય છે :

૧. **જીવસ્થાનક વિશે** :- ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા બંધ, ઉદય, ઉદીરણા સતા - ૮ દ્વાર

૨. **માર્ગણાસ્થાનક વિશે** :- જીવભેદ, ગુણસ્થાનક, યોગ ઉપયોગ, લેશ્યા, અલ્પબહુત્વ - ૬ દ્વાર

૩. **ગુણસ્થાનક વિશે** :- જીવસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધહેતુ, બંધ, ઉદય, ઉદીરણા, સતા, અલ્પબહુત્વ - ૧૦ દ્વાર

૪. ઉપશમાદિ છ ભાવો

૫. સંખ્યાત, અસંખ્યાત, અનંતનું સ્વરૂપ.

તેમાં ઉપશમાદિ છ ભાવોના સ્વરૂપ આ પ્રમાણે છે.



www.jaintatvagyanshala.org

વિશિષ્ટ હેતુઓ વડે જીવોનું કર્મના ઉપશમાદિ દ્વારા તે તે રૂપે થવું તે ભાવ, આ ભાવ પાંચ પ્રકારના છે : (૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) ક્ષાયોપશમિક (૪) ઔદયિક (૫) પારિણામિક

અને પાંચ ભાવોના સંયોગથી ઉત્પન્ન થતો છઠ્ઠો સાન્નિપાતિક ભાવ.

૧. **ઔપશમિક ભાવ** :- મોહનીય કર્મના સર્વ ઉપશમથી એટલે કે વિપાક તથા પ્રદેશ બંને પ્રકારના ઉદયના વિષ્કંભથી (નિરોધથી) થતો જીવનો ભાવ તે ઔપશમિક ભાવ.
   બે પ્રકારે ૧. સમ્યક્ત્વ ૨. ચારિત્ર.
૨. **ક્ષાયિક ભાવ** :- કર્મના સર્વથા ક્ષયથી ઉત્પન્ન થતો ભાવ. આ ભાવ નવ પ્રકારે.
   કેવલજ્ઞાન, કેવલદર્શન, દાનાદિ પાંચલબ્ધિ, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર.
૩. **ક્ષાયોપશમિક ભાવ** :- કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો ભાવ તે ક્ષાયોપશમિક ભાવ.
   આ ભાવ ૧૮ પ્રકારે
   ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન, પાંચ લબ્ધિ.
   સમ્યક્ત્વ, દેશવિરતિ સર્વવિરતિ.
૪. **ઔદયિક ભાવ** :- શુભ અશુભ કર્મપ્રકૃતિના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ તે ઔદયિક ભાવ.
   તેના ૨૧ ભેદ
   મિથ્યાત્વ, અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, છ લેશ્યા, ચાર કષાય, ચાર ગતિ, ત્રણ વેદ.
૫. **પારિણામિક ભાવ** :- જીવ અને અજીવોએ જીવત્વાદિ સ્વભાવને અનુભવવો તે પારિણામિક ભાવ.
૬. ઔપશમિકાદિ ભાવોના દ્વિસંયોગાદિ ભેદો સાન્નિપાતિક ભાવ કહેવાય છે.'

**સંખ્યાત-અસંખ્યાત-અનંતનું સ્વરૂપ**

સંખ્યાતુ ૧ હોય; અસંખ્યાતુ પરિત, યુક્ત ને અસંખ્યાત અસંખ્યાતુ એમ ૩ પ્રકારે, એવી રીતે અનંતુ પણ ૩ પ્રકારે પરિતઅનંતુ, યુક્તઅનંતુ, અનંતાનંતુ : એ સર્વે (૭ ભેદો) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદવાળા છે.

અસંખ્યાતની સંખ્યા એટલી બધી મોટી છે કે આપણે સંખ્યાના આંકડા વગેરેથી ગણી શકીએ નહીં; તેથી તેને સમજવા માટે કલ્પનાનો સહારો લેવો પડે છે; અને તે કલ્પના આ મુજબ છે.

ચાર પ્યાલાની કલ્પના કરીએ. ચારેના નામ નીચે મુજબ છે.

(૧) અનવસ્થિત (૨) શલાકા (૩) પ્રતિશલાકા (૪) મહાશલાકા

અવસ્થિત પ્રમાણે ૧ હજાર યોજન ઊંડા, ૮ યોજનની જગતીની ઉંચાઈ અને તેની ઉપર બે ગાઉ ઉંચી પદ્મવર વેદિકા સહિત સરસવથી ભરવો તે પછી અવસ્થિત પ્યાલો ઉપાડીને દ્વીપ અને સમુદ્રમાં એકેક સરસવ નાખીને પહેલો પ્યાલો ખાલી થયે છતે પહેલા પ્યાલાની જેમ તેના અંત સુધી અનવસ્થિત પ્યાલો ભરીએ તેને પણ તેમ જ બાકીના દ્વીપ સમુદ્રે એકેક સરસવ નાખીને ખાલી કરે છતે શલાકા પ્યાલામાં એકેક સરસવ નાંખીએ એ પ્રમાણે સરસવ નાખવા વડે બીજો પ્યાલો પૂર્ણ થાય તે પછી પૂર્વની જેમ શલાકા પ્યાલો ઉપાડીને ત્યાંથી આગળના દ્વીપ અને સમુદ્રે એકેક સરસવ મૂકીને તે શલાકા પ્યાલો ખાલી થયે છતે ત્રીજા પ્રતિશલાકા પ્યાલામાં એકેક સરસવ નાખીએ એવી રીતે પહેલા પ્યાલાઓ વડે શલાકા પ્યાલો ભરવો તે અનવસ્થિત ને શલાકા પ્યાલાઓ વડે ત્રીજો પ્રતિશલાકા પ્યાલો ભરવો તે અનવસ્થિત શલાકા ને પ્રતિશલાકા વડે ચોથો મહાશલાકા

પ્યાલો ભરવો યાવત્ નિશ્ચયે શિખા સહિત ભરેલા ચાર પ્યાલા થાય. (મહાશલાકા ભર્યા પછી પ્રતિશલાકા ભરીએ તે પછી શલાકા પ્યાલો ભરીએ એ ત્રણે જ્યાં ભરાઈ રહ્યા તે દ્વીપ સમુદ્ર જેટલી ભૂમિ ખણીને તેવડો અનવસ્થિત પ્યાલો કલ્પીને તેને સરસવે ભરીએ એટલે ચારે પ્યાલા પૂર્ણ ભરાણા).

પહેલા ૩ પ્યાલાઓ વડે ઉધરેલા દ્વીપ સમુદ્રોમાં નાખીને કાઢેલા સરસવો ને ૪ પ્યાલાના સરસવો એ સર્વે સરસવનો સમુહ એકત્ર કરીએ તેમાંથી એક સરસવ ઓછો કરીએ તો ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય. વળી એક રૂપ યુક્ત કરીએ તો જઘન્ય પ્રત્યેક અસંખ્યાતુ થાય. તેટલી સંખ્યાવાળા તેટલા ઢગલાનો પરસ્પર ગુણાકાર કરીએ તો જઘન્ય યુક્ત અસંખ્યાતુ થાય. આવલિકાના સમયનું પરિણામ છે એટલે ૧ આવલિકામાં તેટલા સમય હોય જઘન્ય પરિત અસંખ્યાતામાં એકાદિ સરસવ નાખીએ તો મધ્યમ પરિત અસંખ્યાતામાં ઉત્કૃષ્ટ પરિત અસંખ્યાતુ ન થાય ત્યાં સુધી જાણવું, જઘન્ય યુકત અસંખ્યાતનો બીજી વાર રાશિ અભ્યાસ કરતાં જઘન્ય અસંખ્યાત અસંખ્યાત, થાય તેનો ત્રીજીવાર રાશિ અભ્યાસ કરતાં જઘન્ય પરિત અનંતુ થાય. તેનો ચોથીવાર રાશિ અભ્યાસ કરતાં જઘન્ય યુક્ત અનંતુ થાય. તેનો પાંચમીવાર રાશિ અભ્યાસ કરતાં જઘન્ય અનંતાનંતુ થાય. ઉત્કૃષ્ટ અનંતાનંતુ પણ આ રીતે સમજી લેવું.

## પંચમ કર્મગ્રંથ : શતકનામા

આ કર્મગ્રંથમાં ૧૦૦ ગાથાનો સમાવેશ થતો હોવાથી આ ગ્રંથનું નામ શતકનામા રાખેલ છે, તેમ જ આ કર્મગ્રંથમાં,

ધ્રુવબંધી, ધ્રુવોદયી ધ્રુવસતા ઘાતી પુણ્ય પરાવર્તમાન અને તેની પ્રતિપક્ષી પ્રકૃતિ સહિત અધ્રુવબંધી, અધ્રુવોદયી, અધ્રુવસતા અઘાતી પાપ પ્રકૃતિ પરાવર્તમાન, ચાર પ્રકારે વિપાક દેખાડનારી (ક્ષેત્રવિપાકી, જીવ-વિપાકી, ભવ વિપાકી, પુદ્ગલ વિપાકી,)

બંધના પ્રકારો (પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ) તેમ જ ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય, જઘન્ય ઉત્કૃષ્ટ બંધના સ્વામી ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ વગેરેનો સમાવેશ થાય છે.

### ઉપશમ શ્રેણિનું સ્વરૂપ

ઉપશમ શ્રેણિનો કરનાર અપ્રમત સંયત જ હોય. તે પ્રથમ અનંતાનુબંધી ચાર કષાય અંતર્મુહૂર્તમાંહે ઉપશમાવે, કદાચ ઉપશમના ન હોય તે માટે વિસંયોજના કરે કે ખપાવે પછી સમ્યક્ત્વ, મિશ્ર, મિથ્યાત્વ રૂપ ત્રણ દર્શન મોહનીય સમકાળે ઉપશમાવે ત્યાં મિથ્યાત્વ ઉપશમાવીને અનંત સમયે મિથ્યાત્વના અનુદય થકી ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય પછી દેશવિરત, પ્રમત ને અપ્રમતે પણ મિથ્યાત્વ ઉપશમેલુ પામીએ. વેદક સમ્યક્ત્વ દૃષ્ટિ ત્રણે દર્શનમોહનીયને ઉપશામક હોય તે અપૂર્વ કરણ ગુણઠાણે ચઢતો તે ગુણઠાણના પહેલા ભાગે નિદ્રાને પ્રચલાનો બંધોચ્છેદ કરે તે ગુણઠાણાના છઠ્ઠા ભાગે દેવપ્રાયોગ્ય ૩૧ માંથી યશ વિના ૩૦ ના પ્રકૃતિને બંધથી ટાળે તે જ ગુણઠાણે ચરમ સમયે હાસ્યાદિ ચારનો બંધ ટળે. પછી જો પુરુષ આરંભતો હોય તો નપુસંકવેદ, સ્ત્રીવેદ, હાસ્યષટક ને પછી પુરુષવેદ ઉપશમાવે સ્ત્રી આરંભતી હોય તો પ્રથમ નપુંસકવેદ, પુરુષવેદ, હાસ્યષટક ને છેલ્લો સ્ત્રીવેદ ઉપશમાવે જો નપુંસક આરંભતો હોય તો પ્રથમ સ્ત્રીવેદ, પુરુષવેદ હાસ્યષટ્ક ને પછી નપુંસકવેદ

ઉપશમાવે ત્યાર પછી બે બે ક્રોધાદિ એકેક સંજવલન કષાયને આંતરે સરખે સરખા ઉપશમાવે, દા.ત. અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય એ બે ક્રોધ સમકાળે ઉપશમાવે ત્યાર પછી સંજવલનક્રોધ ઉપશમાવે. આ પ્રમાણે ચારે માટે સમજી લેવું. ત્યાં અંતે સંજવલન લોભ ઉપશમાવતો થકો તે લોભના ત્રણ ખંડ કરે, બે ભાગ ઉપશમાવે ને ત્રીજા ભાગના સંખ્યાતા ખંડ કરીને જુદા જુદા ઉપશમાવે તે ૧૦મે ગુણઠાણે ઉપશમાવે, ઉપશમ શ્રેણિ અપ્રમત સંયત જ પ્રારંભ કરે અને તેને તો અપ્રમત સંયતપણુ સાત પ્રકૃતિના ક્ષય તથા ઉપશમથી જ હોય, એ કષાયનો ઉપશામક ઉપશાંત કષાયાવસ્થાએ જઘન્યથી એક સમય ને ઉત્કૃષ્ટપણે અંતર્મૂહૂર્ત રહે પછી નિશ્ચયે પડે. તે પડતો કોઈક અપ્રમત્ત ગુણઠાણે રહે. કોઈક પ્રમત્ત, કોઈક દેશવિરતિ, કોઈક સમ્યક્‌ત્વે રહે, કોઈક સાસ્વાદને આવે અને ત્યાંથી મિથ્યાત્વે પણ આવે ને ભવક્ષયે પડે તો અનુત્તર વિમાને જાય. ત્યાં પહેલે સમયે જ સર્વે બંધોદયાદિક કરણ પ્રર્વતાવે. અગિયારમાંથી ચોથે ગુણઠાણે આવે. ઉત્કૃષ્ટપણે એક ભવમાં બે વાર ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરે. તેને તે ભવે ક્ષપકશ્રેણિ ન હોય.

એ ઉપશામક પ્રથમના ૩ સંઘયણવંત હોય. ઉપશમશ્રેણિથી પડીને પછી તે જ ભવે ચરમશરીરી શ્રપકશ્રેણિ કરે તો નિશ્ચયે વજ્રઋષભનારાચ સંઘયણવંત હોય. આ પ્રમાણે ઉપશમશ્રેણિનું સ્વરૂપ છે.

**ક્ષપકશ્રેણિનું સ્વરૂપ**

ક્ષપકશ્રેણિને પામતો મનુષ્ય ૮ વર્ષની ઉપરની વયવાળો અત્યંત શુદ્ધ પરિણામવંત અવિરત, દેશવિરત પ્રમત ને અપ્રમત એ ૪ માંહેનો કોઈ પ્રથમ અંતર્મુહૂર્તમાંહે અનંતાનુબંધી ચારને ખપાવે પછી મિથ્યાત્વ, મિશ્ર ને સમ્યક્‌ત્વ મો. ક્ષય કરે, સમ્યક્‌ત્વ મો. નો છેલ્લો સ્થિતિખંડ કરે થકે તે ક્ષપકને કૃતકરણ કહીએ એ અવસ્થાએ કોઈક કાળ કરી અનેરી ગતિમાં જાય.

જો કોઈક બદ્ધાયુ (ક્ષય કરવાને) પ્રારંભે ને અનંતાનુબંધી ક્ષય કર્યા પછી મરે તો ક્ષપણાથી વિરમે ત્યારે કોઈક મિથ્યાત્વના ઉદયમાં ફરીથી અનંતાનુબંધી બાંધે અને મિથ્યાત્વ જેણે ક્ષય કર્યું હોય તે જીવ અનંતાનુ-બંધી ન બાંધે. ૭ પ્રકૃતિના ક્ષયે વિશુદ્ધ પરિણામી વૈમાનિકમાં ઉપજે અને પતિત પરિણામની વિશુદ્ધિને અનુસારે અન્યગતિમાં જાય.

બદ્ધાયુ થકો કૃતકરણ અવસ્થામાં કાળ ન કરે તો ૭ પ્રકૃતિનો ક્ષય કરી તેટલે જ વિરમે. અબદ્ધાયુ ક્ષપકશ્રેણિ આરંભે તો સાતના ક્ષય પછી ચારિત્ર મો. ક્ષય કરવાને તત્પર થાય તે પછી હાસ્યાદિ ૬ ક્ષય કરે તે પછી છેલ્લા પુરુષવેદના ૩ ખંડ કરીને બે ખંડ સમકાળે ક્ષય કરે. ત્રીજો ખંડ સંજવલન ક્રોધમાં નાખે પુરુષવેદ આરંભે ત્યારે એ અનુક્રમ જાણવો. સ્ત્રી પ્રારંભે ત્યારે પ્રથમ નપુંસક વેદ, પુરુષવેદ પછી હાસ્યાદિકને તે પછી છેલ્લો સ્ત્રીવેદનો ક્ષય કરે. નપુંસક પ્રારંભે ત્યારે અનુદિત પ્રથમ સ્ત્રીવેદ, પુરુષવેદ તે પછી હાસ્યાદિ ૭ છેલ્લો નપુંસકવેદ ક્ષય કરે તે પછી સંજવલન ક્રોધનો ક્ષય કરે. તેનો અંશ રહે તે માનમાં નાખે. અનુક્રમે માન, માયા અને લોભમાં નાખે. તે પછી સંજલન લોભના બે ભાગનો ક્ષય કરે તેનો છેલ્લો અંશ રહે તેના અસંખ્યાત ખંડ કરીને જુદા જુદા કાળભેદે ક્ષય કરે. વળી છેલ્લો ખંડ તેના અસંખ્યાત ખંડ કરીને પ્રતિસમયે એકેક ખંડનો ક્ષય કરે. એમ અસંખ્યાતીવાર કરીને મૂળથી લોભનો ક્ષય કરે પછી ક્ષીણમોહના દ્વિચરમ સમયે બે નિદ્રા ને છેલ્લે સમયે જ્ઞાનાવરણ-૫, દર્શાનાવરણ-૪, અંતરાય-૫ ક્ષય કરીને કેવલજ્ઞાની કેવલદર્શાની થાય. એ સર્વ મોહનીયની પ્રકૃતિ પ્રત્યેક અંતર્મુહૂર્તે ક્ષય કરે અને શ્રેણિનો કાળ પણ અંતર્મુહૂર્તનો હોય. કારણકે અંતર્મુહૂર્તના અસંખ્યાત ભેદ છે. શ્રેણિથી માંડીને



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પ્રથમ એક જીવસિદ્ધ થાય તેનો કાળ પણ અંતર્મુહૂર્ત પછીથી નિરંતર સિદ્ધ થાય તો અંતમુહૂર્ત અને ૭ સમય. કારણકે વધુમાં વધુ ૮ સમય સુધી સિદ્ધ થાય છે તેમાં પહેલા સિદ્ધ થયેલા શ્રેણિના અંતર્મુહૂર્તમાં ગણાયા છે માટે તે પછી બાકીના ૭ સમય સુધી જ મોક્ષે જાય.

આ રીતે ક્ષપક શ્રેણિનું સ્વરૂપ છે.

(આ પાંચે કર્મગ્રંથના રચયિતા દેવેન્દ્રસૂરિ મ.સા. છે.)

## ષષ્ઠ કર્મગ્રંથ : સપ્તતિકા

સપ્તતિકા ગ્રંથકર્તા ચંદ્રમહત્તરાચાર્યે પૂર્વે ૭૦ ગાથા કરી હતી; તે માટે ગ્રંથનું સપ્તતિકા એવું નામ પડ્યું. ટીકાકર્તાએ ગ્રંથ દુર્બોધ જાણીને જો જત્થ ઈત્યાદિ ભાષ્યની ગાથાઓ ભેળવીને ગ્રંથને સુબોધ કર્યો. બંધ ઉદય અને સત્તા રૂપે પરિણમેલી કર્મપ્રકૃતિના સ્થાનોનો સંક્ષેપ, દૃષ્ટિવાદ નામના બારમા અંગના ઝરણારૂપ સારને કહેલ છે. દૃષ્ટિવાદને વિશે (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પ્રથમાનુયોગ (૪) પૂર્વગત (૫) ચૂલિકા એ પાંચ દ્વાર કહેલા છે. તેમાં ચોથો ભેદ જે પૂર્વગત છે તેમાં ૧૪ પૂર્વ છે. તેમાંનુ અગ્રાયણીય નામનુ પૂર્વ છે. તેમાં ૧૪ વસ્તુ છે તેમાંની પાંચમી વસ્તુમાં ૨૦ પ્રાભૃત છે. તેમાં કર્મપ્રકૃતિ નામે ચોથું પ્રાભૃત આવેલું છે. તે પ્રાભૃત ૨૪ અનુયોગવાળું છે. તેમાંનું જે ત્રીજું અનુયોગ બંધ ઉદયને સતારૂપ આવેલું છે. આ ગ્રન્થમાં મૂળકર્મ તથા તેની ઉત્તર પ્રકૃતિના બંધસ્થાનકો - ઉદયસ્થાનકો - સતાસ્થાનકો બંધભાંગા - ઉદયભાંગા - ઉદયપદ - પદવૃંદ તથા સંવેધ ભાંગાનુ વર્ણન જણાવેલ છે.

કોઈપણ એક કાલે એક જીવને એક સમયે બંધાતી પ્રકૃતિઓનો સમુદાય તે બંધસ્થાનક કહેવાય છે.

કોઈપણ એક કાલે એક જીવને એક સમયે વેદાતી પ્રકૃતિઓનો સમુદાય તે ઉદયસ્થાનક કહેવાય છે.

કોઈપણ એક કાલે એક જીવને એક સમયે સતામાં રહેલી પ્રકૃતિઓનો જે સમુદાય તે સતાસ્થાનક કહેવાય છે.

પ્રતિપક્ષી પ્રકૃતિઓનું વિભાગીકરણ કરવાપૂર્વક એક સમયે એક જીવને બંધાતી પ્રકૃતિઓનો સમુદાય તે બંધભાંગા કહેવાય છે.

પ્રતિપક્ષી પ્રકૃતિઓનું વિભાગીકરણ કરવાપૂર્વક એક સમયે એક જીવને વેદાતી પ્રકૃતિઓનો સમુદાય તે ઉદયભાંગા કહેવાય છે.

કોઈપણ એક ચોવીશીના કોઈપણ એક ભાંગામાં ઉદયમાં આવેલી પ્રકૃતિઓનો સમુદાય તે ઉદયપદ કહેવાય છે.

ઉદયપદને ૨૪ ગુણા કરીએ તો પદવૃન્દ થાય છે.

બંધ - ઉદય અને સતાસ્થાનોનો સંકલના પૂર્વક વિચાર કરવો તે સંવેધભાંગા કહેવાય છે.

કેટલીક પ્રકૃતિઓ બાંધતાં, કેટલી પ્રકૃતિઓનું વેદન કરે અથવા કેટલી પ્રકૃતિ બાંધતાં, કેટલી પ્રકૃતિ વેદના કેટલી પ્રકૃતિના સતાસ્થાનો હોય તેના વિકલ્પો જોઈએ.

તેમ જ આ ગ્રંથમાં

૧. મૂળ પ્રકૃતિનો બંધોદય સત્તા સંવેધ ભાંગા

૨. જીવસ્થાનને વિશે મૂળ પ્રકૃતિના સંવેધભાંગા



www.jaintatvagyanshala.org

૩. ગુણસ્થાનકને વિશે આઠ કર્મના ભાંગા
૪. ઉતર પ્રકૃતિઓના બંધોદયસત્તા સંવેધ ભાંગા
૫. ૬૨ માર્ગણાના મૂલોતર પ્રકૃતિના બંધોદયસત્તા સંવેધભાંગા
૬. યોગગુણીત ચોવીશી. ઉદયભાંગા. ઉદયપદ પદવૃન્દ, ઉપયોગ ગુણીત પદવૃન્દ.
૭. લેશ્યાગુણીત ચોવીશી આદિનું વર્ણન છે.
૮. ઉપશમશ્રેણિનું સ્વરૂપ ક્ષપકશ્રેણિનું સ્વરૂપ.

આ રીતે દુઃખે જાણી શકાય એવા સૂક્ષ્મબુદ્ધિને ગમ્ય યથાસ્થિત અર્થવાળા ઘણા ભાંગા છે. આ ગ્રંથને ભંગજાળ પણ કહેવામાં આવે છે; કારણ આમાં અનેકાનેક અટપટા ગહન ભાંગાઓ બતાવેલ છે.

ચંદ્રમહત્તરાચાર્યને મતે ૭૦ ગાથાઓ વડે કરીને આ ગ્રન્થની રચના કરાયેલી છે. ટીકાકારે રચેલી નવી ગાથાઓ ઉમેરતાં ૮૯ ગાથાઓ થાય છે.

અલ્પમતિથી લખેલ આ છ કર્મગ્રંથમાં કંઈપણ ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા યાચું છું.

**क्या करेगा ?**

प्रथमे वयसि नाधीतं, द्वितीये नार्जितं धनम् ।
तृतीये न तपस्तपं, चतुर्थे किं करिष्यति ॥

जिसने प्रथम अवस्थामें अध्ययन नहीं किया, दूसरी अवस्थामें धर्नोपार्जन नहीं किया, तृतीय उम्रमें तपाचरण नहीं किया तो फिर चौथी अवस्था में वह क्या करेगा ?

आचारांग सूत्र सटीक १/२/१/६३

अप्पा खलु सययं रक्खियव्वो ।
अपनी आत्माको सतत पाप से बचाए रखना चाहीए ।

દશવૈકાલિક ચૂલિકા ૨/૧૬

तरंग तरलां लक्ष्मी - मायुर्वायुवदस्थिरम् ।
अदभ्रधीरनु ध्यायेदभ्रवद् भंगुरं वपुः ॥

બુદ્ધિમાન મનુષ્ય લક્ષ્મીને સમુદ્ર-તરંગની જેમ ચપલ, આયુષ્યને વાયુની જેમ અસ્થિર અને શરીરને વાદળની જેમ ક્ષણ ધ્વંસી માને છે.

જ્ઞાનસાર ૧૪/૩



www.jaintatvagyanshala.org

# गुरु गुण स्तुति

●

સાધ્વી શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી

पन्न्यास धर्मविजयगुरुपाटदीपम्,
सुरेन्द्रसूरिपट्टधरसच्छासनेशम् ।
षट्त्रिंशत्सूरिपदगुणनिधिंमुनीशम्,
नमामि तं प्रतिक्षणंगुरुरामसूरीशम् ॥ १ ॥ (वसंततिलका)

सुरेन्द्रकृति: ब्रह्मणोद्युति: देदीप्यकांति: करुणार्द्रमूर्ति: ।
प्रशांतमूर्ति: परमविभूति: नमामि तं श्रीगुरुरामसूरीशम् ॥ २ ॥

शास्त्रज्ञसुधि: श्रुतपयोधि: संयमविशुद्धि: वचनेषुसिद्धि: ।
वात्सल्यनिधि: वैराग्योदधि: नमामि तं श्री गुरुरामसूरीशम् ॥ ३ ॥

शासनप्रभावी सरल स्वभावी वैराग्यवाहकोपदेशदानी ।
त्रिकालसूरिमंत्रस्यध्यानी, नमामि तं श्री गुरुरामसूरीशम् ॥ ४ ॥

अप्रमत्तक्रिया सदैवदेहे वाङ्मयवचनं सदैव गिरि ।
शासनचिन्ता सदैवहृदि, नमामि तं श्री गुरुरामसूरीशम् ॥ ५ ॥

शीतगृह - सम आचार्य -
रागदोष विमुक्को, सीयघर समो आयरिओ
राग-द्वेष से रहित आचार्य भगवंत शीतगृह (सब ऋतुओं में एक समान सुखप्रद) भवन के समान है ।
निशीथ भाष्य २७९४

सर्वे वेदा न तत्कुर्युः सर्वे यज्ञा यथोदिताः ।
सर्वे तीर्थाभिषेकाश्च, यत्कुर्यात् प्राणिनां दया ॥

सभी वेद, सबी यज्ञ और समस्त तीर्थाभिषेक जो कार्य नहीं कर सकते, वह कार्य प्राणियों की दया कर सकती है ।

ધર્મરત્ન પ્રકરણ-૫૬

# આંખે અવલોક્યો અહેવાલ યાને સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવ સાક્ષાત્કાર...!

•

પ.પૂ. પ્રિયદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્યા સા. રાજપ્રજ્ઞાશ્રી

### ભગવાન સુધર્માસ્વામીની સંયમ શુદ્ધ પ્રભાવક - ૭૭મી પેઢી એટલે ?

તારક તીર્થપતિ પ્રભુ વીરના સમુજ્જવલ શાસનમાં વીરપાટના પ્રથમ સુકાની સુધર્માસ્વામિની ૬૪મી પાટે ક્રિયોદ્ધારક પં. સત્યવિજયજી મ.ની શુદ્ધ-વિશુદ્ધ સંયમ શાખામાં સેંકડો સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી કાવ્યોનાં રચયિતા સિદ્ધકંઠ કવિ, અનેક ચરિત્ર ગ્રંથોના સાહિત્ય સર્જક, 'ડહેલા'ના હુલામણા નામે જેમની પાટ પરંપરા આજે પણ પ્રસિદ્ધ છે તેવા પંન્યાસ શ્રી રૂપવિજય મ.સા.ની પાટ પરંપરામાં આવેલા પ્રખર પંડિત શિરોમણી, વચન સિદ્ધયોગી, પરમાત્મભક્તિના અદ્દભુતસાધક, પ્રચંડ પ્રતિભાના સ્વામિ પંન્યાસ શ્રી ધર્મ-વિજયજી મ.સા.ના પટ્ટપ્રભાવક પંન્યાસજી ભગવંતોની પુન્યપ્રભાવી પટ્ટાવલીમાં પ્રથમ સૂરિપદારૂઢ અપ્રતિમ પ્રતિભાસંપન્ન પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી સુરેન્દ્ર સૂરીશ્વરજી મ.સા.ના પટ્ટપ્રભાવક, વર્તમાન યુગના અજોડ સંયમ પ્રભાવક - વર્તમાન ગચ્છશિરોમણી - શિરમોરશાસનતાજ - સુધર્માસ્વામિની સીત્તોતેરમી પાટનું જવાહીર, જંગમ જહાજ પ.પૂ. સંયમશિરોમણી.

**ગચ્છાધિપતિ આચાર્યભગવંત વિજય રામસૂરીશ્વરજી મહારાજા**

આઠ-આઠ દાયકા જેમના - જવલંત જીવનના વીત્યા છે.....
સાત-સાત દાયકા જેમના - અદ્વિતીય શ્રુતોપાસના.....
શુદ્ધ સંયમ સાધના... અને શુદ્ધક્રિયા - આરાધનામાં વીત્યા છે.....
સૂરિપદની પાટેથી પાંચ-પાંચ દાયકા જેમનાં પ્રભુ આજ્ઞા અને શાસનસેવામાં વીત્યા છે
તે પૂજ્યપાદ્ આચાર્ય ભગવંતશ્રીનાં ચરણમાં કોટિ કોટિ વંદના.....

## યાદગાર સંભારણું

આજથી પાંચ દાયકા પૂર્વે સં. ૨૦૦૭ વૈશાખ સુદ-૫ના પુનિત દિવસે ગુજરાતની ભૂતપૂર્વ રાજધાની પાટણનગરની ધન્ય ધરતી પર પરમપૂજ્ય નિસ્પૃહ શિરોમણી પંન્યાસશ્રી રવિવિજયજી મ.સા.ના વરદ્ હસ્તે આચાર્ય પદવીથી અલંકૃત થયા.....

પાંચ-પાંચ દાયકા સુધી શાસન સેવાનો તાજ સજાવતા... સંયમ પ્રભાવકતાનો અણનમ ધ્વજ ફરકાવતા... આ વિરલ વિભૂતિએ શાસન સેવામાં અવિરતપણે કાર્યરત રહીને ત્યાગ-વિરાગનાં અનેક પૃષ્ઠો દ્વારા શાસનના ઈતિહાસમાં પ્રાણ પૂર્યા છે. ૫૦ વર્ષ સુધી અખંડપણે શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો સાથે આ તપાગચ્છશિરોમણી આચાર્યદેવે પોતાનું યશસ્વી - તેજસ્વી અને ઓજસ્વી જીવન શાસનને સમર્પિત કર્યું છે. ઇતિહાસ તવારીખમાં આવું અજોડ શાસ્ત્ર - સંયમ અને પ્રભુ આજ્ઞાચુસ્ત વફાદારી ભર્યું ગૌરવવંતુ "સૂરિપદ" જૈન સંઘનું બડભાગ્ય છે. આવા સૂરિપદ અર્ધશતાબ્દિ પૂર્ણ કરનારા અદ્વિતીય સંયમ આરાધક વર્તમાન ઈતિહાસના સર્જક એવા પૂજ્ય ગુરૂદેવશ્રીના સૂરિપદ અર્ધશતાબ્દિનો સુવર્ણ મહોત્સવ થાય તો... આ પચ્ચાસ (૫૦) મો સૂરિપદ મંગલ દિવસ અમ સૌના હૃદયે જીવનનું અનુમોદનારૂપ યાદગાર સંભારણુ બની રહે તે માટે...



www.jaintatvagyanshala.org

પૂજ્યપાદશ્રીએ કરેલી શાસન-સેવાની અનુમોદનાર્થે...!
પૂજ્યપાદશ્રીનાં જીવનમાંથી સત્યનિષ્ઠા પામવા...! અને
પૂજ્યપાદશ્રીએ કરેલા અગણિત ઉપકારોની ઋણ મુક્ત્યર્થે...!

રાજનગર સંઘ, ગુરૂભક્ત વર્ગ, સૂરિપદ અર્ધશતાબ્દિ સુવર્ણ મહોત્સવ ઉજવવા તલસી રહ્યો હતો !

પૂજ્યપાદશ્રીએ ક્યારેય એવી તક નો'તી આપી કે ગુરૂજીના અગાધ ઉપકારનું ઋણ ચૂકવી શકાય ! સાધનાની અજોડતાના દર્શક પૂજ્યપાદશ્રીની ભક્તિથી રંગાઈ જવાની ભક્તવર્ગની ભાવના પ્રબળતર બની... રાજનગરના સંઘો... ડહેલાનો ઉપાશ્રય., લુહારની પોળ, દેવકીનંદન... ઝવેરી પાર્ક, ધાનેરા - કુવાળા - પાટણ મોરવાડા - વારાહી - દીયોદર આદિ ગામોમાં વસતા શ્રધ્ધાળુ શ્રાવકોમાં એવો ઉત્સાહ પ્રબળ બન્યો કે એમનાં અણુએ અણુમાં ગુરૂભક્તિ મહોત્સવની શરણાઈઓનું સંગીત ધ્વનિ વહેવા લાગ્યું...

## નિઃસ્પૃહ શિરોમણી પાસે પ્રસ્તાવ ?

પૂજ્યશ્રી પાસે આ 'સૂરિપદ અર્ધશતાબ્દિ સુવર્ણ મહોત્સવ' અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો... પરંતુ આડંબરથી લાખો યોજન દૂર, જેમના સમગ્ર ચૈતન્યમાં કેવલ નિસ્પૃહતા નીતરી રહી છે. તેવા નિઃસ્પૃહ શિરોમણી પોતાની અર્ધશતાબ્દિ સુવર્ણ મહોત્સવ માટે ક્યાંથી તૈયાર થાય ??? પ્રચાર અને પ્રપંચોને ઠુકરાવીને શુદ્ધ સાધુતાના આદર્શોને ૭-૭ દાયકા સુધી આત્મસાત્ કર્યા છે, એવા નિરાડંબર - નિઃસ્પૃહ વ્યક્તિત્વના સ્વામિ પોતાના પ્રચારનું પ્રસંગો - ઉર્જવણી દ્વારા માધ્યમ બનાવે...? વાહ...! વાહ...! નાં બુલંદોને સ્વીકારી ખુશ થાય તેવા પૂજ્યશ્રી હરગીઝ નથી, કીર્તિની તકને આવકારે... પોતાની પ્રશંસાથી પ્રભાવિત થાય તે તદ્દન અશક્ય હતું...

આ યુગના આડંબરથી તદન નિરાળા આ મહાપુરૂષે કદીયે નામનાની ખેવના રાખી જ નથી; ત્યાં પોતાના સૂરિપ્રદના અર્ધશતાબ્દિ પ્રસંગને લોક પ્રચારમાં ખપાવવાનું પૂજ્યપાદ સ્વીકારે ? આ વાત ક્યારેય સંભવિત ન હતી...!

- પરંતુ -

શાસન સેવાની અનુમોદનાર્થે... શાસન પ્રભાવનાર્થે... આ ઉજવણી કરવી જ છે. થવી જ જોઈએ... આ ગુરૂભિક્તની અણમોલ તક ઝડપવાનો અતિ આગ્રહ એક બાજુ ગુરૂભક્ત વર્ગનો...!

બીજી બાજુ નિઃસ્પૃહતા પૂજ્યપાદશ્રીની...!

## નિઃસ્પૃહતાનો સાક્ષાત નમૂનો

પોતાના નામની વાહ ! વાહ ! બોલાતા પ્રસંગો બદલ સખત વિરોધ કરતાં પૂજ્યપાદશ્રીએ કહ્યું" - આવા પ્રસંગો ઉજવવાથી શાસનને શું ફાયદો...? જો વિશિષ્ટ શાસન પ્રભાવના થતી હોય તો જ આ પ્રસંગ ઉજવાય...! અર્ધશતાબ્દિનું આલંબન લઈને પ્રસંગો ઉજવવાની કોઈ જ જરૂર નથી...! મારી વાહ...! વાહ...! કરશો તે, પાટ પર બેસીને મારે સાંભળવાની એ જ ને...? એકાંતમાં બેસીને યોગ સાધનામાં વધુ મસ્તી માણતા, આત્મ-સાધના - ધર્મ પ્રભાવના અને શાસન સેવા સિવાયનાં કોઈપણ પ્રસંગમાં દિલચસ્પી નહિ ધરાવતા આ યુગના યોગીશ્વર પૂજ્ય ગુરૂદેવના જીવનનાં આ ઉજ્જવલ પાસાં પર તો મહાન મહારથીઓ પણ નમી પડે...! આવી નિઃસ્પૃહતા તો હજારો - લાખો નહિ કરોડોમાં ભાગ્યેજ જોવા મળે.....



www.jaintatvagyanshala.org

* આવા પુણ્ય પ્રભાવી આચાર્યદેવ - પોતાના સૂરિપદના અર્ધ શતાબ્દીની અનુમોદના માટે તૈયાર થાય તેમ ન હતા...

* ભાવુક ભક્તવર્ગ - અંતસ્તલમાં ઉદ્ભવેલી ભાવનાને સાકાર કર્યા વિના હૃદયમાં સમાવી શકે તેમ ન હતો.....

અંતે કોઈની પણ સદ્ભાવનાનો ક્યારેય છેહ નહિ કરનાર ગુરૂદેવશ્રીએ ઘોર દુષ્કાળનું અદ્ભુત આલંબન દર્શાવતાં કહ્યું – આ વર્ષે ચરમસીમાએ પહોંચેલો દુષ્કાળ ? અબોલ જીવોનું શું ? જ્યાં પાણી સુકાઈ ગયું છે, ત્યાં ઘાસચારો ક્યાંથી મળે ? વિકટ પરિસ્થિતિનો સામનો જનસમૂહ પણ કરી રહ્યો છે. ત્યાં અબોલ જીવોની સ્થિતિ શું હશે ? કરૂણાસાગરનાં હૃદયમાંથી કરૂણાનો ધોધ અબોલ જીવો પર વરસી ગયો... ચોખ્ખા પૈસાની શરત સાથે 'જીવદયાની જંગી ટીપ' આ મહોત્સવ દરમિયાન થાય... બાકી અર્ધશતાબ્દિ ઉજવણીના ધુમાડામાં મારી વાહ ! વાહ ! સ્વીકારવા હરગીઝ તૈયાર નથી...!...!...!

અને અબોલ જીવો પરનો કરૂણાસ્પર્શી પૂજ્યપાદશ્રીનો આ બોલ ગુરૂભક્ત વર્ગે ઝીલી લીધો. સૌ આનંદી ઉઠ્યા...! અરે ! ઓવારી ગયા પૂજ્યશ્રીની આવી અબોલ જીવોની કરૂણા પર !

ગુરૂભક્તવર્ગની ભાવના સાકાર પામી...!

જીવદયાની 'જંગી ટીપ' મહોત્સવનું અનેરૂ આકર્ષણ બન્યું...!

પ્રસંગ નિમિત્તે અબોલ જીવોની 'દયા' અગ્ર બની...!

ઐતિહાસિક પૃષ્ઠ પર પૂજ્યપાદશ્રીનો આ પ્રસંગ અબોલ જીવો માટે દસ્તાવેજ બની ગયો...!

કેવું છે અબોલ જીવો પ્રત્યે પણ પૂજ્યપાદશ્રીના હૃદયમાં વાત્સલ્ય...? કેવી વહી રહી છે મૂંગા જીવો પ્રત્યે પૂજ્યપાદશ્રીના હૃદયમાં કરૂણાની સરિતા...!

પોતાના ૫૦ વર્ષનાં આચાર્યપદના પ્રસંગનો લાભ ખોટી વાહ ! વાહ ! માં નહીં લેતાં - મૂંગા-અબોલ જીવોની આહ...! અને સાંત્વનામાં ઝીલવા શાસન પ્રભાવક આચાર્ય ભગવંતે પોતાના પ્રચાર અને સ્વપ્રશંસાથી દૂર રહી આ શુભનિમિત્ત જીવદયામાં બક્ષી દીધું...

ધન્ય ! ઓ વીરના ભેખધારી ગુરૂદેવ...!

ધન્ય ઓ ! શાસન શણગાર ગુરૂદેવ...!

ધન્ય ઓ...! વ્હાલા ગુરૂદેવ - પૂ. આચાર્ય ભગવંત !

આપશ્રીની કૃપાએ તો ગજબનાં સમીકરણો અવતરણ પામે છે. આપ જ્યાં ચરણ મૂકો છો, ત્યાં શાસન પ્રભાવના આપશ્રીના પ્રભાવક જીવંન પ્રકાશના કારણે ફેલાય છે.

આપશ્રીનાં જીવન પ્રકાશે જ્ઞાન અને કરૂણાનાં ઓજસ પથરાય છે.

ધન્ય...! ધન્ય...! ગુરૂદેવ...!

## પૂજનીય ગુરૂભગવંતોને આમંત્રણ..... અને... ઉપસ્થિતિ

સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવ સમિતિ દ્વારા વર્તમાન શાસનમાં ઠેર-ઠેર બિરાજેલ પૂજ્ય આચાર્ય ભગવંતો આદિ પદસ્થ - પૂજ્ય મુનિભગવંતો ને આ મહોત્સવમાં પધારવાનું આગ્રહભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું.

મતભેદ -. મનભેદ અને ગચ્છભેદથી પર., બિન-વિવાદાસ્પદ પૂજ્યપાદશ્રીની સંયમ સુવાસથી ખેંચાઈને અનુકુળતા મુજબ પૂજનીય ગુરૂભગવંતશ્રીઓએ પૂજ્યશ્રીના આ મહોત્સવમાં અવર-નવર ઉપસ્થિતિ આપીને શ્રી સંઘને કૃતાર્થ કર્યો હતો...

## ૪૫ આગમ ગ્રંથનો જ્ઞાન વારસો

મહોત્સવના માંડવા બંધાયા પહેલાં અદ્ભુત શ્રુતસાધક પૂજ્યપાદશ્રીની અતિતીવ્રતર જ્ઞાન રુચિને અનુલક્ષીને... ગુરૂભક્તિનાં ઋણ મુક્ત્યર્થે શાસનપ્રભાવક આચાર્યભગવંત પ.પૂ. અભયદેવ સૂરીશ્વરજી મ.સા., આચાર્ય ભગવંત પ.પૂ. જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી ૪૫ આગમ ગ્રંથો હસ્તલિખિત બનાવવા માટેની પ્રેરણા શ્રી સંઘ સમક્ષ રજૂ કરાઈ... માત્ર ગણતરીની પંદર મિનિટમાં જ આગમ ગ્રંથો લખવાનો મહાન લાભ શ્રુતોપાસક સંઘો અને શ્રાવકોએ મેળવ્યો. અદ્ભુત શ્રુત વારસો પૂજ્યશ્રીના ૫૦મા સૂરિપદ પ્રસંગની સ્મૃત્યર્થે શાસનને પ્રાપ્ત થયો...!

આ રીતે મહોત્સવનાં મંડાણ જ્ઞાન-યજ્ઞથી પ્રારંભાયા...

સૂરિપદ અર્ધશતાબ્દિ સુવર્ણ મહોત્સવની મંગલ શરણાઈ રાજનગરમાં ગુંજી રહી હતી... સૌ કોઈ ભાવિક જન-સમુદાયનાં હૈયાં આનંદના હિલોળા લઈ રહ્યા હતા...

## સૂરિપદ અર્ધ શતાબ્દિ પ્રસંગે પૂણ્યપ્રભાવીની પાવન પધરામણી

રાજનગરની પાવન ધરતી હઠીભાઈની વાડીનું બડભાગ્ય ખીલી ઉઠ્યું...! પૂજ્યપાદશ્રીએ પરમ તારક પોતાના પૂર્વજોની ગાદી ડહેલાના ઉપાશ્રયેથી શિષ્યો-પ્રશિષ્યો અને શતાધિક સાધ્વીજી ભગવંતોના પોતાનાં વિશાળ સમુદાય તેમજ સેંકડો ભાવુકો સહિત ચૈત્ય પરિપાટી લઈને હઠીભાઈની વાડીમાં શુભમુહુર્તે મંગલ પ્રવેશ કર્યો.

શાસન પતાકા ગગનની ઉંચાઈએ લહેરાવી છે, તેના પ્રતિકરૂપે શાસનધ્વજાઓ - સજાવટ ભર્યા બેડા - સ્પર્ધા કરતાં સ્વસ્તિક - દિવડાઓ સામૈયામાં પૂજ્યશ્રીના ઉચ્ચતમ જીવનનો સાદ પૂરી રહ્યાં હતાં...

## પૂજ્યશ્રીનાં પગલાં પડતાં જ જાણે ચમત્કાર સર્જાયો !

સૂરિપદ લઈને શાસન-સેવા, સંયમ અને તપતેજ પુંજથી સોળે કળાએ ખીલી ઉઠેલા પ્રૌઢ પ્રતાપી પૂજ્યપાદશ્રીનો મહોત્સવ માણવા અને મહોત્સવમાં આવનાર ભાવુકોને મણાવવા ધૂમ-તાપનો, વૈશાખી દિનકર-સૂર્ય જાણે શરમિંદો બનીને વાદળ છાયામાં છુપાઈ ગયો હતો...! આઠ દિવસ દરમિયાન એવો અદ્ભુત આધ્યાત્મિક આહ્લાદક માહોલ જેણે નિહાળ્યો... માણ્યો તે ખરેખર ધન્ય ધન્ય બની ગયા. પરંતુ જે વંચિત છે તેઓને 'આંખે અવલોક્યો અહેવાલ' લેખ દ્વારા ધન્ય બનાવવાનો આ ટચુકડો પ્રયાસ છે. બાકી સંપૂર્ણ સાક્ષાત્કાર તો સંવેદનારને અનુભવાય...!

## તીર્થાધિરાજ શ્રી ધર્મનાથ સ્વામિની પ્રભાવી છત્રછાયા અને વારાહી મંડન શાન્તિનાથ દાદાના સાનિધ્યમાં

જિનેન્દ્ર ભક્તિ સ્વરૂપ આ મહોત્સવમાં અનેક વિશેષતાયુક્ત * પૂજા-પૂજનો, * રંગોળીઓ, * નયનરમ્ય આંગીઓ, * ચૈત્ય પરિપાટીઓ, * પંચકલ્યાણકની ઉજવણી, * મહાપૂજા, * સ્વામિવાત્સલ્ય, * કુમારપાળ મહારાજાની આરતી આદિ આઠ દિવસ દરમિયાન યોજાયું હતું...

## મહોત્સવનું અનેરૂ આકર્ષણ રંગોળી અને પ્રવચનો

પૂજ્યશ્રીના જીવનની પ્રાસંગિક ઘટનાઓ નિહાળીને હૃદય રોમાંચ અનુભવતું હતું. શ્રુત સાધક પૂજ્યશ્રીએ પોતાની જાતને જ્ઞાનના પરિશ્રમમાં કેવી નીચોવી છે તેનું ચિત્ર જોઈ હૃદય ગદ્ગદિત થતું હતું. ૩૪ વર્ષની ભર યુવાનીમાં ગુરૂભ્રાતા પૂજ્ય પં. રવિવિજયજી મ.સા.નાં વરદ્ હસ્તે પાટણ મુકામે આચાર્ય પદે પદાર્પણ થતાં પૂજ્યશ્રીનું શાસન શૌર્ય અને વીસ્તાભરી વફાદારીનું આબેહૂબ ચિત્ર જોતાં ૮૪ વર્ષની જૈફ વયે પણ એ જ તેજ વિશાલ ભાલ પર ચમકતું સાક્ષાત જોઈને હજારો જૈન-જૈનેતરો આશ્ચર્ય અનુભવતા હતા...

તેમજ વિદ્વાન વક્તા પ.પૂ. આચાર્ય ભગવંતો, પૂ. પંન્યાંસજી આદિ મુનિ ભ.નાં જુદા જુદા પ્રવચનો તેમજ પૂજ્યપાદ્શ્રીની અદ્ભુત વાણી હતી.

## સામાયિક આરાધના.... મહોત્સવનું અનેરૂં સંભારણું...

રાજનગરના તમામ સંઘોમાંથી એકી સાથે હજારો ભાઈઓએ પૂજ્યશ્રીનાં જીવનની અનુમોદનાર્થે સામાયિકની આરાધના કરી હતી...

રાજનગરનાં સંઘોમાંથી ૯,૦૦૦ બ્હેનો વૈશાખનાં ધૂમ તાપમાં એકથી ત્રણ વાગ્યાનાં સમયે મંડપ નીચે પૂજ્યશ્રીનાં આજ્ઞાવર્તિની તેમજ અન્ય સમુદાયનાં સાધ્વીજી મ.સા. દ્વારા પૂજ્યપાદ્શ્રીની ગુણ ગરિમાને સાંભળવામાં તલ્લીન બની હતી... પૂજ્યશ્રીની શાસન સેવાની અનુમોદનાર્થે આવેલી આ શ્રાવિકાઓએ સોનાની વીંટીથી માંડીને રેકર્ડરૂપ રકમ (નાણાં) જીવદયાની થેલીમાં ઠાલવી હતી.

વિશાળ સંખ્યામાં બહેનોનાં સામાયિકનું દ્રશ્ય જોવાનો એક લ્હાવો માણવા જેવો હતો.એક શ્રાવિકાએ ૧૧,૦૦૦ સામાયિકની ઉછામણી બોલીને સામુદાયિક સામાયિક લેવરાવવાનો લાભ લઈ અદ્ભુત અનુમોદના કરી હતી...!

ભાવિ પેઢીનાં જવલંત પ્રતિક સમાં હજારો બાલક-બાલિકાઓ ધગધગતા તાપમાં પણ પૂજ્યશ્રીની છત્રછાયામાં સંયમની સુવાસ માણી છે. તેવા પૂ. આચાર્ય ભગવંત રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા., તથા પંડિતવર્યશ્રી દિનેશભાઈ - પંડિતવર્યશ્રી ભાવેશભાઈ આદિ દ્વારા પૂજ્યશ્રીના જીવનની ઝલક સાંભળતાં રસતરબોળ બન્યા હતા...

શ્રાવક-શ્રાવિકા તેમજ બાળકોનાં અલગ-અલગ સામુદાયિક સામાયિકમાં ૮૪ વર્ષની પ્રૌઢવયે પણ પૂજ્યશ્રીએ સૌને દર્શન આપીને કૃતાર્થ કર્યા હતા... અને... ત્યારે તપ પ્રત્યે રહેલી પૂજ્યપાદ્શ્રીની લગની અને ચારિત્ર ધર્મ પ્રત્યે હિમાલય જેવી અડગતાની અનોખી ઓળખ શ્રી સંઘને મળી હતી.

## મંગલ તપ

અદ્ભુત રસ વિજેતા પૂજ્યપાદ્શ્રીના જીવનની અનુમોદનાર્થે આ મહોત્સવમાં આઠે દિવસ વિશેષ પ્રકારે આયંબિલ તપની આરાધના થઈ હતી. તેમાંય વૈ.સુ.પ.ના રોજ સેંકડો ભાવુકોએ આયંબિલ-તપ કરીને પૂજ્યશ્રીના જીવનની અનુમોદના કરી હતી...

## ડહેલાની ગાદી - દીક્ષા અને જન્મસ્થાનેથી ચૈત્યપરિપાટી


આ મહોત્સવ દરમિયાન ૭ દાયકા પૂર્વે પૂજ્યશ્રી જે સ્થળે (હરિપુરા) દિક્ષિત બન્યા હતા તે સ્થળની સ્પર્શના કરવા પૂજ્યશ્રી સહ પરિવાર પધાર્યા હતા. ત્યાંથી ચૈત્ય પરીપાટી લઈને હઠીભાઈની વાડીએ પધાર્યા હતા.



www.jaintatvagyanshala.org

www.jaintatvagyanshala.org




Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

મહોત્સવ પ્રસંગે રંગોળી

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala




મહોત્સવ પ્રસંગે રંગોળી




www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવે માનવ મેદની



www.jaintatvagyanshala.org

તેમજ જન્મ સ્થળ - કુવાવાળી પોળ શાહપુરથી પણ ચૈત્યપરિપાટી લઈને શ્રીસંઘ પૂજ્યશ્રીનાં દર્શનાર્થે આવ્યો હતો. આ રીતે ૮૪ વર્ષની પ્રૌઢવયે પણ અજબ-ગજબની પ્રસન્નતા - સમતા અને સિંહ જેવી શૂરવીરતાનાં દર્શન કરવા પૂ. આચાર્ય ભગવંતો., મુનિ ભગવંતો., અનેક સંઘો., સેંકડો ભાવુકો., હજારો જૈન - જૈનેતરો પધાર્યા હતા. દર્શન કરીને ભાવુકો ધન્યતા અનુભવતા જીંદગીનો અણમોલ લ્હાવો માણી રહ્યા હતા...

આવા વિષમ કાળમાં... સાધુતાનાં દિગ્વિજયી પ્રૌઢપ્રતાપી વીર-શૂરવીર પૂજ્યશ્રીની ઉપસ્થિતિ જૈન શાસનનું પરમ સૌભાગ્ય છે... જૈન શાસનનું પરમ સૌંદર્ય છે...

## મહોત્સવ સાદગી અને આરાધનાપૂર્વક બેનમુન બન્યો

આ મહોત્સવ ખૂબજ આડંબરપૂર્વક ઉજવાય તેવી ગુરૂભક્ત વર્ગની પ્રબળ ભાવના છતાં... સાદગી પ્રધાન સાધુતાના આદર્શને વરેલા પૂજ્યપાદશ્રી નારાજ થશે...! બસ આ આયોજને - ગણિતે ક્યાંય ભપકો - ઠાઠ-ઠઠારા આડંબર ન ડોકાય તેની સતત કાળજી રાખવા પૂર્વક શ્વાસે શ્વાસે સાનિધ્યની સુવાસ જેમણે માણી છે તેવા પૂજ્યશ્રીના પરમવિનયી કૃપાપાત્ર પૂ. આચાર્ય ભગવંત વિજય શ્રી જગચ્ચંદ્ર સૂરિશ્વરજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ ભક્તવર્ગે આ મહોત્સવનાં સ્વરૂપને જીવદયા - સાદગી અને જ્ઞાન-દર્શન-ચારિત્રની આધ્યાત્મિક આરાધનાથી બેનમુન બનાવ્યો...

ઈતિહાસનાં પવિત્ર પૃષ્ઠોમાં આ સૂરિપદ અર્ધ શતાબ્દિ મહોત્સવનું એક અનેરૂં સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું.

મહોત્સવ દરમિયાન ઠેર-ઠેરથી આવેલ શ્રી સંઘો, હજારો ભાવુકો ગુરૂભક્તો અને રાજનગરનાં અનેક સંઘો એ વૈ.સુ.પના પચાસમા પાવન સૂરિપદ દિવસે જીવદયાની જંગી ટીપમાં નાણાં નોંધાવીને પૂજ્યશ્રીના બોલને પૂરો પાડ્યો હતો.

ગુરૂભક્તિ મહોત્સવમાં ધાનેરા નિવાસી ચીમનલાલ ચુનીલાલ મહાજની પરિવાર નવે-નવ દિવસ ત્રણે ટાઈમ સ્વામિ વાત્સલ્ય ભક્તિમાં મન મૂકી વરસ્યો હતો... જીવદયાની જંગી ટીપમાં પણ તેઓનું યોગદાન નોંધપાત્ર હતું...

## પૂજનીય ગુરૂ ભગવંતશ્રીઓનું મધુરૂં મિલન

ઉત્સવના નવ દિવસમાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંતો, પૂ. પંન્યાસજી ભગવંતોના અલગ અલગ વ્યાખ્યાનો હતાં. તેમાં છેલ્લા વૈ. સુદ-પનાં ૫૦મા સૂરિપદ દિને ગચ્છશિરોમણિ પ.પૂ. આચાર્યદેવ શ્રી રામસૂરીશ્વરજી મહારાજાની અધ્યક્ષતામાં પ.પૂ.આ.ભ. શ્રી દેવસૂરિ મ., આ.ભ. શ્રી અરિહંતસિદ્ધ સૂરિ મ., પ.પૂ.આ.ભ. શ્રી લબ્ધિસૂરિ મ., પ.પૂ. આ.ભ. શ્રી હેમચંદ્ર સૂરિ મ., પ.પૂ.આ.ભ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ., પ.પૂ..ભ. શ્રી રત્નસુંદર સૂરિ મ., પ.પૂ.આ.ભ. શ્રી રત્નચંદ્રસૂરિ મં., પ.પૂ.આ.ભ. શ્રી જગતચંદ્રસૂરિ મ.સા. આદિ નવ-નવ આચાર્ય ભગવંતોની ઉપસ્થિતિનું એક અનોખું દ્રશ્ય સૌના હૃદયને ભીંજવી રહ્યું હતું...

પૂજનીય આચાર્ય ભગવંતોએ પણ વયોવૃદ્ધ..., જ્ઞાનવૃદ્ધ..., સંયમ અને સૂરિ પર્યાય વૃદ્ધ પૂજ્યપાદશ્રીના વાત્સલ્ય વડલાની છાયામાં મધુરું મિલન માણ્યાનો આનંદ પૂજ્યશ્રીના ગુણાનુવાદમાં વ્યક્ત કર્યો હતો...

મહોત્સવના પ્રથમ ત્રણ દિવસ દરમ્યાન આચાર્યશ્રી વારિષેણસૂરીશ્વરજી મહારાજની ઉપસ્થિતિ રહી તેમજ ચૈ.વ. ૧૪ ના રોજ પુરૂષોનાં સમુહ સામાયિકમાં સંઘસ્થવિર વયોવૃદ્ધ આચાર્યશ્રી ભદ્રંકરસૂરિજી મ.ના પ્રશિષ્ય પં. શ્રી નરરત્ન વિજયજી મહારાજે પ્રેરક પ્રવચનમાં પૂજ્યશ્રીના શુદ્ધ સંયમ જીવનની સુંદર ફળશ્રુતિ બતાવી હતી.



www.jaintatvagyanshala.org

મહોત્સવ દરમ્યાન આચાર્ય શ્રી જયન્તસેન સૂરીશ્વરજી મ.ની એકવારની ઉપસ્થિતિ પણ આહ્લાદક રહી.

પૂજ્યશ્રીનાં આજ્ઞાવર્તિની પ.પૂ. કંચનશ્રીજી મ.સા. આદિ શતાધિક સાધ્વી ભગવંતો તેમજ પ્રસંગને શોભાવનાર પ.પૂ. નીતિસૂરિ મ.નો સમુદાય, પ.પૂ. સાગર સમુદાય, પ.પૂ. વલ્લભસૂરિ મ.નો સમુદાય, પ.પૂ. નેમિસૂરિ મ.નો સમુદાય, પ.પૂ. બાપજી મ.નો સમુદાય, પ.પૂ. જયઘોષસૂરિ મ.નો સમુદાય, પ.પૂ. ભક્તિસૂરિ મ.નો સમુદાય, પ.પૂ. જયંતસેન સૂરિ મ.નો સમુદાય. આદિ સર્વ સમુદાયનાં શ્રમણ ભગવંતો તેમજ શ્રમણી ભગવંતોએ ઉપસ્થિત રહીને આ પ્રસંગમાં અનોખી ભાત પાડી હતી.

## પૂજ્યપાદ્શ્રીના જીવનનો અર્ક

મહોસવમાં ઉપસ્થિત પૂજ્યશ્રીનો વિશાળ શિષ્ય-પ્રશિષ્ય પરિવાર પ્ર.શિ. પ.પૂ. આ.ભ. શ્રી વિ. રત્નચંદ્ર સૂરિ મ. આ શ્રી જગચ્ચન્દ્રસૂરિ મ. પ.પૂ. શ્રી હરિભદ્ર વિ.મ.સા. પ.પૂ. સેવાભાવી વિજયચંદ્ર વિ. મ.સા. પ્રશિષ્ય ઉદયરત્ન વિ.મ.સા. પૂ. કલ્પજ્ઞ વિ.મ.સા. પૂજ્ય પૂર્ણચંદ્ર વિ.મ.સા. પૂ. બાલમુનિશ્રી શીલચંદ્ર વિ.મ.સા. પૂજ્યશ્રીનાં અંતિમ શિષ્ય પૂ. વિશ્વચંદ્ર વિ.મ.સા. આદિએ ગુણાનુવાદ સભામાં કેટલીક ઝલક બતાવવાના પ્રયત્નો કર્યા હતા...

તેઓએ પૂજ્યપાદ્શ્રીના જીવનનો અર્ક આપતાં કહ્યું કે... અગાધ સાગરને ૧૨ ઇંચની ફૂટપટ્ટીએ માપી શકાતો નથી, તેમ પ્રતિપળ સાનિધ્ય છતાં અમારું નાદાન માનસ આ વિભૂતિનાં લાખો ગુણ તો શું ? એક ગુણ પણ યર્થાથ ઓળખી શક્યા નથી... ત્યાં 'ગુણકોશ' કેવી રીતે વર્ણવી શકાય...? અમારા જીવન રથના ચક્રમાં સંયમના પ્રાણ પૂર્યા છે... તેવા... અજોડ યોગક્ષેમક., શાસન સન્નિષ્ઠ., શાસ્ત્રાજ્ઞા ચૂસ્ત આરાધક પૂજ્યશ્રીના જીવનની પળેપળનો ઉચ્ચતમ ઉપયોગ-જીવલેણ વ્યાધિમાંય ઝગારા મારતી સમતા... ઉંચી જ્ઞાન દશા., સંયમ શુદ્ધિ માટે કડવી-મીઠી ટકોર... શિષ્યો પરની નિર્વ્યાજ કૃપા... ગુરૂતત્ત્વનું મધુરતમ અવતરણ આદિનાં કેટલાક ટૂંકાં જવલંત દષ્ટાંતો આપીને પૂજ્યશ્રીના જીવનનો અર્ક આપ્યો હતો... જે સાંભળતાં જ સહુના હૃદયે એક ઉચ્ચ આદર્શ જન્મ્યો હતો.

શાસનપ્રભાવનારૂપ અન્ય કાર્ય પ્રસંગના કારણે આ મહોત્સવમાં નહિ પધારી શકેલા પૂજ્યપાદ્શ્રીના શિષ્ય શાસન પ્રભાવક આ.ભ. શ્રી અભયદેવ સૂરિ મ.સા. તથા લઘુબંધુ પૂ. યશોભદ્રસૂરિ મ.સા.એ ગુરૂભકત્યર્થે સંદેશા અને શુભેચ્છાઓ પાઠવી હતી...

પૂજ્યપાદ્શ્રીનાં આજ્ઞાવર્તિની પૂ. સાધ્વીજી ભ. એ હસ્તપ્રતો લખીને જ્ઞાનસાધક પૂજ્યશ્રીને મહોત્સવ પ્રસંગે સમર્પણ કરી હતી.

## પૂજનીયપાદ્શ્રીની અધ્યક્ષતામાં પૂજનીય ગુરૂભગવંતોનું વાચના-પ્રદાન

પૂ. હેમચંદ્રસૂરિ મ., પૂ. પ્રદ્યુમ્નસૂરિ મ., પૂ. રત્નસુંદર સૂરિ મ. દ્વારા વિશાળ સાધુ-સાધ્વીજી ભગવંતોને વર્તમાન વિષમકાળને અનુલક્ષીને અપાયેલી વાચના દ્વારા હિતશિક્ષાઓ પ્રાપ્ત થઈ તે ખૂબજ મનનીય હતી.

તેમાંય શુદ્ધ સંયમપ્રેમી પૂજ્યપાદ્શ્રી એ સમયની ભયંકરતા સમજાવતાં હૃદયસ્પર્શી સુવિશુદ્ધ સંયમ જીવન બનાવવા હિતશિક્ષાઓ કરી તે આજે પણ હૃદયમાં ગુંજતી રહી છે.....



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



આચાર્ય પદ અર્ધશતાબ્દિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત આચાર્ય ભગવંતો અને મુનિ ભગવંતો

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવમાં ઉપસ્થિત સાધ્વીજી સમુદાય



સામાયિક - તપ - જપ - ધ્યાનમાં લીન સાધ્વીસમુદાય અને શ્રાવિકાઓ

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



સમૂહ સામાયિક થકી દેશ વિરતિ તપમાં લીન શ્રાવકોનો વિશાળ સમુદાય



અર્ધશતાબ્દિ મહોત્સવના મુખ્ય સ્ત્રો… www.jaintatvagyanshala.org શ્રી ચીમનલાલ ચુનીલાલ મહાજની
પરિવારનું વિશિષ્ટ બહુમાન

## રૂપવિજય 'ડહેલા'ના ઉપાશ્રયની પ્રસિદ્ધિ

સૂરપિદ અર્ધશતાબ્દિ મહોત્સવ મંડપમાં પ્રવેશતાં જ દર્શકને પરમાત્મા મહાવીરની સીત્યોતેર (૭૭) પેઢીના પ્રભાવકોની પટ્ટાવલીનું દર્શન અદ્ભુત પ્રકાશ પાથરી રહ્યું હતું. પ્રખર ઇતિહાસવેત્તા પૂ. પ્રદ્યુમ્નસૂરિ મ.એ તે પટ્ટાવલી પૈકી ક્રિયોદ્ધારક પૂજ્ય પંન્યાસશ્રી સત્ય વિજયજી મ.સા.થી માંડીને ૭૭મી પેઢી "સૂરિરામ" સુધી તત્ત્વસ્પર્શી ઐતિહાસિક પ્રભાવકતાઓ અંતર્ગત રૂપવિજય ડહેલાના ઉપાશ્રયની દિવ્યતાઓની સાચી ઓળખ જનસમૂહને કરાવી હતી. જે વર્ણનાતીત હતી...

## 'રામ' અયોધ્યામાં મહોત્સવની ઐતિહાસિક ક્ષણો.....

"શાસન ઐક્ય સધાય" આ લાખો દિલની પ્રાર્થનાને શેઠશ્રી શ્રેણિકભાઈ તથા પ્રકાશભાઈ ઝવેરીએ જાહેરમાં પૂજ્યશ્રી સામે મૂકતાં નમ્ર નિવેદન કર્યું તે સહુ હૃદયે સ્પર્શ પમાડી ગયું હતું..... જેના જવાબમાં શાસન દાઝમાં સદૈવ સંતપ્ત પૂજ્યશ્રીએ વર્તમાન શાસનની સ્થિતિને અનુલક્ષીને કહ્યું - "શ્રી સંઘનાં ચારે અંગ એટલે કે ચતુર્વિધ સંઘ દ્રઢ સંકલ્પ સાથે આરાધનાનું બળ વધારો..." 'એ સુક્ષ્મની તાકાતથી શાસનની ઉજ્જવળતાનાં એંધાણ દેખાશે' શાસન ઐકય સધાશે...!ની હિતશિખ-દેશનાને સાંભળતો જન સમૂહ પૂજ્યશ્રીનું સાનિધ્ય શાસનને દીર્ઘકાળ સુધી મળતું રહો...ની હૃદય સ્પર્શી પ્રાર્થના કરી રહ્યો હતો ત્યાં પ્રસંગની પૂર્ણાહુતિની ક્ષણો સૌની નજરમાં જીંદગીભર માટે યાદગાર બની રહી હતી.....

"નમો આયરિઆણં"ની ધૂનમાં સૌ રોમાંચ અનુભવી રહ્યા હતા... પૂજ્યપાદશ્રીનું સાનિધ્ય કોઈ છોડવા તૈયાર ન હતું. સૌ ઝંખતા હતા કલ્પવૃક્ષની છત્ર-છાયાને...! પરંતુ ક્ષણ આવી ગઈ મહોત્સવની સમાપ્તિની.....!

પ્રથમ શાસન શિરતાજ સૂરિ મહારાજા..... પછી શ્રમણ વૃંદ... શ્રમણીવૃંદ... તે પછી શ્રાવક-શ્રાવિકાવૃંદ જાણે.....!...! અયોધ્યા નગરીનું પુનરાવર્તન થઈ રહ્યું હોય...!

પૂજ્યપાદશ્રીના મુખારવિંદ પર એ જ કરૂણા વહેતી હતી. નયનોમાં વીરશાસનના શૂરવીર સુભટની પારદર્શકતા ઝીલાતી હતી... એક એક ડગ ભરતા પૂજ્યપાદશ્રીના અદ્ભુત ગુણોની સુવાસ સૌના હૃદયને સ્પર્શી રહી હતી...

'રામ' અર્ધશતાબ્દિ મહોત્સવ મંડપ છોડી રહ્યા હતા... પાછળ અયોધ્યા હતી... અને સ્ટેજ પરથી જે શાસ્ત્રીય સંગીત રેલાઈ રહ્યું હતું તે દિલ અને દિમાગને 'સૂરિરામ'નાં ગુણોમાં તરબોળ કરતું હતું... શ્રી રામની પાછળ આખું વૃંદ એમનામાં લીન થઈ ગયું હતું. સૌના હૃદય કરૂણાસાગરનાં સાનિધ્યથી ભીંજાતા હતા... સૂરિરામનાં ૫૦ વર્ષની આચાર્યપદવીની ગરિમા સૌના હૃદયે હિલોળા લેતી હતી...

જુગ જુગ સુધી ઝળહળતાં રહો... સુરેન્દ્રના સિતારા... સંગીત સુરાવલિમાં "કીપ સાયલેન્સ"નાં પવિત્ર વાતાવરણની ઉષ્મા સંભારણું બનીને યાદદાસ્તાનમાં ચિરંજીવી બની ગયું... ગુરૂજી અમારો અંતરનાદ... અમને આપો આશિર્વાદ, કદિ નહિ ભૂલાય - 'રામ'નાં સાનિધ્યમાં સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવની ઐતિહાસિક ક્ષણો.....

ગંગામેં સ્નાન કરને સે પાપ દૂર હોતા હૈ...
વૃક્ષકી શીતલ છાયામેં તાપ દૂર હોતા હૈ...
ચાંદકે શીતલ પ્રકાશમેં સંતાપ દૂર હોતા હૈ
જબકિ રામ-સૂરિ કી સેવા મેં તીનોં દૂર હોતા હૈ.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# સુરિરામ ગુણ છત્રીશી

(રાગ - અંબે માઁ પાવાગઢવાળી)

●

સાધ્વી શાશ્વતપૂર્ણાશ્રીજી

પ્રણમી પાય સરસ્વતી માયા, પ્રેમે પ્રણમી ગુરુ સમુદાયા,
ગૌતમ ગુરુમાં જેહ સમાયા, પ્રણમું રામ સૂરીશ્વર રાયા ॥ ૧ ॥
મહામાનવના ગુણ ગાઉં છું, થાય આશાતના માફી ચાહું છું,
સરસવ શું વર્ણવે મેરૂ, તોય ભક્તિથી હામ ભરૂં છું ॥ ૨ ॥
સરસ્વતી માતા દેજો વાણી ગુરુવર કેરી લખશું કહાની;
સ્વાધ્યાય સંયમ જ્ઞાનના દરિયા, ગુરુવર અમને પુન્યે મલીયા ॥ ૩ ॥
વસંત ઋતુમાં ફુલો ખીલ્યાં, કુદરતનાં અંગેઅંગો સ્ફુર્યાં,
બાગમાં આજે નવાં ફુલો ખીલ્યાં, નાચી ઉઠી છે ધરતી મૈયા ॥ ૪ ॥
ધન્ય બની કર્ણાવતી નગરી, ધન્ય બની શાહપુરની ડગરી;
કુવાવાળી પોળમાં જન્મ્યા, ધન્ય કરવા પગલી પગલી ॥ ૫ ॥
(સાખી) વસંતની પંચમીને દિવસે સાલ ઓગણીસો તોંતેર;
ગંગાબેન અને ભલાભાઈને ઘેર ઉપન્યા તેહ ॥ ૬ ॥
રાજ નગરે ઉત્સવ મંડાયો, પ્રકૃતિએ તો માંડવો ગાયો;
ખુશીની એક લહેરકી ફરકી, મુખ પર આભા ભાનુ સરખી ॥ ૭ ॥
વધે જેમ ગંગાનું પાણી, જેમ ચંદ્રની વધે ચાંદની;
તેમ રમણજી મોટા થાતા, માતપિતાનાં મન હરખાતાં ॥ ૮ ॥
પતંગની લાલચમાં આવી, ગાથા કરતા ધારી ધારી;
એ બિંદુએ સિંધુ ભરિયો, જ્ઞાનનો અથાગ દરિયો ઉછળીયો ॥ ૯ ॥
(સાખી) ઉપાશ્રયમાં નિત્ય આવે, માસી ગુરુણી પાસ;
ચાલ્યો આજે વ્યાખ્યાન સુણવા ગુરુણીજી સાથ ॥.૧૦ ॥
વૈરાગ્યનું અમૃત પીધું, ગુરુનું આજે દર્શન કીધું;
કાનમાં પેસી હૃદયમાં પેઠી, ગુરુની વાણી હૈયે બેઠી ॥ ૧૧ ॥
હવે રમણની રમણતા જાગી, સંયમની એને લગની લાગી;
સંસાર ખારો ઝેર લાગે, ભાઈ પાસે આજ્ઞા માંગે ॥ ૧૨ ॥
મોહવશ થઈ ના પાડે છે, વૈરાગ્યની લગન લાગી છે;
સંસારમાંથી નાસી છૂટવા, ગુરુ ચરણોમાં શીષ ઝુકે છે ॥ ૧૩ ॥
ધન્ય તે માઁની સંયમ લગની, અદ્ભુત છે તેની મમતા કહેણી;
રમણને સાથે લઈને, આજે ચાલી દીક્ષા દેવા કાજે ॥ ૧૪ ॥



www.jaintatvagyanshala.org

(સાખી) સંવત ઓગણીસ છયાસીએ, વૈશાખ વદ દશમી;
હરિપુરમાં મુંડ થયા, છે ઉમર બાર વરસની ॥ ૧૫ ॥
જીવન કેરી થાળીમાં, સંયમનું પીરસાયું જમણ;
સુરેન્દ્ર સૂરિ ગુરુ પાસે, બન્યા રામ આજે રમણ ॥ ૧૬ ॥
હવે તો જ્ઞાનની અવિરત ધારા, રામના જીવનમાં ફુલહારા;
નિત નિત નવા ગ્રન્થો, ભણતા ગુરુની આજ્ઞા શીરે ધરતા ॥ ૧૭ ॥
આચાર શુદ્ધિ અજોડ જેની, જ્ઞાનની મસ્તી રગરગમાં વહેતી;
ત્યાગમય છે જીવન જેનું, વાણી શાસ્ત્ર વચનો કહેતી ॥ ૧૮ ॥
જ્ઞાનનો અખૂટ ભંડાર ભરાયો, તોય મનમાં અભિમાન ન આયો;
ગુણોનો એક શહેનશાહ જોયો, ગુરુના નયનો માંહે સોહાયો ॥ ૧૯ ॥
(સાખી) વૈશાખ સુદી પંચમીએ પાટણ નગર મોઝાર;
સંવત બે હજાર સાતમાં બન્યા સૂરીશ્વર રામ ॥ ૨૦ ॥
છત્રીસ મહાગુણોના ધારક, કષાયો અને અજ્ઞાનના ક્ષાયક;
પંચ સમિતિ, ત્રિગુપ્તિ પાલક, પંચ મહાવ્રત શુદ્ધોપાસક ॥ ૨૧ ॥
સૂર્ય સમા સૂરીશ્વર છાજે, શાસન વનમાં સિંહ સમ ગાજે;
દૂર કરવા અજ્ઞાન અંધારું, તપગચ્છમાં ભાનુ સમ રાજે ॥ ૨૨ ॥
શાતા અશાતા બેઉમાં સમતા, સદાય સ્વાધ્યાયમાં રમતા;
સૂરિજીના ચરણોમાં નમતાં, ભવોભવનાં સહુ પાપો ખપતાં ॥ ૨૩ ॥
જ્ઞાનમાં જેનો મળે ન જોટો, સંયમ શુદ્ધિમાં સિંહનો બેટો;
માનથી સદાય વિરક્ત રહેતા, આચાર શુદ્ધિમાં અડગ રહેતા ॥ ૨૪ ॥
જ્યારે મુખથી વાણી બોલે, શ્રોતા જનોનાં દીલડાં ડોલે;
શબ્દે શબ્દે વૈરાગ્યનું ઝરણું, ખોલે આતમનું આવરણું ॥ ૨૫ ॥
મિથ્યામતની ગાઢ તમિસ્રા, તેને દૂર કરવામાં ઈશા;
સૂરિ રામના દિવ્ય તેજથી, શાસન ગગને છે દીપિશા ॥ ૨૬ ॥
ગચ્છાધિપતિ બિરૂદ સોહાયા, સૂરિજી સમ જગમાં કોઈ ન પાયા;
તુમારી છત્રછાયામાં રહેતા, શ્રમણો સૌ ગુણોને પાયા ॥ ૨૭ ॥
ગંગામાનો લાડકવાયો, ચાલતો લેઈ પા પા પગલી;
ખબર કયાં હતી તે બાલુડો દીપાવશે શાસનની નગરી ॥ ૨૮ ॥
સમકિતદાયક ગુરુ ઉપકારી, અવણિત ગુણોના ભંડારી;
જ્ઞાનની નવી દિશાના ધોરી, ખોલી પાઠશાળા શ્રમણી કેરી ॥ ૨૯ ॥
નયનાં પાવન તુમ દર્શનથી, શ્રવણા પાવન તુમ વચનોથી;
કાયા પાવન તુમ વંદનથી, જીવન પાવન તુમ ગુણ ગાવાથી ॥ ૩૦ ॥

ઘણું જીવો શાસનના વીરા, ઘણું જીવો ગંગામાના વીરા;
ઘણું જીવો જ્યોર્તિધર અમારા, ઘણું જીવો રામસૂરિજી અમારા ॥ ૩૧ ॥
સુરેન્દ્રસૂરિના લાડકવાયા, પાટ દિપાવી જગ જશ પાયા;
સંયમના સુવિશુદ્ધપાલક, પ્રણમું રામ સૂરીશ્વર રાયા ॥ ૩૨ ॥
જ્ઞાન ધ્યાનના પ્રખર અભ્યાસી, પ્રસન્નતા તો મુખ પર ઝરતી;
ભક્તિએ જેના ચરણે ઝુકતી, "અભય જગત રત્ન સૂરિ"ની ટોળી ॥ ૩૩ ॥
(સાખી) સૂરિ પદવીની અર્ધશતાબ્દીએ ગાયા મેં સૂરિ રાયા;
ગુરુવરના ગુણો સમરતાં, ભવોભવનાં દુ:ખ પલાયાં ॥ ૩૪ ॥
(સાખી) બાલ બુદ્ધિએ વર્ણવ્યા, ગુરુના ગુણલા અપાર;
કલમમાં હું શે' બાંધુ તે ગુરુ ગુણોના ભંડાર ॥ ૩૫ ॥
(સાખી) બાલ કવિની નવલી રીત તુમ ચરણોમાં ધરું;
ગુરુ ચરણોની રજ બની હું 'શાશ્વત' સુખને વરું ॥ ૩૬ ॥

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ, શાસનશિરોમણિ, જ્ઞાનક્રિયારક્ત આચાર્ય ભગવંત શ્રી રામસૂરીશ્વરજી મહારાજાના આચાર્યપદના પચાસ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે, સ્વ. પ. પૂ. હર્ષપૂર્ણાશ્રીજી મ. સા.નાં શિષ્યા, શ્રી કીર્તિપૂર્ણાશ્રીજીનાં શિષ્યા, શ્રી દિવ્યપૂર્ણાશ્રીજીનાં શિષ્યા, શાશ્વતપૂર્ણાશ્રીએ ગુરૂગુણ નિમિત્તે યથાશક્તિ છત્રીસી બનાવેલ છે.

સંવત ૨૦૫૭, વૈશાખ સુદ પાંચમ, તારીખ : ૨૮-૪-૨૦૦૧, શનિવાર.

**'સજ્ઝાય સમો તવો નત્થિ' :**

પૂજ્યશ્રીનો જીવનમંત્ર એટલે સ્વાધ્યાય, પૂજ્યશ્રીનું વ્યસન એટલે સ્વાધ્યાય એમ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. ૮૫ વર્ષની જૈફ વયે પણ પૂજ્યશ્રીની સ્વાધ્યાયની બાબતમાં અપ્રમત્ત છે. ઓછામાં ઓછો ૫૦૦ સ્વાધ્યાય અર્થપૂર્વક ન થાય ત્યાં સુધી રાત્રે સંથારો ન કરે. આજે પણ કાંઈ પણ એવું લાગે કે આ સૂત્ર મારે કંઠસ્થ કરવાનું રહી ગયું છે, તો તે કંઠસ્થ કરવા લાગે છે.

એકવાર પૂજ્યશ્રીએ નિયમ લીધો કે રોજ ૫૦૦ સ્વાધ્યાય ન થાય તો બીજે દિવસે નવકારશી ત્યાગ. આવો નિયમ ૧ વર્ષ માટે લીધો હતો. આવા મહાન આત્માના ચરણોમાં સકળ સંઘ શીશ નમાવતા આનંદ અનુભવે છે.

મુનિ ઉદયરત્નવિજય



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પરમપૂજ્ય પરમોપકારી આચાર્ય ભગવંત શ્રી સુરેન્દ્રસૂરીશ્વરેભ્યો નમઃ
પ.પૂ. પ્રાતઃસ્મરણીય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીવિજયરામસૂરીશ્વરજી(ડહેલાવાળા)ના
આચાર્યપદપર્યાયના શ્રી અર્ધશતાબ્દિ મહામંગલ મહોત્સવ પ્રસંગે

## શ્રી ગુરુગુણવંદના

ગજાનન દેવીદાસ ઠાકુર

શ્રી શંખેશ્વર પાર્શ્વજી વંદુ સરસ્વતી માય,
શાસનદિનકર સૂરિવરા, થૂણતાં હર્ષ ન માય.
ડહેલાના ઉપાશ્રયે બહુગુણી શાસન સંત,
વંદુ ભાવ વિનયધરી કરવા કર્મનો અંત.
સત્ય-કર્પુર-ક્ષમા-જિન-ઉત્તમ-પદ્મ-રૂપ-અમી-સૌભાગ્ય,
રત્ન-મોહન-ધર્મવિજય નમું સુરેન્દ્રસૂરીશ્વર રાય.
પરમ પુરુષ સેવા કરી વિજય વર્યા અણગાર,
ત્રિકાળે તારક નમું જિનશાસન શણગાર.
પુણ્ય પનોતાં જીવની જિહ્વા પાવન થાય,
ડહેલા ઉપાશ્રય તણી યશગાથા જશ ગાય.
શેઠ હઠીભાઈ વાડીએ મહા મહોત્સવ ઉજવાય,
સુરિ સુરેન્દ્ર સૂરિ રામ પસાયે આનંદ મંગલ થાય.
આધાર સ્તંભ, શુભેચ્છકો, જીવ દયા અનુકંપા સાર,
અનુમોદક, ગુરુભકતશ્રી લેતા લાભ અપાર.
સાધર્મિક ભક્તિ રૂડી આઠ દિવસ સુખકાર,
શેઠ ચીમનલાલ મહાજની, લીલાવતી પરિવાર.
ગ્રંથલેખન બહુ લાભ લ્યે વિધવિધ નગર શ્રીસંઘ,
જીવન ધન્ય કરે ભવિ, ગુરભક્તિ ધરી રંગ.
મહોત્સવ સમિતિ સંઘનાં પુણ્યવંત નરનાર
સકલસંઘ સાથે મળી ગજવે ગુરુ જયકાર.
શ્રી રામસૂરિ ગુરુ વંદને પ્રગટે ભક્તિ અભંગ,
ત્રિકાળે ત્રિકયોગ શું મળજો સદ્‌ગુરુ સંગ.

●

વિજય રામસૂરીશ્વરજી નિત વંદીએ રે,
ભવિ ભવભવનાં પાપને નિંકદીએ રે.
સૂરિપદ પર્યાય અર્ધશતાબ્દિ રે,
કીર્તિ ગાઈએ વ્હાલા ગુરુ રામની રે.



www.jaintatvagyanshala.org

વર્ષ સિત્તેર વીત્યાં મહાત્યાગમાં રે,
ત્ર્યાસી વર્ષ પૂર્ણ કીધાં સદ્ભાગ્યનાં રે.
શિષ્ય-પ્રશિસ્ય જ્ઞાન-ક્રિયાએ શોભતાં રે,
પૂજ્ય સાધ્વી ગુરુભક્ત વૃંદ ઓપતાં રે.
પ્રભુ વીરના સિત્ત્યોતેરમા પાટવી રે,
પાર કરતા ગુરુદેવ ભવાટવી રે.
પુનિત પટ્ટધર રત્નો જગે ઝળહળે રે,
જિનવાણી સુધાએ શાતા મળે રે.
સૂરિ શ્રી અભયદેવ અભયપદે સ્થાપતા રે,
જિનશાસન દાતા મન ભાવતા રે.
સૂરિ રત્નચંદ્રગુણરત્ને ભર્યા રે,
વરી શરણો ગુરુનાં અહો ભવતર્યા રે.
જગત્ચંદ્ર સૂરિ જગજન જગાડતા રે,
જિનશાસનના ડંકા વગાડતા રે.
શિષ્યરત્નો રત્ન સમા શોભતા રે,
કરી ગુણગાન ગુરુનાં ગુણે ઓપતા રે.
શિષ્ય-શિષ્યા વટવૃક્ષ વિકસાવતાં રે,
દેવ-ગુરુ-ધર્મને સમજાવતાં રે.

●

માતા ગુર્જરીનું ગામ, પાવન કુબડસ્થલ જસ નામ,
જેના વતની વ્હાલા ગુરુ શ્રી, વિજય સૂરિ રામ.
પિતાશ્રી ભલાભાઈનું ઠામ, માતા ગંગાનું વિશ્રામ,
વડીલભાઈ વાડીલાલ રે નામ, ચાહે સહુને સારું ગામ,
જેના વતની વ્હાલા ગુરુ શ્રી, વિજય સૂરિ રામ.
નીતિવંત ભલાશેઠ બહુમાન, કુટુંબ સહુ ગ્રામજનોનું સ્થાન,
અવિરત દેતાં સહુને દાન, કુબડસ્થલ કરતું રે ગુણગાન,
જેના વતની વ્હાલા ગુરુ શ્રી, વિજય સૂરિ રામ.

●

પ્રેમભર્યા પિતા તણું પરલોક થયું પ્રસ્થાન,
ગંગામા, વાડીભાઈએ તજ્યું કુબડસ્થલ સ્થાન.
જનમ્યા જનમ્યા રે માતા ગંગા કેરા નંદ
રાજનગરની રે કુવા(વાળી) પોળે રે આનંદ.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

નામ અનોપમ પાડ્યું રે નાના નંદનું 'રમણ'
રમણભાઈનું નામ લઈને નાચે સહુજન વૃંદ.
માતા ગંગા ઘર સંભાળે, વાડીભાઈ વ્યવસાય,
મોટા થઈ શ્રી રમણભાઈજી નિશાળે નિત જાય.
વ્હાલસોયા નિજનંદને માતા સંયમી કરવા ચ્હાય,
વિજય સુરેન્દ્રસૂરિને સોંપી માત હર્ષિત થાય.
રાજનગરના હરિપરામાં નાણ એકાંતે મંડાય,
બાર જ વર્ષના રમણભાઈ શ્રી રામવિજય બની જાય !
ગંગા મા નિત ઉપાશ્રયમાં ધર્મ કરી હરખાય,
સંયમ લઈ ગંગા મા સાધ્વી સુનંદા શ્રી પંકાય.

●

સૂરિ રામના ગુણગાન,
કરો સૂરિ રામના ગુણગાન.
સદા અભ્યાસ, અપ્રમત્ત સંત શ્રી,
પામ્યા બહુવિધ જ્ઞાન,
સરસ્વતી સદ્‌ગુરુ કૃપાએ,
ચડતા ગુણ સોપાન
શ્રી ગણિપદ જામનગરે પામ્યા
પંન્યાસ પદ પાટણે પ્રદાન,
આચાર્યપદ બેહજાર સાતે
પૂનિત પાટણ સ્થાન,
પદ પ્રદાતા પંન્યાસ પ્રવરશ્રી
રવિ વિજયજી ધરી માન,
આચાર્યપદ પર્યાય પચાસે
ગાજે રામ સૂરિ ભગવાન
ગુણવંત હસમુખ સુબોધ સુજ્ઞાને
બહુવિધ કરે ગુરુમાન,
રામ કૃપાએ દૂર થજો સહુ
જીવ તણાં અજ્ઞાન.
સંત ગુણી ગુણ ગાતાં 'ઠાકુર'
થઈશું સંત સમાન,
અબુધને બુધ કરો ગુરુદેવ
શ્રી રામસૂરિજી ભગવાન.

*** ——————— ***



www.jaintatvagyanshala.org

## રાજનગરમાં ઠેર ઠેર જ્ઞાનગંગોત્રીસમી તત્ત્વજ્ઞાનશાળાના પ્રણેતા પૂજ્યપાદશ્રી ! ઈતિહાસનું યશસ્વી પ્રકરણ છે....!

ज्ञानयोगस्तपः शुद्धमित्याहुर्मुनिपुंगवाः ।
तस्मान्निकाचितस्यापि, कर्मणो युज्यते क्षयः ॥ (અધ્યાત્મસાર)
कुरुते गंगासागरगमनं, व्रतपरिपालनमथवा दानम् ।
ज्ञानविहीनः सर्वमतेन मुक्तिं न भजति जन्मशतेन ॥
ज्ञानं लब्धवा परां शांतिमचिरेणाधिगच्छति । (ભગવદ્‌ગીતા)
ખજુઆ સમી ક્રિયા કહી, નાણ ભાણ સમ જોઈ
કલિયુગ એહ પટંતરો, વિરલા બુજઝઈ કોઈ (દ્રવ્યગુણ પર્યાયનો રાસ)

આવાં તો અનેક શાસ્ત્રોના જ્ઞાનપરક શ્લોકોને રટી-રટીને, ઘુંટી-ઘુંટીને, મનન-ચિંતન-પરિશીલન-દોહન અને નિદિધ્યાસન કર્યું છે એવા અદ્‌ભુત-જ્ઞાનસાધક પૂજ્યશ્રીનું દીક્ષા દિવસથી જ મુખ્યધ્યેય 'જ્ઞાન' હતું.... આજે ૮૫ વર્ષની પ્રૌઢવયે પણ પૂજ્યશ્રીના જીવનમાં જ્ઞાનનો સૂર્ય પ્રખર અને પ્રચંડ કીરણે ઝળહળી રહ્યો છે. આવી જ ઉચ્ચજ્ઞાનદશામાં તલ્લીન, શાસ્ત્રશ્લોકોના નિદિધ્યાસન કક્ષાએ પહોંચેલા પૂજ્યપાદશ્રીના જીવનની આંશિક અનુભૂતિ કરતાં પણ ધન્ય ધન્ય બની જવાય છે !

આ છે પૂજ્યપાદશ્રીના જીવનમાં જ્ઞાનદશાની વાત....! તો બીજી છે પૂજ્યશ્રીની તત્ત્વજ્ઞાનશાળાઓ માટે પ્રેરણાની વાત....!

જૈનશાસનનું આ સદ્‌ભાગ્ય છે કે સાધુ-સાધ્વીજી ભગવંતો અને ચતુર્વિધસંઘ શ્રુતજ્ઞાનોપાસનામાં, અધ્યયન-અધ્યાપનમાં સદૈવ તલ્લીન રહે એ હેતુને લઈને પૂજ્યશ્રીએ આ જ્ઞાનગંગાને સતત વહાવતી, તત્ત્વજ્ઞાનશાળારૂપ જ્ઞાનસમૃદ્ધિ, જૈનશાસનને બક્ષી છે.

આ રીતે રાજનગરમાં આજે નીચેનાં સ્થળોએ તત્ત્વજ્ઞાનશાળાઓ કાર્યાન્વિત છે. જ્યાં સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રાવક-શ્રાવિકાઓ અને બાળકોને માટે પણ અધ્યયન-અધ્યાપન માટે પંડિતજીની અને જ્ઞાનસમૃદ્ધ ભંડારની પણ વ્યવસ્થા છે.

**શ્રી સુરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાનશાળા**

૧. ઝવેરીવાડ - પટણીની ખડકી - રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
૨. શ્રી ઝવેરીપાર્ક જૈન દેરાસર સામે, આ. સુરેન્દ્રસૂરીશ્વરજી માર્ગ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
૩. શ્રી આંબાવાડીયું, રામનગર, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫.
૪. શ્રી શ્રેયાંસનાથ સોસાયટી, ગોદાવરી દેરાસર પાસે, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

**સંપર્ક :**

૧. જશવંતલાલ વાડીલાલ શાહ, અમદાવાદ. ફોન નં. ૭૫૫૧૦૮૮
૨. સુબોધભાઈ હરગોવનદાસ મહેતા, અમદાવાદ. ફોન નં. ૭૫૫૧૫૩૬
૩. નયનભાઈ રસીકલાલ શાહ, મુંબઈ. ફોન નં. ૬૨૪૭૫૫૬



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

॥ પરમાત્મા શ્રી ધર્મનાથસ્વામિને નમઃ ॥
॥ પ્રતિભાસંપન્ન પૂજ્યાચાર્ય વિજય
સુરેન્દ્રસૂરીશ્વરજી સદ્ગુરુભ્યો નમઃ ॥

# અમદાવાદ (રાજનગર) હઠીભાઈની વાડી મધ્યે


પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય
સુરેન્દ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)

**પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજય
રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)ના આચાર્યપદ પર્યાયનાં
૫૦ માં વર્ષમાં પ્રવેશ ઉપક્રમે જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ
સહ વિવિધ પ્રસંગોની ઉજવણી નિમિત્તે પધારવા**


પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય
રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)

## ભક્તિસભર સસ્નેહ આમંત્રણ

**મહોત્સવ સ્થળ**

હઠીભાઈની વાડી
જૈન દેરાસર
દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ.

શ્રી હઠીભાઈની વાડી
જૈન દેરાસર



**નિમંત્રક**

સૂરિપદ અર્ધશતાબ્દિ
મહોત્સવ સમિતિ
અમદાવાદ

**પૂજ્યશ્રીનો મિતાક્ષરી પરિચય**

- જન્મ - વિ.સં. ૧૯૭૩ મહા સુદ ૫ શાહપુર કુવાવાળી પોળ, અમદાવાદ.
- દીક્ષા - વિ.સં. ૧૯૮૬ વૈશાખ વદ ૧૦ હરિપુરા, અસારવા, અમદાવાદ.
- ગણિપદ - વિ.સં. ૧૯૯૯ આસો વદ ૩ જામનગર
- પંન્યાસપદ - વિ.સં. ૨૦૦૭ વૈશાખ સુદ ૩ પાટણ
- સૂરિપદ તથા ગચ્છાધિપતિપદ પ્રાપ્તિ - વિ.સં. ૨૦૦૭ વૈશાખ સુદ ૫
- પદ પ્રદાતા - પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી રવિવિજયજી મ.સા.
- પદ પ્રાપ્તિસ્થાન - ખેતરવશીનો પાડો, પાટણ

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## પ્રભાવક પૂર્વજોને પ્રણામ

**વં દ ના**

પ્રભુ મહાવીરસ્વામીની ૬૪મી પાટે બિરાજમાન ક્રિયોદ્ધાર કરી શાસનની મૂળ પરંપરાને અવિચ્છિન્ન રાખનાર, સત્યપથપાતિ પરમ વિનયવાન, પૂજ્યપાદ પંન્યાસ શ્રી સત્યવિજયજી મ.સા., તેમના માર્ગે ચાલનારા સંવેગીપક્ષીય

પૂજ્યપાદ પંન્યાસ શ્રી કર્પૂરવિજયજી મ.સા.,
પૂજ્યપાદ પંન્યાસ શ્રી ક્ષમાવિજયજી મ.સા.,
પૂજ્યપાદ પંન્યાસ શ્રી જિનવિજયજી મ.સા.,
પૂજ્યપાદ પંન્યાસ શ્રી ઉત્તમવિજયજી મ.સા.,
પૂજ્યપાદ પંન્યાસ શ્રી પદ્મવિજયજી મ.સા.
(જેમના નામથી આજે એકમાત્ર જે ડહેલાનો ઉપાશ્રય વિદ્યમાન છે તે),
પૂજ્યપાદ પંન્યાસ શ્રી રૂપવિજયજી મ.સા.,
પૂજ્યપાદ પંન્યાસ શ્રી અમીવિજયજી મ.સા.,
પૂજ્યપાદ પંન્યાસ શ્રી સૌભાગ્યવિજયજી મ.સા.,
પૂજ્યપાદ પંન્યાસ શ્રી રત્નવિજયજી મ.સા.,
પૂજ્યપાદ પંન્યાસ શ્રી મોહનવિજયજી મ.સા.,
પૂજ્યપાદ પંન્યાસ શ્રી ધર્મવિજયજી મ.સા.,
પ્રતિભાસંપન્ન પૂજ્યાચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

**વં દ ના**

## શુભ સાન્નિધ્ય

- ગચ્છાધિપતિ પરમ શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)
- પૂ. આચાર્ય શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા.
- પૂ. આચાર્ય શ્રી જગવલ્લભસૂરિજી મ.સા.
- પૂ. ગણિવર્ય શ્રી હર્ષિતભદ્રવિજયજી મ.સા.
- પૂ. મુનિરાજ શ્રી વિજયચન્દ્રવિજયજી મ.સા.
- પૂ. તપસ્વી મુનિરાજ શ્રી શુભંકરવિજયજી મ.સા.
- પૂ. બાલમુનિરાજ શ્રી હિરચરત્નવિજયજી મ.સા.
- પૂ. મુનિરાજ શ્રી કલ્પકાવિજયજી મ.સા.
- પૂ. મુનિરાજ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.
- પૂ. લઘુ બાલમુનિરાજ શ્રી શીલચન્દ્રવિજયજી મ.સા.
- પૂ. મુનિરાજ શ્રી વિશ્વચન્દ્રવિજયજી મ.સા.

## અનુકૂળતાએ પધારશે

- આચાર્ય શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા.
- આચાર્ય શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ.સા.
- આચાર્ય શ્રી વિમલભદ્રસૂરીશ્વરજી મ.સા.
- આચાર્ય શ્રી વિમલરત્નસૂરીશ્વરજી મ.સા.
- પંન્યાસપ્રવર શ્રી જયાનંદવિજયજી મ.સા.
- મુનિરાજ શ્રી રાજચન્દ્રવિજયજી મ.સા. (નિરાલા)



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# 50 ઉગ્યો સૂરજ આજ સોનાનો 50

પંચ પરમેષ્ઠિ મહામંત્ર સમારાધક ચતુર્વિધ શ્રી સંઘની સેવામાં........................................................:

............................................શ્રી સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવ સમિતિના સાદર વંદના-પ્રણામ.

અંતરના ઉત્સાહ અને ઉલ્લાસ સાથે જણાવતાં ઘણો જ હર્ષ થાય છે કે પરમ શાસન પ્રભાવક પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) જેઓશ્રી સં. ૨૦૫૬ના ચાલુ વર્ષે વૈશાખ સુદ ૫ તા. ૮-૫-૨૦૦૦ ને સોમવારે સૂરિપદનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી ૫૦ માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. પરમાત્મા મહાવીરપ્રભુની પાટ પરંપરામાં અર્ધ શતાબ્દિ સુધી સૂરિપદની ધૂરાને વહન કરનારા સૂરિપદનાં સુકાની પૂજ્યો સંભવિત ગણતરી મુજબ આજ સુધીમાં ૯ આચાર્ય ભગવંતો શાસનનાં ઈતિહાસમાં દ્રષ્ટિગોચર થાય છે.

રાજનગરની ધન્ય ધરા પર ઉદય પામીને જૈન શાસનરૂપી ગગનમાં જે સદાય સૂર્યની જેમ ચમકતા રહ્યા છે. વિ.સં. ૧૯૮૬ના વૈશાખ વદ ૧૦ અમદાવાદ હરિપુરાની હરિયાળી ધરતી પર સંસાર ત્યાગી સંયમી બન્યા. જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગમાં પસાર થઈ દીક્ષા પર્યાયના ૨૧મા વર્ષે શાસન ધૂરાને વહન કરવાની યોગ્યતા જોઈને વડીલ ગુરુબંધુ પં. શ્રી રવિવિજયજી મ.સા. દ્વારા વિ.સં. ૨૦૦૭ વૈશાખ સુદ ૫ ના રોજ પાટણ મધ્યે સૂરિપદનું સમર્પણ થયું.

ભગવાન શ્રી મહાવીરપ્રભુની ૭૭મી પાટને અલંકૃત કરનારા પરમ શાસનપ્રભાવક, જ્ઞાન ક્રિયાનિષ્ઠ, તપાગચ્છનાયક, સંઘસ્થવિર, ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) સૂરિપદના ૫૦માં વર્ષમાં પ્રવેશી રહેલા ૧૦માં આચાર્ય તરીકે વર્તમાનકાળે આપણા સહુ સમક્ષ બિરાજમાન છે. આવી ગૌરવવંતી વિરલ ઘટનાનાં સાક્ષી બનવાનો અનેરો લ્હાવો મળ્યો છે તે આપણા સહુનું પરમ સદ્ભાગ્ય કહી શકાય.

આચાર્યા: જિનશાસનોન્નતિકરા: આ પદની સાર્થકતા જેમનામાં સાક્ષાત્ જોવા જાણવા અને માણવા મળે છે તે પૂજ્યપાદશ્રીનાં ગુરુઋણ અને ગુરુ ભક્તિ પ્રત્યે અહોભાવિત થઈને આ આલંબનનાં માધ્યમે અમને દેવ ગુરુની ભક્તિથી જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નત્રયીની આરાધના સ્વરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય તે સદ્ભાવનાથી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું આયોજન કરેલ છે. જેમાં વિવિધ ઉજવણી કરવાનું નક્કી કરેલ છે.

**આ મહોત્સવ પ્રસંગે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના કૃપાકાંક્ષિ શિષ્યરત્ન પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા. તરફથી શુભેચ્છા-પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત થયાં છે.**

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurisvarji Jain Tatvagyanshala



| સૂરિપદ પર્યાયનાં ૫૦ વર્ષથી વધુ વર્ષ પસાર થનારા પૂજ્યશ્રીઓ | સૂરિપદ પર્યાય વર્ષ |
|---|---|
| (૧) પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ | - ૬૦ વર્ષ (વીર સં ૧૦૫૫ થી ૧૧૧૫) |
| (૨) પૂજ્યપાદ આચાર્ય શ્રી બપ્પભટ્ટિસૂરિજી મહારાજા | - ૮૪ વર્ષ (વિ.સં. ૮૧૧ થી ૮૯૫) |
| (૩) કલિકાલસર્વજ્ઞ પૂજ્યાચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજા | - ૬૩ વર્ષ (વિ.સં. ૧૧૬૬ થી ૧૨૨૯) |
| (૪) પૂજ્યપાદ આચાર્ય શ્રી પદ્મતિલકસૂરિજી મહારાજા | - ૫૦ વર્ષ (વિ.સં. ૧૩૭૫ થી ૧૪૨૫) |
| (૫) પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવસુંદરસૂરિજી મહારાજા | - ૬૨ વર્ષ (વિ.સં. ૧૪૨૦ થી ૧૪૮૨) |
| (૬) પૂજ્યપાદ આચાર્ય શ્રી સુમતિસુંદરસૂરિજી મહારાજા | - ૫૦ વર્ષ (વિ.સં. ૧૫૧૮ થી ૧૫૬૮) |
| (૭) પૂજ્યપાદ આચાર્ય શ્રી રત્નસૂરિજી મહારાજા | - ૫૧ વર્ષ (વિ.સં. ૧૬૨૪ થી ૧૬૭૫) |
| (૮) પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવસૂરિજી મહારાજા | - ૫૭ વર્ષ (વિ.સં. ૧૬૫૬ થી ૧૭૧૩) |
| (૯) પૂજ્યપાદ આચાર્ય શ્રી રામચન્દ્રસૂરિજી મહારાજા | - ૫૫ વર્ષ (વિ.સં. ૧૯૯૨ થી ૨૦૪૭) |
| (૧૦) પૂજ્યપાદ આચાર્ય શ્રી રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા) | - ૫૦મું વર્ષ ચાલુ (વિ.સં. ૨૦૦૭) |



## પાવન પ્રસંગે પૂજ્યશ્રીઓ અનુકુળતાએ પધારશે

- ૦ ગચ્છાધિપતિ પૂજ્યાચાર્ય ભગવંત શ્રી વિજય દેવસૂરીશ્વરજી મ.સા.
- ૦ ગચ્છાધિપતિ પૂજ્યાચાર્ય ભગવંત શ્રી વિજય સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા.
- ૦ ગચ્છાધિપતિ પૂજ્યાચાર્ય ભગવંત શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.
- ૦ ગચ્છાધિપતિ પૂજ્યાચાર્ય ભગવંત શ્રી વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સા.
- ૦ પૂજ્ય આચાર્ય શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા.
- ૦ પૂજ્ય આચાર્ય શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.
- ૦ પૂજ્ય આચાર્ય શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.
- ૦ પૂજ્ય આચાર્ય શ્રી જયચન્દ્રસૂરીશ્વરજી મ.સા.
- ૦ પૂજ્ય આચાર્ય શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા.
- ૦ પૂજ્ય આચાર્ય શ્રી શીલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.
- ૦ પૂજ્ય આચાર્ય શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.
- ૦ પૂજ્ય આચાર્ય શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા.
- ૦ પૂજ્ય પન્યાસ શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.
- ૦ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી અરુણોદયસાગરજી મ.સા.
- ૦ પૂજ્ય પન્યાસ શ્રી નરરત્નવિજયજી મ.સા.
- ૦ પૂજ્ય મુનિરાજ શ્રી હિતરૂચિવિજયજી મ.સા.

## ઉપસ્થિત સાધ્વીજી સમુદાય

ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)ના આજ્ઞાવર્તિની સા.શ્રી જયંતીશ્રીજી મ., સા.શ્રી કનકપ્રભાશ્રીજી મ., સા.શ્રી વસંતશ્રીજી મ., સા.શ્રી કંચનશ્રીજી મ.,.સા.શ્રી સરસ્વતીશ્રીજી મ., સા.શ્રી પદ્મલતાશ્રીજી મ., સા.શ્રી ચન્દ્રોદયાશ્રીજી મ., સા.શ્રી મૃગલોચનાશ્રીજી મ., સા.શ્રી પદ્મરેખાશ્રીજી મ., સા.શ્રી યશઃપ્રભાશ્રીજી મ., સા.શ્રી ચન્દ્રપ્રભાશ્રીજી મ., સા. શ્રી સૂરલતાશ્રીજી મ., સા.શ્રી ચન્દ્રાશ્રીજી મ., સા.શ્રી વિમલાશ્રીજી મ., સા.શ્રી સૂર્યયશાશ્રીજી મ., સા.શ્રી પૂર્ણકલાશ્રીજી મ., સા.શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ., સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ., સા.શ્રી નિર્મળાશ્રીજી મ., સા.શ્રી સુવ્રતપ્રભાશ્રીજી મ., સા.શ્રી રમ્યગુણાશ્રીજી મ., સા.શ્રી પ્રવિણાશ્રીજી મ., સા.શ્રી શીલભદ્રાશ્રીજી મ. સા.શ્રી સૂરપ્રભાશ્રીજી મ., સા.શ્રી પ્રિયયશાશ્રીજી મ., સા.શ્રી પ્રસન્નપ્રભાશ્રીજી મ., સા.શ્રી પૂર્ણમાલાશ્રીજી મ., સા.શ્રી શરદપૂર્ણાશ્રીજી મ. આદિ ઠાણા.

www.jaintatvagyanshala.org



# મહોત્સવનો મંગલ કાર્યક્રમ



**ચૈત્ર વદ ૧૧ તા. ૩૦-૪-૨૦૦૦ રવિવાર**

૦ સવારે ૬-૦૦ કલાકે શ્રી રૂપવિજયજી મ.ના ડહેલાના ઉપાશ્રયેથી
પૂ. ગુરુદેવશ્રીનો હઠીભાઈની વાડીએ ચૈત્યપરિપાટી સહ પ્રવેશ, પ્રવચન,
સવારે ૭-૩૦ કલાકે આરાધના મંડપનું ઉદ્‌ઘાટન
૦ લાભ લેનાર- પંડિત શ્રી રૂપવિજયજી મ.નો ડહેલાનો જૈન ઉપાશ્રય

**ચૈત્ર વદ ૧૨ તા. ૧-૫-૨૦૦૦ સોમવાર**

૦ સવારે ૬-૦૦ કલાકે શાહપુર જૈન સંઘોની સમૂહ ચૈત્યપરિપાટી
શાહપુરથી હઠીભાઈની વાડીએ
૦ સવારે ૮-૩૦ કલાકે પૂજ્ય ગુરુદેવોનું પ્રવચન
૦ સવારે ૯-૩૦ કલાકે શ્રી પીસ્તાલીસ આગમની પૂજા (વિભાગ પહેલો)
૦ લાભ લેનાર- શેઠ શ્રી જીવતલાલ સવજીભાઈ શેઠ કુવાલા હ. હસમુખભાઈ

**ચૈત્ર વદ ૧૩ તા. ૨-૫-૨૦૦૦ મંગળવાર**

૦ સવારે ૬-૦૦ કલાકે હઠીભાઈની વાડીથી હરિપુરા અસારવાની ચૈત્યપરિપાટી
(પૂજ્યપાદશ્રીના દીક્ષા સ્થાનની સ્પર્શના-પૂજા-આંગી-પ્રભાવના)
૦ લાભ લેનાર- પ્રભાવતીબેન મુક્તિલાલ કાન્તિલાલ રોળીયા
(કુવાલાવાળા) હ. હસમુખભાઈ
૦ સવારે ૯-૦૦ કલાકે પૂ. ગુરુદેવોનું વ્યાખ્યાન
૦ સવારે ૧૦-૦૦ કલાકે શ્રી પીસ્તાલીસ આગમની પૂજા (વિભાગ બીજો)
૦ લાભ લેનાર- રોળીયા ભૂરાલાલ કાન્તિલાલ વીરચંદ
(કુવાલાવાળા) હ. હસમુખભાઈ
બપોરે ૩-૦૦ કલાકે બાળકોની સમૂહ સામાયિક

**ચૈત્ર વદ ૧૪ બુધવાર તા. ૩-૫-૨૦૦૦**

૦ સવારે ૮-૩૦ કલાકે પ્રવચન,
ભાઈઓની સમૂહ સામાયિક
૦ સવારે ૧૦-૦૦ કલાકે
કુંભસ્થાપના તથા પાટલાપૂજન
૦ બપોરે ૨-૦૦ કલાકે શ્રી નવપદજીની પૂજા
૦ પૂજાનો લાભ લેનાર
શેઠ શ્રી શીવલાલ મંછાચંદ દોશી મોરવાડા

**ચૈત્ર વદ ૩૦ તા. ૪-૫-૨૦૦૦ ગુરુવાર**

૦ સવારે ૯-૩૦ કલાકે શ્રી અઢાર અભિષેક
૦ લાભ લેનાર રૂક્ષ્મણીબેન વસંતભાઈ
વેલચંદભાઈ શાહ ધાનેરાવાળા
મંગુબેન શાંતિલાલ સુંદરલાલ મહેતા
ધાનેરાવાળા
બપોરે ૩-૦૦ કલાકે બહેનોની સમૂહ સામાયિક

**વૈશાખ સુદ ૨ તા. ૫-૫-૨૦૦૦ શુક્રવાર**

૦ સવારે ૮-૩૦ કલાકે
પરમાત્માનો જન્માભિષેક મહોત્સવ
૦ બપોરે ૧૨-૩૯ કલાકે શ્રી ભક્તામર પૂજન
પૂ. સાધ્વીજી શ્રી કનકપ્રભાશ્રીજી મ.સા.ના
વર્ષીતપનાં પારણા નિમિત્તે ભક્તવર્ગ તરફથી

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

**વૈશાખ સુદ ૩ તા. ૬-૫-૨૦૦૦ શનિવાર**

૦ બપોરે ૧૨-૩૦ કલાકે બારવ્રતની પૂજા ધર્ણેન્દ્રભાઈના વર્ષીતપના પારણા નિમિત્તે અંબાલાલ ચુનીલાલ શાહ તરફથી

૦ સાંજે ૭-૩૦ કલાકે સંધ્યાભક્તિ

**વૈશાખ સુદ ૪ તા. ૭-૫-૨૦૦૦ રવિવાર**

૦ સવારે ૮-૩૦ કલાકે જાહેર પ્રવચન

૦ બપોરે ૧૨-૩૦ કલાકે શ્રી ઋષિમંડલ મહાપૂજન

૦ લાભ લેનાર શ્રી કુવાલા જૈન સંઘ

૦ રાત્રે ૮-૩૦ વાગે ભાવના

**સમૂહ સામાયિકનો લાભ લેનાર**

૦ દોશી મણીલાલજી હેમરાજજી પરિવાર મંડાર

૦ દોશી તારાચંદજી દાનમલજી પરિવાર મંડાર.

૦ વાગોની વેલચંદજી ભુરાજી પરિવાર ભરૂડી

**વૈશાખ સુદ ૫ તા. ૮-૫-૨૦૦૦ સોમવાર**

૦ સવારે ૮-૩૦ કલાકે

શ્રી સૂરિપદ અર્ધ શતાબ્દિ આચાર મહોત્સવ

૦ બપોરે ૧૨-૩૯ કલાકે

શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન

૦ લાભ લેનાર-

શેઠશ્રી ચીમનલાલ ચુનીલાલ મહાજની પરિવાર ધાનેરાવાળા

**જ્ઞાન પ્રદર્શન - રંગોલી**

૦ ગટેચા વાલજીભાઈ ભગુભાઈ પરિવાર વજાપર

૦ શેઠ શ્રી જીવતલાલ સવજીભાઈ પરિવાર કુવાલા હ. વસંતભાઈ

## મહોત્સવના અનેરા આકર્ષણો

- ૦ વિશાળ સંખ્યામાં પૂ. ગુરુ ભગવંતો, સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિ
- ૦ પ્રતિદિન પૂ. ગુરુદેવોનાં પ્રવચનો
- ૦ સમતા-સંયમ ધર્મનું સમારોપક સમૂહ સામાયિક
- ૦ ત્રણલોકનાં નાથ દેવાધિદેવ પરમાત્માના જન્મ મહોત્સવની આછેરી આબેહૂબ ઝલક
- ૦ સમ્યગ્ દર્શનની શુદ્ધિ કરનાર વિવિધ વિસ્તારના જિનમંદિરોની સમૂહ ચૈત્યપરિપાટી
- ૦ આગમના મર્મને - સારને સમજાવનારી શ્રી પીસ્તાલીસ આગમની પૂજા
- ૦ બાવન જિનાલયના જિનબિંબોની શુદ્ધિના બહાને આત્મશુદ્ધિ કરનાર અઢાર અભિષેક
- ૦ વિધિકારકો શ્રી હીરાભાઈ કુબડીયા, શ્રી સંજયભાઈ પાઈપવાળા, શ્રી કનુભાઈ એફ. દોશી
- ૦ સુપ્રસિદ્ધ સંગીતકારો શ્રી ગજાનનભાઈ દેવીદાસ ઠાકુર, મુકુંદભાઈ મહંત, આશુતોષ વ્યાસ, આશિષ મહેતા
- ૦ વર્ષીતપના પારણા

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurisvarji Jain Tatvagyanshala

## મહોત્સવના આધાર સ્થંભ

- શ્રી પોપટલાલ પ્રેમચંદભાઈ શાહ ધાનેરા
- શ્રી નેમચંદ ભીખાચંદ શાહ ખેતરવસી પાટણ
- શ્રી વસંતભાઈ મોતીલાલ ઝોટા વારાહી
- શ્રી લલ્લુભાઈ મોહનલાલ વારૈયા ધાનેરા હ. રમેશભાઈ
- શ્રી શાન્તાબેન જીવાલાલ નાગરદાસ જોગાણી પરિવાર હ. પુષ્પાબેન શૈલેષકુમાર
- શ્રી હસમુખભાઈ જીવતલાલ સવજીભાઈ શેઠ કુવાલા

## મહોત્સવના શુભેચ્છકો

- શ્રી અભય ફાઉન્ડેશન અમદાવાદ
  શ્રી મનોજભાઈ (વતન સાબુવાળા)
- શ્રી કુવાલા જૈન સંઘ
- શ્રી મોરવાડા જૈન સંઘ
- શ્રી દિયોદર જૈન સંઘ
- શ્રી શાંતિનગર જૈન સંઘ
- લોલાડીયા હીરાલાલ ઠાકરશીભાઈ કુવાલા
- શાહ કંચનલાલ ગભરૂચંદ ચાણસ્મા
- કંચનબેન ફોજાલાલ મોહનલાલ દોશી દિયોદર
- રાતડીઆ ભૂરીબેન હરગોવનદાસ કાળીદાસ પરિવાર
- કાંતિલાલ રવિચંદ ગાંધી રાધનપુરવાળા હાલ મુંબઈ
- લોલાડીયા નાથાલાલ ડુંગરશીભાઈ કુવાલા હ. ચન્દ્રકાન્તભાઈ

## અનુકંપા

- કકલદાસ હીરાચંદભાઈ અજબાણી પરિવાર ધાનેરા
- નાથાલાલ તલકશીભાઈ રાતડીયા કુવાલા
- લીલાબેન બાબુલાલ તલકશીભાઈ રાતડીયા કુવાલા
- પ્રભાબેન રમણીકલાલ હરગોવનદાસ રોળીયા કુવાલા
- લીલાબેન બાબુલાલ ખેતરશીભાઈ વોરા કુવાલા
- પ્રભુલાલ હરગોવનદાસ રાતડીયા કુવાલા
- જાસુદબેન ફોજાલાલ હરગોવનદાસ રોળીયા કુવાલા
- મહાસુખલાલ ભોગીલાલ દોશી મોરવાડા

## જીવદયા

- શ્રી ઝવેરીપાર્ક આદીશ્વર જૈન સંઘ ઝવેરીપાર્ક
- કકલદાસ હીરાચંદભાઈ અજબાણી પરિવાર ધાનેરા
- રોળીયા મોંઘીબેન બાબુલાલ રૂપશીભાઈ કુવાલા

## મહોત્સવના અનુમોદકો

- શ્રી ઝવેરીપાર્ક આદીશ્વર જૈન સંઘ અમદાવાદ
- શ્રી રજનીકાંત બાબુલાલ શાહ ગોરેગાંવ (ભદ્રાવળવાળા)
- શ્રી ત્રિકમલાલ મોહનલાલ વખારિયા (ગેરીતા કોલવડા)
- એક સદ્‌ગૃહસ્થ અમદાવાદ
- એક સદ્‌ગૃહસ્થ મુંબઈ
- શ્રી રોળીયા જયંતીલાલ કાન્તિલાલ કુવાલા
- પુષ્પાબેન હસમુખલાલ મુક્તિલાલ રોળીયા કુવાલા
- શ્રી અરવિંદભાઈ રતિલાલ શાહ નરોડા હાલ મુંબઈ
- શ્રી શીવલાલ મંછાચંદ દોશી મોરવાડા
- શ્રી પ્રકાશભાઈ વાડીલાલ વસા અમદાવાદ
- શ્રી બાપુલાલ મોહનલાલ દોશી દિયોદર
- શ્રી ત્રિકમલાલ ડાહ્યાલાલ
  -જયંતીલાલ ડાહ્યાલાલ પરિવાર અમદાવાદ
- શ્રી સુરેન્દ્રસૂરિ જૈન યંગ ગ્રુપ મુંબઈ કુવાલા
- શ્રી કંચનબેન જયવંતલાલ અમુલખ શાહ
  કલકત્તા હ. હિતેશભાઈ
- શ્રી છગનલાલ મલુકચંદજી બુર્ડ પરિવાર
  સાંચોરવાળા (ઝવેરીપાર્ક)
- શ્રી ભક્તવર્ગ તરફથી પંચભાઈની પોળ
- શ્રી રીખવચંદ કકલદાસ શેઠ કુવાલા
- શ્રી દોશી હીરાબેન સેવંતીલાલ મણીલાલ કુવાલા
- શ્રી કાન્તિલાલ વાડીલાલ દોશી રૂવેલ
- પ્રભાબેન અમથાલાલ પુનમચંદ શેઠ કુવાલા
- રસિકલાલ ભુરાલાલ ચંદ્રભાણ રાતડીયા કુવાલા



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

**સમ્યગ્જ્ઞાનનાં પરમોપાસક, જ્ઞાન ક્રિયારત, તત્વજ્ઞાનશાળા સ્વરૂપ જ્ઞાનપરબો દ્વારા સાધુ-સાધ્વીજીઓમાં અધ્યાપનની રુચિ જગાવનાર સૂરિદેવની અર્ધશતાબ્દિની સ્મૃતિમાં હસ્તલિખિત ગ્રંથ લેખનમાં લાભ લેનાર ભાગ્યશાળીઓ**

૨૭ ગ્રંથ લેખન ૦ આચાર્ય શ્રી વિજય રામસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર ટ્રસ્ટ ભાયંદર મુંબઈ
૦ શ્રી જૈન શ્રમણ શ્રાદ્ધ સેવા ટ્રસ્ટ ભીલડીયાજી (બનાસકાંઠા)
૦ શ્રી વર્ધમાન જૈન વિહાર ધામ નાની આખોલ ડીસા
૦ અભય ફાઉન્ડેશન અમદાવાદ

૨ ગ્રંથ લેખન ૦ પંડિત શ્રી રૂપવિજયજી મહારાજનો ડહેલાનો જૈન ઉપાશ્રય અમદાવાદ

૨ ગ્રંથ લેખન ૦ શ્રી લવારની પોળ જૈન સંઘ લવારની પોળ અમદાવાદ

૫ ગ્રંથ લેખન ૦ શ્રી ઝવેરીપાર્ક આદીશ્વર ટ્રસ્ટ ઝવેરીપાર્ક અમદાવાદ

૨ ગ્રંથ લેખન ૦ શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દેવકીનંદન અમદાવાદ

૫ ગ્રંથ લેખન ૦ શ્રી કુવાલા જૈન સંઘ (બનાસકાંઠા)

૨ ગ્રંથ લેખન ૦ શ્રી સાબરમતી જૈન સંઘ સાબરમતી, રામનગર અમદાવાદ

૧ ગ્રંથ લેખન ૦ શ્રી ગાંધીનગર જૈન સંઘ ગાંધીનગર

૧ ગ્રંથ લેખન ૦ શ્રી મંગળ પારેખ ખાંચા જૈન સંઘ શાહપુર અમદાવાદ

૧ ગ્રંથ લેખન ૦ શ્રી મીરામ્બીકા જૈન સંઘ નારણપુરા અમદાવાદ

૧ ગ્રંથ લેખન ૦ શ્રી મોરવાડા જૈન સંઘ મોરવાડા

૧ ગ્રંથ લેખન ૦ શ્રી નરોડા જૈન સંઘ નરોડા અમદાવાદ

૧ ગ્રંથ લેખન ૦ શ્રી વારાહી જૈન સંઘ વારાહી (બનાસકાંઠા)

મહોત્સવ દરમ્યાન આઠે દિવસ સુંદર સાધર્મિક ભક્તિ તથા શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજા નો લાભ પૂજ્યશ્રીની નિશ્રામાં સં. ૨૦૫૪નું સિદ્ધાચલજી તીર્થમાં ઐતિહાસિક ભવ્ય ૫૦૦ આરાધકોને ચાતુર્માસ કરાવનાર ગુરુભક્ત ધાનેરા નિવાસી

**શ્રી ચીમનલાલ ચુનીલાલ મહાજની પરિવાર**

અ.સૌ. લીલાવતીબેન ચીમનલાલ મહાજની

સુપુત્રો- નરોત્તમભાઈ | હસમુખભાઈ | અતુલભાઈ | નયનભાઈ
પુત્રવધુ- ચંદ્રાબેન, | સુરેખાબેન | પ્રિતીબેન | સંગીતાબેન

**આરાધના મંડપ સૌજન્ય**

પંડિત શ્રી રૂપવિજયજી મહારાજનો ડહેલાનો જૈન ઉપાશ્રય અમદાવાદ

લી.

સૂરિપદ અર્ધશતાબ્દિ મહોત્સવ સમિતિ અમદાવાદના સબહુમાન પ્રણામ

મુદ્રક: 'એમ.બાબુલાલ પ્રિન્ટરી' ફતેહભાઈની હવેલી, રતનપોળ, અમદાવાદ ફોન-૫૩૫૭૫૭૭, ૫૩૨૭૧૭૭

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

www.jaintatvagyanshala.org